શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા, પુ૦ ૨૭.

॥ अर्हम् ॥

सुभाषित-पद्य-रत्नाकर

(પહેલો ભાગ)

સંગ્રાહક અને અનુવાદક —

મુનિરાજ શ્રી વિશાળવિજયજી

પ્રથમ આવૃત્તિ

૧૦૦૦

વીર સં ૨૪૬૧ ધર્મ સં ૧૩ વિ સં ૧૯૯૧

કિં. ૧-૪-૦

પ્રકાશક —
દીપચંદ બાંઠીયા
મંત્રી શ્રીવિજયધર્મસૂરિ જૈનગ્રંથમાળા
છોટા સરાફા, ઉજ્જૈન

: આર્થિક સહાયક :
રાધનપુર નિવાસી,
સ્વ૦ શેઠ બકોરભાઈ ઉજમશી
તથા
સ્વ૦ શેઠ જીવાભાઈ બકોરભાઈના
સ્મરણાર્થ
શ્રીયુત શેઠ કાન્તિલાલ બકોરભાઈ

મુદ્રક —
શા ગુલાબચંદ લલ્લુભાઈ
શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ
ભાવનગર

પ્રકાશકનું નિવેદન.

જ્ઞાનના પ્રચારમા, સાહિત્યના સર્જનમા, તીર્થોના ઉદ્ધારમા, અને જૈનશાસનની પ્રભાવનામા પોતાના જીવનની આહુતિ આપનાર સ્વ. ગુરુદેવ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજનો સમુદાય પણ, તેઓશ્રીના જ પગલે ચાલી સાહિત્યની સેવામા જે મોટો ફાળો આપી રહ્યો છે, એ કોઇથી અજાણ્યુ નથી એ સ્વ ગુરુદેવના પ્રશિષ્ય, અને શાતમૂર્તિ વિદ્વાન્ મુનિમહારાજ શ્રી જયન્તવિજયજીના શિષ્ય, ગુરુભક્તિપરાયણ, મુનિરાજ શ્રી વિશાળવિજયજીનો આ પ્રથમ ગ્રથ બહાર પાડતા અમને ખરેખર આનદ થાય છે

ઉપદેશકોને અને સામાન્ય ગૃહસ્થોને પણ એ વડી આત્માની શાન્તિ માટે સ્વાધ્યાયનુ એક અપૂર્વ સાધન બની શકે, એવો આ ગ્રથ અને તેના બીજા ત્રણ ભાગો જરૂર લોકોને મહાઉપકારી થશે, એવી અમારી ખાતરી છે

ચારસો ચારસો પાનાના ચાર ભાગો આ ગ્રથના બહાર પડશે તેમાનો આ પહેલો ભાગ બહાર પાડવામા આર્થિક સહાયતા આપનાર રાધનપુરનિવાસી, અને મુબઈમા રહેતા

શેઠ કાન્તિલાલ બકોરભાઇનો અમે અંતઃકરણથી આભાર માનીએ છીએ તેમજ, આર્થિક સહાયતા કરાવવામાં પ્રયત્ન કરનાર, અમારી ગ્રંથમાળાના એક સભ્ય શેઠ વૃદ્ધિલાલ મગનલાલ વીરવાડીયા અને તેમના સાથી મિત્રોનો પણ આ તકે આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે તેઓ બાકીના ત્રણ ભાગો માટે પણ આર્થિક સહાયતા આપવા-અપાવવા માટે પોતાથી બનતો પ્રયત્ન અવશ્ય કરશે

આ ઉપરાન્ત રાધનપુર વિગેરે ગામોના જે જે ગૃહસ્થો આ ગ્રંથના અગાઉથી ગ્રાહક થયા છે, તેઓનો પણ આભાર માનીએ છીએ

શ્રી મહોદય પ્રેસ-ભાવનગરના માલીક શ્રીયુત ગુલાબચંદ લલ્લુભાઇ શાહે, આ પુસ્તકને પ્રેસકળાની દૃષ્ટિએ સુંદર બનાવવાના અને જલદી તૈયાર કરી આપવામાં જે લાગણી અને કાળજી બતાવી છે, તે માટે અમે તેમના આભારી છીએ

ગુરુદેવ બાકીના ત્રણ ભાગો જલદી બહાર પાડવાનું અને સસ્તુ તથા ઉપયોગી સાહિત્ય સારા પ્રમાણમાં પ્રસિદ્ધ કરવાનું સામર્થ્ય અર્પો એજ ઇચ્છા

મંત્રી,
શ્રી વિ ધ સૂ જૈન ગ્રંથમાળા
ઉજ્જૈન

જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય —



શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

જન્મ સંવત્ ૧૯૨૪   દીક્ષા સંવત્ ૧૯૪૩

આચાર્યપદ સં ૧૯૬૪   સ્વર્ગગમન સંવત્ ૧૯૭૮

[illegible] પ્રી [illegible]-ભાવનગર

જેણે

ઠેર ઠેર જ્ઞાનની પરબો માંડી

આખાય જગતને

જ્ઞાનામૃતનુ પાન કરાવ્યુ,

જેણે

જૈન સાહિત્યના અણમૂલા ગ્રંથરત્નોને પ્રસિદ્ધ કરાવીને

તેની

ખુટલે હાથે લ્હાણી કરી,

જેણે

શાસન સેવાના પરમ પવિત્ર યજ્ઞમા

દેહને અર્પણ કરીને સફળ કર્યો.

— તે —

પરમપૂજ્ય ગુરુદેવ

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય,

શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

ના

પરમ પવિત્ર હસ્ત કમળમા

સાદર

સમર્પણ

—ચરણરજ

મુનિ વિશાલ.

અમારી ગ્રંથમાળાના ગુજરાતી પુસ્તકો.

૧ વિજયધર્મસૂરિ—સ્વર્ગવાસ પછી	શ્રીવિદ્યાવિજયજી	૨
૬ વિજયધર્મસૂરિના વચન કુસુમો		
૧૦ આબૂ (૭૫ ફોટા સાથે)	શ્રીજયન્તવિજયજી	
૧૧ વિજયધર્મસૂરિ	ધીરજલાલ ટો શાહ	
૧૨ શ્રાવકાચાર	શ્રીવિદ્યાવિજયજી	
૧૩ રાણી સુલસા	,	
૧૪ સમયને ઓળખો ભા ૨ જો	,,	
૧૫ સમયને ઓળખો ભા ૧ લો	,	
૧૭ સમ્યક્ત્વપ્રદીપ	શ્રીમંગળવિજયજી	
૧૮ વિજયધર્મસૂરિ પૂજા		
૨૦ બ્રહ્મચર્યદિગ્દર્શન	શ્રીવિજયધર્મસૂરિ	૦
૨૨ વક્તા બનો	શ્રીવિદ્યાવિજયજી	
૨૩ મહાકવિ શોભન અને તેમની કૃતિઓ	શ્રીહિમાંશુવિજયજી	૦
૨૪ બ્રાહ્મણવાડા	શ્રીજયન્તવિજયજી	
૨૫ જૈનતત્ત્વજ્ઞાન	શ્રીવિજયધર્મસૂરિ	
૨૬ દ્રવ્યપ્રદીપ	શ્રીમંગળવિજયજી	
૨૮ ધર્મોપદેશ	શ્રીવિજયધર્મસૂરિ	૦

મળવાનું ઠેકાણું —

શ્રીવિજયધર્મસૂરિ જૈન ગ્રંથ

છોટા સરાફા, ઉજ્જૈન (માળ

[illegible] નાટકના સંપાદક અને અનુવાદક



મુનિરાજ શ્રી વિશાલવિજયજી મહારાજ

પ્રેસ–ભાવનગર

કિંચિદ્ વકતવ્ય

લગભગ વીસેક વર્ષ પહેલાની વાત છે સસ્કૃત કાવ્યગ્રંથો અને ચરિત્ર ગ્રન્થોનો અભ્યાસ અને વાચન કરતા, 'ભવિષ્યમા વ્યાખ્યાનાદિ પ્રસગે કામમા આવશે' એ હેતુથી કેટલાક ભાગ જ ઉપયોગને માટે નોંધી લેવાતો 'શ્લોક સગ્રહ' આમ બીજાઓના પણ ઉપયોગ માટે પુસ્તકાકારે સહાય પડશે, એવી સ્વપ્નમા યે મેં આશા નહિ રાખેલી અનેક વર્ષના મારા વાચનમાથી આવા હજારેક શ્લોકોનો સગ્રહ મારી પાસે થયો, એ સગ્રહને જોનારાઓ પૈકીના ઘણા શુભેચ્છકોની એ ભલામણે વધારે સગ્રહ કરવા તરફ મને ઉત્સાહિત કર્યો કે— આવો સગ્રહ જો પુસ્તકાકારે બહાર પડે તો તે ઘણા ઉપદેશકો, ઉપદેશકો જ નહિ, પરન્તુ સામાન્ય વર્ગને પણ ઉપકારી થાય' પરિણામે અભિનવ ગ્રન્થોનુ વાચન અને તેમાથી સુંદર લાગતા સુભાષિતોનો સગ્રહ હુ કરતો જ ગયો મારા આ સગ્રહમા લગભગ ચારેક હજાર શ્લોકોનો સગ્રહ, કે જેમા પ્રાકૃત ગાથાઓનો પણ સમાવેશ થાય છે, થતા તેને છપાવવા માટે તૈયારી કરી કે જેના ફલસ્વરૂપ આજે તેમાનો એક ભાગ જનતાની સમક્ષ મૂકવા હુ ભાગ્યશાળી થયો છુ

મારો આ સગ્રહ, તેના ખપી જીવોને વધારે ઉપયોગી થાય, એટલા માટે મારાથી બની શક્યુ તેટલા અશે તેના વિષયો અને પેટાવિષયો પાડવાનો પ્રયત્ન કર્યો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે કે ઘણી વખત એક જ સુભાષિત કયા વિષયમા મૂકવુ, એ સમજવુ બહુ કઠિન થઇ પડે છે એનો વિષય ઘણી વસ્તુઓની સાથે સબધ રાખે છે, તેમ છતા પણ જેટલુ વિચારી શકાયુ તેટલુ વિચારીને તેમ જ બીજા વિદ્વાન્ મહાનુભાવોની સલાહ લઇને વિષય વિભાગો પાડવામા આવ્યા છે આશા છે કે—આના ઉપયોગી મહાનુભાવોને અમે કરેલી છાટણીથી જરૂર લાભ થશે

વિષયોની છાટણી કરવામાં એક બીજી મુશ્કેલી પણ ભૂલવા જેવી નથી જ ધાર્મિક વિષયો અને વ્યાવહારિક વિષયોને જુદા કરવા એ ઘણું જ કઠિન કામ છે એમ મને લાગ્યું છે માર્ગાનુસારી ગૃહસ્થોના ૩૫ ગુણો કે શ્રાવકોના ૧ ગુણો નીતિ કે સદાચાર કર્તવ્ય કે વિનય-વિવેક આ બધા વિષયો નૈતિક વિષયો જેવા દેખાતા છતા જેમ ધાર્મિક વિષયાથી જુદા પાડી શકાય નહિ તેમ શ્રાવકના ૧૨ વ્રતો, ભાવના કે ધ્યાન ૫દર કર્માદાન કે અઢાર પાપસ્થાન એ ધાર્મિક ગણાતા વિષયો વ્યાવહારિક વિષયોથી જુદા પાડી શકાય નહીં એમ હોવા છતા આ પુસ્તકનો લાભ લેનારાઓની અનુકૂળતાને માટ આ પુસ્તકમા આપેલા બધા વિષયોને બની શક્યુ તેટલા વિચારપૂર્વક ધાર્મિક અને વ્યાવહારિક એમ બે વિભાગોમા વહેચી દેવામા આવ્યા છે

યદ્યપિ સુભાષિતોના સગ્રહરૂપે સુભાષિતરત્નભાંડાગાર સુભાષિત સુધારત્નભાંડાગાર અને એવા બીજા ગ્રન્થો બહાર પડ્યા છે પરન્તુ એમા મોટે ભાગે હિંદુ ગ્રથામાનો જ સગ્રહ છે તેમજ તે ગ્રથો સાનુવાદ નથી આ બે ખામી માટે આ સગ્રહમાથી દૂર કરવામા આવી છે એટલે કે હિંદુ ગ્રથો ઉપરાન્ત જૈન ગ્રથો પૈકીના સુદર્મા સુદર સુભાષિતો આ સગ્રહમા જેમ વિશેષરૂપે લેવામા આવ્યા છે, તેવી જ રીતે દરેક સુભાષિતનો અનુવાદ પણ તેની સાથે આપવામા આવ્યો છે

એક બીજી પણ વિશેષતા આમા છે કોઈ પણ શ્લોક કયાથી લેવામા આવ્યો છે એ સ્થાન પણ તે ગ્રથના પૃષ્ઠ અધ્યાય વિગેર સાથે આપવામા આવ્યુ છે આ વિશેષતા ભાગ્યે જ અત્યાર સુધીના આવા બીજા સગ્રહમા જોવાય છે

મારો આ સગ્રહ લગભગ ચાર હજાર શ્લોકોનો છે તેનુ એક જ પુસ્તક થતા ઘણુ મોટુ થઈ જવાના કારણે અને વાચકોની અનુકૂળતાને માટ એ બધા સગ્રહને ચાર ભાગમા બહાર પાડવાનુ નક્કી કરવામા આવ્યુ છે જેમાનો પહેલો ભાગ આજે જનતા સમક્ષ મૂકાય છે દરેક ભાગ લગભગ ચારસો ચારસો પાનાનો રહેશે

મોટો સગ્રહમા જે પ્રાકૃત ગાથાઓનો સગ્રહ થએલો, તેને જુદા જ પુસ્તકરૂપે બહાર પાડવાનો વિચાર ગોઠવેલો હોઇ, આ સગ્રહમા અપવાદ સિવાય માત્ર સસ્કૃત શ્લોકો જ આપવામા આવ્યા છે

આના એક બૃહત્ સગ્રહને માટે જેમ એકાદ મોટી પ્રસ્તાવનાની જરૂર છે, તેમ આખા ગ્રથમા આવતા તમામ શ્લોકોની અકારાદિ અનુક્રમણિકા તથા ઉપયોગમા લીધેલા ગ્રથોનુ સૂચીપત્ર વિગેરે કેટલીક ઉપયોગી બાબતો આપવાની પણ જરૂર છે, પરન્તુ તે બધુ આખોયે સગ્રહ તૈયાર થયા પછી જ આપી શકાય, એટલે તે બધી બાબતો ચોથા ભાગમા આપવાનુ રાખી, આ પ્રત્યેક ભાગમા તો તેમા આવતા વિષયોની અનુક્રમણિકા, સાકેતિક અક્ષરો અને ચિહ્નોની સમજુતી તથા શુદ્ધિપત્ર, એટલુ જ માત્ર આપવુ ઉચિત ધાર્યું છે

માત્ર આ પુસ્તકની ઉત્પત્તિના સબધમા જ જે કઈ બે એક બાબતો કહેવાની હતી તે કહી છે આ પ્રસગે મારા તે બે મહાન્ ઉપકારીઓના ઉપકારને પ્રગટ કરવો નહીં ભૂલુ કે જેઓની અસીમ કૃપા અને અમીદૃષ્ટિએ મારા જેવા અજ્ઞાની અને જડબુદ્ધિવાળા જીવને ચૈતન્ય અર્પ્યું છે અને મારા જીવનની કાયાપલટ કરી મને ઋણી બનાવ્યો છે તેઓ છે— મારા દાદાગુરુ જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી અને મારા ગુરુ શાતમૂર્તિ મુનિરાજ શ્રી જયતવિજયજી મહારાજ મારા ગુરુએ આ ગ્રથને સુદર પદ્ધતિસર અને શુદ્ધ બનાવી આપવા માટે શ્રમ સેવ્યો છે, એ બદલ પણ હુ તેઓશ્રીનો અત્યન્ત ઋણી છુ

વિષયો અને પેટાવિષયોની ચૂટણી કરવામા, તેમજ પ્રુફો વિગેરે તપાસવામા સાયલાનિવાસી ન્યાયતીર્થ-તર્કભૂષણ પડિત રતિલાલ દીપચદ દેસાઇએ આપેલા યોગ બદલ તેમને ધન્યવાદ આપવો ભૂલીશ નહીં

ઉપર્યુક્ત બન્ને ગુરુદેવોની અસીમકૃપા, મારા બાકીના ત્રણ ભાગો જલદી બહાર પાડવાનુ સામર્થ્ય અર્પે, એ અતરની અભિલાષા પૂર્વક વિરમુ છુ

જૈન ધર્મશાળા, આબૂ
વૈશાખ શુદ ૧૧
વીર સં ૨૪૬૧, ધર્મ સં ૧૩

ધર્મજયન્તોપાસક
મુનિ વિશાળવિજય.



રાધનપુર નિવાસી દાનવીર મર્હુમ શેઠ અકોરદાસ ઉજમશી

પ્રેસ-ભાવનગર

આર્થિક સહાયક શેઠ બકોરભાઇ ઉજમશી અને તેમના કુટુબનો

ટુંક પરિચય

જગતમા માનવીઓ જીવન મરણની ઘટમાળમા અટવાયા જ કરે છે, જન્મ અને મરણ એ કુદરતનો ક્રમ છે, જેનો જન્મ થાય છે, ત્હેનુ મૃત્યુ છે જ ત્હેમા કઈ વિશેષતા નથી પરતુ વિશેષતા તો ત્હેમા છે કે જે મૃત્યુ પામવા છતાં પણ અમર થઈ શકે છે જગતમા એવા અનેક નરપુગવો છે કે જેઓ યમદેવના અતિથિ થવા છતા પણ પોતાની સુવાસ ચોતરફ ફેલાવી અમર નામના કરી ગયા છે શ્રીમાન્ બકોર શેઠ પણ ત્હેમાના એક હતા.

રાધનપુરમા પ્રખ્યાત મનાતા શેઠ કુટુબમા શેઠ ઉજમશીને ત્યા આજથી લગભગ પોણી સદી ઉપર એ મહાપુરૂષનો જન્મ થયો હતો. ઉજમશી શેઠ સાધારણ રીતે ગર્ભશ્રીમત હોવાથી તેમનો બાલ્યકાળ બહુ સારી રીતે પસાર થયો હતો. સાધારણ કેળવણી લઈ તેઓ ઉમર લાયક થતાં ધધાર્થે ધોલેરા આવ્યા, ત્યા સામાન્ય વેપારમાં પગભર થઈ તેઓ ભાવનગર ગયા, ત્યા પણ એક સારા વેપારી તરીકે લોકોનો વિશ્વાસ સપાદન કર્યો, અને દિનપ્રતિદિન પ્રગતિ સાધવા લાગ્યા. ભાવનગરમા ત્હેમની જે સ્થળે કાપડની દુકાન હતી, તે સ્થળને આજે રાધનપુરી બજાર તરીકે ઓળખવામા આવે છે અહિંથી તેઓ મુબઈ ગયા, અને ત્યાં રૂબજાર, ચાદીબજાર શેરબજાર અને એરંડાબજાર વગેરે બજારોમા સારામા સારી નામના અને લક્ષ્મી મેળવી દરેક રીતે

કુદરતની ત્હેમના ઉપર મહેર વરસી સતતિમા તેમને શેઠ હીરાભા
મણિભાઇ, કાતિભાઇ અને જીવાભાઇ એ ચાર પુત્રો અને ત્રણ પુત્રીઓ
હતી ઉપર્યુક્ત ત્હેમના ચાર પુત્રોમાથી મ્હોટા હીરાભાઇ સમાજ
પ્રખ્યાત છે કારણ કે ત્હેમના નામની જ બન્ને પેઢીઓ ચાલતી હત
સવત્ ૧૯૬૮ ની સાલમા શ્રીમાન્ બકોર શેઠ પરલોકવાસી થ
ત્યારથી બધુ કામ ત્ર હીરાભાઇએ સભાળ્યુ અને લાખોની સખાવ
કરી શેઠ હીરાલાલ બકોરદાસ ના નામથી પેઢીઓ ચાલતી હોવા
શ્રીમાન્ બકોર શેઠ ધાર્મિક કે સામાજીક કાર્યોમા ઉક્ત પેઢીના નામ
જ મદદ કરનારના તેમાની કેટલીક સખાવતો શેઠ હીરાલાલ બકો
ભાઇના જીવનચરિત્રમા અન્યત્ર પ્રસિદ્ધ થયેલ હોવાથી તે દરેકનો ઉ
અહીં કર્યો નથી પણ તે સખાવતોમા રાધનપુરની જૈન ભોજનશાળ
મુબઇમા શાતિનાથજીના હેરે પર્યુષણમા મહાવીર જન્મ દિને જે સ્વ
મીવાત્સલ્ય થાય છે તે અને રાધનપુર પાજરાપોળને કા વીશ હજાર
ઉદાર દાન એ મુખ્ય છે શેઠ હીરાભાઇના મૃત્યુ પછી બધા વહી
સભાળવાનુ કામ શ્રીયુત મણીભાઇ ઉપર આવ્યુ પણ તેઓ લા
જીવી શક્યા નહિ તે હીરાભાઇ પછી એક વરસે ત્હેમનુ પણ મૃ
થયુ અને બધો વહીવટ સભાળવાનુ કાર્ય કાતિભાઇ ઉપર આવ્
જ્યારે ત્હેમની ઉમર માત્ર પચીસ વરસની હતી આવી યુવાવસ્થા
ત્હેમણે એક વીર માણસની છાજે તે રીતે વહીવટ ચલાવ્યો, ત્હેમ
હસ્તક પારના (વીલેપારલે)મા સેનીટેરીયમ અને દેરાસર બધાયા
જ્યા અનેક જૈન કુટુબો રહેત અને આરોગ્યતા મેળવતા સાથે પ્ર
ભક્તિનો લાભ લ્યે છે શેઠ કાતિભાઇ એક વ્યવહારકુશળ જ નહિ પ
ધાર્મિકમર્યાદા પૂર્વકના સુધારક તરીકે પણ જાણીતા છે તેઓ વિચા
તરીકે જાહેર નથી છતા ત્હેમના નિકટના સહવાસમા રહેતા આદમ
એમ લાગ્યા વિના ન જ રહે કે ત્હેમનામા સમયાનુકૂળ અ
વિચારોનો ધોધ વહે છે ભારતવર્ષે જ્યારે પરાધીનતાની જજી
ત્રો ડવાનો નિશ્ચય કર્યો અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ શરૂ થઇ ત્યારે શ્રીયુત કા

રાધનપુર નિવાસી માનમ નવયુવક–



શ્રીયુત જીનાભાઈ બકોરભાઈ ઉજમશી

ના પ્રેસ-ભાવનગર

ભાઇએ પણ દરેક રીતે એ બાબતમા શકય મદદ આપે છે, તેમા આર્થિક સહાય અને સમયનો ભોગ મુખ્ય ભાગ ભજવે છે ધાર્મિક શ્રદ્ધા પણ તેમનામા ખૂબ છે, તીર્થપર્યટન તેમને ખૂબ ગમે છે શત્રુંજય, ગિરનાર, કેસરીયાજી, તારંગાજી વગેરે સ્થાવર તીર્થો અને જંગમ તીર્થોની પણ યાત્રાઓ ત્હેમણે બહુ સારી રીતે કરી છે ગમે તેવો માણસ ત્હેમની પાસે ગયેલ હશે, તો પણ તે ખાલી હાથે પાછો નહિ ફરે, એ જાતની ત્હેમનામા ખાસીયત છે, સ્વભાવ મળતાવડો અને ખુશનુમા છે સામાજીક સુધારકોને એ ખૂબ પીઠબળ સમર્પે છે, અને દરેક રીતે સહાય આપે છે પાયધુની ઉપર આવેલ શ્રી શાંતિનાથજીના મંદિરના એ યુવાન ટ્રસ્ટી છે આજે ત્હેમની ત્રીસ વરસની ઉમર છતા જરાયે યુવાનીનો ઉકળાટ નથી. જાહેર જીવનમા ભાગ લેવાનો ત્હેમને શોખ હોવા છતા કૌટુંબિક કારણોને અંગે, વ્યવહારિક ઉપાધિઓને લીધે તેઓ કોઇ પણ જાહેર કાર્યોમા વધારે પડતો ભાગ લઇ શકતા નથી સાહિત્યમા પણ તેઓ ખૂબ રસ લે છે અનેક પુસ્તકો પ્રગટ કરવામા ત્હેમણે સહાયતા આપેલી છે ખરેખર કાંતિભાઇની અત્યારની કારકીર્દી જોતા ભવિષ્યમા તેઓ જૈન સમાજને આશીર્વાદરૂપ થઇ પડશે તેમના નાના ભાઇ શ્રીયુત જીવાભાઇનુ પચ્ચીશ વરસની ભરયુવાન વયે અવસાન થયુ ત્હેમની કંઇ ખાસ કારકીર્દી જાહેરમા આવી નથી, પણ જો તેઓને લાંબુ આયુષ્ય સાંપડયુ હોત તો તેઓ પણ સમાજ માટે આશીર્વાદરૂપ થઇ પડત ત્હેમા જરાયે શક નથી પ્રાન્તે અમે શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે-ઉપર્યુક્ત કુટુંબ દિનપ્રતિદિન પ્રગતિને પંથે ધપાવી, ધાર્મિક તેમજ સામાજીક કાર્યોમા ઉન્નતિ સાધી, જનતાના આશીર્વાદ મેળવવાનુ સામર્થ્ય પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના

અમારી ગ્રંથમાળાના સંસ્કૃત પુસ્તકો.

७ धर्मवियोगमाला	श्रीहिमांशुविजयजी	०–२–०
३ प्रमाणनयतत्त्वालोक (प रामगोपालाचार्यकृत टीकायुक्त)	,,	०-१४ ०
८ जयन्तप्रबन्ध (गुजराती भा युक्त)	,,	०–३–०
१९ जैनीसप्तपदार्थी	,,	०–५–०
२७ सुभाषितपद्यरत्नाकर (गुजराती भा युक्त)	श्रीविशालविजयजी	१–४–०
उत्तराध्ययनसूत्र भाग ४ थो (कमलसंयमी टीका युक्त)	श्रीजयन्तविजयजी	३–८–०
प्रमाणनयतत्त्वालोक–प्रस्तावना	श्रीहिमांशुविजयजी	०–३–०

મળવાનું ઠેકાણું —

શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા

છોટા સરાફા, ઉજ્જૈન (માળવા)

विषयानुक्रमणिका

(पहेला भागनी)

૬

શ્લોકોના પ્રમાણોમા આપેલ ગ્રંથોનાં તથા સ્થળોના ટુંકા નામોની સમજુતી.

अ०-अध्याय, अध्ययन, अधिकार
अदत्ता०-अदत्तादान
आचा०-आचारांग
आपस्त०-आपस्तम्बोपनिषद्
आ० स०-जैन आत्मानंद सभा, भावनगर.
,, आगमोदय समिति, सुरत
आ० सभा-जैन आत्मानंद सभा भावनगर
इति० समु०-इतिहाससमुच्चय
उ०-उल्लास
उत्त०-सू०-उत्तराध्ययन सूत्र
उप० प्रा०, उपदेश प्रा० } उपदेशप्रासाद
उ० सू० टी०-उत्तराध्ययन सूत्र टीका
किराता०, किरातार्जु० } किरातार्जुनीय
ख०-खंड
च०-चतुर्थ
तृ०-तृतीय
त्रि श पु च, त्रिषष्टि श पु च } -त्रिषष्टिशलाका पुरुषचरित्र
दे० ला०-देवचंद लालभाइ पुस्तकोद्धारक फंड, सुरत
द्वि०-द्वितीय
धर्मक०-धर्मकल्पद्रुम
प०-पर्व
पद्मपु०-पद्मपुराण
पृ०-पृष्ठ
प्र०-प्रकाश, प्रस्ताव, प्रक्रम, प्रथम
प्र० स०-जैनधर्मप्रसारक सभा, भावनगर
भा०-भाग भाषांतर
भा० वि०-भानविजय

मनुस्मृ०—मनुस्मृति
महाभा०—महाभारत
मानसो —मानसोल्लास
मार्क पु०—मार्कण्डपुराण
य० वि० ग्र०—यशोविजय जैन ग्रंथ माला, भावनगर
योग शा०—योगशास्त्र
वराहपु०—वराहपुराण
वि० ध० ल०—विजयधर्मलक्ष्मी ज्ञानमंदिर आगरा
वृ —वृत्ति
वै०—वैराग्य
व्या —व्याख्यान

श०—शतक
शा०—शांतिपर्व
श्राद्धप्रति०—श्राद्धप्रतिक्रमण
श्लो०—श्लोक
स०—सर्ग
सिंदूरप्र०—सिंदूरप्रकरण
सुभा रत्नभा० / सुभाषित रत्नभ० — सुभाषितरत्न संदोह
स्कं०—स्कंध
स्कंदपु —स्कंदपुराण
स्मृ०—स्मृति
हिंगुल०—हिंगुलप्रकरण
हि० ह०—पंडित हिरालाल हंसराज, जामनगर

જે શ્લોકના પ્રમાણના અંતે ફુલનું (*) નિશાન આપ્યું છે, તે શ્લોક તે ગ્રંથકારનો પોતાનો બનાવેલ નથી અર્થાત્ બીજાના ગ્રંથમાંથી એ ગ્રંથમાં લીધેલો સમજવો

શ્લોકના પ્રમાણના ઉલ્લેખમાં કૌંસ (   ) માં આપેલ નામ ગ્રંથકર્તાનું અથવા તો પ્રકાશકનું સમજવું

સુભાષિત-પદ્ય-રત્નાકર

— પહેલો ભાગ —

॥ ॐ अर्हं नमः । ऐं नमः ॥

जगत्पूज्य-श्रीविजयधर्मसूरीश्वरेभ्यो नमो नमः ।

मुनिश्री-विशालविजयमहाराजसंगृहीतः-

सुभाषित-पद्य-रत्नाकरः

गूर्जरभाषाऽनुवादसहितः ।

मङ्गलाचरणम्

॥ १ ॥

विश्वच्छायाविधायी सकलसुकविपुंस्कोकिलानुच्चनाचः,
सस्फूर्जन् मञ्जुरीतिप्रभृतिचतुरतामञ्जरीस्वाददानात् ।
आकल्पं स्थायिरूपोऽतुलरस-फलदः सद्विवेको रसालो,
येन प्रारोपितोऽसौ प्रथमजिनपतिर्यच्छताद् वाञ्छितानि ।

॥ २ ॥

श्रीभोयणीग्रामगत प्रभास्वर,
नमाम्यह मल्लिविभु जिनेश्वरम् ।
श्रीधर्मसूरिं च ततो गुरोर्गुरु,
वन्दे त्रिधा पण्डितपूज्यपत्कजम् ॥

॥ ३ ॥

धर्मो विश्ववरेण्यसेवितपदो धर्मं भजे भावतो,
धर्मेणावधुत कुबोधनिचयो धर्माय मे स्यान्नतिः ।
धर्माच्चिन्तितकार्यपूर्त्तिरखिला धर्मस्य तेजो महद्,
धर्मे शासनराग धैर्यसुगुणा श्रीधर्म ! धर्मं दिश ॥

॥ ४ ॥

अपूर्वशान्त्यादिगुणैरनुत्तर,
सज्ज्ञानधैर्येण जगत्प्रतिष्ठितम् ।
आदौ जयन्त विजय तत पर,
वन्दे मुनन्द्य गुरुमुत्तम मुदा ॥

॥ ५ ॥

एषा प्रसाद प्राप्य, श्लोकान् लोकहिताय सगृह्य ।
कुरुऽनुवाद-तेषा, विशालविजयो मुनि सम्यक् ॥

धार्मिक विभाग

अहिंसा (१)

અહિંસાનું સ્વરૂપ—

न यत्प्रमादयोगेन, जीवितव्यपरोपणम् ।
त्रसानां स्थावराणां च, तदहिंसाव्रतं मतम् ॥ १ ॥

त्रिषष्टि श० पु० च०, पर्व १, सर्ग ३, श्लोक ६२२.

પ્રમાદના યોગથી ત્રસ અને સ્થાવર પ્રાણિઓના જીવિ-તનો નાશ ન કરવો, તે અહિંસા વ્રત કહેલું છે ૧

कर्मणा मनसा वाचा, सर्वभूतेषु सर्वदा ।
अक्लेशजननं प्रोक्ता, त्वहिंसा परमर्षिभिः ॥ २ ॥

कूर्म पुराण, अ० ७६, श्लोक ८०.

સર્વ કોઈ પ્રાણીને વિષે સર્વદા કાયા, મન અને વચને કરીને ક્લેશ ઉત્પન્ન ન કરવો, તે ઉત્તમ ઋષિઓએ અહિંસા કહી છે ૨

(મનુષ્ય, પશુ વિગેરે), ઇંડાઓથી ઉત્પન્ન થયેલા (પક્ષિઓ), ઉદ્ભિજ્જ (ભૂમિથી ઉત્પન્ન થનાર તૃણાદિક) અને સ્વેદ (પરસેવા) થી ઉત્પન્ન થનારા જૂ, લીખ, માકડ વિગેરે કોઇ પણ પ્રકારના જંતુઓની હિંસા કરતા નથી, તે પુરૂષો જ શુદ્ધ આત્માવાળા છે ૮

અહિંસા એજ ધર્મ—

अहिंसार्थाय भूतानां, धर्मप्रवचनं कृतम् ।
यः स्यादहिंसासंयुक्तः, स धर्म इति निश्चयः ॥ ९ ॥

महाभारत, शान्तिपर्वे, अ० १०९, श्लोक १५.

પ્રાણિઓની અહિંસાને માટે જ સર્વ ધર્મની રચના કરેલી છે, તેથી જે ધર્મ અહિંસાયુક્ત હોય તે જ ધર્મ કહેવાય એ નિશ્ચય છે ૯

अहिंसा सकलो धर्मो-ऽहिंसाधर्मस्तथा हितः ।
सत्यं तेऽहं प्रवक्ष्यामि, नोऽधर्मः सत्यवादिनाम् ॥१०॥

महाभारत, शान्तिपर्वे, अ० २७३, श्लोक २०

અહિંસા જ સમગ્ર ધર્મ છે, તથા અહિંસા ધર્મજ હિતકારક છે હું તને સત્ય કહું છું કે સત્યવાદી પુરૂષોને અધર્મ થતો નથી ૧૦

अहिंसासंभवो धर्मः, स हिंसातः कथं भवेत् ? ।
न तोयजानि पद्मानि, जायन्ते जातवेदसः ॥ ११ ॥

पद्म पुराण, अ० १६, श्लोक २३

અહિંસાથી જ ધર્મ ઉત્પન્ન થાય છે, તે હિંસાથી શી રીતે થાય ? જેમકે પાણીથી ઉત્પન્ન થતા કમળો કદાપિ અગ્નિથી ઉત્પન્ન થતા નથી ૧૧

અહિંસા—

यो मा सर्वगत ज्ञात्वा, न च हिंसेत् कदाचन ।
तस्याह न प्रणश्यामि, न च मा स प्रणश्यति ॥ १२ ॥

भगवद्गीता, अ० ४, श्लोक २७.

(વિષ્ણુ કહે છે કે–) જે મનુષ્ય મને સર્વત્ર રહેલો જાણીને કોઈ પણ વખત કોઇની હિંસા કરતો ન હોય, તેનુ હુ કાઇ પણ નાશ કરતો નથી કારણ કે તે મારો નાશ કરતો નથી ૧૨

पृथिव्यामप्यहं पार्थ !, वायावग्नौ जलेऽप्यहम् ।
वनस्पतिगतश्चाह, सर्वभूतगतोऽप्यहम् ॥ १३ ॥

भगवद्गीता, अ० ११, श्लोक ३४

હે અર્જુન ! હુ (વિષ્ણુ) પૃથ્વીને વિષે, વાયુને વિષે, અગ્નિને વિષે અને જળને વિષે રહેલો છુ, તથા વનસ્પતિમા પણ હુ રહેલો છુ વધારે શુ કહેવુ ? દરેક પ્રાણિને વિષે હુ રહેલો છુ, તેથી જે જીવોની હિંસા કરાય છે તે મારી જ હિંસા થાય છે, માટે કોઇની હિંસા કરવી નહિ ૧૩

अमेध्यमध्ये कीटस्य, सुरेन्द्रस्य सुरालये ।
समाना जीवित्ताकाङ्क्षा, मम मृत्युभयं द्वयोः ॥ १४ ॥

इतिहास समुच्चय, श्लोक ३०

નિ ટાની મધ્યે રહેલા કીડાને તથા સ્વર્ગમા રહેલા ઇંદ્રને છવવાની ઇચ્છા સ ખી જ હોય છે, અને ત બ નેને મૃત્યુનો ભય પણ સમાન જ હોય છ, ત થી કોઇ પણ પ્રાણિનો વધ કરવો ત મ ા પાપ છે ૧૪

અહિંસાની શ્રેષ્ઠતા—

मातेव सर्वभूताना-महिंसा हितकारिणी ।
अहिंसैव हि संसार-मरावमृतसारणि ॥ १५ ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लोक ५०

અહિંસા એ માતાની જેમ સર્વ પ્રાણિઓનું હિત કરનારી છે, અને અહિંસા જ સંસારરૂપી મરૂદેશમા (મારવાડની ભૂમિમા) અમૃતની નીક (નદી) સમાન છે ૧૫.

अहिंसा दुःखदावाग्नि-प्रावृषेण्यघनावली ।
भवभ्रमिरुगार्त्तानां-महिंसा परमौषधी ॥ १६ ॥

योगशास्त्र, द्वि० प्र , श्लोक ५१

અહિંસા એ દુ ખરૂપી દાવાનળને બુઝાવવા માટે વર્ષાઋતુના મેઘ સમાન છે, અને અહિંસા જ ભવભ્રમણરૂપી રોગથી પીડાતા પ્રાણિઓને તે રોગથી મુક્ત કરવામા ઉત્તમ ઔષધ સમાન છે ૧૬

अहिंसा परमो धर्म-स्तथाऽहिंसा परो दम ।
अहिंसा परम दान-महिंसा परम तप ॥ १७ ॥

महाभारत, अनुशासनपर्व, अ० ११६, श्लोक ३७

અહિંસા એ મોટો ધર્મ છે, અહિંસા એ ઉત્કૃષ્ટ ઇંદ્રિય-દમન છે, અહિંસા એ મોટું દાન છે, અને અહિંસા એ મોટો તપ છે ૧૭

अहिंसा परमो यज्ञ–स्तथाऽहिंसा परं फलम् ।
अहिंसा परमं मित्र–महिंसा परमं सुखम् ॥ १८ ॥

महाभारत, अनुशासन पर्व, अ० ११६, श्लोक ३८

અહિંસા પરમ યજ્ઞ છે, અહિંસા ઉત્કૃષ્ટ ફળ છે, અહિંસા મહાન્ મિત્ર છે અને અહિંસા એ પરમ સુખ છે ૧૮

सर्वयज्ञेषु वा दानं, सर्वतीर्थेषु वाऽऽप्लुतम् ।
सर्वदानफलं वाऽपि, नैतत् तुल्यमहिंसया ॥ १९ ॥

महाभारत, अनुशासन पर्व, अ० ११६, श्लोक ४१

સર્વ યજ્ઞમાં દાન, બધાય તીર્થોનું સ્નાન અને સઘળા દાનનું જે ફળ છે તે પણ અહિંસાની બરાબર થઇ શકતું નથી ૧૯

अहिंस्रस्य तपोऽक्षय्य–महिंस्रो यजते सदा ।
अहिंस्रः सर्वभूतानां, यथा माता यथा पिता ॥ २० ॥

महाभारत, अनुशासन पर्व, अ० ११६, श्लोक ४०

હિંસા નહિં કરનારની તપસ્યા અવિનાશી છે, અહિંસક હમેશા યજ્ઞ કરનારો છે, અને અહિંસક મનુષ્ય સર્વ પ્રાણીઓનો માત-પિતા છે અર્થાત્ દયાળુ મનુષ્યને તપસ્યાનું અવિનાશી ફળ મળે છે, યજ્ઞ ન કરવા છતાં યજ્ઞ કર્યાનું ફળ મળે છે અને માત-પિતાની જેમ સર્વ પ્રાણિઓનો પાલનહાર-ઉપકારી છે ૨૦

एतत्फलमहिंसाया, भूयश्च कुरुपुङ्गव ! ।
न हि शक्या गुणा वक्तु-मपि वर्षशतैरपि ॥ २१ ॥

महाभारत, अनुशासन पर्व, अ० ११६, श्लोक ४१

હે શ્રેષ્ઠ કૌરવ ! (યુધિષ્ઠિર !) અહિંસાનું આ મોટું ફળ છે, તેના ગુણો સો વર્ષે પણ કહી શકાય તેમ નથી ૨૧

अहिंसा परम दान-महिंसा परमो दमः ।
अहिंसा परमो यज्ञ-स्तथाऽहिंसा पर पदम् ॥ २२ ॥

भागवत, स्कन्ध ५, अ० ९, श्लोक १९

અહિંસા ઉત્તમ દાન છે, અહિંસા ઉત્તમ દમ-ઇંદ્રિયોનું દમન છે, અહિંસા ઉત્તમ યજ્ઞ છે અને અહિંસા એ ઉત્તમ પદ (મોક્ષ) છે ૨૨

अहिंसा परमो धर्म-स्तथाऽहिंसा पर तप' ।
अहिंसा परम ज्ञान-महिंसा परम पदम् ॥ २३ ॥

भागवत, स्कन्ध ५, अ० ९, श्लोक २०

અહિંસા એ ઉત્તમ ધર્મ છે, અહિંસા ઉત્તમ તપ છે, અહિંસા ઉત્તમ જ્ઞાન છે, અને અહિંસા એ ઉત્તમ પદ (મોક્ષ) છે ૨૩

अहिंसा परम ध्यान-महिंसा परम तप. ।
अहिंसा परम ज्ञान-महिंसा परम पदम् ॥ २४ ॥

योगवासिष्ठ, श्लोक ३०

અહિંસા એ ઉત્તમ ધ્યાન છે, અહિંસા ઉત્તમ તપ છે, અહિંસા ઉત્તમ જ્ઞાન છે, અને અહિંસા એ ઉત્તમ પદ (મોક્ષ) છે ૨૪

अहिंमा परमो धर्मो, ह्यहिंसैव पर तपः ।
अहिसा परम दान-मित्याहुर्मुनयः सदा ॥ २५ ॥

पद्म पुराण, अ० ३१, श्लोक २७.

અહિંમા એ ઉત્તમ ધર્મ છે, અહિંસાજ ઉત્તમ તપ છે અને અહિંસા એ ઉત્તમ દાન છે, એ પ્રમાણે સર્વદા મુનિઓ કહે છે ૨૫

सर्वयज्ञेपु यद्दान, सर्वतीर्थेपु यत् फलम् ।
सर्वदानफल वाऽपि, तन्न तुल्यमहिंसया ॥ २६ ॥

यतिधर्म समुच्चय, अ० १६, श्लोक ८.

સર્વ યજ્ઞોને વિષે દાન દેવાનુ જે ફળ થાય, સર્વ તીર્થોનુ સેવન કરવાથી જે ફળ થાય અને સર્વ પ્રકારના દાનનુ જે ફળ થાય, તે બધુ ફળ અહિંસાની બરાબરી કરી શકતુ નથી–સર્વથી અહિંસાનુ ફળ અધિક છે ૨૬

सर्ववेदाधिगमन, सर्वतीर्थावगाहनम् ।
सर्वयज्ञफल चैव, नैव तुल्यमहिंमया ॥ २७ ॥

इतिहास समुच्चय, अ० २८, श्लोक ५०.

સર્વ વેદોના જ્ઞાનથી જે ફળ થાય, સર્વ તીર્થોમા સ્નાન કરવાથી જે ફળ થાય અને સર્વ યજ્ઞોનુ જે ફળ થાય તે બધુ અહિંસાના ફળની તુલના કરી શકતુ નથી ૨૭

अहिंसा परमं दानं-महिंसा परमो दमः ।
अहिंसा परमो जापः, अहिंसा परमं शुभम् ॥ २८ ॥

इतिहास समुच्चय, अ० २८, श्लोक ४१

अहिंसा એ ઉત્તમ દાન છે, અહિંસા ઉત્તમ દમ (ઇંદ્રિયોનુ દમન) છે, અહિંસા જ ઉત્તમ જપ છે અને અહિંસા જ ઉત્તમ શુભ (કલ્યાણ) છે ૨૮

અહિંસાનુ માહાત્મ્ય.

नास्त्यहिंसापरं पुण्यं, नास्त्यहिंसापरं सुखम् ।
नास्त्यहिंसापरं ज्ञानं, नास्त्यहिंसापरो दमः ॥ २९ ॥

इतिहास समुच्चय, अ० २९, श्लोक १९७

અહિંસાથી બીજુ કોઈ ઉત્તમ પુણ્ય નથી, અહિંસાથી બીજુ કોઈ ઉત્તમ સુખ નથી, અહિંસાથી બીજુ કોઈ ઉત્તમ જ્ઞાન નથી અને અહિંસાથી બીજુ કોઈ ઉત્તમ ઇંદ્રિય દમન નથી અર્થાત્ અહિંસા જ મોટામા મોટુ પુણ્ય, સુખ, જ્ઞાન અને દમન છે ૨૯

અહિંસાનુ ફળ—

दीर्घमायुः परं रूप-मारोग्यं श्लाघनीयता ।
अहिंसायाः फलं सर्वं, किमन्यत् कामदैव सा ॥ ३० ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लोक ५२

લાંબુ આયુષ્ય, સારૂ રૂપ, નીરોગતા અને લોકમા પ્રશંસા પ્રાપ્ત થાય, આ સર્વ અહિંસાનુ ફળ છે, એટલે જેણે પૂર્વે

અહિંસા વ્રત પાળ્યું [illegible]
પ્રાપ્ત થાય છે વિશેષ [illegible]
વસ્તુને આપનારી છે [illegible]

सर्वजीवदयार्थं [illegible]
निश्चित धर्मसं[illegible] । [illegible]

महाभा[illegible]

જેઓ સર્વ [illegible]
કરતા નથી, તે મનુષ્યો [illegible]
સ્વર્ગે જાય છે [illegible]

न हिंसयति यो [illegible]
जीवितार्थापनयं[illegible] ॥ [illegible]

महाभारत [illegible]

જે મનુષ્ય મન, [illegible]
નથી, તે મનુષ્યને [illegible]
પ્રાણીઓ હણતા નથી [illegible]

यद् ध्यायति यत्कु[illegible] यत्र [illegible]
तदवाप्नोत्ययत्नेन, [illegible] न किंच[illegible]

[illegible]

જે પુરુષ કોઈ પણ [illegible]
વસ્તુનું મનમાં ધ્યાન [illegible]
ઉપર અભિલાષા [illegible]

यथाऽऽत्मनि च पुत्रे च, सर्वभूतेषु यस्तथा ।
हितकामो हरिस्तेन, सर्वदा तोष्यते सुखम् ॥ ३४ ॥
विष्णु पुराण, अ० ३, पृष्ठ १४

જે મનુષ્ય પોતાના આત્માની જેમ અને પુત્રની જેમ સર્વ પ્રાણિઓને વિષે હિતને ઇચ્છે છે, તે મનુષ્ય હમેશા શ્રી હરિને સુખે કરીને પ્રસન્ન કરી શકે છે ૩૪

रूपमारोग्यमैश्वर्यं, श्रुतिं स्वर्गतिमेव च ।
प्राप्नोत्यहिंस्र पुरुष , प्राहदमुशना मुनि ॥ ३५ ॥
इतिहास समुच्चय, अ० २७, श्लोक ३१

ઉશના મુનિ કહે છે કે-જે પુરૂષ પ્રાણિઓની હિંસા કરતો નથી તે રૂપ, નીરોગતા, ઐશ્વર્ય, શાસ્ત્ર તથા સ્વર્ગની ગતિને પામે છે ૩૫

तमेवमुत्तम धर्म-महिमाधर्मरक्षणम् ।
ये चरन्ति महात्मानो, विष्णुलोक व्रजन्ति ते ॥ ३६ ॥
इतिहास समुच्चय, अ० २८, श्लोक ५५

આવી રીતે જે મહાત્માઓ અહિંસાધર્મના રક્ષણરૂપ તે ઉત્તમ ધર્મનું આચરણ કરે છે-પાલન કરે છે, તેઓ વિષ્ણુલોક (વૈકુંઠ) મા જાય છે ૩૬

लक्ष्मी पाणितले तस्य, स्वर्गस्तस्य गृहाङ्गणे ।
कुरुते यो जन सर्व-जीवरक्षा सदाऽऽदरात् ॥ ३७ ॥
पुण्यधन नृप कथा, पत्राङ्क ८, श्लोक २०४.

જે મનુષ્ય નિરતર આદરપૂર્વક સર્વ પ્રાણિઓની રક્ષા કરે છે, તેના હાથમા જ લક્ષ્મી રહેલી છે, અને તેના ઘરના આગણામા સ્વર્ગ રહેલુ છે ૩૭

दया (२)

धर्मो जीवदयातुल्यो, न क्वापि जगतीतले ।
तस्मात् सर्वप्रयत्नेन, कार्या जीवदयाऽङ्गिभिः ॥ १ ॥

हेमचन्द्रसूरि

આ પૃથ્વીપીઠ ઉપર કોઈ પણ ઠેકાણે જીવદયા જેવો બીજો કોઈ ઉત્તમ ધર્મ નથી, તેથી મનુષ્યોએ સર્વ પ્રયત્ન વડે જીવદયા કરવી યોગ્ય છે ૧

यो नात्मने न गुरवे न च बन्धुवर्गे,
दीने दया न कुरुते न च भृत्यवर्गे ।
किं तस्य जीवितफलं हि मनुष्यलोके,
काकोऽपि जीवति चिरं च बलिं च भुङ्क्ते. ॥ २ ॥

जैन पञ्चतन्त्र, पृष्ठ ६, श्लोक ११

જે મનુષ્ય પોતાના આત્મા ઉપર, ગુરૂ ઉપર, બધુવર્ગ ઉપર, દીન માણસ ઉપર અને ચાકરવર્ગ ઉપર દયા કરતો નથી, તેના જીવિતનુ ફળ આ મનુષ્યલોકમા શુ છે ? અર્થાત્ તેનુ જીવતર નિષ્ફળ છે કારણ કે કાગડો પણ ચિરકાળ જીવે છે અને બળિદાન (અન્નાદિ) ખાય છે, પણ તેનુ જીવિત નકામુ છે, તેમ દયા વિનાના મનુષ્યનુ જીવન પણ નકામુ છે ૨

धर्मतत्त्वमिदं ज्ञेयं, भुवनत्रयसम्मतम् ।
यद्दया सर्वभूतेषु, त्रसेषु स्थावरेषु च ॥ ३ ॥

पार्श्वनाथ चरित्र, सर्ग १, श्लोक ५६७ (य०

ત્રણ ભુવનને સંમત એવું આ ધર્મનું તત્ત્વ જાણ
ત્રસ અને સ્થાવર સર્વ જીવોને વિષે દયા ગણવી. ૩

लावण्यरहितं रूपं, विद्यया वर्जितं वपुः ।
जलत्यक्तं सरो भाति, तथा धर्मो दया विना ॥

हिङ्गु॰ प्रकरण, श्

લાવણ્ય વિનાનું રૂપ, વિદ્યા વિનાનું શરીર અ
વિનાનું સરોવર જેવું ભાસે છે, તેવો દયા વિનાનો ધ
છે અર્થાત્ તે સર્વે જેમ શોભતા નથી તેમ દયા
ધર્મ શોભતો નથી ૪

क्रीडाभूः सुकृतस्य दुष्कृतरजःसंहारवात्या भवो-
दन्वन्नौर्व्यसनाग्निमेघपटली सङ्केतदूती श्रिया
निःश्रेणिस्त्रिदिवौकसः प्रियसखी मुक्तेः कुगत्यर्गला
सत्त्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः

सिन्दूर प्रकरण, श्

હે જીવ! માત્ર સર્વ પ્રાણિઓની ઉપર કૃપા જ
સમગ્ર ક્લેશોએ કરીને સર્યું–બીજા કષ્ટદાયક કોઈ પણ
કરવાની જરૂર નથી કેમકે તે દયા જ પુણ્યને ક્રી
ભૂમી છે, પાપરૂપી ધૂળને ઉડાડી દેવામાં મોટા વા

છે, સંસારરૂપી સાગરને તરવામાં વહાણ સમાન છે, દુખરૂપી અગ્નિને બુઝાવવામાં મેઘના સમૂહરૂપ છે, લક્ષ્મીનો સંકેત કરવામાં દૂતી સમાન છે, સ્વર્ગરૂપી મહેલ ઉપર ચઢવાની નીસરણી સમાન છે, મુક્તિની પ્રિય સખી સમાન છે અને નરકાદિક કુગતિને અટકાવનારી અર્ગલા (ભોગળ) સમાન છે ૫

दयाङ्गना सदा सेव्या, सर्वकामफलप्रदा ।
सेविताऽसौ करोत्याशु, मानसं करुणामयम् ॥ ६ ॥

तत्त्वामृत, श्लोक २६१

સર્વ મનવાંછિત ફળને આપનારી દયારૂપી સ્ત્રી સદા સેવવા લાયક છે, કેમકે તેની સેવા કરવાથી તે મનુષ્યના મનને દયામય કરે છે ૬

अहिंसालक्षणो धर्मोऽधर्मश्च प्राणिनां वधः ।
तस्माद्धर्मार्थिभिर्लोकैः कर्त्तव्या प्राणिना दया ॥ ७ ॥

महा भारत, शान्ति पर्व, अ० ३३, श्लोक ४२

અહિંસા એ ધર્મનું લક્ષણ છે, અને પ્રાણીનો વધ કરવો એ અધર્મ છે, તેથી ધર્મના અર્થી લોકોએ પ્રાણિઓ ઉપર દયા કરવી ૭

दयाहीनं निष्फलं स्यान्नास्ति धर्मस्तु तत्र हि ।
एते वेदा अवेदाः स्युर्दया यत्र न विद्यते ॥ ८ ॥

पद्मपुराण, खण्ड १, अ० ३६, श्लोक ४१

દયા વિનાના સર્વ કાર્ય નિષ્ફળ છે, જ્યા દયા નથી ત્યા ધર્મ પણ નથી જેમા દયા ન હોય તે વેદો પણ અવેદરૂપ જ છે એમ જાણવુ તાત્પર્ય કે-જેમા દયા ન હોય તે વેદ જ ન કહેવાય અર્થાત્ વેદમા દયા જ છે ૮

दया-दानपरो नित्य, जीवमेव प्ररक्षयेत् ।
चाण्डालो वा स शूद्रो वा, स वै ब्राह्मण उच्यते ॥ ९ ॥

पद्मपुराण, खण्ड २, अ० ३६, श्लोक ४२

જે માણસ નિરંતર દયા-દાનમા જ તત્પર રહી જીવરક્ષણ જ કરે છે, તે માણસ જાતે ચાડાળ હોય કે શૂદ્ર હોય તે પણ તે બ્રાહ્મણ જ કહેવાય છે ૯

चर्म-वल्कलचीराणि, कूर्चमुण्ड-शिखा-जटा' ।
न व्यपोहन्ति पापानि, शोधकौ तु दया-दमौ ॥ १० ॥

दान चन्द्रिका, श्लोक ८२

ચર્મ અને છાલના વસ્ત્ર, ચીંથરાનુ વસ્ત્ર, પચકેશ મુડન, શિખા અને જટા આ સર્વ પ્રકારના વેષ પાપને દૂર કરી શકતા નથી માત્ર દયા અને દમન જ આત્માને શુદ્ધ કરનાર છે ૧૦

દયાની શ્રેષ્ઠતા—

सर्वे वेदा न तत् कुर्युः, सर्व यज्ञाश्च भारत ! ।
सर्वे तीर्थाभिषेकाश्च, यत् कुर्यात् प्राणिना दया ॥ ११ ॥

महा भारत, अनुशासन पर्व, अ० ११४, श्लोक १८

હે ભારત (યુધિષ્ઠિર) ! પ્રાણિઓ પરની દયા જે પુણ્યાદિક કાર્ય કરે છે, તે કાર્ય સર્વ વેદો કરી શકતા નથી, સર્વે યજ્ઞો પણ કરી શકતા નથી અને સર્વ તીર્થોના અભિષેક (સ્નાન) પણ કરી શકતા નથી ૧૧

एकतः क्रतवः सर्वे, समाप्तवरदक्षिणाः ।
एकतो भयभीतस्य, प्राणिनः प्राणरक्षणम् ॥ १२ ॥

इतिहास समुच्चय, अ० ८, श्लोक ३

એક બાજુ ઉત્તમ દક્ષિણા આપીને સંપૂર્ણ કરેલા સર્વ યજ્ઞો એટલે યજ્ઞોનુ પુણ્ય રાખીએ, અને એક બાજુ ભયથી ત્રાસ પામેલા એક પ્રાણિના પ્રાણનુ રક્ષણ એટલે રક્ષણનુ પુણ્ય રાખીએ, તો જીવદયાનુ પુણ્ય વધે છે ૧૨

न सा दीक्षा न सा भिक्षा, न तद्दान न तत्तपः ।
न तद्ध्यान न तन्मौन, दया यत्र न विद्यते ॥ १३ ॥

सूक्त मुक्तावली, पृष्ठ १८३, श्लोक १० *

જેમા દયા ન હોય એવી દીક્ષા નિરર્થક છે, એવી ભિક્ષા નિરર્થક છે, એવુ દાન નકામુ છે, એવુ તપ વૃથા છે, એવુ ધ્યાન વૃથા છે અને એવુ મૌનવ્રત પણ નકામુ છે દયા હોય તો જ તે સર્વે સાર્થક છે ૧૩

દયાનુ ફળ—

सर्वसत्त्वे दया मैत्रीं, यः करोति सुमानसः ।
जयत्यसावरीन् सर्वान्, बाह्याभ्यन्तरसंस्थितान् ॥ १४ ॥

तत्त्वामृत, श्लोक २६३

માગ મનવાળો જે પુરુષ સર્વ પ્રાણી ઉપર દયાને તથા મૈત્રીને કરે છે, તે પુરુષ બાહ્ય તના આભ્યતર સર્વ શત્રુઓને જીતે છે ૧૪

आयुर्दीर्घतर वपुर्वरतर गोत्र गरीयस्तर,
वित्त भूरितर वल बहुतर स्वामित्वमुच्चैस्तरम् ।
आरोग्य विगतान्तर त्रिजगति श्लाघ्यत्वमल्पेतर,
ससाराम्बुनिधि करोति सुतर चेत कृपार्द्रान्तरम् ॥१५॥

सिन्दूर प्रकरण, श्लोक ७८

જેનુ ચિત્ત દયાથી ભીંજાયેલુ હોય, તને અત્યત લાંબુ આયુષ્ય મળે છે, શરીર મજબુત બને છે, ઉચ્ચ ગોત્ર પ્રાપ્ત થાય છે, ઘણ ધન મળે છે, ઘણુ બળ થાય છે, મોટુ સ્વામીપણુ પ્રાપ્ત થાય છે, આના નિરત-નિરતર આરોગ્યપણુ રહે છે, ત્રણ જગતમા તે ઘણી પ્રશસાને પામે છે, તથા તે સસાર રૂપી સમુદ્રને સુખેથી તરવા લાયક કરે છે ૧૫

यो बन्धन-वध-क्लेशान्, प्राणिना न चिकिर्षति ।
स सर्वस्य हितप्रेप्सु, सुखमत्यन्तमश्नुते ॥ १६ ॥

मनुस्मृति, अ० ५, श्लोक ४६

જે મનુષ્ય, પ્રાણિઓને બધન, વધ કે બીજું કોઈ પણ પ્રકારનુ દુઃખ આપવા ઇચ્છતો નથી, તે મનુષ્ય સર્વ પ્રાણિઓના હિતને ઇચ્છતો હોવાથી અત્યત સુખને મેળવે છે ૧૬

ध्यानयोगपरा नित्य, या गतिं यान्ति योगिनः ।
तथैव यानि ता मर्त्यः, सर्वभूतदयापर. ॥ १७ ॥

इतिहास समुच्चय, अ० ७८, श्लोक ४७

નિરંતર ધ્યાનયોગમાં તત્પર રહેનારા યોગીઓ જે ગતિમાં જાય છે, તે જ ગતિમાં સર્વ પ્રાણિઓ ઉપર દયા કરવામાં તત્પર રહેનારો પુરૂષ પણ જાય છે અર્થાત્ સ્વર્ગ અને મોક્ષ ગતિને પામે છે ૧૭

દયા વિનાનું બધું નિષ્ફલ—

दया विना देव-गुरुक्रमार्चास्तपांसि सर्वेन्द्रिययन्त्रणानि ।
दानानि शास्त्राध्ययनानि सर्वं, सैन्यं गतस्वामि यथा वृथैव ॥१८॥

उपदेश तरङ्गिणी, (य० वि० ग्र०) पृष्ठ ७३७

દેવ અને ગુરૂના ચરણની સેવા, તપ, સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ, સર્વ પ્રકારના દાન અને શાસ્ત્રનો અભ્યાસ, આ સર્વ જો દયા ન હોય તો સ્વામી વિનાના સૈન્યની જેમ વૃથા છે ૧૮

નાના જંતુઓની રક્ષા અને તેનું ફળ—

अहिंसापूर्वको धर्मो, यस्मात्सर्वहिते रतः ।
यूका-मत्कुण-दंशादींस्तस्मात्तानपि रक्षयेत् ॥ १९ ॥

जैन पञ्चतन्त्र, पृष्ठ १९१, श्लोक ९४

જેથી કરીને અહિંસાપૂર્વક ધર્મ સર્વ જીવોના હિતને વિષે રક્ત છે, તેથી કરીને તે જૂ, માંકડ અને ડાંસ વિગેરે જંતુઓની પણ રક્ષા કરવી. ૧૯

यूका-मत्कुण-दंशादीन्, ये सदाऽज्ञानिनस्तथा ।
पुत्रवत् परिरक्षन्ति, ते नराः स्वर्गगामिनः ॥ २० ॥

पद्म पुराण, अ० ९६, श्लोक ४६

જે પુરુષો જૂ, માંકડ અને ડાંસ વિગેરે, તથા બીજા પણ અજ્ઞાની (ક્ષુદ્ર) જંતુઓનું હમેશા પોતાના પુત્રની જેમ રક્ષણ કરે છે, તે મનુષ્યો સ્વર્ગે જાય છે ૨૦

अभयदान (३)

मार्यमाणस्य हेमाद्रिं, राज्यं वाऽथ प्रयच्छतु ।
तदनिष्टं परित्यज्य, जीवो जीवितुमिच्छति ॥ १ ॥

योग शास्त्र (प्र० सभा) पृष्ठ ७१

હણાતા એવા પ્રાણીને સુવર્ણનો મેરુપર્વત આપો કે મોટું રાજ્ય આપો, તો પણ તેને તે અનિષ્ટ હોવાથી તેનો ત્યાગ કરીને તે પ્રાણી ફક્ત જીવવાને જ ઇચ્છે છે માટે જીવિત (અભય) દાન જ સર્વોત્તમ છે ૧

हेम-धेनु-धरादीनां, दातारः सुलभा भुवि ।
दुर्लभः पुरुषो लोके, यः प्राणिष्वभयप्रदः ॥ २ ॥

मार्कण्ड पुराण, स्कन्ध २, अ० ७, श्लोक ९३

પૃથ્વી ઉપર, સુવર્ણ, ગાયો અને પૃથ્વી વિગેરેનું દાન

કરનાર પુરૂષો સુલભ છે, પરંતુ પ્રાણિઓને અભયદાન આપે તેવો પુરૂષ આ જગતમા દુર્લભ છે ૨

वरमेकस्य सत्त्वस्य, दत्ता ह्यभयदक्षिणा ।
न तु विप्रसहस्रेभ्यो, गोसहस्रमलङ्कृतम् ॥ ३ ॥

मार्कण्ड पुराण, स्कन्ध २, अ० ७, श्लोक ९१

એકજ પ્રાણિને અભયરૂપ દક્ષિણા આપવી સારી છે, પરંતુ હજારો બ્રાહ્મણોને અલંકાર વડે શણગારેલી હજાર ગાયોરૂપ દક્ષિણા આપવી સારી નથી અર્થાત્ ગોદાન કરતા અભયદાનનુ ફળ મોટુ છે ૩

कपिलाना सहस्राणि, यो विप्रेभ्यः प्रयच्छति ।
एकस्य जीवित दद्यान्न च तुल्य युधिष्ठिर ! ॥ ४ ॥

मार्कण्ड पुराण, स्कन्ध ६, अ० १३, श्लोक ५७

હે યુધિષ્ઠિર ! જે પુરૂષ બ્રાહ્મણોને હજારો ગાયોનુ દાન કરે અને બીજો કોઈ પુરૂષ એક જીવને જીવિતદાન આપે, તો તે ગોદાનનુ પુણ્ય આ અભયદાનની તુલ્ય થતુ નથી ૪

जीवाना रक्षण श्रेष्ठ, जीवा जीवितकाङ्क्षिणः ।
तस्मात्समस्तदानेभ्योऽभयदान प्रशस्यते ॥ ५ ॥

मार्कण्ड पुराण, स्कन्ध ८, अ० ११, श्लोक ३३

સર્વ જીવો જીવિતની ઇચ્છાવાળા હોય છે, તેથી સર્વ જીવોનુ રક્ષણ કરવુ તેજ શ્રેષ્ઠ છે અને તેથી કરીને જ

દાનો કરતાં અભયદાન અધિક પ્રમાણવાળું ઉત્તમ
હોય છે ૫

यो दद्यात् काञ्चन मेरु, कृत्स्ना चैव वसुन्धराम् ।
एकस्य जीवित दद्यान्न च तुल्य युधिष्ठिर ! ॥ ६ ॥

मार्कण्ड पुराण, स्कन्ध ८, अ० ११, श्लोक ५

જે પુરુષ સુવર્ણના મેરુપર્વતનુ તથા સમગ્ર પૃથ્વી
દાન કરે, અને બીજો કોઈ પુરુષ એક જીવને જીવન આ
અભયદાન આપે, તો હે યુધિષ્ઠિર ! તે બન્ને તુલ્ય થતા
અર્થાત્ અભયદાનનુ પુણ્ય ઘણું વધી જાય છે ૬

અભયદાનની શ્રેષ્ઠતા—

यो ददाति सहस्राणि, गवामश्वशतानि च ।
अभय सर्वसत्त्वेभ्यस्तद्दानमतिरिच्यते ॥ ७ ॥

महा भारत, शान्ति पर्व, अ० २०४, श्लोक

જે મનુષ્ય હજારો ગાયો અને સેકડો અશ્વોનુ દાન ક
અને જે કોઈ બીજો મનુષ્ય સર્વ પ્રાણિઓને અભયદાન આ
તો તે અભયદાન પૂર્વના દાન કરતા અધિક થાય છે ૭

दत्तमिष्ट तपस्तप्त, तीर्थसेवा तथा श्रुतम् ।
सर्वेऽप्यभयदानस्य, कला नार्हन्ति षोडशीम् ॥ ८ ॥

मार्कण्ड पुराण, अ० ४, श्लोक १

ભલે તેટલુ દાન દીધુ હોય, પૂજા કરી હોય કે યજ્ઞ ક

હોય, તપ કર્યો હોય, તીર્થસેવા કરી હોય તથા જ્ઞાન મેળવ્યું હોય, તો પણ તે બધુ મળીને એક જ પ્રાણિને આપેલા અભયદાનની સોળમી કળા (સોળમા અંશ) ને પણ લાયક થતુ નથી ૮

नातो भूयस्तपोधर्म, कश्चिदन्योऽस्ति भूतले।
प्राणिनां भयभीतानामभयं यत् प्रदीयते ॥ ९ ॥

मार्कण्ड पुराण, अ० ११, श्लोक ५

ભયથી ત્રાસ પામેલા પ્રાણિઓને જે અભયદાન આપવુ, તેના કરતા બીજો કોઇ આ પૃથ્વી પર શ્રેષ્ઠ તપધર્મ નથી ૯

महतामपि दानानां, कालेन क्षीयते फलम् ।
भीताभयप्रदानस्य, क्षय एव न विद्यते ॥ १० ॥

मार्कण्ड पुराण, अ० १३, श्लोक २६

મોટા મોટા દાનોનુ ફળ પણ કાળે કરીને ક્ષીણ થાય છે, પરતુ ભય પામેલા પ્રાણિને જો અભયદાન આપવામા આવ્યુ હોય, તો તેના ફળનો ક્ષય થતો જ નથી ૧૦

एकतः काञ्चनो मेरुर्बहुरत्ना वसुंधरा ।
एकतो भयभीतस्य, प्राणिनः प्राणरक्षणम् ॥ ११ ॥

ज्ञान चन्द्रिका, श्लोक ८१

એક તરફ સુવર્ણના મેરૂપર્વતનુ અને ઘણા રત્નોવાળી પૃથ્વીનુ દાન કરવુ, તથા એક તરફ (બીજી બાજુ) બાગ્રતીત

ત્રાસ પામેલા પ્રાણિના પ્રાણનુ રક્ષણ કરવુ, તે બન્ને બરાબર છે, અથવા તે બન્નેમા પ્રાણિના રક્ષણનુ પુણ્ય અધિક છે ૧૧

અભયદાનનુ ફળ—

यो भूतेष्वभय दद्याद्, भूतेभ्यस्तस्य नो भयम् ।
यादृग् वितीर्यते दान, तादृगासाद्यते फलम् ॥ १२ ॥

योगशास्त्र, द्वितीय प्रकाश, श्लोक ४८

જે મનુષ્ય, પ્રાણિઓને અભયદાન આપે છે, તે પુરૂષને કોઈ પણ પ્રાણિઓ થકી ભય પ્રાપ્ત થતો નથી કેમકે જેવુ દાન અપાય છે, તેવુજ ફળ પણ પ્રાપ્ત થાય છે ૧૨

आदेय सुभग' सौम्यस्त्यागी भोगी यशोनिधि' ।
भवत्यभयदानेन, चिरजीवी निरामय' ॥ १३ ॥

महाभारत, शांतिपर्व, अ० ३३, श्लो० १०

અભયદાન આપવાથી પ્રાણી આદેય એટલે સર્વજન તેના વચનને માને એવો થાય છે, સારા ભાગ્યવાળો થાય છે, સૌમ્ય—સુંદરતાવાળો, દાની, ભોગી, કિર્તિના નિધાનરૂપ, ચિરકાળના આયુષ્યવાળો અને નીરોગી થાય છે ૧૩

अभय सर्वभूतेभ्यो, दत्त्वा यश्चरते मुनि' ।
न तस्य सर्वभूतेभ्यो, भयमुत्पद्यते क्वचित् ॥ १४ ॥

महाभारत, शान्तिपर्व, अ० १९०, श्लोक ४

જે મુનિ સર્વ પ્રાણિઓને અભયદાન આપીને વિચરે છે,

તેને સર્વ પ્રાણિઓ થકી કોઇ પણ વખત ભય ઉત્પન્ન થતો નથી ૧૪

अभय मर्वसत्त्वेभ्यो, यो ददाति दयापरः ।
तस्य देहाद्विमुक्तस्य, भयं नास्ति कुतश्चन ॥ १५ ॥

मार्कण्ड पुराण, अ० १८, श्लोक ८

દયામા તત્પર એવો જે મનુષ્ય સર્વ પ્રાણિઓને અભય દાન આપે છે, તે મનુષ્યને બીજા ભવોમા કોઇથી ભય થતો નથી એટલે કે તેનો મોક્ષ થાય છે, અથવા પરભવમા તેને ભય રહેતો નથી ૧૫

हिंसा (४)

હિંસાનુ સ્વરૂપ—

पञ्चेन्द्रियाणि त्रिविध वल च,
उच्छ्वासनिःश्वासमथान्यदायुः ।
प्राणा दशैते भगवद्भिरुक्ता-
स्तेषा वियोगीकरण तु हिंसा ॥ १ ॥

उपदेश प्रासाद, स्तम्भ ५, व्याख्यान ६४

પાચ ઇદ્રિયો, ત્રણ બળ (મન બળ, વચન બળ અને કાય બળ), ઉચ્છ્વાસ નિશ્વાસ (શ્વાસોચ્છ્વાસ) અને આયુષ્ય, આ દશ પ્રાણો ભગવાને કહ્યા છે, તેમનો વિયોગ કરવો તે હિંસા કહેવાય છે ૧

હિંસા નિષેધ—

आत्मवत्सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये ।
चिन्तयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥ २ ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लोक २

પોતાની જ જેમ સર્વ પ્રાણિઓને સુખ એટલે સુખ સાધન સ્ત્રી, ઘર વિગેરે પ્રિય છે, અને દુઃખ એટલે દુઃખ સાધન વધ, બંધ વિગેરે અપ્રિય છે એમ વિચારીને મનુ પોતાને પોતાની હિંસા અનિષ્ટ-અપ્રિય છે તેમ બીજાને અપ્રિય હોય એમ વાગી અન્યની હિંસા કરવી નહીં ૨

दमो देव-गुरूपास्तिर्दानमध्ययनं तपः ।
सर्वमप्येतदफलं, हिंसा चेन्न परित्यजेत् ॥ ३ ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लोक ३

જો હિંસાનો ત્યાગ કર્યો ન હોય તો ઇંદ્રિયોનું દમ દેવ-ગુરૂની સેવા, દાન, અધ્યયન અને તપ એ સર્વ નિષ્ફળ છે

विश्वस्तो मुग्धधीर्लोकः, पात्यते नरकावनौ ।
अहो ! नृशंसैर्लोभान्धैर्हिंसाशास्त्रोपदेशकैः ॥ ४ ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लोक ३

અહો ! આશ્ચર્ય છે કે ક્રૂર, લોભમા અંધ થયેલા હિંસાના શાસ્ત્રનો ઉપદેશ કરનારા પુરૂષો, વિશ્વાસુ અને બુદ્ધિવાળા લોકોને નરકની પૃથ્વીમા નાખે છે (હિંસ ઉપદેશ કરે છે તેથી તેઓ બન્ને નરકે જાય છે) ૪

अव्यवस्थितमर्यादैर्विमूढैर्नास्तिकैर्नरैः ।
संशयात्मभिरव्यक्तैर्हिंसा समनुवर्णिता ॥ ५ ॥

महाभारत, शान्ति पर्व, अ० २६४, श्लोक ४

જેઓ મર્યાદામાં રહેલા નથી, અત્યંત મૂઢ છે, પરલોકાદિને વિષે શંકાવાળા છે અને કોઈ પણ સ્પષ્ટ રીતે જાણી શકતા નથી, એવા નાસ્તિક નરોએ હિંસા વર્ણવેલી છે ૫

शारीरमानसैर्दुःखैर्बहुधा बहुदेहिनः ।
संयोज्य साम्प्रतं जीव !, भविष्यसि कथं स्वयम् ॥६॥

योगसार, प्र० ५, श्लोक ४०

હે જીવ ! તેં ઘણા પ્રાણિઓને ઘણે પ્રકારે શરીર સંબંધી અને મન સંબંધી દુઃખોમાં નાખ્યા છે, તેથી હવે તારૂં શું થશે ? ૬

कुर्याद्वर्षसहस्रं तु, अहन्यहनि मज्जनम् ।
सागरेणापि कृत्स्नेन, वधको नैव शुध्यति ॥ ७ ॥

देवी भागवत, स्कंध ६, अ० १३, श्लोक ३३

પ્રાણિનો વધ કરનાર મનુષ્ય એક હજાર વર્ષ સુધી હમેશાં આખા સમુદ્રના જળ વડે સ્નાન કરે, તો પણ તે શુદ્ધ થતો નથી ૭ ૭

आत्मा विष्णुः समस्तानां, वासुदेवो जगत्पतिः ।
तस्मान्न वैष्णवैः कार्या, परहिंसा विशेषतः ॥ ८ ॥

इतिहास समुच्चय, अ० २८, श्लोक ४८

જગતના પતિ વાસુદેવ ભગવાન પોતે જ સર્વ પ્રાણિઓના આત્મારૂપ છે, તેથી વૈષ્ણવોએ વિશેષે કરીને-અવશ્ય પરની હિંસા કરવી નહિ ૮

હિંસામા ધર્મ છેજ નહિ—

शम-शील-दयामूलं, हित्वा धर्मं जगद्धितम् ।
अहो ! हिंसाऽपि धर्माय, जगदे मन्दबुद्धिभिः ॥ ९ ॥
योगशास्त्र, द्वि० प्र०, श्लोक ३०

શમ, શીલ અને દયા જ ધર્મનું મૂળ-કારણ છે અને એજ જગતના જીવોને હિત કરનાર છે, આવા વાસ્તવિક ધર્મને છોડીને અહો ! અક્કલહીન મનુષ્યોએ હિંસાને પણ ધર્મ માટે કહી છે-હિંસામા પણ ધર્મ માન્યો છે ૯

प्रमादेन यथा विद्या, दुःशीलेन यथा धनम् ।
कपटेन यथा मैत्री, तथा धर्मो न हिंसया ॥ १० ॥
हिंगुल प्रकरण, श्लोक

જેમ પ્રમાદથી વિદ્યા પ્રાપ્ત થતી નથી, કુશીલ વડે જેમ ધન મળતું નથી, જેમ કપટ વડે મિત્રાઇ થતી નથી, તેમ હિંસા વડે ધર્મ થઇ શકતો નથી ૧૦

यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयते,
प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ।
यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्यापि जगतः,
प्रसूते सत्त्वानां तदपि न वधः क्वापि सुकृतम् ॥११॥
सिन्दूर प्रकरण, श्लोक

જો કદાચ પથ્થર જળમા (પાણી ઉપર) તરે, જો સૂર્ય પશ્ચિમ દિશામા ઉદય પામે, જો અગ્નિ કોઇ પણ પ્રકારે શીતળતાને પામે અને જો કદાચ પૃથ્વીપીઠ સમગ્ર જગતની ઉપર થઈ જાય, તો પણ પ્રાણિઓનો વધ કોઇ પણ ઠેકાણે પુણ્યને ઉત્પન્ન કરતો નથી ૧૧

स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता-
दमृतमुरगवक्त्रात् साधुवादं विवादात् ।
रुगपगममजीर्णाज्जीवितं कालकूटा-
दभिलषति वधाद् यः प्राणिनां धर्ममिच्छेत् ॥१२॥

सिन्दूर प्रकरण, श्लोक २७

જે મનુષ્ય પ્રાણિઓના વધથી ધર્મને ઇચ્છે છે, તે મનુષ્ય અગ્નિથી કમળના વનની ઉત્પત્તિને ઇચ્છે છે, સૂર્યના આથમવાથી દિવસને ઇચ્છે છે, સર્પના મુખમાથી અમૃતની ઇચ્છા રાખે છે, વિવાદ (કજીયા) માથી સારા વાદને ઇચ્છે છે, અજીર્ણથી રોગની શાતિ ઇચ્છે છે, અને કાલકૂટ જાતિના વિષથી જીવવાને ઇચ્છે છે આ સર્વ જેમ અશકય છે તેમ હિંસાથી ધર્મ થવો અશકય છે ૧૨

अन्धे तमसि मज्जामः, पशुभिर्ये यजामहे,
हिंसा नाम भवेद् धर्मो, न भूतो न भविष्यति॥ १३ ॥

पूर्व मीमासा, श्लोक ८३

જે અમે પશુઓ વડે યજ્ઞ કરીએ છીએ તેથી અંધ તમસ (નરક) મા ડુબીએ છીએ હિંસા એ ધર્મ છે અથવા હિંસાથી

ધર્મ થાય છે એ પ્રમાણે કોઈ ન્હોણે બન્યુ નથી અને બનશે
પણ નહિ ૧૩

હિંસક (ઘાતક)—

अनुमन्ता विशसिता, निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च, खादकश्चेति घातका: ॥ १४ ॥
योगशास्त्र तृतीय प्रकाश, श्लोक २१

હિંસાની અનુમોદના કરનાર, હણેલા પ્રાણિના અંગોને
વિભાગ કરનાર, હણનાર, ખરીદનાર, વેચનાર, પકાવનાર,
પીરસનાર અને ભક્ષણ કરનાર, આ સર્વ મનુષ્યો ઘાતક-હિંસક
કહેવાય છે ૧૪

हन्ता पलस्य विक्रेता, संस्कर्ता भक्षकस्तथा ।
क्रेताऽनुमन्ता दाता च, घातका: सर्व एव ते ॥ १५
त्रिषष्टि श० पु० च०, पर्व ८, सर्ग ९, श्लोक ३२

હણનાર, માંસ વેચનાર, માંસ પકાવનાર, માંસ ખા...
માંસ ખરીદ કરનાર, માંસની અનુમોદના કરનાર તથા મા...
આપનાર-દાન કરનાર, આ સર્વે ઘાતક-હિંસક કહેવાય છે

ये भक्षयन्त्यन्यपलं, स्वकीयपलपुष्टये ।
त एव घातका यन्न, वधको भक्षकं विना ॥ १६
त्रिषष्टि श० पु० च०, पर्व ८, सर्ग ९, श्लोक ३...

જે માણસો પોતાના માંસને પુષ્ટ કરવા માટે અન્ય પ્ર...

માંસ ખાય છે, તેઓ જ ઘાતક-હિંસક છે કારણ કે માંસનું ભક્ષણ કરનાર વિના વધ કરનાર હોય જ નહિ ૧૬

हन्ता चैवानुमन्ता च, विशस्ता क्रय-विक्रयी ।
संस्कर्ता चोपक(ह)र्ता च, खादकश्चाष्ट घातकाः ॥ १७ ॥

इतिहास समुच्चय, अ० ?७, श्लोक ?९

પ્રાણીને હણનાર, અનુમોદના કરનાર, મારવાનો હુકમ કરનાર, માંસને ખરીદ કરનાર, માંસ વેચનાર, માંસને પકાવનાર, માંસને પીરસનાર અને માંસ ખાનાર-આ આઠે મનુષ્યો ઘાતક-હિંસક કહેવાય છે ૧૭

હિંસાના દોષ—

पङ्गु-कुष्ठि-कुणित्वादि, दृष्ट्वा हिंसाफल सुधीः ।
निरागस्त्रसजन्तूनां, हिंसा संकल्पतस्त्यजेत् ॥ १८ ॥

त्रिषष्टि श० पु० च०, पर्व १, सर्ग ३, श्लोक ६२९

પાંગળાપણું, કોઢીયાપણું અને ઠુંઠાપણું એ વિગેરે હિંસાનું ફળ છે એમ જાણીને બુદ્ધિમાન પુરૂષે સંકલ્પથી (વિચારથી) પણ નિરપરાધી ત્રસ જંતુઓની હિંસાનો ત્યાગ કરવો ૧૮

शिला समधिरूढाश्च, निमज्जन्ति जलान्तरे ।
हिंसाश्रिताश्च ते तद्वत्, समाश्रयन्ति दुर्गतिम् ॥ १९ ॥

हिङ्गुल प्रकरण, प्राणातिपातप्रक्रम, श्लोक ३

જેમ સમુદ્રમા શિલાપર ચડેલા મનુષ્યો જળમા ડૂબી જાય છે-તરી શકતા નથી, તેમ હિંસાવડે આશ્રિત થયેલા (હિંસા કરનારા) પુરૂષો દુર્ગતિમા જાય છે-ડૂબે છે ૧૯

यावन्ति पशुरोमाणि, पशुगात्रेषु भारत ! ।
तावद्वर्षसहस्राणि, पच्यन्ते पशुघातका ॥ २० ॥

महाभारत, शान्तिपर्व, अ० ७२, श्लोक १७

હે ભારત ! પશુના શરીરને વિષે જેટલી ધૂંવાળા અને રૂવાંડા છે, તેટલા હજાર વર્ષ સુધી પશુની હિંસા કરનારા પુરૂષો નરકમા પચાય છે-દુ ખ ભોગવે છે ૨૦

न वेदैनर्न दानैश्च, न तपोभिर्न चाध्वरैः ।
कथंचित् सद्गतिं यान्ति, पुरुषा प्राणिहिंसका ॥ २१ ॥

मात्स्य मीमासा, पटल ५, वाक्य १९

પ્રાણીની હિંસા કરનારા પુરૂષો વેદનો પાઠ કરવાથી સદ્ગતિ પામતા નથી દાન દેવાથી સદ્ગતિ પામતા નથી, તપ કરવાથી સદ્ગતિ પામતા નથી, યજ્ઞો કરવાથી સદ્ગતિ પામતા નથી, તેમ જ બીજા કોઇ પણ ધર્મકાર્યથી સદ્ગતિને પામતા નથી અર્થાત્ દુર્ગતિમા જ જાય છે ૨૧

સંકલ્પ હિંસાનો દોષ—

यदि संकल्पतो हिंसामन्यस्योपरि चिन्तयेत् ।
तत्पापेन निजात्मा हि, दु खावनौ च पात्यते ॥ २२

उपदेश प्रासाद, स्तंभ ५, व्या० ६५

જો મનમા સંકલ્પ કરવાથી પણ બીજા ઉપર હિંસાનુ ચિંતવન કરે, એટલે મનમા પણ હિંસા કરવાનો વિચાર કરે, તો તે માણસ તે પાપ વડે પોતાના આત્માને દુઃખની પૃથ્વીમા (નરકમા) નાખે છે ૨૨

હિંસાથી દાનની નિષ્ફળતા—

सप्तद्वीप सरत्न च, दद्यान्मेरु सुकाञ्चनम् ।
यस्य जीवदया नास्ति, सर्वमेतन्निरर्थकम् ॥ २३ ॥

महाभारत, शान्तिपर्व, अ० ५३, श्लोक ९२.

રત્નો સહિત સાત દ્વીપની પૃથ્વીનુ તથા સુવર્ણમય મેરૂ પર્વતનુ દાન આપે, તો પણ જેને જીવદયા નથી તેને આ સર્વ દાન નિરર્થક (વ્યર્થ) છે ૨૩

યજ્ઞ તથા બલિદાન હિંસાનો નિષેધ—

देवोपहारव्याजेन, यज्ञव्याजेन येऽथवा ।
घ्नन्ति जन्तून् गतघृणा, घोरा ते यान्ति दुर्गतिम् ॥२४॥

योगशास्त्र, द्वितीय प्रकाश, श्लोक ३९

દેવ પૂજાના બહાનાથી કે યજ્ઞના બહાના વડે જે નિર્દય મનુષ્યો પ્રાણીઓને હણે છે, તેઓ ઘોર દુર્ગતિમા જાય છે ૨૪

या योगीन्द्रहृदि स्थिता त्रिजगता माता कृपैकव्रता,
सा तुष्येच्छ्वपचीव किं पशुवधैर्मांसासवोत्सर्जनैः ।

तस्माद्वीरनरावधार्य तदाचारस्य यद्बोधकं,
रक्षोभिर्विरचय्य तच्च वचनं तन्त्रे प्रवेशीकृतम् ॥ २५ ॥

કૃપારૂપ જ એક મતવાળી ત્રણ જગતની માતા, કે જે યોગીંદ્રોના હૃદયમાં રહેલી છે, તે ચંડાલણીની જેમ પશુનો વધ કરીને માંસ અને મદિરા આપવાથી શું તુષ્ટમાન થાય? ન જ થાય તેથી હે શ્રેષ્ઠ વીર! તું જરા વિચાર કર આવા હિંસાના આચારને જણાવનારૂં જે વચન છે, તે રાક્ષસોએ એટલે રાક્ષસ જેવા મનુષ્યોએ રચીને તંત્રશાસ્ત્રમાં ઘુસાડી દીધું છે ૨૫

मांस (५)

માસ ભક્ષણ નિષેધ.

मद्यः समूर्च्छितानन्तजन्तुसतानदूषितम् ।
नरकाध्वनि पाथेय, कोऽश्नीयात् पिशित सुधीः ? ॥१॥

योगशास्त्र, तृतीय प्रकाश, श्लोक ३३

તત્કાળ સમૂર્છિમ અનત પ્રાણિઓના સમૂહની ઉત્પત્તિથી દોષવાળુ થયેલુ અને નરકના માર્ગનુ ભાતારૂપ માસ કોણ બુદ્ધિમાન મનુષ્ય ખાય ? કોઇએ ખાવુ ન જોઇએ ૧

निःकर्णेष्विव गीतिरीतिरफला मद्ध्यानधौरेयता,
कारुण्यस्य कथा वृथा मृगीदृशा दृक्केलिरधेष्विव ।
निर्जीवेष्विव वस्त्रवेशरचना वैदग्ध्यबुद्धिर्मुधा,
मासास्वादिषु देहिषु प्रणयिता व्यर्था लतेवाग्निषु ॥२॥

कस्तूरी प्रकरण, श्लोक ९६

જેમ કાન વિનાના માણુસોની પાસે ગાયનની રીતિ–ગાયન કરવુ નકામુ છે, તેમ માસ ખાનારાઓનુ ધ્યાનમા શ્રેષ્ઠપણુ નકામુ છે જેમ આધળા માણુસો પાસે સ્ત્રિઓની દૃષ્ટિક્રીડા નકામી છે, તેમ માસ ખાનારાઓ પાસે દયાની વાતો કરવી

નકામી છે જેમ મડદાઓને સારા વસ્ત્રો પહેરાવવાની રચના કરવી નકામી છે, તેમ માંસભક્ષકોની ચતુરાઇયુક્ત બુદ્ધિ નકામી છે અને જેમ અગ્નિમાં વેલડી વાવવી નકામી છે, તેમ માંસ ખાનારા મનુષ્યોને વિષે પ્રેમ કરવો નકામો છે ૨

हित्वा हारमुदारमौक्तिकमय तैर्धीयतेऽहिर्गले,
त्यक्त्वा क्षीरमनुष्णधामधवल मूत्र च तै पीयते ।
मुक्त्वा चदनमिदुकुदविशद तैर्भूतिरभ्यग्यते,
सत्यज्यापरभोज्यमद्भुततर यैरामिष भुज्यते ॥ ३ ॥

कस्तूरी प्रकरण, श्लोक ५७

જે માણસો ઉત્તમ પ્રકારના ભોજનો છોડીને માંસ ભક્ષણ કરે છે, તે માણસો મોટા મોતીઓથી બનેલા સુંદર હારનો ત્યાગ કરીને પોતાના ગળામાં સર્પને ધારણ કરે છે, ઠંડા સફેદ મનોહર દૂધને છોડીને મૂત્ર-પેસાબને પીવે છે, અને ચંદ્ર તથા તથા મોગરાના ફુલની જેવા સફેદ ચંદન-સુખડના વિલેપનને છોડીને પોતાના શરીરે રાખ ચોળે છે ૩

अस्रे वसति रुद्रश्च, मासे वसति जनार्दन ।
शुक्रे वसति ब्रह्मा च, तस्मान्मास न भक्षयेत् ॥ ४ ॥

महाभारत, शान्तिपर्व, ५५

પ્રાણિઓના લોહીને ।
વિષ્ણુ વસે છે અને વીર્ય
ભક્ષણ ન

अस्थिन वसति रुद्रश्च, मासे चास्ति जनार्दनः ।
शुक्रे वसति ब्रह्मा च, तस्मान्मास न भक्षयेत् ॥५॥
महाभारत, शातिपर्व, अ० १३, श्लो० ३४

પ્રાણિઓના હાડકામા મહાદેવ રહે છે, માસમા વિષ્ણુ રહે છે અને વીર્યમા બ્રહ્મા રહે છે, તેથી માસ ખાવુ ન જોઇએ ૫.

यदि यज्ञाश्च वृक्षाश्च, यूपाश्चोद्दिश्य मानवाः ।
वृथा मास न खादन्ति, नैष धर्म. प्रशस्यते ॥ ६ ॥
महाभा०, शान्तिपर्व, अ० २६५, श्लोक ८

જો કે કેટલાક મનુષ્યો યજ્ઞ, વૃક્ષ અને યૂપ (યજ્ઞસ્તભ)-ને ઉદ્દેશીને માસ ખાય છે, તેઓ વૃથા એટલે વિધિ વિના માસ ખાતા નથી તો પણ તે ધર્મ પ્રશસા કરવા લાયક નથી ૬

न भक्षयति यो मास, न च हन्यान्न घातयेत् ।
तद्(म) मित्र सर्वभूताना, मनुः स्वायम्भुवोऽब्रवीत् ॥ ७ ॥
महाभा०, अनुशा०, अ० ११८, श्लोक० १२

જે મનુષ્ય માસભક્ષણ કરતો ન હોય, કોઇ પ્રાણીને હણતો ન હોય અને કોઈ પાસે હણાવતો ન હોય, તે મનુષ્ય સર્વ પ્રાણિઓનો મિત્ર છે, એમ સ્વયભૂના પુત્ર મનુએ કહ્યુ છે ૭

यो यजेताश्वमेधेन, मासि मासि यदव्रतः ।
वर्जयेन्मधु मास च, सममेतद् युधिष्ठिर ! ॥ ८ ॥
महाभारत, विराटपर्व, अ० १६, श्लो० १४.

કોઇ પુરૂષ વ્રત ગ્રહણ કર્યા વિના અર્થાત્ મદ્ય અને માસનો ત્યાગ કર્યા વિના માસે માસે અશ્વમેધ યજ્ઞ કરે અને બીજો કોઇ માણસ માત્ર મદ્ય અને માસનો ત્યાગ કરે, તો હે યુધિષ્ઠિર ! તે બન્નેનુ ફળ સરખુ છે ૮

नाकृत्वा प्राणिना हिंसा, मासमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवध स्वर्ग्यस्तस्मान्मास विवर्जयेत् ॥ ९ ॥

मनुस्मृति, अ० ५, श्लो० ४८

પ્રાણીની હિંસા કર્યા વિના કદાપિ માસ ઉત્પન્ન થતુ નથી, અને પ્રાણીનો વધ સ્વર્ગ આપનાર નથી, તેથી માસનો ત્યાગ કરવો ૯

समुत्पत्तिं च मासस्य, वध-बन्धौ च देहिनाम् ।
प्रसमीक्ष्य निवर्तेत, सर्वमासस्य भक्षणात् ॥ १० ॥

मनुस्मृति, अ० ५, श्लो० ४९

માસની ઉત્પત્તિ કેવી રીતે થાય છે તે વિચારીને તથા પ્રાણીઓના વધ-બધનને જોઇ-વિચારીને સર્વ પ્રકારના માસના ભક્ષણથી નિવર્તન કરવુ કોઇ પણ પ્રકારનુ માસ ખાવુ નહીં ૧૦

न हि मास तृणात्काष्ठाद्, उपलाद् वाऽपि जायते ।
हत्वा जन्तून् भवेन्मास, तस्मात्तत् परिवर्जयेत् ॥ ११ ॥

इति० समु०, अ० २७, श्लो० १४

ઘાસ, કાષ્ઠ અથવા પથ્થરમાથી કાઇ માસ ઉત્પન્ન થતુ નથી પ્રાણીને હણવાથી જ માસ ઉત્પન્ન થાય છે તેથી માસનો ત્યાગ કરવો ૧૧

માંસનો શબ્દાર્થ—

मां स भक्षयिताऽमुत्र, यस्य मासमिहाद्म्यहम् ।
एतन्मामस्य मासत्व, प्रवदन्ति मनीषिणः ॥ १२ ॥

मनुस्मृति, अ० ५, श्लो० ५५

આ ભવમા હું જેનુ માસ ખાઉં છુ, તે મને પરભવમા ખાશે એમ માસ શબ્દનુ માસપણુ પંડિતો કહે છે–'મા' એટલે મને 'સ' એટલે તે ખાશે, એવો માસ નો શબ્દાર્થ થાય છે ૧૨

માંસ ભક્ષણના દોષો—

चिखादिषति यो मास, प्राणिप्राणापहारतः ।
उन्मूलयत्यसौ मूल, दयाऽऽख्य धर्मशाखिनः ॥ १३ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० १८

જે મનુષ્ય બીજા પ્રાણીના પ્રાણનો નાશ કરી તેનુ માસ ખાવાને ઇચ્છે છે, તે મનુષ્ય ધર્મરૂપી વૃક્ષના દયા નામના મૂળને ઉખેડી નાખે છે ૧૩

अशनीयन् सदा मासं, दया यो हि चिकीर्षति ।
ज्वलति ज्वलने वल्लीं, स रोपयितुमिच्छति ॥ १४ ॥

योगशास्त्र, तृतीय प्रकाश, श्लो० १९

જે માણસ હમેશા માસને ખાય અને દયા કરવાને ઇચ્છે, તે પુરૂષ બળતા અગ્નિમા વેલડી વાવવાને ઇચ્છે છે અર્થાત્ માસ ખાનાર દયા પાળી શકે જ નહિ ૧૪

मांसास्वादनलुब्धस्य, देहिन देहिन प्रति ।
हन्तु प्रवर्तते बुद्धि , शाकिन्या इव दुर्धियः ॥ १५॥

योगशास्त्र, तृतीय प्रकाश, श्लो० २७

માંસનું ભક્ષણ કરવામાં લુબ્ધ આસક્ત થયેલા મનુષ્યની બુદ્ધિ, દુષ્ટ બુદ્ધિવાળી શાકિની-ડાકણની જેમ દરેક પ્રાણીને હણવા માટે પ્રવર્તે છે ૧૫

ये भक्षयन्ति पिशित, दिव्यभोज्येषु सत्स्वपि ।
सुधारस परित्यज्य, भुञ्जते ते हलाहलम् ॥ १६ ॥

योगशास्त्र, तृतीय प्रकाश, श्लो० २८

દિવ્ય-વાનિક મનોહર ભોજન વિદ્યમાન હોવા છતાં પણ જેઓ માંસનું ભક્ષણ કરે છે, તેઓ અમૃત રસનો ત્યાગ કરીને હળાહળ વિષ ખાય છે એમ જાણવું ૧૬

न धर्मो निर्दयस्यास्ति, पलादस्य कुतो दया ।
पललुब्धो न तद्वेत्ति, विद्याद् वोपदिशेन्न हि ॥ १७॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० २९

દયા રહિત પુરુષને ધર્મ હોતો નથી તેમજ માંસ ખાનાર પુરુષને દયા ક્યાંથી હોય? ન જ હોય પણ આ વાતને માંસ ખાવામાં લુબ્ધ-આસક્ત થયેલો પુરુષ જાણી શકતો નથી કદાચ જાણતો હોય તો પણ તે તેના નિષેધ માટે ઉપદેશ આપી શકે નહિ ૧૭

मांसाशनान्नरक एव ततः स देव-
स्तल्लोलुपं हरिनृपं कृतवान् सरोषः ।
किं पाकपेशलतराशनदत्ततृष्णे,
किंपाकभोजिनि मृतेरपि संशयोऽस्ति ? ॥ १८ ॥

कर्पूरप्रकर सटीक, श्लोक १०८

માંસનું ભક્ષણ કરવાથી નરક જ મળે છે, અને તેટલા જ માટે પૂર્વના વેરને લીધે રોષયુક્ત એવા દેવતાએ હરિનૃપતિને તે-માંસમાં લોલુપ કર્યો હતો. દ્રષ્ટાંત કહે છે કે, પક્વપણાથી મનોહર ભક્ષ્ય વસ્તુને વિષે અતિ લાલચુ બનેલા એવા, કિંપાકના ફળનું ભોજન કરનારને વિષે શું મરણનો સંશય રહે છે ? અર્થાત્ તે અવશ્ય મરે છે ૧૮

स्नेहो दयाऽपि हृदि काऽऽमिषलोलुपानां ?,
किं चिल्लणाऽपि पतिमांसदलानि नैच्छत् ? ।
नाश्नाति किं निजकुटुम्बमपि द्विजिह्वी ?,
स्थानं स्वमन्यदपि किं दहतीह नाग्निः ? ॥ १९॥

कर्पूरप्रकर सटीक, श्लोक १०९

માંસને વિષે લોલુપ એવા પ્રાણીઓના હૃદયને વિષે સ્નેહ કે દયા ક્યાથી હોય ? શું ચિલ્લણા જેવી પટ્ટરાણીએ પણ પોતાના પતિ-શ્રેણિકરાજાના માંસની ઇચ્છા નહોતી કરી ? દ્રષ્ટાંત કહે છે કે-સાપણ શું પોતાના કુટુંબ-બચ્ચાઓનું નથી ભક્ષણ કરતી ? અથવા તો અગ્નિ શું પોતાના અને પરના સ્થાનને નથી બાળતો ? અર્થાત્ સાપણ પોતાના કુટુંબનું

ભક્ષણ કરે છે, અને અગ્નિ પોતાના તથા પરના સ્થાનને બાળે છે ૧૯

मासादनात्प्रणश्यति, देहश्रीः सुमतिः सुखम् ।
शौच सत्य यश पुण्य, श्रद्धा-विश्वास-सद्‌गतिः ॥२०॥

हिंगुलप्रकरण, मासप्रक्रम, श्लोक १

માસ ભક્ષણ કરવાથી શરીરની શોભા, ઉત્તમ બુદ્ધિ, સુખ, ત્યાગ-પવિત્રતા સત્ય, યશ, પુણ્ય, શ્રદ્ધા, વિશ્વાસ તથા ઉત્તમ ગતિ નાશ પામે છે ૨૦

मासादनाज्जनाना हि, जायते विभ्रमो ध्रुवम् ।
निर्दयत्वमशौच्य च, दुर्धीर्दुःखपरपरा ॥ २१ ॥

हिंगुलप्रकरण, मासप्रक्रम, श्लोक २

માસ ભક્ષણથી માણસોને ખરેખર વિભ્રમ-ભ્રાતિ, નિર્દયપણુ, અપવિત્રપણુ, દુર્બુદ્ધિ, તથા દુખોની શ્રેણિઓ પ્રાપ્ત થાય છે ૨૧

प्रपश्यति पशून् यत्र, मनस्तत्र प्रवर्तते ।
रागता मासपुष्टे स्याद्, दुर्बलत्वे विरागता ॥ २२ ॥

हिंगुलप्रकरण, मासप्रक्रम, श्लोक ३

માસ લુબ્ધ માણસ જ્યા પશુઓને જુએ છે, ત્યા તેનુ મન તેના પ્રવર્તે છે, જે પશુ માસથી પુષ્ટ થએલુ હોય તેના પર તેનો રાગ બધાય છે તથા જે પશુ દુર્બલ હોય તેના પ્રત્યે તેને વિરાગપણુ-અરૂચિ થાય છે ૨૨

पापकर्मघटे पूर्णे रौद्रध्यानवशगते ।
मासभुग् मरणं प्राप्य, व्यथा सहते दुर्गतेः ॥ २३ ॥
हिंगुलप्रकरण, मांसप्रक्रम, श्लोक ४.

માસ ભક્ષણ કરનારો માણસ, તેના પાપ કર્મોનો ઘડો ભરાઇ જવાથી રૌદ્ર ધ્યાનને વશ થઈ મૃત્યુ પામીને નરકની વેદના સહન કરે છે—નરકમા જાય છે ૨૩

सा रेवती या नरके प्रविष्टा, मांसादनाद् भीमकुकर्मकर्त्री ।
श्रीश्रेणिकेनापि पलाशनाच, प्राप्ता हि पीडा नरकस्य तीव्रा ॥२४॥
हिंगुलप्रकरण, मांसप्रक्रम, श्लोक ५

ભયકર કુકર્મ કરનારી તે પ્રસિદ્ધ રેવતીને માસ ભક્ષણથી નરકમા પ્રવેશ કરવો પડ્યો, અને શ્રી શ્રેણિક રાજાએ પણ માસભક્ષણથી નરકની ભયકર પીડા મેળવી ૨૪

तिल-सर्षपमात्रं तु मांसं यो भक्षयेन्नरः ।
स एव नरकं याति यावच्चन्द्र-दिवाकरौ ॥ २५ ॥
महाभारत, शान्तिपर्व, अ० १४, श्लोक ३१

જે માણસ તલ કે સરસવના દાણા જેટલુ પણ માસ ખાય છે, તે માણસ આ પૃથ્વીપર જ્યા સુધી સૂર્ય ચદ્ર છે ત્યા સુધી નરકમા જઈને રહે છે ૨૫

यस्तु मत्स्यानि मांसानि, भक्षयित्वा प्रपद्यते ।
अष्टादशापराधं च, कल्पयामि वसुन्धरे ! ॥ २६ ॥
वराहपुराण, अ० ११७, श्लो० २१

વરાહ કહે છે કે-હે પૃથ્વી ! જે માણસ મત્સ્ય-માછલાને કે માંસને ખાઇને મારી પાસે આવે છે, તેને હુ અઢાર દોષ વાળો ગણુ છુ ૨૬

मामाशिनश्च दृश्यन्ते, रोगार्त्ता भृशदुर्बला. ।
अमासादा नीरोगाश्च, बलवन्त सुखान्विता ॥ २७ ॥

इतिहास समु०, अ० २७, श्लो० १०

માસ ખાનારા ઘણા મનુષ્યો રોગીષ્ઠ અને અત્યત દુર્બળ જોવામા આવે છે, તથા માંસ નહિ ખાનારા મનુષ્યો નીરોગી, બળવાન અને સુખી જોવામા આવે છે તેથી માંસ ખાવુ યોગ્ય નથી ૨૭

માંસના ત્યાગનુ ફળ—

यावज्जीव तु यो मांस, विषवत् परिवर्जयेत् ।
वसिष्ठो भगवानाह, स्वर्गलोक स गच्छति ॥ २८ ॥

इतिहास समु०, अ० २७, श्लो० २९

પૂજ્ય વસિષ્ઠ ઋષિ કહે છે કે જે મનુષ્ય જીવિત પર્યંત વિષની જેમ માંસનો સર્વથા ત્યાગ કરે છે, તે મનુષ્ય સ્વર્ગ લોકમા જાય છે ૨૮

यज्ञ ६

હિંસાથી ધર્મ નજ થાય.

प्राणिघाताच्च यो धर्ममीहते मूढमानसः ।
स वाञ्छति सुधावृष्टिं, कृष्णाहिमुखकोटरात् ॥ १ ॥

व्यास

જે મૂઢ મનવાળો મનુષ્ય, પ્રાણીઓને મારવાથી ધર્મને ઈચ્છે છે–ધર્મ થાય એમ માને છે, તે મનુષ્ય કૃષ્ણસર્પના મુખરૂપી વિવર–છિદ્રમાથી અમૃતની વૃષ્ટિને ઇચ્છે છે એમ જાણવુ માટે યજ્ઞમા પશુઓનો હોમ કરવાથી કે દેવ–દેવીઓ પાસે પશુઓનુ બલિદાન દેનાથી કોઇ દિવસ ધર્મ–પુણ્ય થાય જ નહિ ૧

યજ્ઞની હિંસાથી સ્વર્ગ નથી મળતુ.

वृक्षाञ्छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।
दग्ध्वा वह्नौ तिलाज्यादि, चित्र स्वर्गोऽभिलप्यते ॥२॥

स्कन्द पुराण, अ० ५८.

વૃક્ષોને છેદીને, પશુઓને હણીને, રૂધિર–લોહીનો કાદવ કરીને તથા અગ્નિમા તલ, ઘી વિગેરે બાળીને જે સ્વર્ગ મેળવવાની ઇચ્છા કરાય છે તે મોટા આશ્ચર્યની વાત છે ૨

यूपं छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमान् ।
यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ? ॥ ३ ॥

महाभारत, शान्तिपर्व, अ० १०, श्लोक ११

યૂપ (યજ્ઞસ્તભ) ને છેદીને, પશુઓને હણીને તથા લોહીના કાદવ કરીને જો આ પ્રમાણે સ્વર્ગે જવાતુ હોય તો નરકમા કોણ જશે ? અર્થાત્ કોઈ નહિ જાય તાત્પર્ય એ છે કે-યજ્ઞને ઉદ્દેશીને પણ કરેલી હિંસા હિંસા જ છે, તેથી પણ નરકે જ જવુ પડે છે ૩

नाहं स्वर्गफलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया,
सन्तुष्टस्तृणभक्षणेन सततं साधो ! न युक्तं तव ।
स्वर्गे यान्ति यदि त्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो,
यज्ञं किं न करोषि मातृ-पितृभिः पुत्रैस्तथा बान्धवैः ? ॥४॥

धनपाल काव्य, सर्ग ७, श्लो० १६

ભોજરાજાએ ધનપાળ કવિને પુછ્યુ કે-આ યજ્ઞમા હોમવા માટે બકરો બાંધ્યો છે, તે શુ બોલે છે ? ત્યારે ધનપાળે કહ્યુ કે-તે આ પ્રમાણે બોલે છે -હુ સ્વર્ગના ફળના ઉપભોગને માટે તરસ્યો (ઇચ્છાવાળો) નથી, તથા મે તારી પાસે 'મને યજ્ઞમા હોમજે' એવી પ્રાર્થના પણ કરી નથી, વળી હે સારા રાજા ! હુ નિરતર તૃણનુ ભક્ષણ કરીને સતોષ માનુ છુ માટે તારે મને મારવો યોગ્ય નથી વળી જો યજ્ઞમા તે હણેલા પ્રાણીઓ કદાચ સ્વર્ગે જતા હોય તો તારા માતા, પિતા, પુત્ર અને બાધવો

વડે કેમ યજ્ઞ કરતો નથી? અર્થાત્ તેઓનો યજ્ઞમા હોમ કરીને તેમને સ્વર્ગમા કેમ મોકલતો નથી? ૪

निहतस्य पशोर्यज्ञे, स्वर्गप्राप्तिर्यदीष्यते ।
स्वपिता यजमानेन, किं न तस्मिन्निहन्यते ? ॥ ५ ॥

જો યજ્ઞમા હણેલા પશુને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે એમ ઈચ્છાતુ-મનાતુ હોય, તો યજ્ઞ કરનાર પુરૂષ પોતાના પિતાને તે યજ્ઞમા કેમ નથી હણતો? પોતાનો પિતા પણ સ્વર્ગે જશે ૫

સૌ કોઇ દુર્બલને મારે છે—

अश्वं नैव गजं नैव, व्याघ्रं नैव च नैव च ।
अजापुत्रं बलिं दद्याद्, दैवो दुर्बलघातकः ॥ ६ ॥
नैषध, याज्ञवल्क्य स्मृति, श्लो० १०७

યજ્ઞમા અશ્વનુ બળિદાન દેતા નથી, હાથીનુ દેતા નથી, તેમજ વાઘ વિગેરેનુ પણ દેતા નથી, માત્ર અજાપુત્ર-બકરાનુ બલિદાન દેવાય છે તો વિધાતા-વિધિ દુર્બળનો જ ઘાત કરનાર છે એમ સિદ્ધ થાય છે ૬

यज्ञार्थं पशवः सृष्टा, यदीति वदति स्मृति ।
तन्मांसमश्नतः स्मार्त्ता, वारयन्ति न किं नृपान् ? ॥७॥
स्कन्द पुराण, अ० ५८

જો યજ્ઞને માટે પશુઓ સરજ્યા છે એમ સ્મૃતિ કહેતી હોય-સ્મૃતિના ગ્રંથમા કહ્યુ હોય, તો તે સ્મૃતિના રચનારાઓ

सत्य (७)

સત્યનુ સ્વરૂપ—

प्रिय पथ्य वचस्तथ्य, सूनृतमतमुच्यते ।
तत्तथ्यमपि नो तथ्यमप्रिय चाहित च यत्   ॥ १ ॥

त्रि श पु चरित्र, पर्व १, स० ३, श्लो० ६२३

પ્રિય, હિતકારક અને સત્ય એવુ વચન બોલવુ તે સત્યવ્
કહેવાય છે પરતુ જે વચન અપ્રિય અને અહિતકારક હોય
વચન સત્ય હોય તો પણ તે સત્ય નથી–અસત્ય જ છે ૧

सत्यस्य वचन श्रेय', सत्यादपि हित वदेत् ।
यद्भूतहितमत्यन्तमेतत् सत्य मत मम ॥ २ ॥

महाभारत, शाति पर्व, अ० ३२७, श्लो० १

જે સત્ય વચન છે તે કલ્યાણકારક છે સત્ય કરતા પણ હિ
કારક વચન બોલવુ યોગ્ય છે કેમકે જે વચન પ્રાણીઓને અત્
હિતકારક હોય તેવા વચનને મે (ભગવાને) સત્ય માનેલુ છે

उक्तेऽनृते भवेद्यत्र, प्राणिना प्राणरक्षणम् ।
अनृत तत्र सत्य स्यात्, सत्यमप्यनृत भवेत्   ॥ ३

महाभारत, विराट पर्व, अ० ३४, श्लो०

જ્યા અસત્ય વચન બોલવાથી પ્રાણીઓના પ્રાણનુ રક્ષણ થતુ હોય ત્યા તે અસત્ય વચન સત્યરૂપ થાય છે, અને પ્રાણીની હિંસા થતી હોય એવુ સત્ય વચન પણ અસત્ય છે ૩

ચાર પ્રકારનુ સત્ય—

अविसवादनयोगः, काय-मनो-वागजिह्मता चैव ।
सत्य चतुर्विध तच्च, जिनवरमतेऽस्ति नान्यत्र ॥ ४ ॥

प्रशमरति प्रकरण, श्लो० १७४

પૂર્વાપર અવિરુદ્ધ વચનનો ઉચ્ચાર કરવો અને તન મન વચનની એકતા—અકુટિલતા આદરવી, એમ આ ચાર પ્રકારનુ સત્ય શ્રી જિનેશ્વર શાસનમા કહ્યુ છે, અન્યત્ર કહેલુ નથી ૪

અવાસ્તવિક સત્ય—

न सत्यमपि भाषेत, परपीडाकर वचः ।
लोकेऽपि श्रूयते यस्मात्, कौशिको नरक गतः ॥ ५ ॥

योगशास्त्र, द्वितीय प्रकाश, श्लोक ६१

સત્ય છતા પણ જે વચન પરને પીડા કરનારુ હોય તેવુ વચન બોલવુ નહિ કેમકે લોકમા સભળાય છે કે તેવુ વચન બોલવાથી કૌશિક નામનો તાપસ નરકે ગયો ૫

સત્યની શ્રેષ્ઠતા—

अग्निना सिच्यमानोऽपि, वृक्षो वृद्धिं न चाप्नुयात् ।
तथा सत्य विना धर्मः, पुष्टिं नायाति कर्हिचित् ॥ ६ ॥

हिंगुल प्रकरण, मृषावाद अक्रम, श्लो० ३

જેમ અગ્નિથી સિંચન કરાતુ વૃક્ષ વૃદ્ધિ પામતુ નથી (ઉલટ બળી જાય છે), તેમ સત્ય વિના-અસત્યથી ધર્મની પુષ્ટિ કદાપિ થતી નથી (ઉલટો ધર્મનો નાશ થાય છે) ૬

सत्य प्रतिष्ठिता लोका , धर्म• सत्ये प्रतिष्ठित'।
सत्ये प्रतिष्ठित ज्ञान, सर्व सत्ये प्रतिष्ठितम् ॥ ७ ॥

महाभारत, शाति पर्व, अ० ३९, श्लो० २८

સર્વ લોક-પૃથ્વીઓ સત્યને વિષે રહેલ છે-સત્યને આધારે રહેલ છે, ધર્મ પણ સત્યને વિષે રહેલો છે, જ્ઞાન પણ સત્યને વિષે રહેલુ છે, અને સર્વ કોઇ પદાર્થ સત્યને વિષે જ રહેલા છે ૭

नास्ति सत्यात् परो धर्मो, नानृतात् पातक परम् ।
स्थितिर्हि सत्य धर्मस्य, तस्मात्सत्य न लोपयेत् ॥ ८ ॥

महाभारत, शाति पर्व, अ० १५९, श्लो० २४

સત્યથી બીજો કોઇ શ્રેષ્ઠ ધર્મ નથી, અને અસત્યથી બીજુ કોઈ મોટુ પાપ નથી, ધર્મની સ્થિતિ સત્ય જ છે, તેથી સત્યનો લોપ કરવો નહિ ૮

अश्वमेधसहस्रं च, सत्यं च तुलया धृतम् ।
अश्वमेधसहस्राद्धि, सत्यमेव विशिष्यते ॥ ९ ॥

महाभारत, शाति पर्व, अ० १५९, श्लो० २६

એક બાજુ હજાર અશ્વમેધ યજ્ઞો અને બીજી બાજુ સત્ય એ બન્નેને ત્રાજવામા નાખ્યા હોય તો તેમા હજાર અશ્વમેધ યજ્ઞોથી સત્યનુ પુણ્ય વધારે થાય છે ૯

सर्ववेदाधिगमनं, सर्वतीर्थावगाहनम् ।
सत्यं च वदतो राजन् !, सम वा स्यान्न वा समम् ॥ १० ॥

कुमारपाल प्रबंध, (आ० सभा) पृ० ८१, श्लोक ३ ॐ

હે ભૂપતિ ! બધા વેદોનો અભ્યાસ કરવાથી તથા બધા તીર્થોમા જઈને સ્નાન કરવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે તે બધુ પુણ્ય, સત્ય બોલનારના પુણ્યની બરાબર થાય છે, અથવા બરાબર નથી પણ થતુ અર્થાત્ સત્ય બોલવાથી ઉત્પન્ન થતુ પુણ્ય બીજા બધા પુણ્યો કરતા વધી જાય છે ૧૦

सत्येन धार्यते पृथ्वी, सत्येन तपते रवि. ।
सत्येन वायवो वान्ति, सर्वं सत्ये प्रतिष्ठितम् ॥ ११ ॥

चाणक्य नीति, अ० ५, श्लोक १९

સત્યથી પૃથ્વી ધારણ કરાય છે એટલે નિરાધાર રહેલી છે, સત્યથી સૂર્ય તપે છે એટલે પ્રકાશ આપી રહ્યો છે, સત્યથી વાયુ નિરતર વાય છે, ઘણુ શુ કહેવુ ? સત્યને વિષે જ સર્વ રહેલુ છે ૧૧

સત્યવાદીની શ્રેષ્ઠતા—

अलीक ये न भापन्ते, सत्यव्रतमहाधनाः ।
धात्री पवित्रीक्रियते, तेषां चरणरेणुभिः ॥ १२ ॥

धर्म परीक्षा, (आ० सभा) पृ० ५८.

જેની [illegible]વ્રતરૂપી મહા ધન છે એવા જે

અસત્ય વચન બોલતા નથી, તેમના ચરણુની રજ, વડે આ પૃથ્વી પવિત્ર કરાય છે ૧૨

સત્ય વચનથી થતા ફાયદા—

विश्वासायतन विपत्तिदलन देवै कृताराधनम्,
मुक्ते' पथ्यदन जलाग्निशमन व्याघ्रोरगस्तम्भनम् ।
श्रेय.संवनन समृद्धिजनन सौजन्यसञ्जीवन,
कीर्ते केलिवन प्रभावभवन सत्य वच पावनम् ॥१३॥

सिन्दूर प्रकरण, श्लोक २९

પવિત્ર એવુ સત્ય વચન વિશ્વાસનુ ઘર છે, વિપત્તિને દળી નાખનાર છે, દેવોએ આરાધેલુ છે, મુક્તિના માર્ગમા ભાતુ છે, જળ અને અગ્નિના ભયને શમાવનારૂ છે, વાઘ અને સર્પને સ્તભન કરનારૂ છે, કલ્યાણનુ વશીકરણ છે, સમૃદ્ધિને ઉત્પન્ન કરનાર છે, સુજનપણાને જીવાડનાર છે, કીર્તિને ક્રીડા કરવાનુ વન છે, અને પ્રભાવનુ ઘર છે માટે હમેશા સત્ય જ બોલવુ જોઈએ ૧૩

तस्याऽग्निर्जलमर्णव स्थलमरिर्मित्र सुरा किंकरा',
कान्तार नगर गिरिर्गृहमहिर्माल्य मृगारिर्मृग. ।
पाताल बिलमस्त्रमुत्पलदल,व्याल' शृगालो विष,
पीयूष विषम सम च वचन सत्याञ्चित वक्ति य. ॥१४॥

सिन्दूर प्रकरण, श्लोक ३२

જે પુરૂષ સત્યયુક્ત વચન બોલે છે, તેને અગ્નિ જળ જેવો થાય છે, સમુદ્ર સ્થળ જેવો થાય છે, શત્રુ મિત્ર જેવો થાય છે, દેવો કિંકર જેવા થાય છે, અરણ્ય નગર જેવુ થાય છે, પર્વત ઘર જેવો થાય છે, સર્પ માળા જેવો થાય છે, સિંહ મૃગ જેવો થાય છે, પાતાળ નાના બિલ જેવુ થાય છે, શસ્ત્ર કમળની પાખડી જેવુ થાય છે, મદોન્મત્ત હાથી શીયાળ જેવો થાય છે, વિષ અમૃત જેવુ થાય છે, અને વિષમ-કઠણ કાર્ય સમાન-સહેલા કાર્ય જેવુ થાય છે ૧૪

असत्य–मृषावाद ८

અસત્યનુ સ્વરૂપ—

कामाल्लोभाद्भयात्क्रोधात्, साक्षि-वादात्तथैव च ।
मिथ्या वदति यत्पाप, तदसत्य प्रकीर्तितम् ॥ १ ॥
मानसोल्लास, अ० १, श्लो० ३५

કામથી, લોભથી, ભયથી, ક્રોધથી, સાક્ષી પૂરવાથી, વાદ-વિવાદ કરવાથી તથા મિથ્યા–નકામુ જે પાપવાળુ (જેનાથી કર્મબધ થાય તેવુ અર્થાત્ બીજાને અહિતકારક) વચન બોલવુ, તે અસત્ય કહ્યુ છે ૧

देवतासन्निधौ वाक्य, ब्रूते शपथपूर्वकम् ।
तदुद्वयोल्ल(य ल)ङ्घ्यते मोहात्तचासत्य प्रकीर्त्तितम् ॥२॥
मानसोल्लास, अ० १, श्लो० ३६

દેવતાની સમીપે રહીને જે વચન બોલ્યા હોઇએ, અથવા સોગનપૂર્વક જે વચન બોલ્યા હોઇએ, તે બન્નેનુ મોહને લીધે જે ઉલ્લઘન કરવુ, તે અસત્ય વચન કહ્યુ છે ૨

ચાર પ્રકારનુ અસત્ય—

अभूतोद्भावन चाद्य, द्वितीय भूतनिह्नवम् ।
अर्थान्तर तृतीय च, गर्हा नाम चतुर्थकम् ॥ ३ ॥

एतच्चतुर्विधासत्य, श्वभ्रादिदुःखहेतुकम् ।
ज्ञात्वाऽनृतं व्रतं ग्राह्य, येनातिसौख्य-वैभवम् ॥ ४ ॥
उपदेश प्रा०, भा० १, स्तम्भ ६, व्या० ७६

અસત્ય ચાર પ્રકારનુ છે તેમા પહેલુ અભૂતોદ્ભાવન એટલે ન હોય તે કહેવુ તે, બીજુ ભૂતનિન્હવ એટલે સત્ય વસ્તુને છુપાવવી તે, ત્રીજુ અર્થાતર એટલે પદાર્થના ખરા સ્વરૂપને છુપાવી બીજુ કલ્પિત સ્વરૂપ કહેવુ તે, અને ચોથુ ગર્હા એટલે નિંદા કરતા અસત્ય બોલવુ તે આ ચારે પ્રકારનુ અસત્ય નરકાદિક દુખનુ કારણ છે એમ જાણીને અસત્યના ત્યાગરૂપ આ બીજુ વ્રત ગ્રહણ કરવુ કે જેથી અતિ સુખ અને વૈભવ પ્રાપ્ત થાય ૩-૪

બે પ્રકારનુ અસત્ય—

सूक्ष्म-बादरभेदाभ्या, मृषावाद द्विधा स्मृतम् ।
तीव्रसकल्पज स्थूल, सूक्ष्म हास्यादिसभवम् ॥ ५ ॥
उपदेश प्रा०, भा० १, स्तम्भ ६, व्या० ७५.

સૂક્ષ્મ અને બાદર એ બે ભેદ વડે મૃષાવાદ બે પ્રકારનો કહ્યો છે તેમા જે તીવ્ર સકલ્પથી મૃષાવાદ થાય તે સ્થૂલ-બાદર કહેવાય છે, અને હાસ્યાદિકથી જે મૃષા-અસત્ય બોલાય તે સૂક્ષ્મ મૃષાવાદ કહેવાય છે ૫

સ્થલ અસત્ય—

कन्या-गो-भूम्यलीकानि, न्यासापहरण तथा ।
कूटसाक्ष्य च पञ्चेति, स्थूलासत्यानि [illegible] ॥ ६
त्रि० [illegible] चरित्र, पर्व १ [illegible]

કન્યા સંબંધી, ગાય સંબંધી અને ભૂમિ સંબંધી જુઠું બોલવું તથા થાપણ ઓળવવી અને ખોટી સાક્ષી પૂરવી, આ પાંચ પ્રકારના સ્થૂલ-મોટા અસત્યનો ગૃહસ્થોએ અવશ્ય ત્યાગ કરવો ૬

અસત્યનો નિષેધ—

मर्त्यलोकविरुद्धं यद्, यद् विश्वसितघातकम् ।
यद्विपक्षश्च पुण्यस्य, न वदेत् तदसूनृतम् ॥ ७ ॥

योगशास्त्र, द्वितीय प्रकाश, श्लो० ५५

જે અસત્ય વચન સર્વ લોકોને વિરુદ્ધ છે, જે વિશ્વાસી મનુષ્યનો ઘાત કરનારું છે, અને જે પુણ્યનો શત્રુ છે, તેવું અસત્ય વચન કદાપિ બોલવું નહિ ૭

અસત્યની નિષ્ફળતા—

याऽरण्ये रोदनात् सिद्धिर्या सिद्धिः क्लीबकोपनात् ।
कृतघ्नसेवनात् सिद्धिः, सा सिद्धिः कूटभाषणात् ॥ ८ ॥

हिंगुल प्रक०, मृषावाद प्रक्रम, श्लो० २

અરણ્યમાં રૂદન કરવાથી જે સિદ્ધિ થાય, નપુંસકના ક્રોધથી જે સિદ્ધિ થાય, અને કૃતઘ્નીની સેવાથી જે સિદ્ધિ થાય, તેવી સિદ્ધિ અસત્ય વચનથી થાય છે, અર્થાત્ કોઈની કાંઈ પણ સિદ્ધિ થતી નથી ૮

અસત્યની અધમતા—

एकत्रासत्यजं पापं, पापं निःशेषमन्यतः ।
द्वयोस्तुलाविधृतयोराद्यमेवातिरिच्यते ॥ ९ ॥

योगशास्त्र, द्वि० प्र० श्लो० ६४ नी टीकानो श्लो० १०,

कुमारपाल प्रबन्ध, (आ० सभा) पृ० ८१, श्लो० १

એક તરફ અસત્યથી ઉત્પન્ન થયેલુ પાપ અને બીજી તરફ બીજા સર્વ પાપ, એ બન્નેને ત્રાજવામા નાખીને તોળીયે તો પહેલુ-અસત્યનુ પાપ વધી જાય છે ૯

સાત અસત્યવાદી—

वणिक् पण्याङ्गना दस्युर्द्यूतकृत् पारदारिकः ।
द्वारपालश्च कौलश्च, सप्तासत्यस्य मन्दिरम् ॥ १० ॥

उपदेश प्रा०, भा० १, स्तम्भ ६, व्या० ८९ ※

વણિક, વેશ્યા, ચોર, જુગારી, પરસ્ત્રી લપટ, દ્વારપાળ અને કૌલ એટલે તાન્ત્રિક મતવાળો આ સાત મનુષ્યો અસત્યનુ ઘર છે-કેવળ અસત્યવાદી જ છે ૧૦

અસત્યના દોષો—

घोरा दुर्गतिमेत्यलीकलवमप्यभ्यर्थितोऽपि ब्रुवन्,
नादे नारद-पर्वतारयसुहृदोर्यद्वद्वसुर्भूपतिः ।
चक्रेऽर्चानिधुरो विरञ्चिरनृतात् केतक्यनिष्टा मृषा-
साक्ष्यात् किं न हरिर्भवेन महितः सत्यात्परीक्षाक्षणे ॥११॥

कर्पूर प्रकरण, श्लोक ३५

અન્ય માણસે પ્રાર્થના કર્યા છતા પણ કોઈ મનુષ્ય લેશમાત્ર પણ જુઠુ બોલે તો તે ભયકર દુર્ગતિ પામે છે જેમ નારદ અને પર્વત એ બે મિત્રોના વિવાદમા વસુરાજા અસત્ય બોલી દુર્ગતિ પામ્યો દ્રષ્ટાત કહે છે કે-શુ મહાદેવે બ્રહ્માને જુઠુ બોલનાથી અપૂજ્ય કર્યા નથી ? કેતકીને જુઠી

સાક્ષીની અનિષ્ટ કરી નથી ? અને પરીક્ષાને અવસરે સત્ય વચન બોલવાથી વિષ્ણુને પૂજ્ય કર્યા નથી ? અર્થાત્ કર્યા છે ૧૧

पुण्याना प्रकटप्रनाशपटहः प्रस्थानसन्मगल,
माहात्म्यस्य यदन मन्त्र इव यत्कीर्त्ति समुच्चाटने ।
आत्माऽपि स्वयमेव लज्जत इव प्रायो यदुच्चारणे,
तन्मुञ्चानृतमाद्दतः कुरु सखे ! सत्येन सत्य मुखे ॥१२॥

संवेग द्रुम कन्दली, श्लोक १२

હે સખે ! જે અસત્ય વચન પુણ્યોનો પ્રગટ રીતે પ્રવાસ કરાવવામા પટહ (ઢોલ) રૂપ છે, જે મહાત્માપણાને પ્રયાણ કરાવવામા ઉત્તમ મગલરૂપ છે, જે કીર્તિનુ ઉચ્ચાટન કરવામા મત્રરૂપ છે, અને જેનો ઉચ્ચાર કરવામા પ્રાયે કરી આત્મા પોતે પણ શરમાતો હોય તેમ લાગે છે, તેવા અસત્ય વચનને છોડી દે, અને પ્રતિજ્ઞાથી મુખમા સત્ય વચનને આદર પૂર્વક ગ્રહણ કર ૧૨

असत्यतो लघीयस्त्वमसत्याद्वचनीयता ।
अधोगतिरसत्याच्च, तदसत्य परित्यजेत् ॥ १३ ॥

योगशास्त्र, द्वितीय प्रकाश, श्लोक० ५६

અસત્ય બોલવાથી જગતમા લઘુતા પ્રાપ્ત થાય છે, અસત્યથી નિંદા પ્રાપ્ત થાય છે અને અસત્યથી અધોગતિ (નરકાદિ નીચ ગતિ) પ્રાપ્ત થાય છે તેથી અસત્યનો ત્યાગ કરવો યોગ્ય છે ૧૩

असत्यवचन प्राज्ञ', प्रमादेनापि नो वदेत् ।
श्रेयासि येन भज्यन्ते, वात्ययेव महाद्रुमा ॥ १४ ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लो० ५७

ડાહ્યા માણસે પ્રમાદથી (ભૂલથી) પણ અસત્ય વચન બોલવું નહિં કેમકે મહાવાયુવડે જેમ મોટા વૃક્ષો ભાગી જાય છે તેમ અસત્યવડે કલ્યાણો ભાગી જાય છે-પુણ્ય કર્મનો નાશ થાય છે ૧૪

असत्यवचनाद्वैर-विषादाप्रत्ययादय' ।
प्रादुःषन्ति न के दोषाः ?, कुपथ्याद्व्याधयो यथा॥१५॥
योगशास्त्र, द्वितीय प्रकाश, श्लो० ५८

અસત્ય વચનથી વેર, ખેદ, અવિશ્વાસ વિગેરે કયા કયા દોષો ઉત્પન્ન થતા નથી ? જેમ કુપથ્યથી વ્યાધિઓ ઉત્પન્ન થાય છે, તેમ અસત્યથી સર્વ દોષો ઉત્પન્ન થાય છે ૧૫

निगोदेष्वथ तिर्यक्षु, तथा नरकवासिषु ।
उत्पद्यन्ते मृषावादप्रमादेन शरीरिणः ॥ १६ ॥
पारदारिक-दस्यूनामस्ति काचित् प्रतिक्रिया ।
असत्यवादिनः पुंसः, प्रतिकारो न विद्यते ॥ १७ ॥
योगशास्त्र, द्वितीय प्रकाश, श्लो० ५९-६०

અસત્ય વચન બોલવાથી મનુષ્યો નિગોદને વિષે, તિર્યંચને વિષે તથા નારકીને વિષે ઉત્પન્ન થાય છે ૧૬

પરસ્ત્રી ગમન કરનાર અને ચોરી કરનારા મનુષ્યોનો કાંઇક પણ પ્રતિકાર (પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ) થઇ શકે છે, પરંતુ અસત્યવાદી પુરૂષનો પ્રતિકાર (પાપથી મુક્ત થવાનો ઉપાય) કાંઇ પણ નથી ૧૭

मन्मनत्वं काहलत्वं, मूकत्वं मुखरोगिता ।
वीक्ष्यासत्यफलं कन्यालीकाद्यमत्यमुत्सृजेत् ॥ १,
त्रि श पु चरित्र, पर्व १, स० ३ श्लो

બોબડું બોલવું, બોલવાના જીભ ગવાય, મુંગાપણું પ્રાપ્ત થાય અને મુખને વિષે રોગ થાય, આ સર્વ અસત્ય બોલવાનું ફળ છે એમ જાણીને ગૃહસ્થીઓએ કન્યા સબંધી વિગેરે પાંચ પ્રકારના અસત્યનો ત્યાગ કરવો ૧૮

मानाद्वा यदि वा लोभात्, क्रोधाद्वा यदि वा भयात्।
यो न्यायमन्यथा ब्रूते, स याति नरकं नरः ॥ १९ ॥
जै० पञ्चतन्त्र, पृ० १९१, श्लो० ९७ *

માનથી, લોભથી, ક્રોધથી કે ભયથી જે માણસ ન્યાયને અન્યથા પ્રકાર-જુદી રીતે બોલે છે-અસત્ય બોલે છે, ખોટો ન્યાય કરે છે, તે પુરૂષ નરકે જાય છે ૧૯

असत्यमप्रत्ययमूलकारणं,
कुवासनासद्म समृद्धिवारणम् ।
विपन्निदानं परवञ्चनोर्जितं,
कृतापराधं कृतिभिर्विवर्जितम् ॥ २० ॥
सूक्तमु०, (हि० ८०) पृ० १४६, श्लो० ३ *

અસત્ય વચન અવિશ્વાસનું મૂળ કારણ છે, ખરાબ વાસનાનું ઘર છે, સંપત્તિનો નાશ કરનાર છે, વિપત્તિનું કારણ છે, બીજા જનોને ઠગવાથી વિસ્તાર પામેલું છે, તથા સર્વ અપરાધને કરનારૂં છે તેથી પંડિતોએ તેનો ત્યાગ કર્યો છે ૨૦

धर्महानिरविश्वासो, देहार्थयमनं तथा ।
असत्यभाषिणां निन्दा, दुर्गतिश्चोपजायते ॥ २१ ॥
उत्त० सू०, अ० अ० २४ गाथानी भा० वि० कृत टीकामां

અસત્યવાદી મનુષ્યોને ધર્મની હાનિ થાય છે, લોકોનો અવિશ્વાસ થાય છે, શરીર અને ધનનો નાશ થાય છે, લોકમા નિંદા થાય છે અને પરભવમા દુર્ગતિ થાય છે ૨૧

મૃષાવાદીના પક્ષપાતનુ ફળ—

असत्यवक्तुर्भुवि पक्षपात,
कुर्यान्न विद्वान् किल सङ्कटेऽपि ।
तेन ध्रुव हि वसुराजवत् स,
इहापवाद नरक परत्र ॥ २२ ॥

हिंगुल प्रक०, मृषावादप्रक्रम, श्लो० ४

આ પૃથ્વી ઉપર વિદ્વાન પુરૂષે સકટ આવે તો પણ અસત્ય બોલનારનો પક્ષપાત કદાપિ કરવો નહિ કારણ કે અસત્ય બોલનારનો પક્ષ કરવાથી તે પુરૂષ વસુ નામના રાજાની જેમ અવશ્ય આ લોકમા અપવાદ-નિંદાને અને પરલોકમા નરકને પામે છે ૨૨

अचौर्य (१)

અચૌર્ય-અદત્તાદાન ત્યાગનું સ્વરૂપ—

अनादानमदत्तस्यास्तेयव्रतमुदीरितम् ।
बाह्यप्राणा नृणामर्थो, हरता तं हता हि ते ॥ १ ॥

त्रि० श० पु० च०, पर्व १०, स० ३, श्लो० ६२४

સ્વામિએ 'નહિ' આપેલી વસ્તુને જે ગ્રહણ ન કરવી તે અચૌર્ય વ્રત કહેવાય છે ધન, મનુષ્યોના બાહ્ય પ્રાણ છે, તેથી તે ધનને હરણ કરનારાએ તેના તે પ્રાણો પણ હરણ કર્યા જ છે, એમ જાણવું ૧

અચૌર્ય વ્રતથી થતા ફાયદા—

परार्थग्रहणे येषा, नियमः शुद्धचेतसाम् ।
अभ्यायान्ति श्रियस्तेषा, स्वयमेव स्वयंवराः ॥ २ ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लो० ७४.

શુદ્ધ ચિત્તવાળા જે પુરૂષોને પરધનને ગ્રહણ કરવાનો સર્વથા નિયમ-ત્યાગ છે, તે પુરૂષોની પાસે લક્ષ્મી-સંપદાઓ પોતાની મેળેજ સ્વયંવરા થઇને આવે છે ૨

स्वर्णादिकेऽप्यन्यधने पुर स्थे,
मदा मनीषा दृपदीव येषाम् ।
सतोषपीयूषरसेन तृप्ता-
स्ते द्या लभन्ते गृहमेधिनोऽपि ॥ ३ ॥

उपदेश प्रासाद, स्तम्भ ६, व्या० ६

સુવર્ણ વિગેરે અન્યનુ ધન પોતાની પાસે પડેલુ હોય તો પણ તેમા જે મનુષ્યોની પથ્થર જેવી બુદ્ધિ હોય-તે પરધનને પથ્થરરૂપ માનતા હોય, તે મનુષ્યો ગૃહસ્થાશ્રમમા રહ્યા હોય તો પણ સતોષરૂપી અમૃતરસથી તૃપ્ત થયેલા હોવાથી સ્વર્ગે જાય છે ૩

तमभिलपति सिद्धिस्त घृणीते समृद्धि-
स्तमभिसरति कीर्तिर्मुञ्चते त भवार्त्तिः ।
स्पृहयति सुगतिस्त नेक्षते दुर्गतिस्त,
परिहरति विपत्त यो न गृह्णात्यदत्तम् ॥ ४ ॥

सिन्दूर प्रकरण, श्लो० ३३.

જે મનુષ્ય અદત્તને ગ્રહણ કરતો ન હોય, તેને સિદ્ધિ ઇચ્છે છે, તેને સમૃદ્ધિ વરે છે, કીર્તિ તેની પાસે આવે છે, સસારની પીડા તેને છોડી દે છે, સુગતિ તેને ઇચ્છે છે, દુર્ગતિ તેની સન્મુખ જોતી નથી, અને વિપત્તિ તેનો ત્યાગ કરે છે ૪

अदत्त नादत्ते कृतसुकृतकामः किमपि यः,
शुभश्रेणिस्तस्मिन् वसति कलहसीव कमले

विपत्तस्माद् दूर व्रजति रजनीवाम्बरमणे-
र्विनीत विद्येव त्रिदिव-शिवलक्ष्मीर्भजति तम् ॥५॥

सिन्दूर प्रकरण, श्लोक ३४

જેણે પુણ્ય-સુકૃતને વિષે ઇચ્છા કરી છે એવો જે પુરૂષ કોઇનુ કાંઈ પણ અદત્ત (માલીકના આપ્યા વિના) ગ્રહણ કરતો નથી, તેવા પુરૂષને વિષે કમળ ઉપર રાજહંસી વસે છે તેમ કલ્યાણની શ્રેણિ વસે છે, સૂર્યથી જેમ રાત્રિ દૂર જાય છે તેમ તેવા પુરૂષથી વિપત્તિ દૂર જાય છે અને વિનયવાળાને જેમ વિદ્યા ભજે છે-પ્રાપ્ત થાય છે, તેમ તેવા પુરૂષને સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી ભજે છે-પ્રાપ્ત થાય છે ૫

यदा सर्वं परद्रव्यं, बहिर्वा यदि वा गृहे ।
अदत्तं नैव गृह्णाति, ब्रह्म सपद्यते तदा ॥ ६ ॥

बृहद् आह्निक, श्लो० ६७

જ્યારે બહાર અથવા ઘરમા રહેલા સર્વ પ્રકારના પરધનને તેના સ્વામીએ આપ્યા વિના મનુષ્ય ગ્રહણ ન જ કરે (ગ્રહણ ન જ કરવુ એવી પ્રતિજ્ઞા કરે) ત્યારે તે મનુષ્ય બ્રહ્મજ્ઞાનને પામે છે, અથવા બ્રહ્મ-મોક્ષને પામે છે ૬

चौर्य (१०)

ચાર પ્રકારનુ અદત્તાદાન*—

तदाद्य स्वामिनाऽदत्तं, जीवादत्त तथाऽपरम् ।
तृतीयं तु जिनादत्त, गुर्वदत्तं तुरीयकम् ॥ १ ॥

उपदेश प्रा०, भा० ७, पृ० १७०

ચોરી (અદત્તાદાન) ચાર પ્રકારની છે તેમા વસ્તુના સ્વામીએ નહિં આપેલી વસ્તુ લેવી તે ૧, તે વસ્તુના જીવે નહિં આપેલુ લેવુ તે ૨, જિનેશ્વરે નહિં આપેલી (અર્થાત્ નિષેધેલી) વસ્તુ લેવી તે ત્રીજો પ્રકાર ૩ અને ગુરૂએ આપ્યા વિના-ગુરૂની આજ્ઞા વિના લેવુ તે ચોથો પ્રકાર ૪ આ ચાર પ્રકારનુ અદત્ત લેવુ તે ચોરી છે (આ શ્લોક જૈન સાધુઓને ઉદ્દેશીને લખાયેલો છે) ૧

અદત્તાદાન નિષેધ—

पतित निस्मृत नष्टं, स्थित स्थापितमाहितम् ।
अदत्त नाददीत स्व, परकीय क्वचित्सुधीः ॥ २ ॥

योगशास्त्र, द्वि० प्र०, श्लो० ६६

ડાહ્યા પુરૂષે, ધણીએ નહિં આપેલું પારકુ ધન કોઇ ઠેકાણે પડી ગયેલુ હોય, ભૂલી જવાયુ હોય, નાશ પામેલુ—ખોવાયેલુ

---

* અદત્તાદાન=વસ્તુના માલિકે નહિં આપેલી વસ્તુ લેવી તે

ત્યાગ કરવો (બની શકે તો સર્વ પ્રકારની-સૂક્ષ્મ ચોરીનો પણ ત્યાગ કરવો) ૮

यातना विविधामत्र, परत्र नरके गतिम्।
दौर्भाग्य च दरिद्रत्व, लभते चौर्यतो नरः॥ ९॥

उपदेश प्रा०, भा० १, (प्र० म०) पृ० १७२

ચોરી કરવાથી મનુષ્ય આ ભવમાં વિવિધ પ્રકારની પીડાને પામે છે, અને મર્યા પછી પર લોકમાં નરકની ગતિને પામે છે ત્યાંથી પણ નીકળીને દુર્ભાગ્ય અને દરિદ્રપણાને પામે છે ૯

कातराणां यथा धैर्यं, वन्ध्यानां सततिर्यथा।
न विश्वासस्तथा लोके, नृणामदत्तहारिणाम् ॥ १० ॥

हिंगुल प्रक०, अदत्ता० प्र०, श्लो० १

જેમ કાયર ભીરૂ મનુષ્યોને ધીરજ હોતી નથી, અને જેમ વંધ્યા સ્ત્રીને સતતિ હોતી નથી, તેમ ચોરી કરનાર મનુષ્યોનો લોકમાં વિશ્વાસ થતો નથી ૧૦

अदत्तं धनं नादद्यात्, सुखलिप्सुर्हि मानवः।
स सद्यो दुःखमाप्नुयान्मण्डुकचौरवत् किल ॥ ११ ॥

हिंगुल प्रक०, अदत्ता० प्र०, श्लो० ३

સુખ મેળવવાની ઈચ્છાવાળા પુરૂષે કોઈનું નહિ આપેલુ ધન ગ્રહણ-કરવુ નહિ જે આરકુ ધન ગ્રહણ કરે છે તે તત્કાળ મડુક ચોરની જેમ દુખને પામે છે ૧૧

चौर्यं स्वेन च वर्णकेन च कृतं मूढा दुरंतं भवेत्,
राज्ञा मण्डिकशालकोऽपि न हतः किं मूलदेवेन सः ?।
किं चैतत्त्रिजगत्प्रियोऽपि मदनस्तच्चित्तचौर्योद्यतः,
शाप प्राप न किं प्रजापतिगिरा दाहं च रौद्राग्निना ॥१२॥

- कर्पूर प्रकर, श्लो० ११७

હે મૂઢ મનુષ્યો ! પોતે અથવા પોતાના જાતભાઈએ કરેલ ચોરીનુ કામ અતે દુ ખદાયક નીવડે છે કારણકે મૂળદેવ નામના રાજાએ મંડિક નામના પોતાના સાળાનો પણ નાશ કર્યો હતો વળી-ત્રણે લોકના પ્રાણિઓને પ્રિય એવો પણ કામ દેવ જ્યારે બ્રહ્માજી અને શકરજીના ચિત્તની ચોરી કરવા ગયો ત્યારે તેને બ્રહ્માજીએ શ્રાપ આપ્યા અને શકરજીના ત્રીજા નેત્રે બાળીને ભસ્મ કરી નાખ્યો. ૧૨

यन्निर्वर्तितकीर्त्तिधर्मनिधनं सर्वागसां साधनं,
प्रोन्मीलद्वध-बन्धनं विरचितक्लिष्टाशयोद्बोधनं ।
दौर्गत्यैकनिबन्धनं कृतसुगत्याश्लेषसंरोधनं,
प्रोत्सर्प्पत्प्रधनं जिघृक्षति न तद्धीमानदत्तं धनम् ॥१३॥

सिन्दूर प्रकरण, श्लो० ३५

જે ચૌર્ય, ઉત્પન્ન કરેલ કીર્તિ અને ધર્મનો નાશ કરનાર છે, જે સર્વ અપરાધોનુ સાધન-કારણ છે, જે વધ-બધનને મેળવનાર છે, જે કિલષ્ટ પરિણામને ઉત્પન્ન કરનાર છે, જે દુર્ગતિનુ એક કારણ છે, જે સુગતિના આલિગનને-પ્રાપ્તિને રોધ કરનાર છે, તથા જે મરણને પણ આપનાર છે, તે અદત્ત ધન-કોઈએ નહિ આપેલુ ધન બુદ્ધિમાન્ પુરુષ ગ્રહણ કરવાને ઇચ્છતો નથી. ૧૩

ब्रह्मचर्य (११)

બ્રહ્મચર્યના ૧૮ ભેદો—

दिव्यौदारिककामाना, कृतानुमति-कारितैः ।
मनोवाक्कायतस्त्यागो, ब्रह्माष्टादशधा मतम् ॥ १ ॥

योगशास्त्र, प्रथम प्रकाश, श्लो० २३

દિવ્ય એટલે વૈક્રિય શરીર (અર્થાત્ દેવ) સબંધી અને ઔદારિકશરીર એટલે મનુષ્ય તથા તિર્યંચ સબંધી કામ ભોગનો, કરવુ કરાવવુ અને અનુમોદન એ ત્રણ કરણવડે મન, વચન અને કાયા એ ત્રણ યોગથી જે ત્યાગ કરવો તે અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય કહેલુ છે (વૈક્રિય શરીર સબંધી મૈથુન મન વડે કરવુ ૧, વચનવડે કરવુ ૨, કાયાવડે કરવુ ૩ એ જ રીતે મન, વચન અને કાયાવડે કરાવવાના ત્રણ ભેદ તથા અનુમોદનના ત્રણ ભેદ મળી નવ ભેદ થયા તેજ પ્રમાણે ઔદારિક શરીર સબંધી મૈથુનના નવ ભેદ ગણવાથી અઢાર ભેદ થાય છે) ૧

दिव्यात्कामरतिसुखात्, त्रिविधं त्रिविधेन विरतिरिति नवकम् ।
औदारिकादपि तथा, तद् ब्रह्माष्टादशविकल्पम् ॥ २ ॥

प्रशमरति प्रकरण, श्लो० १७७

દિવ્ય (દેવ સબંધી) મૈથુનને સેવવુ નહિ, સેવરાવવુ નહિ, અનુમોદવુ નહિ—એ ત્રણ કરણવડે કરીને મનથી, વચ-

નથી, કાયાથી ત્યાગ કરવો એ નવ ભેદ થયા અર્થાત્ મનથી સેવવુ નહિં, સેવરાવવુ નહિં, અનુમોદવુ નહિં, એજ પ્રમાણે વચન અને કાયાના ત્રણ ત્રણ ભેદો ગણતા નવ ભેદો થયા એવીજ રીતે ઔદારિક શરીરથી અર્થાત્ મનુષ્ય અને તિર્યંચના મૈથુનનો પણ ઉપર પ્રમાણેના નવ ભેદોથી ત્યાગ કરવો આ પ્રમાણે બ્રહ્મચર્યના અઢાર ભેદો થાય છે ૨

બ્રહ્મચર્યના ૮ ભેદો—

स्मरणं कीर्तन केलिः, प्रेक्षण गुह्यभापणम् ।
सङ्कल्पोऽध्यवमायश्च, क्रियानिर्वृतिरेव च ॥ ३ ॥
एतन्मैथुनमष्टाङ्ग, प्रवदन्ति मनीपिण. ।
विपरीत ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम् ॥ ४ ॥

दक्षस्मृति, अ० ७

સ્રીનુ સ્મરણ કરવુ, તેનુ કીર્તન કરવુ, તેની સાથે ક્રીડા-રમત કરવી, તેની સન્મુખ જોવુ અથવા તેના અંગોપાંગ જોવા, તેની સાથે છાની વાત કરવી, તેના વિષેનો વિચાર કરવો, સંભોગનો નિશ્ચય કરવો અને ક્રિયા કરવી-વિષય સેવન આ આઠ પ્રકારનુ મૈથુન પંડિતોએ કહ્યુ છે અને તે સર્વેનો જે ત્યાગ કરવો, તેજ આઠ પ્રકારનુ બ્રહ્મચર્ય છે ૩-૪.

ગૃહસ્થોના ચોથા અણુવ્રતનુ સ્વરૂપ—

सतोप' स्वेपु दारेपु, त्यागश्चापरयोपिताम् ।
प्रथयन्ति गृहस्थाना, चतुर्थं तदणुव्रतम् ॥ ५ ॥

उपदेश प्रा०, भा० १, (प्र० म०) पृ० १८

પોતાની સ્ત્રીને વિષે સંતોષ અને પર સ્ત્રીનો ત્યાગ, એ ગૃહસ્થોનું ચોથું અણુવ્રત કહેલું છે ૫

બ્રહ્મચર્ય પાલન—

मात्रा स्वस्रा दुहित्रा वा, न विविक्तासनो भवेत् ।
बलवानिन्द्रियग्रामो, विद्वासमपि कर्षति ॥ ६ ॥

मनुस्मृति, अ० २, श्लो० २१५

માતા, બહેન કે પુત્રીની સાથે પણ એકાંતમાં (એક આસન ઉપર) બેસવું નહિ કારણ કે ઇંદ્રિયોનો સમૂહ બળવાન છે, તેથી તે વિદ્વાનને પણ આકર્ષિત કરે છે-ખેંચે છે, અર્થાત બ્રહ્મચર્યના પરિણામને પાડી દે છે ૬

अमावास्यामष्टमीं च, पौर्णमासीं चतुर्दशीम् ।
ब्रह्मचारी भवेन्नित्यमनृतौ स्नातको द्विज ॥ ७ ॥

मनुस्मृति, अ० ९, श्लो० ३२.

સ્નાતક (વેદ ભણીને ગૃહસ્થાશ્રમમાં ગયેલા) બ્રાહ્મણે અમાવાસ્યા, આઠમ, પૂર્ણિમા, ચૌદશ તથા ઋતુ વિનાના સર્વ દિવસોમાં બ્રહ્મચારી થવું જોઇએ-બ્રહ્મચર્ય પાળવું જોઇએ (ઋતુ આવે ત્યારથી સોળ દિવસ સુધી ઋતુના દિવસો કહેવાય છે અર્થાત્ સત્તરમા દિવસથી ઋતુ આવે ત્યાંસુધીના ઋતુ વિનાના ગણાય છે ઋતુના પણ પહેલા ચાર દિવસો વર્જ્ય કહ્યા છે) ૭

पञ्चष्टमी पञ्चदर्शी, द्वादर्शी च चतुर्दशीम् ।
ब्रह्मचारी भवेन्नित्य, तद्वज्जन्मत्रयाहनि ॥ ८ ॥

पद्म पु०, अ० ५४, श्लो० ११

છઠ, આઠમ, પુનમ (અને અમાસ), બારશ અને ચૌદશ તથા તેજ પ્રમાણે જન્મના ત્રણ દિવસ એટલે કે જન્માષ્ટમી, રામનવમી અને મહાશિવરાત્રિ આટલી તિથિએ નિરંતર બ્રહ્મચર્ય પાળવુ જોઇએ ૮

બ્રહ્મચારીનુ સ્વરૂપ—

रामामङ्ग परित्यज्य, व्रत ब्रह्म समाचरेत् ।
ब्रह्मचारी स विज्ञेयो, न पुनर्वद्धघोटकः ॥ ९ ॥

उपदेश प्रा०, भा० २, (प्र० स०) पृ० २८

જે પુરૂષ, સ્ત્રીના અંગનો ત્યાગ કરીને એટલે છતી સ્ત્રીનો ત્યાગ કરીને બ્રહ્મચર્યવ્રતનુ આચરણ કરે, તે બ્રહ્મચારી જાણવો. પરંતુ બાધી ગએલા ચક્રવર્તીના ઘોડાને બ્રહ્મચારી કહી શકાય નહિ ૯

બ્રહ્મચારિઓની ઉચ્ચ દશા—

कुण्डले नाभिजानामि, नाभिजानामि कङ्कणे ।
नूपुरे त्वभिजानामि, नित्य पादाब्जवन्दनात् ॥ १० ॥

पद्मपुराण

લક્ષ્મણજી રામચંદ્રજીને કહે છે કે—સીતાનાં કુંડળો કેવાં છે તે હું જાણતો નથી, તેનાં કંકણને પણ હું ઓળખતો નથી.

परतु हमेशा तेना शरणकमळने हु वदन करतो हतो, तेथी तेना नूपुर (झाझर) ने हु ओळखु छु १०

ब्रह्मचारिओने त्याज्य वस्तुओ—

स्नानमुद्वर्तनाभ्यङ्ग, नख-केशादिसत्क्रियाम् ।
गन्ध-माल्य प्रदीप च, त्यजन्ति ब्रह्मचारिण: ॥ ११ ॥

श्राद्धप्रति० वृ०, (दे० ला०) पृ० ३

स्नान उद्वर्तन (शरीरे सुगधि द्रव्य लगाववु ते), अभ्यग (शरीर तेल चोळवु ते), नखनो सत्कार (नख कापवा ते), केशनो सत्कार (हजामत कराववी, केशमा तेल नाखवु, साबु विगेरेथी धोवा विगेरे), गध (शरीरे चदन विगेरेनो सुगधि लेप), पुष्पनी माळा विगेरे अने दीवो, आ सर्व पदार्थोनो ब्रह्मचारीओ त्याग करे छे ११

ब्रह्मचर्यं ध्रुव यज्ञ , परब्रह्मैककारणम् ।
देहशोभा तदर्थं हि, त्यज्यते ब्रह्मचारिभि' ॥ १२ ॥

दान चन्द्रिका, श्लो० ७८

ब्रह्मचर्य ज यज्ञ छे अने ब्रह्मचर्य ज परब्रह्म (मोक्ष) नु एक (अद्वितीय) कारण छे तेथी ते ब्रह्मचर्यनी रक्षाने माटे ज ब्रह्मचारिओ शरीरनी शोभानो त्याग करे छे १२

ब्रह्मचर्यनी श्रेष्ठता—

य स्वदारेषु सन्तुष्ट , परदारपराङ्मुख. ।
स गृही ब्रह्मचारित्वाद्, यतिकल्प' प्रकल्प्यते ॥ १३ ॥

कुमारपाल प्रबन्ध, (आत्मा० स०) पत्र ८४

--જે પુરૂષ પોતાની સ્ત્રીમા સંતુષ્ટ (સંતોષ માનતો) હોય, અને પરસ્ત્રીથી પરાઙ્મુખ હોય (પરસ્ત્રીનો ત્યાગી હોય), તે ગૃહસ્થ હોવા છતા સાધુ જેવો ગણાય છે ૧૩

एकरात्र्युषितस्यापि, या गतिर्ब्रह्मचारिणः ।
न सा क्रतुसहस्रेण, वक्तुं शक्या युधिष्ठिर ! ॥ १४ ॥

योगवासिष्ठ, श्लोक २९

હે યુધિષ્ઠિર ! માત્ર એક જ રાત્રિ બ્રહ્મચારીપણે રહેલા બ્રહ્મચારીની જે (શુભ) ગતિ થાય છે, તેવી ગતિ હજાર યજ્ઞવડે પણ થાય એમ કહી શકાય તેમ નથી, અર્થાત્ હજાર યજ્ઞો કરનારની પણ તેવી (શુભ) ગતિ થતી નથી ૧૪

शुचि भूमिगतं तोयं, शुचिर्नारी पतिव्रता ।
शुचिर्धर्मपरो राजा, ब्रह्मचारी सदा शुचिः ॥ १५ ॥

चाणक्यनीति

ભૂમિ ઉપર (અંદર) રહેલું પાણી પવિત્ર છે, પતિવ્રતા સ્ત્રી પવિત્ર છે, ધર્મમા તત્પર રહેલો રાજા પવિત્ર છે, અને બ્રહ્મચારી તો સર્વદા પવિત્ર છે ૧૫

બ્રહ્મચર્યનાં ફળ—

प्राणभूतं चरित्रस्य, परब्रह्मैककारणम् ।
समाचरन् ब्रह्मचर्यं, पूजितैरपि पूज्यते ॥ १६ ॥

योगशास्त्र, द्वितीयप्रकाश, श्लो० १०४

પરંતુ હમેશાં તેનાં ચરણકમળને હું વંદન કરતો હતો, તેથી તેનાં નૂપુર (ઝાંઝર) ને હું ઓળખું છું ૧૦

ब्रह्मचारिओने त्याज्य वस्तुओ—

स्नानमुद्वर्तनाभ्यङ्ग, नख-केशादिसत्क्रियाम् ।
गन्ध-माल्य प्रदीप च, त्यजन्ति ब्रह्मचारिणः ॥ ११ ॥

प्राद्मप्रति० वृ०, (दे० ला०) पृ० ३

સ્નાન ઉદ્વર્તન (શરીરે સુગંધિ દ્રવ્ય લગાવવું તે), અભ્યંગ (શરીરે તેલ ચોળવું તે), નખનો સત્કાર (નખ કાપવા તે), કેશનો સત્કાર (હજામત કરાવવી, કેશમાં તેલ નાખવું, સાબુ વિગેરેથી ધોવા વિગેરે), ગંધ (શરીરે ચંદન વિગેરેનો સુગંધિ લેપ), પુષ્પની માળા વિગેરે અને દીવો, આ સર્વ પદાર્થોનો બ્રહ્મચારીઓ ત્યાગ કરે છે ૧૧

ब्रह्मचर्य ध्रुव यज्ञ, परब्रह्मैककारणम् ।
देहशोभा तदर्थं हि, त्यज्यते ब्रह्मचारिभिः ॥ १२ ॥

दान चन्द्रिका, श्लो० ७८.

બ્રહ્મચર્ય જ યજ્ઞ છે અને બ્રહ્મચર્ય જ પરબ્રહ્મ (મોક્ષ) નું એક (અદ્વિતીય) કારણ છે તેથી તે બ્રહ્મચર્યની રક્ષાને માટે જ બ્રહ્મચારિઓ શરીરની શોભાનો ત્યાગ કરે છે ૧૨

બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા—

य स्वदारेषु सन्तुष्टः, परदारपराङ्मुखः ।
स गृही ब्रह्मचारित्वाद्, यतिकल्प प्रकल्प्यते ॥ १३ ॥

कुमारपाल प्रबन्ध, (आत्मा० स०) पत्र ८८

शील (१२)

शीलनी श्रेष्ठता—

न मुक्ताभिर्न माणिक्यैर्न वस्त्रैर्न परिच्छदैः ।
अलङ्क्रियेत शीलेन, केवलेन हि मानवः ॥ १ ॥

धर्मकल्पद्रुम, पृ० ७९, श्लो० १०

મનુષ્ય મોતીના અલંકારો (ઘરેણા) વડે, માણિક્યવડે, વસ્ત્રો-વડે કે પરિવારવડે શોભતો નથી માત્ર એક શીલવડે જ શોભે છે ૧

अग्निर्जलं द्विपन्मित्र, तालपुट सुधानिभम् ।
सिंधु• स्थल गिरिर्भूमिर्हेतुः शीलस्य तत्र च ॥ २ ॥

हिंगुल प्रकरण, शीलप्रक्रम, श्लोक ३

અગ્નિ જે જલરૂપ થાય છે, શત્રુ મિત્રરૂપ થાય છે, ઝેર અમૃતતુલ્ય થાય છે, સમુદ્ર સ્થલરૂપ થાય છે, તથા પર્વત જે ભૂમિરૂપ થાય છે, તેમા પણ શીલનો જ હેતુ છે–શીલના પ્રભાવથી જ આ બધુ બને છે ૨

अथवा जायमानस्य, यच्छीलमनुजायते ।
श्रूयते तन्महाराज !, नामृतस्यापसर्पति ॥ ३ ॥

महाभारत, शान्तिपर्व, अ० ८, श्लो० १०

દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્રના પ્રાણરૂપ અને મોક્ષના એક (અદ્વિતીય) કારણભૂત એવા બ્રહ્મચર્યને પાળનાર પુરૂષ દેવેંદ્ર, નરેંદ્રાદિક પૂજ્યોવડે પણ પૂજાય છે-નમસ્કારાદિક વડે વંદાય છે ૧૬

चिरायुषः सुसंस्थानाः, दृढसंहनना नराः ।
तेजस्विनो महावीर्याः, भवेयुर्ब्रह्मचर्यतः ॥ १७ ॥

योगशास्त्र, द्वितीयप्रकाश, श्लो० १०५

મનુષ્યો બ્રહ્મચર્યનુ પાલન કરવાથી લાંબા આયુષ્યવાળા થાય છે, સારા સંસ્થાનવાળા (સારી આકૃતિવાળા), મજબુત સંહનનવાળા (દૃઢ શરીરવાળા), ઉત્તમ તેજવાળા અને મોટા વીર્ય (પરાક્રમ) વાળા થાય છે ૧૭



शील (१२)

શીલની શ્રેષ્ઠતા—

न मुक्ताभिर्न माणिक्यैर्न वस्त्रैर्न परिच्छदैः ।
अलङ्क्रियेत शीलेन, केवलेन हि मानवः ॥ १ ॥

धर्मकल्पद्रुम, पृ० ७९, श्लो० १०

મનુષ્ય મોતીના અલંકારો (ઘરેણા) વડે, માણિક્યવડે, વસ્ત્રો વડે કે પરિવારવડે શોભતો નથી માત્ર એક શીલવડે જ શોભે છે ૧

अग्निर्जलं द्विपन्मित्रं, तालपुटं सुधानिभम् ।
सिंधुः स्थलं गिरिर्भूमिर्हेतुः शीलस्य तत्र च ॥ २ ॥

हिंगुल प्रकरण, शीलप्रक्रम, श्लोक ३

અગ્નિ જે જલરૂપ થાય છે, શત્રુ મિત્રરૂપ થાય છે, ઝેર અમૃતતુલ્ય થાય છે, સમુદ્ર સ્થલરૂપ થાય છે, તથા પર્વત જે ભૂમિરૂપ થાય છે, તેમા પણ શીલનો જ હેતુ છે—શીલના પ્રભાવથી જ આ બધુ બને છે ૨

अथवा जायमानस्य, यच्छीलमनुजायते ।
श्रूयते तन्महाराज !, नामृतस्यापसर्पति ॥ ३ ॥

महाभारत, शान्तिपर्व, अ० ८, श्लो० १८

અથવા જન્મ પામતા મનુષ્યની પાછળ જે શીલ (સદાચારીપણાનો સ્વભાવ) ઉત્પન્ન થાય છે, તે હે મહારાજ ! નહિ મરેલા ની પાસેથી જતુ નથી એટલે તે જન્મ થતાજ સાથે ઉત્પન્ન થયેલો સદાચારીપણાનો સ્વભાવ મર્યા વિના જતો નથી (મરણાન્ત સુધી રહે છે) એમ સભળાય છે ૩

ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो,
ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः ।
अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजता,
सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ॥ ४ ॥

(भर्तृहरि) नीति श०, श्लो० ८०

ઐશ્વર્યનુ ભૂષણ સજ્જનપણુ છે, શૂરતાનુ ભૂષણ વાણીનો સયમ છે, જ્ઞાનનુ ભૂષણ ઉપશમ (શાંતિ) છે, શાસ્ત્રનુ ભૂષણ વિનય છે, પાત્રને વિષે દાન કરવુ તે ધનનુ ભૂષણ છે, ક્રોધ ન કરવો તે તપનુ ભૂષણ છે, ક્ષમા રાખવી તે સમર્થ મનુષ્યોનુ ભૂષણ છે, કપટ રહિતપણુ એ ધર્મનુ ભૂષણ છે, સર્વ મનુષ્યોનુ પરમ (શ્રેષ્ઠ) ભૂષણ શીલ છે, અને તે શીલ સર્વ ગુણોને ઉત્પન્ન કરવામા કારણભૂત છે ૪

निशानां च दिनानां च, यथा ज्योतिर्विभूषणम् ।
सतीनां च यतीनां च, तथा शीलमखण्डितम् ॥ ५ ॥

(पद्मानन्द) वैराग्यशतक, श्लोक ६८

જેમ રાત્રિ અને દિવસોનુ ભૂષણ જ્યોતિષ (ચંદ્ર અને સૂર્ય) છે, તેમ સતીઓ અને યતિઓ (મુનિઓ) નુ ભૂષણ અખંડિત શીલ છે ૫

निदेशेषु धन विद्या, व्यसनेषु धन मतिः ।
परलोके धनं धर्मः, शील सर्वत्र वै धनम् ॥ ६ ॥

क्षेमेन्द्र कवि

પરદેશમા વિદ્યા જ ધનરૂપ છે, કષ્ટમા બુદ્ધિ જ ધનરૂપ છે, પરલોકમા ધર્મ જ ધનરૂપ છે, અને જો એક શીલ જ હોય તો તે સર્વ ઠેકાણે ધનરૂપ છે ૬

શીલના ફળ—

शीलेन रक्षितो जन्तुर्न केनाप्यभिभूयते ।
महाह्रदप्रविष्टस्य, कि करोति दवानलः ? ॥ ७ ॥

धर्मक०, (दे० ला०) पृ० ७९, श्लो० ६

શીલવડે રક્ષણ કરાયેલો પ્રાણી કોઇથી પણ પરાભવ પામતો નથી જળના મોટા દ્રહમા પેઠેલા પ્રાણીને દાવાનળ શુ કરી શકે ? કાઇપણ કરી શકે નહિ ७

ज्ञानादिसर्वधर्माणा, जीवित शीलमेव ये ।
रक्षन्ति प्राणिनस्तेषां, कीर्तिर्माति न विष्टपे ॥ ८ ॥

उपदेश प्रा०, भा० १, (प्र० स०)-पृ० १८६

જ્ઞાનાદિક સર્વ ધર્મોનુ જીવિત શીલ જ છે, તેનુ--શીલનુ જે પ્રાણીઓ રક્ષણ કરે છે, તેમની કીર્તિ જગતમા માતી નથી ૮

अमराः किंकरायन्ते, सिद्धयः सहसङ्गताः ।
समीपस्थायिनी सपच्छीलालङ्कारशालिनाम् ॥ ९ ॥

उपदेश प्रा०, भा० १, (प्र० स०) पृ० १८८ *

शीलरूपी अलंकार-घरेणावडे शोभता मनुष्योनी पासे देवो किंकर-सेवकरूप थाय छे, सर्व सिद्धिओ साथे ज रहे छे, अने संपत्ति-दोलत समीपमां रहे छे ९

व्याघ्र-व्याल-जलानलादिविपदस्तेषां व्रजन्ति क्षयं,
कल्याणानि समुल्लसन्ति विबुधाः सान्निध्यमध्यासते।
कीर्तिः स्फूर्तिमियर्त्ति यात्युपचयं धर्मः प्रणश्यत्यघं,
स्वर्निर्वाणसुखानि संनिदधते ये शीलमाबिभ्रते ॥ १० ॥

सिन्दुर प्र०, श्लो० ३८

जेओ शीलने धारण करे छे तेमनी व्याघ्र, सर्प, जळ अने अग्नि विगेरे संबंधी आपत्तिओ-पीडाओ नाश पामे छे, कल्याणो उल्लास पामे छे-प्राप्त थाय छे, देवताओ सांनिध्य-सहाय करे छे, कीर्ति विस्तारने पामे छे, धर्म वृद्धि पामे छे, पाप नाश पामे छे, तथा स्वर्ग अने मोक्षना सुखो समीपे रहे छे १०

वह्निस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत्क्षणात्,
मेरुः स्वल्पशिलायते मृगपतिः सद्यः कुरङ्गायते।
व्यालो माल्यगुणायते विषरसः पीयूषवर्षायते,
यस्याङ्गेऽखिललोकवल्लभतरं शीलं समुन्मीलति ॥११॥

(भर्तृहरि) नीति श०, श्लो० ७८

सर्व लोकने अत्यंत प्रिय एवुं शील जे मनुष्यना शरीरमां उल्लास पामे छे-रहेलुं छे, ते मनुष्यने तत्काळ अग्नि जळ समान थाय छे, समुद्र नीक समान थाय छे, मेरु पर्वत नाना

પથ્થર જેવો થાય છે, સિંહ તત્કાળ મૃગ સમાન થાય છે, સર્પ પુષ્પની માળા સમાન થાય છે, અને વિષનો રસ અમૃતની વૃષ્ટિ સમાન થાય છે ૧૧

શીલભ્રષ્ટનુ જીવન વ્યર્થ છે–

वर प्रवेशो ज्वलित हुताशन,
न चापि भग्न चिरसञ्चितव्रतम् ।
वर हि मृत्यु' सुविशुद्धचेतसो,
न चापि शीलस्खलितस्य जीवितम् ॥ १२ ॥

सूत्रकृताङ्ग, पत्र ६३ *
उत्तरा० (कमलसयमी टीका) पत्र ६३ *

બળતા અગ્નિમા પ્રવેશ કરવો સારો છે પરતુ ચિરકાળથી–લાગા સમયથી એકઠુ કરેલુ (પાળેલુ) વ્રત ભાગવુ સારૂ નથી વિશુદ્ધ ચિત્તવાળાનુ મરણ સારૂ છે પરતુ શીલ રહિત મનુષ્યનુ જીવતર સારૂ નથી ૧૨

वर भृङ्गोत्सङ्गाद्गुरुशिखरिणः क्वापि निपसे,
पतितस्याय कायः कठिनदृषदन्ते विगलितः ।
वर न्यस्तो हस्तः फणिपतिमुखे तीक्ष्णदशने,
वर वह्नौ पातस्तदपि न कृतः शीलविलयः ॥ १३ ॥

(भर्तृहरि) नीतिश०, श्लो० ७७

ઉંચા પર્વતના શિખર ઉપરથી કોઈપણ વિષમ સ્થાનને વિષે આ શરીર પડીને કઠણ પથ્થરને પ્રાતે ગળી પડે–ટુકડે ટુકડા થઈ જાય તે સારૂ છે, તીક્ષ્ણ દાઢવાળા સર્પના મુખમા

હાથ નાખવા સારો છે, તથા બળતા અગ્નિમા પડવુ સારૂ
પરતુ શીલનુ ખડન કરવુ તે સારૂ નથી ૧૩

દુઃશીલતાને ધિક્કાર—

या चिन्तयामि सतत मयि सा विरक्ता,
साऽप्यन्यमिच्छति जन स जनोऽन्यसक्तः ।
अस्मत्कृते च परितुष्यति काचिदन्या,
धिक् ता च त च मदन च इमा च मा च ॥ १४ ॥

(भर्तृहरि) नीतिश०, श्लो० २

હુ નિરતર જે પ્રિયાનુ ચિતવન કરૂ છુ, તે પ્રિયા મારા ઉપર રાગ રહિત છે-મારાથી વિરક્ત છે, અને તે મારી પ્રિયા હોવા છતા પણ અન્ય (અશ્વપાળ) પુરૂષને ઇચ્છે છે તે અન્ય પુરૂષ અન્ય સ્ત્રી (ગણિકા) ને વિષે આસક્ત છે, તે અન્ય સ્ત્રી (ગણિકા) અમારે માટે-અમારા સયોગને માટે સતોષ પામે છે (અથવા परितुष्यति એટલે પરિતાપ પામે છે), તેથી તે પ્રિયાને, તે અન્ય પુરૂષને, કામદેવને, આ ગણિકાને અને મને પણ ધિક્કાર છે (આ પ્રમાણે ભર્તૃહરિ પોતાની પ્રિયાને અન્યમા આસક્ત થયેલી જાણીને કહે છે) ૧૪

દુઃશીલતાના દોષો—

व्रतानामपि शेषाणा, चतुर्थव्रतभङ्गके ।
लीलया भेदतामाहुस्तस्माद्दुःशीलता त्यजेत् ॥१५॥

उपदेशप्रा०, भा० १, (प्र स) पृ १८७

ચોથા વ્રતનો બ્રહ્મચર્યવ્રતનો ભંગ થવાથી બાકીના સર્વ વ્રતોનો લીલાવડે જ ભંગ થાય છે એમ (પૂર્વાચાર્યોએ) કહ્યુ છે તેથી કુશીળપણાનો ત્યાગ કરવો ૧૫.

दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चकः,
चारित्रस्य जलाञ्जलिर्गुणगणारामस्य दावानलः ।
सङ्केतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः
शीलं येन निजं विलुप्तमखिलं त्रैलोक्यचिन्तामणिः॥१६॥

सिन्दूर प्रक०, श्लो ३७

જેણે ત્રણ લોકમા ચિંતામણિ રત્ન સમાન પોતાનુ સમગ્ર શીલ લોપ્યુ છે, તેણે જગતમા પોતાની અકીર્તિનો-અપયશનો પડહ વગડાવ્યો છે, પોતાના ગોત્રમા મેશનો-કાજળનો કુચડો દીધો છે, ચારિત્રને જલાંજલિ દીધી છે, ગુણના સમૂહરૂપ ઉદ્યાનમા દાવાનળ આપ્યો છે, સમગ્ર આપદાઓને આવવાનો સંકેત આપ્યો છે, અને મોક્ષનગરના દ્વારમા દૃઢ ભોગળ દીધુ છે ૧૬

अब्रह्मचर्य—मैथुन (१३)

મૈથુન સેવનમાં હિંસા—

योनियन्त्रसमुत्पन्ना, सुसूक्ष्मा जन्तुराशयः ।
पीड्यमाना विपद्यन्ते, यत्र तन्मैथुन त्यजेत् ॥ १ ॥
योगशास्त्र, द्वि० प्र०, श्लोक ७९

જે મૈથુન કરતાં સ્ત્રીની યેનિરૂપી યંત્રમાં ઉત્પન્ન થયેલા અતિ સૂક્ષ્મ (ઝીણા) જંતુના સમહો પીડા પામીને (પીલાઇને) મરણ પામે છે, તે મૈથુન ત્યાગ કરવા યોગ્ય છે ૧

દીક્ષા પછી મૈથુન સેવનનો દોષ—

यस्तु प्रव्रजितो भूत्वा, पुन सेवेत मैथुनम् ।
षष्टिर्वर्षसहस्राणि, विष्टाया जायते कृमि ॥ २ ॥
वायुपुराण, अ० ३६, श्लो० ७७
शातातपस्मृति, अ० १९

જે મનુષ્ય પ્રવ્રજ્યા-દીક્ષા લીધા પછી ફરીને મૈથુન સેવે છે, તે સાઠ હજાર વર્ષ સુધી વિષ્ટાને વિષે કૃમિપણે ઉત્પન્ન થાય છે ૨

અબ્રહ્મ-મૈથુનના દોષો—

रम्यमापातमात्रे यत्, परिणामेऽतिदारुणम् ।
किंपाकफलसकाशं, तत् क सेवेत मैथुनम् ? ॥ ३ ॥
त्रि० श० पु० च० पर्व १, स० ३, श्लो० ७७

જે મૈથુન આરભમા રમણીય લાગે છે અને પરિણામે કિંપાકના ફળની જેમ અત્યત ભયકર થાય છે, તેવા મૈથુનને કોણ સેવે ? કોઇ પણ ડાહ્યો માણસ સેવે નહિ કિંપાકના ફળ ખાતી વખતે સારા લાગે છે અને પરિણામે મૃત્યુ પમાડે છે ૩

कम्पः स्वेदः श्रमो मूर्छा, भ्रमिर्ग्लानिर्बलक्षय. ।
राजयक्ष्मादिरोगाश्च, भवेयुर्मैथुनोत्थिताः ॥ ४ ॥

त्रि० श० पु० च०, पर्व १, स० ३, श्लो० ७८.

મૈથુન સેવવાથી (સેવનારને) શરીરે કપારો, પરસેવો, શ્રમ (થાક), મૂર્છા, ભ્રમ, ગ્લાનિ, બળનો ક્ષય અને રાજ્યક્ષ્મા (ક્ષય) વિગેરે રોગો ઉત્પન્ન થાય છે તેથી તેનો ત્યાગ કરવો યોગ્ય છે ૪

वाक्य–मन्त्र–रसादीना, सिद्धिः कीर्त्त्यादयो गुणाः ।
नश्यन्ति तत्क्षणादेव, अब्रह्मसेवनान्नृणाम् ॥ ५ ॥

અબ્રહ્મ (મૈથુન) સેવવાથી મનુષ્યોને પ્રથમ પ્રાપ્ત થયેલી વચનની, મત્રની અને સુવર્ણાદિક રસ વિગેરેની સિદ્ધિ તથા કીર્તિ વિગેરે ગુણો તત્કાળ નાશ પામે છે ૫

यास्तामिस्रान्धतामिस्रा–रौरवाद्यास्तु यातनाः ।
भुङ्क्ते नरो वा नारी वा, मिथः सङ्गेन निर्मिताः ॥ ६ ॥

પુરૂષ હો કે સ્ત્રી હો તે, પરસ્પરના સગથી-મૈથુન સેવનથી નીપજાવેલી જે તામિસ્ર, અધતામિસ્ર અને રૌરવ વિગેરે નરકોની યાતના (પીડાઓ) છે, તે સર્વ પીડાઓને ભોગવે છે ૬

काम–विषय (१४)

કામ–વિષય મેવન નિષેધ—

प्रथमतरमथेद् चिन्तनीय तदासीद्,
बहुजनदयितेन प्रेम कृत्वा जनेन ।
हृतहृदय ! निराश ! क्लीब ! मतप्यसे किं ?,
न हि जड ! गततोये सेतुबन्धा क्रियन्ते ॥ १ ॥

आचा० सूत्र वृ०, पत्र १३६ *

જેનુ હૃદય હરણુ કરાયુ છે અને જેની આશા નાશ પામી છે, એવા જડ અને નપુંસક હે ચિત્ત ! તારે આ પ્રથમથી જ વિચારવાનુ હતુ ઘણી સ્ત્રિઓને પ્રિય એવા પુરૂષની સાથે અથવા ઘણા પુરૂષોને પ્રિય એવી સ્ત્રીની સાથે પ્રેમ કરીને હવે શા માટે તુ દુ:ખ પામે છે ? કેમકે પાણી ગયા પછી પાળ બાધવામા આવતી નથી, કદાચ આવે તો તે નકામી છે તેમ તારે પણ પ્રેમ બાધ્યા પહેલાજ વિચાર કરવાની જરૂર હતી (નપુસક હોય તે સ્ત્રી અથવા પુરૂષની સાથે પ્રેમ જોડે તો પણ તેની ઇચ્છા પૂર્ણ થતી નથી, તેમ મન નપુસક છે, માટે મનને સ્ત્રી અથવા પુરૂષની સાથેના પ્રેમમા જોડવુ સર્વથા નકામુ જ છે) ૧

आपातरम्ये परिणामदु खे,
सुखे कथ वैषयिके रतोऽसि ।

जडोऽपि कार्यं रचयन् हितार्थी,
करोती विद्वन्! यदुदर्कतर्कम् ॥ २ ॥

अध्यात्म कल्पद्रुम, षष्ठोऽधिकार, श्लो० २

"ભોગવતી વખતે માત્ર સુદર લાગતા પણ પરિણામે દુખ દેનારા વિષય સુખમા તુ કેમ આશક્ત થયો છે? હે નિપુણ! પોતાનુ હિત ઇચ્છનાર મૂર્ખ પ્રાકૃત માણસ પણ કાર્યના પરિણામનો તો વિચાર કરે છે જ, તેમ તારે પણ ભોગ ભોગવતા પહેલા તેનાથી થવાના અનિષ્ટ પરિણામોનો વિચાર કરવાની જરૂર છે ૨

तस्मात् कामः सदा हेयो, मोक्षसौख्य जिघृक्षुभि' ।
ससार च परित्यक्तु, वाञ्छद्भिर्यतिसत्तमैः ॥ ३ ॥

तत्त्वामृत, श्लो० १०९

તેથી કરીને મોક્ષના સુખને ગ્રહણ કરવા ઇચ્છનાર તથા સસારનો ત્યાગ કરવાને ઇચ્છનાર ઉત્તમ યતિઓએ-મુનિઓએ સર્વદા કામનો ત્યાગ કરવો યોગ્ય છે ૩

यदि भवति समुद्रः सिन्धुतोयेन तृप्तो,
यदि कथमपि वह्निः काष्ठसघाततश्च ।
अयमपि विषयेषु प्राणिवर्गस्तदा स्या-
दिति मनसि विदन्तो मा व्यधुस्तेषु यत्नम् ॥ ४॥

(अमितगति) सुभाषितरत्नसदोह, श्लोक ५

જો સમુદ્ર નદીઓના પાણીથી તૃપ્ત થતો હોય, અને જો

કોઇ પણ પ્રકારે અગ્નિ કાષ્ઠના સમૂહથી તૃપ્ત થતો હોય, તો આ પ્રાણીવર્ગ પણ વિષયોને ભોગવવાથી તૃપ્ત થાય આ પ્રમાણે મનમા જાણનારા પંડિતો તે વિષયોમા યત્ન કરતા નથી-વિષય સેવા કરવાની ઇચ્છા કરતા નથી ૪

यदिह भवति सौख्य वीतकामस्पृहाणा,
न तदमरविभूना नापि चक्रेश्वराणाम् ।
इति मनसि नितान्त प्रीतिमाधाय धर्मं,
भजत जहित चेतान्कामशत्रून्दुरन्तान् ॥ ५ ॥
(अमितगति) सुभा० रत्नस०, श्लो० १०

આ જગતમા કામ-ભોગની ઇચ્છાનો ત્યાગ કરનારા પુરુષોને જે સુખ છે, તે સુખ દેવેન્દ્રોને નથી તેમ જ ચક્રવર્તિઓને પણ નથી આ પ્રમાણે જાણી મનમા અત્યત પ્રીતિને ધારણ કરી માત્ર એક ધર્મને જ સેવો, અને અતે-પરિણામે દુ ખ દેનારા કામ-ભોગરૂપી શત્રુઓનો ત્યાગ કરો ૫

अजानन्माहात्म्य पततु शलभस्तीव्रदहने,
स मीनोऽप्यज्ञानाद्बडिशयुतमश्नातु पिशितम् ।
विजानन्तोऽप्येते वयमिह विपज्जालजटिला-
न्मुञ्चाम कामानहह ! गहनो मोहमहिमा ॥ ६ ॥
(भर्तृहरि) वैराग्यशतक, श्लोक १८

અગ્નિના મહાત્મ્ય (સામર્થ્ય) ને નહિ જાણનાર પતગીયો ભલે ઉગ્ર-દેદીપ્યમાન અગ્નિમા પડી-પડીને મરણ પામે, તથા તે મત્સ્ય પણ અજ્ઞાનને લીધે ભલે બડિશ (લોઢાના કાંટા) સહિત માસને ખાય ખાઈને મરે પરતુ અમે તો જાણકાર છતા પણ વિપત્તિ-પીડાના સમૂહે કરીને વ્યાપ્ત એવા વિષયોને

મૂકતા નથી અહો! મોહનો મહિમા ગહન છે-મોહને જ્ઞાની કે અજ્ઞાની કોઇ પણ છોડી શકતુ નથી ૬

સ્ત્રીસેવા ત્યાગ ભાવના—

काऽत्र श्रीः श्रोणिबिम्बे स्तनदुदरपुरे चाऽस्ति सद्वारनाच्ये ?,
लक्ष्मीः का कामिनीना कुचकलशयुगे मासपिण्डस्वरूपे ?।
का कान्तिर्नेत्रयुग्मे जलकलुषजुषि श्लेष्म-रक्तादिपूर्णे ?,
का शोभा नक्रगर्ते निगदत यदहो! मोहिनस्ताः स्तुवन्ति ॥७॥

सुभाषित रत्न सन्दोह, श्लो० ११०

સ્ત્રિઓના ઝરતા ઉદરવડે પૂર્ણ અને છિદ્રરૂપ દ્વારવડે નિંદ્ય એવા નિતંબને વિષે શી શોભા છે? માસના પિંડરૂપ સ્તનયુગલને વિષે કઇ શોભા છે? જળ-આસુથી મલિનતાને પામેલા નેત્ર યુગલને વિષે શી કાંતિ છે? અને શ્લેષ્મ તથા રક્ત-રૂધિર વિગેરેથી ભરેલા મુખરૂપી ખાડાને વિષે કઇ શોભા છે? તે તમે કહો (કાંઇપણ શોભા નથી), છતા મોહી-કામી જનો સ્ત્રિઓની પ્રશંસા કરે છે તે આશ્ચર્ય છે ૭

शश्वन्माया करोति स्थिरयति न मनो मन्यते नोपकार,
या वाक्य त्वत्यमत्य मलिनयति कुल कीर्तिवल्लीं लुनाति ।
सर्वारम्भैकहेतुनिरतिसुखरतिर्ध्वमिनी निन्दनीया,
ता धर्मारामभक्तीं भजति न मनुजो मानिनी मान्यबुद्धिः ॥८॥

જે સ્ત્રી નિરંતર માયા-કપટને કરે છે, મનને સ્થિર રાખતી નથી-ચપલતા વાળી છે, કરેલા ઉપકારને માનતી નથી., અસત્ય

વચન બોલે છે, કુળને મલિન કરે છે, કીર્તિરૂપી લતાનો નાશ કરે છે, સર્વ પ્રકારના આરંભનુ કારણ છે, વિરતિના સુખના આનન્દનો નાશ કરનારી છે, અને જે અત્યંત નિંદનીય છે, તેવી ધર્મરૂપી ઉદ્યાન બગીચાને લાગી નાખનારી સ્ત્રીને સારી બુદ્ધિવાળો પુરૂષ સેવતા જ નથી ૮

કામોત્પત્તિમા મન, સ્વભાવ વિગેરે પણ કારણો છે—

सिंहो बली द्विरद-शूकरमांसभोजी,
　संवत्सरेण रतिमेति किलैकवारम् ।
पारापतः खरशिलाकणभोजनोऽपि,
　कामी भवत्यनुदिनं वद कोऽत्र हेतुः ? ॥ ९ ॥

उपदेश प्रा०, भा० १, (प्र० म०) पृ० ६९ *

સિંહ મહા બળવાન છે અને તે હાથી તથા શૂકરનુ માંસ ખાય છે, છતા એક વર્ષમા એકજ વાર કામ-ભોગ સેવે છે, અને પારેવુ કઠણ પથ્થરની કાકરીઓ ખાય છે તો પણ તે હમેશા કામી હોય છે-વારવાર મૈથુન સેવે છે તેનુ શુ કારણ ? તે તુ કહે અર્થાત્ ભોજન પર કામનો એકાંત આધાર નથી પણ કામોત્પત્તિમા મન અને સ્વભાવ વિગેરે પણ કારણભૂત જણાય છે માટે મનને બહુ દૃઢ રાખવાની જરૂર છે ૯

કામની પ્રબળતા—

गते प्रेमाबन्धे प्रणयबहुमाने च गलिते,
　निवृत्ते सद्भावे जन इव जने गच्छति पुरः ।

तमुत्प्रेक्ष्योत्प्रेक्ष्य प्रियसखि ! गतास्ताश्च दिवसान्
न जाने को हेतुर्दलति शतधा यन्न हृदयम् ॥ १० ॥

आचा० सूत्र वृ०, पत्र १३६. *

પ્રેમનો અનુભવ જતો રહ્યો, પ્રણય-નમ્રતાનું બહુમાન ગળી ગયું, મનનો સદ્ભાવ નિવૃત્ત થયો અને આવો પુરૂષના જેવો પુરૂષ એટલે ઉત્તમ પુરૂષરૂપ પ્રિયજન (પતિ) આગળ-પરલોકમાં ગયો, તોપણ હે પ્રિય સખી ! તે પ્રિયને વિચારીને તથા તે ગયેલા દિવસોને વિચારીને અર્થાત્ પ્રિયના સંગમમાં અથવા પ્રિયના વિરહમાં ગયેલા દિવસોને વિચારીને જે મારૂં હૃદય ફાટીને ટુકડે ટુકડા થઇ જતું નથી, તેનો શો હેતુ હશે ? તે હું સમજી શકતી નથી ૧૦

कामेन निर्जितो ब्रह्मा, कामेन निर्जितो हरिः ।
कामेन निर्जितः शम्भुः, शक्रः कामेन निर्जितः ॥११॥

आत्मपुराण, अ० ७६, श्लो० ८०

કામદેવે બ્રહ્માને જીત્યા છે, કામદેવે વિષ્ણુને જીત્યા છે, કામદેવે મહાદેવને જીત્યા છે અને કામદેવે ઇંદ્રને જીત્યા છે (માટે આત્મકલ્યાણના અભિલાષિઓએ કામદેવથી ચેતતા રહેવું જરૂરનું છે) ૧૧

विश्वामित्र-पराशरप्रभृतयो ये चा(वाता)म्बु-पत्राशिन-
स्तेऽपि स्त्रीमुखपङ्कजं सुललितं दृष्ट्वैव मोहं गताः ।
आहारं सघृतं पयोदधियुतं ये भुञ्जते मानवा-
स्तेषामिन्द्रियनिग्रहः कथमहो ! दम्भः समालोक्यताम् ।१२।

(भर्तृहरि) शृंगार श०, श्लो० ६५

આ વિષયો ઘણા કાળ સુધી રહીને પણ અવશ્ય જતા રહેવાના જ છે છતા મનુષ્ય પોતે આ વિષયોને તજતો નથી તો બને પ્રકારના વિયોગમા શો તફાવત છે ? તે તફાવત બતાવે છે—જો વિષયો પોતે સ્વતત્રપણાથી જતા રહે છે તો તે મનને અત્યત પરિતાપ દુ ખ ઉપજાવે છે અને જો મનુષ્ય પોતે જ તેનો ત્યાગ કરે તો તે ત્યાગ તેને અનત મોક્ષસુખ આપનાર થાય છે ૧૮

કામ ત્યાગની શ્રેષ્ઠતા—

धन्यास्ते वदनीयास्ते, तैस्त्रैलोक्य पवित्रितम् ।
यैरप भुवनक्लेशी काममल्लो विनिर्जित' ॥ १९ ॥

धर्मबिन्दु टीका, (आ म) पृ० ४६

જેઓએ જગતને ક્લેશ પમાડનારા કામરૂપી મલ્લને જીત્યો છે, તે જ પુરૂષો ધન્ય છે, તે જ વદનાને લાયક છે, અને તેઓએ જ ત્રણે લોકને પવિત્ર કર્યા છે ૧૯

शूरान्महाशूरतमोऽस्ति को वा ?
मनोजबाणैर्व्यथितो न यस्तु ।
प्राज्ञोऽतिधीरश्च समोऽस्ति को वा ?
प्राप्तो न मेद ललनाकटाक्षै ॥ २० ॥

(शकराचार्यकृत) प्रश्नोत्तरमाला

આ જગતમા શૂરથી પણ અત્યત મહા શૂર કોણ છે ? ઉત્તર—જે કામદેવના બાણથી વ્યથા પામ્યો ન હોય તે બુદ્ધિ

માન, અત્યંત ધીર અને સમતાવાળો કોણ છે? ઉત્તર-જે સ્ત્રીઓના કટાક્ષોવડે ભેદાયો ન હોય તે ૨૦

કામ-જયે વિરલ મનુષ્યો—

मत्तेभकुम्भदलने भुवि सन्ति शूराः,
केचित्प्रचण्डमृगराजवधेऽपि दक्षाः ।
किंतु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य,
कन्दर्पदर्पदलने विरला मनुष्याः ॥ २१ ॥

(भर्तृहरि कृत) शृंगार श०, श्लो० ७३

પૃથ્વી ઉપર મદોન્મત્ત હાથીઓના કુંભસ્થળને દળી નાખવામા સમર્થ ઘણા શૂરવીરો છે, અને પ્રચંડ સિંહનો વધ કરવામા પણ કેટલાક ડાહ્યા (વીર) પુરૂષો છે, પરંતુ તે સર્વ બળવાનોની પાસે હુ આગ્રહથી કહુ છુ કે કામદેવનો ગર્વ દળી નાખવામા શૂરવીરો તો વિરલા પુરૂષોજ છે-ઘણા થોડાજ છે ૨૧

કામીના જીવનને ધિક્કાર—

योगे पीनपयोधराश्रिततनोर्विच्छेदतो बिभ्यता,
मानस्यावसरे चटूक्तिनिपुणं दीनं मुखं बिभ्रताम् ।
विश्लेषस्मरवह्निनाऽनुसमयं दन्दह्यमानात्मना,
भ्रातः सर्वदशासु दुःखगहनं धिक्कामिनां जीवितम् ॥२२॥

(पद्मानन्दकृत) वैराग्य शतक, श्लो० ११

હે ભાઈ ! જેઓ પુષ્ટ સ્તનવડે વ્યાપ્ત શરીરવાળી સ્ત્રીના સંયોગમા વિચ્છેદ-વિયોગ થવાની સંભાવનાથી ભય પામે છે. સ્ત્રી

જ્યારે માનમા આવે છે-ગ્રીમાય છે, તે વખતે જેઓ પ્રશામતન વચનવડે વ્યાપ્ત એવા દીન મુખને ધારણ કરે છે, તથા વિયોગમ કામરૂપી અગ્નિવડે જેમનો આત્મા નિરતર બળ્યા કરે છે, તેવ કામીજનોના જીવિતને ધિક્કાર છે કેમકે તેમનુ જીવિત સર્વ દશામા દુ ખથી વ્યાપ્ત જ છે २२

કામાન્ધ મનુષ્યો—

दृश्य वस्तु पर न पश्यति जगत्यन्ध. पुरोऽवस्थित,
रागान्धस्तु यदस्ति तत्परिहरन् यन्नास्ति तत्पश्यति।
कुन्देन्दीवरपूर्णचन्द्रकलशश्रीमल्लतापल्लवा
नारोप्याशुचिराशिषु प्रियतमागात्रेषु यन्मोदते ॥२३॥

आचाराङ्ग सू० टी (आ म) पृ ५०

આ જગતમા જે અધ પુરૂષ છે તે પોતાની પાસે રહેલ અત્યત જોઈ શકાય તેવી વસ્તુને પણ જોઈ શકતો નથી પર જે પુરૂષ રાગથી અધ થયેલો છે, તે તો જે વસ્તુ વિદ્યમા છે તેનો ત્યાગ કરી જે વસ્તુ નથી તેને જુએ છે કેમકે રાગાધ પુરૂષ અપવિત્ર-અશુચિના સમૂહરૂપ સ્ત્રીના અવયવો વિષે કુદપુષ્પ, પૂર્ણ ચદ્ર, કળશ-કુભ અને શ્રીમાન-શોભાવાળ લતાના પલ્લવો-નવાકુરોનો આરોપ કરીને આનદ પામે છે २

दिवा पश्यति नो घूक , काको नक्त न पश्यति ।
अपूर्व कोऽपि कामान्धो, दिवानक्त न पश्यति ॥२४॥

उपदेशमाला भाषान्तर, (प्र० स०) पृ ६३

ઘુડપક્ષી ફક્ત દિવસેજ જોઈ શકતો નથી, અને કાગ

રાત્રે જોઈ શકતો નથી, પરંતુ કામાંધ પુરુષ તો કોઇ અપૂર્વ-નવીન અંધ છે કે જે દિવસે અને રાત્રે પણ જોઇ શકતો નથી-કામની અંદર આસક્ત થયેલો હોવાથી રાત્રે અને દિવસે પણ જોઇ શકતો નથી ૨૪

मातर स्वसुता जामि, रागान्धो नैव पश्यति ।
पशुवद्रमते तत्र, रामाऽपि स्वसुतादिषु ॥ २५ ॥

उपदेश प्रा०, स्तम्भ ७, व्याख्यान ९५

વિષયના રાગથી અંધ થયેલો પુરુષ પોતાની માતાને, પુત્રીને કે બહેનને જોતો નથી, અને તેમની સાથે પશુની જેમ ક્રીડા કરે છે તે જ પ્રમાણે રાગાંધ થયેલી સ્ત્રી પણ પોતાના પુત્રાદિકની સાથે રમે છે ૨૫

कामी त्यजति सद्वृत्त, गुरोर्वाणीं ह्रिय तथा ।
गुणाना समुदाय च, चेत.स्वास्थ्य तथैव च ॥ २६ ॥

तत्त्वामृत, श्लो० १०८

કામી પુરુષ સદાચાર, ગુરુનો ઉપદેશ, લજ્જા, ગુણોનો સમૂહ અને ચિત્તની સ્વસ્થતા એ સર્વનો ત્યાગ કરે છે ૨૬

मध्ये स्वा कृशता कुरङ्गकदृशो भ्रूनेत्रयोर्वक्रता,
कौटिल्य चिकुरेषु रागमधरे मान्द्य गतिप्रक्रमे ।
काठिन्यं कुचमण्डले तरलतामक्ष्णोर्निरीक्ष्य स्फुटं,
वैराग्य न भजन्ति मन्दमतय कामातुरा ही नराः ॥२७॥

(पद्मानन्दकृत) वैराग्यशतक, श्लो० १०

મૃગના જેવા લોચનવાળી સ્ત્રીના ઉદરનુ કૃશપણુ, ભ્રકુટિ અને નેત્રની વક્રતા, કેશનુ કુટિલપણુ, ઓષ્ઠમા રાગ (રજ) મલિનપણુ, ગતિમા મદપણુ, કુચને વિષે કઠિનપણુ અને નેત્રને વિષે ચપળતા, આ સર્વ દોષો સ્ત્રીમા રહેલા છે, તે સ્ફુટ રીતે જોતા છતા પણ મદ બુદ્ધિવાળા કામી પુરૂષો વૈરાગ્યને પામતા નથી, એ ખેદની વાત છે ૨૭

पाण्डुत्व गमितान्कचान्प्रतिहता तारुण्यपुण्यश्रिय,
चक्षु क्षीणबल कृत श्रवणयोर्बाधिर्यमुत्पादितम् ।
स्थानभ्रशमवापिताश्च जरया दन्तास्थिमासत्वच',
पश्यन्तोऽपि जडा हहा हृदि मदा ध्यायन्ति ता प्रेयसीम् ।२८।

(पद्मानन्दकृत) वैराग्य शतक, श्लो० १३

વૃદ્ધાવસ્થાએ મસ્તકના કેશ ધોળા કર્યા યુવાવસ્થાની પવિત્ર સુદર લક્ષ્મી-શોભા હણી નાખી, નેત્રનુ બળ ક્ષીણ કર્યુ, કાનમા બહેરાપણુ ઉત્પન્ન કર્યુ, તથા દાત, અસ્થિ, હાડકા માસ અને ત્વચા-ચામડીને સ્થાનથી ભ્રષ્ટ કર્યા, આ સર્વને જોતા છતા પણ જડ પુરૂષો સર્વદા હૃદયમા તે પ્રિયાનુ જ ધ્યાન કરે છે, તે ખેદની વાત છે ૨૮

अन्यायार्जितवित्तवत्कचिदपि भ्रष्ट समस्तं रदै-
स्तापाक्रान्ततमालपत्रवदभूदङ्ग वलीभङ्गुरम् ।
केशेषु क्षणचन्द्रवद्धवलिमा व्यक्त श्रितो यद्यपि
स्वैर धावति मे तथापि हृदय भोगेषु मुग्ध हहा ! ॥ २९ ॥

(पद्मानन्दकृत) वैराग्यशतम्, श्लो० १८

અન્યાયથી ઉપાર્જન કરેલ ધન જેમ ધર્મમા રહેતુ નથી, તેમ વૃદ્ધાવસ્થામા મારા સર્વ દાતો પડી ગયા છે, તાપથી ગ્લાનિ પામેલા સુકાઇ-ગયેલા તમાલના પાદડાની જેમ મારૂ શરીર વળીયાવાળુ થઇ ગયુ છે, અને શુક્લપક્ષના ચદ્રની જેમ મારા કેશને વિષે સ્પષ્ટ રીતે શ્વેતતા આવી ગઇ છે, તો પણ ખેદની વાત છે કે મારૂ મુગ્ધ-અજ્ઞાની હૃદય કામભોગને વિષે ઇચ્છા પ્રમાણે દોડ્યા કરે છે ૨૯

लोकार्चितोऽपि कुलजोऽपि बहुश्रुतोऽपि,
धर्मस्थितोऽपि विरतोऽपि शमान्वितोऽपि ।
अक्षार्थपन्नगविषाकुलितो मनुष्य-
स्तन्नास्ति कर्म कुरुते न यदत्र निन्द्यम् ॥ ३० ॥

(अमितगति) सुभाषितरत्नस०, श्लो० १००

ઇદ્રિયોના વિષયરૂપી સર્પના વિષવા વ્યાકુલ થયેલો મનુષ્ય જો કે પોતે લોકમા પૂજિત હોય, ઉંચા કુળમા જન્મ્યો હોય, પડિત-વિદ્વાન્ હોય, ધર્મમા રહેલો (ધર્મિષ્ઠ) હોય, વિરતિ વાળો (વ્રતધારી) હોય અથવા શમતાયુક્ત હોય, તોપણ તે મનુષ્ય આ જગતમા એવુ કોઇ નિંદ્ય કાર્ય નથી કે જે કાર્ય તે નથી કરતો અર્થાત્ તે સર્વ નિદ્ય કાર્ય કરે છે ૩૦

लोकार्चितं गुरुजनं पितरं सवित्रीं,
बन्धुं सनाभिमबलां सुहृदं स्वसारम् ।
भृत्यं प्रभुं तनयमन्यजनं च मर्त्यो,
नो मन्यते विषयवैरिवशः कदाचित् ॥ ३१ ॥

(अमितगति) सुभाषितरत्नस०, श्लो० १०

विषयरूपी शत्रुने वश थयेलो मनुष्य कदापि, लोकोमां पूज्य गणाता गुरुजनने, पिताने, माताने, बंधुने, पितराईने, स्त्रीने, मित्रने, बहेनने, आर्यने, शेठने (स्वामीने), पुत्रने, तथा बीजा कोई पण माणसने मानता नथी—गणकारतो नथी अर्थात् कोइनी शर्म के भय वगेरेनी दरकार राखतो नथी ३१

नय येभ्यो जाता मृतिमुपगतास्तेऽत्र सकला ,
मम ये सवृद्धा ननु निरलता तेऽपि गमिताः ।
इदानीमस्माकं मरणपरिपाटीक्रमकृतां,
न पश्यन्तोऽप्यत्र विषयविरतिं यान्ति कृपणा. ॥३२॥

(अमितगति) सुभाषितरत्नस०, श्लो० ३३७

अमे जेनाथी उत्पन्न थया हता, ते सर्व मृत्युने पामी गया छे, जेओनी साथे अमे वृद्धि पाम्या छीए, तेओ पण निरलताने (ओछापणाने) पाम्या छे—ओछा थइ गया छे, अर्थात् केटलाक मरी गया अने केटलाक परदेश गया, अने हमणा तो अमे मरणनी परिपाटीने अनुक्रमे प्राप्त थया छीए आ सर्व अमारी अवस्थाने जोता छता पण विषयमां आसक्त थयेला बापडा मनुष्यो विषयथी निवृत्त थता नथी ३२

दुरन्तविषयास्वादपराधीनमना जनः ।
अन्धोऽन्धुमिव पादाग्रस्थितं मृत्युं न पश्यति ॥३३॥

जेनो परिणाम अत्यंत खराब छे एवा विषयना आस्वादथी जेनुं मन पराधीन थयेलुं छे एवो पुरुष जेम अंध माणस पोताना पगनी पासे रहेला कुवाने जोई शकतो नथी

તેમ પોતાના પગની પાસે એટલે નજીકમા જ રહેલા મૃત્યુને જોઈ શકતો નથી ક્ષણવારમા જ મરી જવુ છે માટે વિષયનો ત્યાગ કરી આત્મ સાધન કરવામા પ્રવૃત્તિ કરવી જોઈએ ૩૩

કામ-વિષય સેવનના દોષો—

आपातमात्रमधुरा', परिणामेऽतिदारुणाः ।
शठवाच इवात्यन्त, विषया विश्ववञ्चकाः ॥ ३४ ॥

त्रि० श० पु० चरित्र, पर्व १, स० ३, श्लो० ६०

જેમ શઠ-દુર્જનની વાણી મુખે મીઠી પણ પરિણામે ભયકર હોય છે, તેમ વિષયો આરભમા અત્યત મધુર લાગે છે, પણ પરિણામે તો તે અત્યત ભયકર છે તથા આખા જગતને ઠગનારા છે ૩૪

विषस्य विषयाणा च, पश्यता महदन्तरम् ।
उपभुक्त विष हन्ति, विषया' स्मरणादपि ॥ ३५ ॥

उपदेशप्रा०, स्तम्भ, ७ व्याख्यान ८९ ॐ

જુઓ, વિષ અને વિષયોમા મોટુ અતર છે, કેમકે વિષ તો ખાધુ હોય તોજ હણે છે અને વિષયો તો સભારવા માત્રથી પણ હણે છે ૩૫

सुख विषयसेवायामत्यल्प सर्षपादपि ।
दुःख नाल्पतर क्षौद्रबिन्द्वास्वादकमर्त्यवत् ॥ ३६ ॥

उपदेशप्रा०, स्तम्भ ७, व्याख्यान ९६

મધના બિંદુનો આસ્વાદ કરનાર મનુષ્યની જેમ-મધબિંદુ વાના દૃષ્ટાંતની જેમ વિષયની સેવા કરવામા-વિષયને સેવવામા સર સવથી પણ ઘણું ઓછુ સુખ છે, અને દુ ખ તો ઘણું મોટુ છે ૩૬

मदनाऽस्ति महाव्याधिर्दुश्चिकित्स्य' सदा बुधैः ।
ससारवर्धनोऽत्यर्थं, दु खोत्पादनतत्पर ॥ ३७ ॥

तत्त्वामृत, श्लो० ९४

સસારને અત્યત વધારનારો અને દુ ખ ઉત્પન્ન કરવામા તત્પર એવો મદન-કામદેવ જ મોટો વ્યાધિ છે, તેની ચિકિત્સા પડિતો પણ મુશ્કેલીથી કરી શકે છે ૩૭

यावद्यस्य हि कामाग्निर्हृदये प्रज्वलत्यलम् ।
आश्रयन्ति हि कर्माणि, तावत्तस्य निरन्तरम् ॥ ३८ ॥

तत्त्वामृत, श्लो० ९५

જેના હૃદયમા જ્યા સુધી કામરૂપી અગ્નિ અત્યત પ્રદીપ્ત છે, ત્યા સુધી નિરતર કર્મો તેનો આશ્રય કરે છે-તેને કર્મ બધ થયા કરે છે ૩૮

दोषाणामाकर कामो, गुणानां च विनाशकृत् ।
पापस्य च निजो बन्धुरापदा चैव सङ्गम ॥ ३९ ॥

तत्त्वामृत, श्लो० १०४

કામદેવ સર્વ દોષોની ખાણ છે, સર્વ ગુણોનો વિનાશ કરનાર છે, પાપનો તો સ્વબધુ છે, અને આપત્તિ-પીડાઓને સમાગમ-મિત્રજ છે ૩૯

पिशाचेनेन कामेन, च्छलित सकल जगत् ।
बभ्रमीति परायत्त, भवाब्धौ तन्निरन्तरम् ॥ ४० ॥

तत्त्वामृत, श्लो० १०६.

પિશાચની જેવા કામદેવ વડે આ આખુ જગત છળાયુ છે, તેથી આ જગત પરાધીન થઇને નિરંતર સંસાર સમુદ્રમા વારવાર ભમ્યા કરે છે ૪૦

दहति विषयदोषा ये तु दुःख सुराणा,
कथमितरमनुष्यास्तेषु सौख्य लभन्ते ? ।
मदमलिनकपोल. क्लिश्यते येन हस्ती,
क्रमपतितमृगं स त्यक्ष्यतीभारिरत्र ? ॥४१॥

(अमितगति) सुभाषितरत्नसदोह, श्लो० ४

જે વિષયોરૂપી દોષો દેવોને પણ દુ ખ આપે છે, તે વિષયોમા મનુષ્યો તો કયાથી સુખ પામે ? ન જ પામે જેના ગડસ્થળ મદજળથી મલિન થયા હોય એવા હાથીને પણ જે સિંહ ક્લેશ પમાડે છે, તે સિંહ પોતાના પગમા (ફાળમા) આવેલા મૃગને શી રીતે ત્યાગ કરે ? ન જ કરે ૪૧

ध्यायतो विषयान् पुसः, सङ्गस्तेषूपजायते
सङ्गात् सजायते काम', कामात्क्रोधोऽभिजायते ॥ ४२ ॥
क्रोधाद्भवति समोहः, समोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो, बुद्धिनाशात्प्रणश्यति ॥ ४३ ॥

भगवद्गीता, अ० २, श्लो० ६२-६३

છે (કારણ કે પહેલા કાદવમા પગ બગાડીને પછી) કાદવને ધોવા કરતા, દૂર ઉભા રહીને, કાદવને સ્પર્શ નહિં કરવો એ જ ઉત્તમ છે ૧૦

પરિગ્રહથી નુકસાન —

रक्षार्थं खलु संयमस्य गदिता येऽर्था यतीनां जिनै-
र्वास पुस्तकपात्रकप्रभृतयो धर्मोपकृत्यात्मकाः ।
मूर्छन्मोहवशात्त एव कुधियां संसारपाताय धिग्,
स्वं स्वस्यैव वधाय शस्त्रमधिया यद्दुष्प्रयुक्तं भवेत् ॥११॥

अध्यात्मकल्पद्रुम

સાધુઓના ચારિત્રની રક્ષાને માટે જ જિનેશ્વરોએ ધર્મનો ઉપકાર કરનારા વસ્ત્ર, પુસ્તક અને પાત્ર વગેરે જે પદાર્થો કહેલા છે, તે જ (પદાર્થો વૃદ્ધિ પામતા) મોહના-મૂર્છાના વશથી કુબુદ્ધિવાળા સાધુઓને સંસારમા ભ્રમણ કરાવનારા જ થાય છે, (તેથી તે મોહને) ધિક્કાર છે કેમકે કુબુદ્ધિ પુરૂષોએ વિપરીત વાપરેલુ પોતાનું શસ્ત્ર પોતાના જ વધને માટે થાય છે ११

परिग्रहार्थमारंभमसंतोषाद्वितन्वते ।
संसारवृद्धिस्तेनैव, गृहीत तदिदं व्रतम् ॥ १२ ॥

उपदेशप्रासाद भा० अष्टमस्तंभ व्या० १०९

(પ્રાણી પોતાની) અસંતોષવૃત્તિથી પરિગ્રહ કરવા માટે આરંભ(પાપ)ને આચરે છે (અને) એ(આરંભ)થી

સસારની વૃદ્ધિ થાય છે એટલા માટે આ (પરિગ્રહ પરિણામ) વ્રત લેવુ ! ૧૨

प्रत्यर्थी प्रशमस्य मित्रमधृतेर्मोहस्य विश्रामभूः,
पापाना खनिरापदां पदमसद्ध्यानस्य लीलावनम् ।
व्याक्षेपस्य निधिर्मदस्य सचिव' शोकस्य हेतुः कलेः,
केलीवेश्म परिग्रहः परिहृतेर्योग्यो विविक्तात्मनाम् ॥१३॥

सिन्दूरप्रकरण श्लो० ४३

વિવેકી પુરૂષોએ પરિગ્રહનો ત્યાગ કરવો યોગ્ય છે કેમકે પરિગ્રહ શમતાનો શત્રુ છે, અધૃતિનો મિત્ર છે, મોહને વિશ્રાંતિનુ સ્થાન છે, પાપની ખાણ છે, આપત્તિનુ સ્થાન છે, અશુભ ધ્યાનને ક્રીડા કરવાનુ ઉદ્યાન છે, વ્યાકુળતાનુ નિધાન છે, મદનો મત્રી છે, શોકનો હેતુ છે, અને કલિને-ક્લેશને ક્રીડા કરવાનુ ઘર છે ૧૩

कालुष्य जनयन् जडस्य रचयन् धर्म्मद्रुमोन्मूलन,
क्लिश्यन्नीतिकृपाक्षमाकमलिनीं लोभाम्बुधिं वर्द्धयन् ।
मर्यादातटमुद्रुजन् शुभमनोहमप्रवास दिशन्,
किं न क्लेशकर' परिग्रहनदीपूरः प्रवृद्धि गतः ॥ १४ ॥

सिन्दूरप्रकरण श्लो० ४१.

પરિગ્રહરૂપી નદીનુ પૂર વૃદ્ધિ પામ્યુ હોય તો તે જડ પુરૂષની કલુષતા-મલિનતા ઉત્પન્ન કરે છે, ધર્મરૂપી વૃક્ષોને ઉખેડી નાખે છે, નીતિ, ... ક્ષમારૂપી કમલિનીને ક્લેશ

છે, લોભરૂપી સમુદ્રને વધારે છે, મર્યાદારૂપી કિનારાને ભાગી નાખે છે, શુભ મનરૂપી હંસને પ્રવાસ આપે છે-કાઢી મૂકે છે (ટુંકમાં કહીએ તો) પરિગ્રહ શું શું કલેશને નથી કરતો ? ૧૪

द्वेषस्यायतनं धृतेरपचयः क्षान्तेः प्रतीपो विधि-
व्याक्षेपस्य सुहृन्मदस्य भवनं ध्यानस्य कष्टो रिपुः ।
दुःखस्य प्रभवः सुखस्य निधनं पापस्य वासो निजः,
प्राज्ञस्यापि परिग्रहो ग्रह इव क्लेशाय नाशाय च ॥१५॥

सुत्रकृतागसूत्र (आगमोदय स०) पृ० १३*

ડાહ્યા (સમજુ) માણસને પણ પરિગ્રહ એ ગ્રહની માફક કલેશ અને નાશને માટે થાય છે (કારણ કે એ પરિગ્રહ) દ્વેષના સ્થાન સમાન છે, ધીરજના ક્ષય સમાન છે, ક્ષમાનો વિરોધી છે; વ્યાક્ષેપના મિત્ર સમાન છે, અહંકારના રહેઠાણ સમાન છે, ધ્યાનનો પાકો દુશ્મન છે, દુ:ખનું કારણ છે, સુખનો નાશ કરનાર છે, અને પાપના વાસસ્થાન સમાન છે (અર્થાત્ પરિગ્રહવાળાને આ બધું સહન કરવું પડે છે) ૧૫

परिग्रहं चेद्व्यजहा गृहादेस्तत्किं नु धर्मोपकृतिच्छलात्तम् ।
करोषि शय्योपधिपुस्तकादेर्गरोऽपि नामांतरतोपि हंता ॥ १६ ॥

अध्यात्मकल्पद्रुम त्रयोदशमोऽधिकार, श्लो०, २४

ઘર વિગેરે પરિગ્રહને તે તજી દીધા છે, તો પછી ધર્મના ઉપકરણને બહાને શય્યા, ઉપધિ, પુસ્તક વિગેરેનો પરિગ્રહ શામાટે કરે છે ? ઝેરને નામાંતર કર્યાથી પણ તે મારે છે ૧૬

मूर्च्छाछन्नधिया सर्वं जगदेव परिग्रहः ।
मूर्च्छया रहिताना तु जगदेवापरिग्रह ॥ २३ ॥

ज्ञानसार, परिग्रहाष्टक श्लोक ८

મૂર્છા(પરિગ્રહની ભાવના)થી જેની બુદ્ધિ ઢંકાઈ ગઇ છે તે માણસ માટે આખુ જગત્ પરિગ્રહ રૂપ છે અને જે માણસો મૂર્છા વગરના છે તેમને આખુ જગત્ અપરિગ્રહ રૂપ છે ૨૩

સાચો અપરિગ્રહઃ—

चित्तेऽन्तर्ग्रंथगहने बहिर्निर्ग्रथता वृथा ।
त्यागात् कचुकमात्रस्य भुजगो नहि निर्विषः ॥ २४ ॥

ज्ञानसार, परिग्रहाष्टक श्लोक ४

ચિત્ત જો આતરિક પરિગ્રહમા મગ્ન થયેલુ હોય તો બાહ્ય પરિગ્રહનો ત્યાગ નકામો છે, કારણ કે કાચળી ઉતારી નાખવા માત્રથી સર્પ કાંઈ વિષ રહિત નથી બની જતો (એટલે કે- સાચો અપરિગ્રહ એ આતરિક અપરિગ્રહ જ છે) ૨૪

પરિગ્રહત્યાગનુ ફળઃ—

त्यक्ते परिग्रहे साधो. प्रयाति सकल रजः ।
पालित्यागे क्षणादेव सरसः सलिल यथा ॥ २५ ॥

ज्ञानसार, परिग्रहाष्टक श्लोक ५

જેમ પાળ દૂર થવાની સાથે જ સરોવરનુ પાણી ચાલ્યુ જાય છે તેવી જ રીતે પરિગ્રહનો ત્યાગ કરવાથી સાધુની સમસ્ત (કર્મરૂપી) રજ ચાલી જાય છે (એટલે કે પરિગ્રહ એ કર્મ રજને રોકી રાખવામા પાળ સમાન છે) ૨૫

જેમ (બહુ ભારવી ભરેલુ) મોટુ વહાણ (સમુદ્રમા) ડુબી જાય છે તેમ બહુ પરિગ્રહ(ના ભાર)થી પ્રાણી સંસાર સમુદ્રમા ડુબી જાય છે ૨૦

પરિગ્રહગ્રહની વિલક્ષણતા —

न परावर्तते राशे-र्वक्रता जातु नोज्झति ।
परिग्रहग्रह॰ कोऽप्य, विडम्बितजगत्त्रय॰ ॥ २१ ॥

परि॰ अष्टक॰ श्लो॰ १

જે રાશિથી પાછો ફરતો નથી, વક્રતાને કદાપિ છોડતો નથી, એવો ત્રણ જગતને વિડબના કરનાર પરિગ્રહરૂપી ગ્રહ (ખરેખર !) વિચિત્ર છે ! (મગલ વગેરે ગ્રહો એક રાશિમાથી પાછા ફરી બીજી રાશિમા જાય છે વળી પોતાની વક્રતાનો ત્યાગ કરે છે અને બધા પ્રાણીઓને વિડબના પમાડતા નથી, પણ પરિગ્રહરૂપી ગ્રહ પોતાની ક્રોધાદિ રાશિથી પાછો ફરતો નથી, અનાદિકાળથી પોતાની રાશિમા રહે છે માયા-વક્રતાનો ત્યાગ કરતો નથી અને ત્રણે જગતને વિડબના પમાડી રહ્યો છે માટે બધા ગ્રહોથી આ ગ્રહ વિલક્ષણ છે ૨૧

પરિગ્રહત્યાગ—અપરિગ્રહનુ સ્વરૂપ.—

सर्वभावेषु मूर्छायास्त्याग स्यादपरिग्रह॰ ।
यदसत्स्वपि जायेत मूर्छया चित्तविप्लवः ॥ २२ ॥

त्रिषष्टि॰ पर्व १, सर्ग ३, श्लोक ६२६

સર્વ પદાર્થોને વિષે મૂર્છાનો (મમત્વનો—મારાપણાનો) ત્યાગ કરવો તે જ અપરિગ્રહ છે, કારણ કે અછતા પદાર્થોને વિષે પણ જો મૂર્છા હોય તો તેથી ચિત્ત વ્યાકુળ થાય છે ૨૨

दिशापरिमाण (१६)

દિશાપરિમાણવ્રતનુ સ્વરૂપ —

दशस्वपि कृता दिक्षु, यत्र सीमा न लङ्घ्यते ।
स्यात दिग्विरतिरिति, प्रथम तद् गुणव्रतम् ॥ १ ॥

योगशास्त्र तृ० प्र०, श्लो० १

જે વ્રતમા દશે દિશાઓમા જવા-આવવાના કરેલા નિયમની મર્યાદા ઉલ્લઘન ન કરાય, તે દિગવિરતિ નામનુ પહેલુ ગુણવ્રત કહેલુ છે ૧

दशदिग्गमने यत्र मर्यादा कापि तन्यते ।
दिग्विरत्याख्यया स्यात तद्गुणव्रतमादिमम् ॥ २ ॥

उपदेशप्रासाद भा० अष्टमस्तम्भ व्या० ११०

દશે દિશામા જવા (આવવા)ની જેમા કઈપણ મર્યાદા કરવામા આવે છે, તેને દિગ્વિરતિ નામનુ પ્રથમ ગુણવ્રત કહે છે ૨

દિશાપરિમાણનુ ફળ:—

जगदाक्रममाणस्य, प्रसरल्लोभवारिधेः ।
स्खलन विदधे तेन, येन दिग्विरतिः कृता ॥ ३ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ३

जह जह अप्पो लोहो जह जह अप्पो परिग्गहारंभो ।
तह तह सुह पवड्ढइ धम्मस्स य होइ संसिद्धि ॥ २६ ॥

उपदेशप्रासाद भा० अष्टमस्तंभ व्या० १०७

જેમ જેમ લોભ ઓછો થાય (અને) જેમ જેમ પરિગ્રહ અને આ ભ ઓછો થતો જાય તેમ તેમ સુખ વધતુ જાય છે અને ધર્મની સિદ્ધિ થાય છે ૨૬

त्यक्तपुत्रकलत्रस्य मूर्च्छामुक्तस्य योगिनः ।
चिन्मात्रप्रतिबद्धस्य का पुद्गलनियन्त्रणा ॥ २७ ॥

ज्ञानसार, परिग्रहाष्टक श्लोक ६

(જે) યોગી પુરૂષે, પોતાના પુત્ર સ્ત્રી (આદિ)નો ત્યાગ કર્યો છે, જે મૂર્છા (પરિગ્રહની ભાવના)થી મુક્ત છે અને જે જ્ઞાનમાત્રમા જોડાયેલો છે તેને પુદ્ગલો શુ બધન કરી શકે? ૨૭

यस्त्यक्त्वा तृणवद् बाह्यमांतरं च परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं पर्युपास्ते जगत्त्रयी ॥ २८ ॥

ज्ञानसार, परिग्रहाष्टक श्लोक ३

જે માણસ બાહ્ય અને આભ્યતર પરિગ્રહનો તરણાની માફક ત્યાગ કરીને (જગતના પદાર્થો પ્રતિ) ઉદાસીનતાને ધારણ કરે છે તે માણસના ચરણકમળની ત્રણ જગત્ સેવા કરે છે ૨૮

भोगापभोग (१७)

भोगोपभोगव्रतनु स्वरूपः—

भोगोपभोगयोः सरया शक्त्या यत्र विधीयते ।
भोगोपभोगमान तद् द्वैतीयिक गुणव्रतम् ॥ १ ॥

योग शा० पृ० १५७ श्लो० ४ प्र० म०

जे व्रतने विषे, पोतानी शक्ति प्रमाणे, भोग तथा उपभोग(ना पदार्थो)नी सख्या करवामा आवे छे ते, भोगो-पभोगना परिमाण रूप, बीजु गुणव्रत कहेवाय छे १

भोग तथा उपभोगनी व्याख्याः—

सकृदेव भुज्यते यः, स भोगोऽन्नस्रगादिकः ।
पुनः पुनः पुनर्भोग्य उपभोगोऽङ्गनादिक' ॥ २ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ५

जे एक ज वार भोगववामा आवे ते अनाज पुष्पमाळा विगेरे भोग कहेवाय-छे, अने जे फरी फरी भोगववामा आवे ते स्त्री विगेरे उपभोग कहेवाय २

सकृत्सेवोचितो भोगो ज्ञेयोऽन्नकुसुमादिकः ।
मुहुः सेव्योचितस्तूपभोगः स्वर्णांगनादिकः ॥ ३ ॥

उपदेशप्रासाद भा० अष्टमस्तभ व्या० ११४

जे एक वखत भोगववा लायक होय ते अन्न पुष्प विगेरे पदार्थो 'भोग' तरीके गणायछे अने जे वारवार भोगववामा आवतो होय ते सुवर्ण—स्त्री आदि पदार्थो 'उपभोग' गणाय छे ३

જે માણસે દિશાઓમા ગમન કરવાનો નિયમ લીધો છે, તેણે જગતને દબાવના અને ફેલાતા લોભ રૂપી સમુદ્રને આગળ વધતો અટકાવ્યો છે ૩

દિશાપરિમાણની વિશેષતાઃ—

चराचराणा जीवाना, विमर्दननिवर्तनात् ।
तप्तायोगोलकल्पस्य, सद्वृत्त गृहिणोऽप्यदः ॥ ४ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० २

(જેમ તપેલો લોઢાનો ગોળો જ્યા જાય ત્યા જીવોનો નાશ કરે છે, તેમ) તપેલા લોઢાના ગોળા સરખા ગૃહસ્થને પણ આ દિગ્વિરતિવ્રતમા ચરાચર (ચાલતા અને સ્થિર) જીવોના વિમર્દનનુ નિવર્તન હોવાથી આ વ્રત ઉત્તમ છે (એટલે આ વ્રતમા પાપથી નિવૃત્તિ થતી હોવાથી એ ગૃહસ્થને યોગ્ય છે) ૪



रसैश्चलित निःस्वाद क्ष्यक्षाणा योनिस्थानकम्।
पर्युषित कुत्सि(थि)तान्न भक्षणादुःखमासदेत् ॥ ३ ॥

उपदे प्रा भा ७ पृ ५३

જેનો રસ ફરી ગયો હોય, જે સ્વાદ રહિત થયું હોય, જે દ્વીંદ્રિય જીવોની ઉત્પત્તિનું સ્થાન થયું હોય, જે વાસી રહ્યું હોય અને જે અન્ન ખરાબ થયું હોય અથવા કોહી ગયું હોય, તે અન્ન ખાવાથી જીવ નરકાદિક દુખને પામે છે ૩

लशुन गृञ्जन चैव पलाण्डु कनकानि च ।
वार्ताकुनालिकाऽलाबु ह्यवेयाज्ञातिदूषितम् ॥ ४ ॥

भविष्य पुराण अ० १६ श्लो० १७

લસણ, ગાજર, પલાડુ(ડુંગળી), બિલાડીના ટોપ, રીંગણા, કમળનું નાળ અને તુંબડું એ સર્વે જાતિથી જ દૂષિત છે (એટલે અભક્ષ્ય છે)૪

अभोज्य प्राहुराहार शुक्त पर्युषित तथा ।
अन्यत्र मधु-मक्तुभ्या भक्षे(क्ष्ये)भ्यः सर्पिषो गुडात् ॥ ५ ॥

देवलस्मृति श्लो० १७

અત્યંત ખાટો થઇ ગયેલ પદાર્થ, અને મધ તથા સાથવો અને ગોળ ઘીથી બનેલ ભક્ષ્ય પદાર્થ સિવાયનો વાસી પદાર્થ અભક્ષ્ય છે (એટલે કે મધ અને સાથવો તેમજ ગોળ ઘીનો બનેલ પદાર્થ વાસી છતાં ભક્ષ્ય છે) ૫

अभक्ष्य (१८)

અભક્ષ્યના પ્રકાર —

अनन्तकायमन्धाने बहुबीज चाभक्ष्यकम् ।
आमगोरसमिश्र च द्विदल सूक्ष्ममत्त्वजम् ॥ १ ॥

उपदे० प्रा० भा० २ पृ० ५१ प्र० स० पा

અનતકાય, (જોળ) અથાણું, બહુ બીજવાળા ફળ, કાચુ દૂધ, કાચી છાશ વિગેરેથી મિશ્ર કરેલુ દ્વિદલ (કઠોળ-તેની દાળ કે આટો વિગેરે) આ બધી વસ્તુઓ સૂક્ષ્મ જીવોને ઉત્પન્ન કરનાર છે અને એટલા માટે એ અભક્ષ્ય છે ૧

तुच्छफल च वृन्ताक रसेन चलित तथा ।
अज्ञातफलमेतानि ह्यभक्ष्याणि द्वाविंशति. ॥ २ ॥

उपदे० प्रा भा २ पृ ५२ प्र स

તુચ્છફળ (મહુડા, લીબુ, બોર, કોઠા વિગેરે), વૃતાક, રસવડે ચલિત થયેલુ એટલે સ્વાદ રહિત થયેલુ વાસી-ઉતરી ગયેલુ, તથા અજ્ઞાત ફળ એટલે જે ફળ જાણવામા ન હોય-અજાણ્યા હોય, તે (સર્વ પ્રથમ કહેલાની સાથે મેળવતા) બાવીશ અભક્ષ્ય છે ૨

वृन्ताकं श्वेतवृन्ताकं मूलकं रक्तमूलकम् ।
वर्जयेच्चैनं शास्त्रज्ञ इत्येवं मनुरब्रवीत् ॥ ९ ॥

महाभा० शा० अ० १५ श्लो० ५

રીંગણા, ધોળા રીંગણા, મૂળા અને રાતા મૂળાને શાસ્ત્ર સમજનાર માણસે વર્જવા જોઈએ, એમ મનુએ કહ્યુ છે ૯

अभक्ष्याणि न भक्ष्याणि कन्दमूलानि भारत ! ।
नूतनोद्गमपत्राणि वर्जनीयानि सर्वत ॥ १० ॥

महा भारते, शान्ति पर्वे, अ० २८ श्लो० २३

હે ભારત (યુધિષ્ઠિર) ! કંદમૂળ વિગેરે અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ કરવુ નહીં તેમજ નવા કોમળ ઉગેલા પાદડાઓ સર્વથા વર્જવા લાયક છે ૧૦

लशुन गृञ्जन चैव पलाण्डु कवकानि च ।
अभक्ष्याणि द्विजातीनाममेध्यप्रभवाणि च ॥ ११ ॥

मनुस्मृ० अ० ५ श्लो० ५

લસણ, ગાજર, ડુંગળી, બિલાડીનો ટોપ તથા અપવિત્ર ખાતરથી ઉત્પન્ન થયેલી વસ્તુ, એ સર્વ દ્વિજોને અભક્ષ્ય છે ૧૧

અભક્ષ્ય–ભક્ષણનુ ફળઃ—

श्वभ्रद्वाराणि चत्वारि, द्विदल मामगोरसम् ।
मधुजालमपूताम्बु, कन्दमन्धानभक्षणम् ॥ १२ ॥

महाभारते प्रभासपुराणे

અભક્ષ્યના પ્રકાર અને ત્યાગ —

फलान्यज्ञातनामानि पत्रपुष्पाण्यनेकधा ।
गुरुसाक्ष्यात्मसौख्यार्थं त्याज्यानि वङ्कचूलवत् ॥ ६ ॥

उपदे० प्रा० भा० ७ पृ० ५५

જેનું નામ જાણવામાં ન હોય એવા અનેક પ્રકારના ફળો, પાંદડાઓ અને પુષ્પોને પોતાના સુખને માટે વંકચૂળની જેમ ગુરુની સાક્ષીએ ત્યાગ કરવા ૬

मद्यं मांसं नवनीतं मधूदुम्बरपञ्चकम् ।
अनन्तकायमज्ञातफलं रात्रौ च भोजनम् ॥ ७ ॥

योगशास्त्र तृ० प्र० श्लो० ६

आमगोरससम्पृक्तं द्विदलं पुष्पितौदनम् ।
दध्यहर्द्वितयातीतं क्वथितान्नं च वर्जयेत् ॥ ८ ॥

योगशास्त्र तृ० प्र० श्लो० ७

મદિરા, માંસ, માખણ, મધ, પાંચ પ્રકારના ઉદુંબર, (ઉમરા), અનંતકાય, અજાણ્યાં ફળ અને રાત્રે ભોજન, (આ સર્વ ધર્મી પુરૂષે તજવાનાં છે) ૭

કાચું ગોરસ-દૂધ, દહીં, છાશ વિગેરેમાં મિશ્ર થયેલું દ્વિદળ, વાસી થવાથી કુલી ગયેલો-ઉતરી ગયેલો ભાત, બે દિવસ ઉપરાંતનું દહીં અને કોહી ગયેલું અન્ન, આ સર્વ (અભક્ષ્ય હોઇ) વર્જવા જોઇએ ૮

જે ગળીનુ ખેતર વાવે તથા જે મૂળાનુ ભક્ષણુ કરે, તે મનુષ્ય જ્યા સુધી ચૌદ ઇંદ્રો છે ત્યાસુધી નરકમાથી બહાર નીકળશે નહીં ૨૧

सुरा-लसुनसम्पृष्ट, पीयूषादिभिरन्वितम् ।
समर्गादुच्यते नाद्यि, शूद्रोच्छिष्टनदाचरेत् ॥ २२ ॥

भविष्यत्पुराण अ० ३७ श्लो० ७१

મદિરા અને લસણુથી મિશ્ર થયેલુ અને પીયૂષ (નવી પ્રસવેલી ગાય વિગેરેના દૂધ) વડે વ્યાપ્ત થયેલુ (અન્ન) સસર્ગથી અભક્ષ્ય કહેવાય છે, (તેથી તે ખાધુ હોય તો) શુદ્રના ઉચ્છિષ્ટ ભોજનની જેટલુ તેનુ પ્રાયશ્ચિત્ત આચરવુ-લેવુ-જોઇએ ૨૨

भूमिज वृक्षज नाऽपि, छत्राक भक्षयन्ति ये ।
ब्रह्मघ्नास्तान् विजानीयाद्, ब्रह्मवादिषु गर्हितान् ॥२३॥

यमस्मृति, श्लो० ११९

જેઓ ભૂમિથી ઉત્પન્ન થયેલા અથવા વૃક્ષથી ઉત્પન્ન થયેલા બિલાડીના ટોપનુ ભક્ષણ કરે છે, તેઓને બ્રહ્મવાદી મુનિઓને વિષે નિદાને પાત્ર એવા, બ્રહ્મહત્યારા જાણવા ૨૩

દ્વિદલનુ સ્વરૂપ.-

जामउ पीलिज्जति, नेहाः नहु हवन्ति त विदल ।
विदले विहु उप्पन्ने, नेहजुअ होइ नो विदल ॥ २४ ॥

उप० प्रा०, स्तम्भ ८, व्या० ११८.

यस्मिन् गृहे सदा नाथ !, मूलकं पचते नरः ।
श्मशानतुल्यं तद्वेश्म, पितृभिः परिवर्जितम् ॥ १८ ॥

शिवपुराणे ज्ञानसंहिता अ० ७३ श्लो० ८३

જે ઘરને વિષે માણસ (લોકો) હમેશા મૂળાને રાંધે છે, તે ઘર સ્મશાન તુલ્ય છે, અને તેથી પિતૃલોક તેનો ત્યાગ કરે છે (એટલે કે પિતૃઓ તે ઘરના પિંડાદિકને સ્વીકારતા નથી) १૮

पुत्रमांसं वरं भुक्तं, न तु मूलकभक्षणम् ।
भक्षणात् नरकं याति, वर्जनात् स्वर्गमाप्नुयात् ॥ १९ ॥

महाभारत आदिपर्व, अ० ९ श्लो० ३०

પુત્રનું માંસ ખાવું તે સારૂં છે પરંતુ મૂળાનું ભક્ષણ કરવું તે સારૂં નથી કેમકે મૂળાનું ભક્ષણ કરવાથી મનુષ્ય નરકે જાય છે, અને તેનો ત્યાગ કરવાથી સ્વર્ગને પામે છે १૯

भुक्तं हलाहलं तेन, कृतं चाभक्ष्यभक्षणम् ।
वृन्ताकभक्षणाच्चापि, नरा यान्त्येव रौरवम् ॥ २० ॥

शिवपुराणे, ज्ञानसंहिता, अ० १९ श्लो० ३५

જેણે અભક્ષ્યનું ભક્ષણ કર્યું તેણે હળાહળ વિષ ખાધું છે એમ જાણવું તથા રીંગણાના ભક્ષણ કરવાથી પણ માણસો રૌરવ નરકમાં જાય છે २०

नीलीक्षेत्रं वपेद्यस्तु, मूलकं चोपदश्यते ।
न तस्य नरकोत्तारो, यावदिन्द्राश्चतुर्दश ॥ २१ ॥

आत्मपुराण अ० ५३, श्लोक ७१

चार महाविकृति (१९)

મહાવિકૃતિની સખ્યા —

प्रोचिता विकृतयोऽत्र चत्स्र-स्तास्त्यजन्ति भुवि मानुक्रमर्त्याः
प्राप्नुवन्ति सुरसम्पदमुच्चै-र्जनशासनजुषो यदि ते हि ॥ १ ॥

उप० प्रा०, स्तम्भ ४, व्या० ११५

અહીં ચાર વિગઈ કહી, તે ચારે વિગઈને પૃથ્વી ઉપર ભાવિક મનુષ્યો તજે છે વળી જો તેઓ જૈન શાસનને સેવનાર હોય તો ઉત્તમ પ્રકારની દેવ સપત્તિને પામે છે ૧

મહાવિકૃતિના નામ.—

मद्य द्विधा समादिष्ट, मास त्रिविधमुच्यते ।
क्षौद्र त्रिधापि त्याज्य च, म्रक्षण स्याचतुर्विधम् ॥ २ ॥

उपदेशप्रासाद भा अष्टमस्तभ व्या ११५

દારૂ બે પ્રકારનો કહેલો છે, માસ ત્રણ પ્રકારનુ કહેવાય છે, મધ ત્રણ પ્રકારનુ છે અને માખણ ચાર પ્રકારનુ છે આ (બધાય) નો ત્યાગ કરવો જોઈએ ૨

જેને પીલવાથી તેલ નીકળે નહીં, અને પીલતા બે દળ (દાળ) જુદા પડે, તે દ્વિદલ કહેવાય છે પરંતુ બે દળ થવા છતા પણ તેલ યુક્ત હોય તો તે દ્વિદલ કહેવાય નહિ (જેમ એરંડી રાઈ વિગેરે ને પીલવાથી બે દળ થાય છે, પરંતુ તેમાથી તેલ નીકળતુ હોવાથી એવી વસ્તુ દ્વિદલ કહેવાય નહિ) २४

(ગોરસ યુક્ત) દ્વિદલના ત્યાગનુ કારણ—

आमगोरससम्पृक्त-द्विदलादिषु जन्तव ।
दृष्टा. केवलिभि सूक्ष्मा-स्तस्मात्तानि विवर्जयेत् ॥२५॥

योग शा पृ १७१ श्लो० ७१ प्र म

કાચા ગોરસમા-દહી છાશ વિગેરેમા નાખેલા દ્વિદલને વિષે અત્યત સૂક્ષ્મ જતુઓ ઉત્પન્ન થતા કેવલીઓએ જોયા છે, તેથી તેવા દ્વિદળ વર્જવા જોઇએ २५

(ગોરસ સયુક્ત) દ્વિદલ ભક્ષણનુ પાપ,-

गोरस माषमध्ये तु, मुद्गादिस्तु तथैव च ।
भक्ष्यमाण भवेन्नून, मांसतुल्य युधिष्ठिर ! ॥ २६ ॥

पद्मपुराण, अ० ११, श्लो० ४४

અડદની અથવા મગ વિગેરે(કઠોળ)ની સાથે ગોરસ (કાચુ-દૂધ-દહિ-છાશ) ભેળવીને ખાવામા આવે તો તે (ખરેખર) હે યુધિષ્ઠિર માંસ તુલ્ય સમજવુ (અર્થાત્ માંસ ભક્ષણ કરવાથી જે દોષ લાગે તે દોષ ગોરસ મિશ્રિત કઠોળ ખાવાથી લાગે છે) २६

પમાડે છે, અને ઘણી મૂર્છા આપે છે, તેથી તે હલાહલ વિષ જેવીજ છે ૫

मद्यपाने कृते क्रोधो, मानलोभश्च जायते ।
मोहश्च मत्सरश्चैव, दुष्टभाषणमेव च ॥ ६ ॥

मनुस्मृति अ० ७ श्लो ४१

મદિરા પાન કરવાથી ક્રોધ, માન, લોભ, મોહ, ઈર્ષ્યા અને ખરાબ ભાષણ (વિગેરે દોષો) ઉત્પન્ન થાય છે ૬

मधुपाने मतिभ्रंशो, नराणां जायते खलु ।
धर्मेण तेभ्यो दातॄणां, न ध्यानं न च सत्क्रिया ॥ ७ ॥

मनुस्मृति अ ८ श्लो २०

દારૂ પીવાથી માણસોની બુદ્ધિનો નાશ થાય છે (અને) જે લોકો ધર્મબુદ્ધિથી તેઓને (દેવતાને ?) દારૂ અર્પણ કરે છે (તેમનામાં) નતો શુભ ધ્યાન રહે છે કે નતો શુદ્ધ ક્રિયા રહે છે ૭

यस्या धवो माधवनामुदेवः, सुवर्णदुर्गा धनदेवदत्ता ।
सा द्वारिका प्रज्वलिता च नूनं, तत्रापि हेतुः किल मद्यपानम् ॥८॥

हिंगुलप्रकरण मदिरापानक्रम श्लो ८.

જે દ્વારિકા નગરીના સ્વામી શ્રીકૃષ્ણ વાસુદેવ હતા, જેને સુવર્ણનો ગઢ હતો, તના જેને કુબેરે આપી હતી, તે દ્વારિકા જે બળી ગઈ, તેમા પણ ખરેખર મદ્યપાનજ હેતુભુત હતુ ૮

महाविकृति अभक्ष्य होवानु कारण —

मद्य मांसे च मधुनि, नवनीते बहिष्कृते ।
उत्पद्यन्त विलीयन्त, तद्वर्णास्तत्र जन्तवः ॥ ३ ॥

महाभारत प्रभासपुराण

દારૂમા, માંસમા, મધમા અને (છાશમાથી) બહાર કાઢેલ માખણમા એવાજ વર્ણના જીવો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે (અને તેથી તે ચારે અભક્ષ્ય છે)

[१ दारू]

દારૂથી નુકસાન —

दोषाणां कारणं मद्य, मद्यं कारणमापदाम् ।
रोगातुर इवापथ्यं, तस्मान्मद्यं विवर्जयेत् ॥ ४ ॥

योगशा प्र ३ श्लो १७ (प्र स)

મદિરા સર્વ દોષોનુ કારણ છે, મદિરા આપત્તિનુ કારણ છે, તેથી જેમ રોગી મનુષ્ય અપથ્યનો ત્યાગ કરે તેમ સર્વ જનોએ મદિરાનો ત્યાગ કરવો ૪

विदधत्यङ्गशैथिल्यं, ग्लपयन्तीन्द्रियाणि च ।
मूर्छामतुच्छां यच्छन्ती, हाला हालाहलोपमा ॥ ५ ॥

योगशा प्र ३ श्लो १५ (प्र स)

હાલા-મદિરા અંગની શિથિલતા કરે છે, ઇંદ્રિયોને ગ્લાનિ

દારૂના કારણે માણસ દુઃખી થાય છે, ધનનો નાશ કરે છે, મદવાળો થાય છે, (પોતાના) ભલા બુરાને નથી જાણતો અને (મારો) માર્ગ મૂકીને અવળુ કામ કરે છે ભલા (દુનિયામા) એવી કઇ (ખરાબ) ક્રિયા છે કે જે (એ) નથી કરતો ? ૧૨

तदिह दूषणमर्गीगणस्य नो, रिपमरिर्भुजगो धरणीपतिः ।
यदसुख व्यसनश्रमकारण, वितनुते मदिरा गुणिनिन्दिता ॥१३॥

सुभाषितरत्नसदोह श्लो ५१७

જીવોનુ જેટલુ ખરાબ રોગ, દુશ્મન, સાપ અને રાજા કરી શકે છે અને જેટલુ દુખ આપી શકે છે તે બધુય ગુણવાન પુરૂષોથી નિન્દાને પામેલ મદિરા કરી શકે છે ૧૩

मदिरापानमात्रेण, बुद्धिर्नश्यति दूरत. ।
वैदग्धीबन्धुरस्यापि, दौर्भाग्येणेव कामिनी ॥ १४ ॥

योगशा प्र १८८ श्लो ८ (प्र स)

જેમ ચતુર પુરૂષની પણ પત્ની તેના દુર્ભાગ્યે કરીને, દૂર જતી રહે છે, તેમ ચતુરાઇ મહિત પુરૂષની પણ બુદ્ધિ માત્ર મદિરા પાન કરવાથી દૂર નાસી જાય છે ૧૪

देवताराधन चेव, गुरुणा चेव सेवनम् ।
शिष्टसगोऽपि नैवास्य, न धर्मो न च साधनम् ॥ १५ ॥

(જે પુરૂષો મદ્યપાન કરે છે) તેને દેવતાનુ આરાધન, ગુરૂઓની પુજા, તેમ સારા પુરૂષોની સોબત નથી હોતી વળી ધર્મ અને સાધન (અર્થ–કામ) (પણ) હોતા નથી ૧૫

विवेकः संयमो ज्ञानं, सत्यं शौचं दया क्षमा ।
मद्यात् प्रलीयते सर्वं, तृण्या वह्निकणादिव ॥ ९ ॥

योगशा प्र १५९ श्लो १६

જેમ અગ્નિના કણિયાથી સર્વ ઘાસનો સમૂહ બળી જાય છે, તેમ મદિરા પાન કરવાથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય પવિત્રતા, દયા અને ક્ષમા એ સર્વ ગુણો લય-નાશ પામે છે ૯

श्रूयते किल साम्बेन, मद्यादन्धंभविष्णुना
हतं वृष्णिकुलं सर्वं, प्लोषिता च पुरी पितुः ॥ १० ॥

उपदेशप्रासाद, स्तम्भ ८, व्या ११५

એવું સંભળાય છે કે મદિરાથી મદાંધ બનેલા સાંબે સકલ વૃષ્ણિકુલનો નાશ કર્યો, અને પોતાના પિતાની નગરી બાળી ૧૦

वारुणीपानतो यान्ति, कान्तिकीर्तिमतिश्रियः ।
विचित्राश्चित्ररचना, विलुठत्कज्जलादिव ॥ ११ ॥

योगशा १५८ श्लो १३ (प्र स

જેમ કાળો રંગ રેલાવાથી વિચિત્ર પ્રકારની ચિત્રની રચના વિનાશ પામે છે, તેમ મદિરા પાન કરવાથી કાંતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી એ સર્વ નાશ પામે છે ૧૧

व्यसनमेति करोति धनक्षयं, मदमुपैति न वेत्ति हिताहितम् ।
क्रममतीत्य तनोति विचेष्टितं, भजति मद्यवशेन न,का क्रिया?॥१

सुभाषितरत्नसंदोह श्लो ५०

न जानाति परं स्वं वा, मद्याच्चलितचेतनः ।
स्वामीयति वराकःस्व, स्वामिनं किङ्करीयति ॥ १९ ॥
योगशा प्र १५८ श्लो १० (प्र स)

મદ્યથી બેભાન બનેલો પુરૂષ પોતાને કે બીજાને જાણી શકતો નથી, એટલુ જ નહિ પણ રાક બીચારો પોતાને (સહુનો) માલીક માની લે છે અને (પોતાના) માલીકને ગુલામરૂપ લેખે છે ૧૯

हसति नृत्यति गायति वल्गति, भ्रमति धावति मूर्च्छति शोचते ।
पतति रोदिति जल्पति गद्गदं, वमति धाम्यति मद्यमदातुरः ॥२०॥
सुभाषितरत्नसदोह श्लो ४९९

મદિરામા ચકચૂર થયેલો માણસ હસે છે, નાચે છે, ગાય છે, કુદકા મારે છે, ભમે છે, દોડે છે, મૂર્છામા પડે છે, શોકમગ્ન થાય છે, પછાડ ખાય છે, રોવે છે, ગળગળો થઇને બકવાદ કરે છે, અને ફૂંકો મારે છે (મતલબ કે એક ગાડાના જેવી ક્રિયાઓ કરે છે) ૨૦

मद्यमत्तो न जानाति, स्वजनान्यजनानि च ।
न शत्रु नैव मित्रं च, न कलत्रं न मातरम् ॥ २१ ॥

દારૂડીયો માણસ પોતાના કે પારકા માણસને પીછાનતો નથી, પોતાના મિત્ર કે શત્રુને પણ ઓળખી શકતો નથી તેમજ પોતાની પત્નીને કે માતાને પણ જાણતો નથી ૨૧

असुभृतां वधमाचरति क्षणाद्व–दति वाक्यमसह्यमसूनृतम् ।
परकलत्रधनान्यपि वाञ्छति, न कुरुते किमु मद्यमदाकुलः ? ॥२२॥
सुभाषितरत्नसदोह श्लो ५०२

દારૂ પીનારની દુર્દશા —

मद्यपानरसे मग्नो, नग्नः स्वपिति चत्वरे ।
गूढं च स्वमभिप्रायं, प्रकाशयति लीलया ॥ १६ ॥

योगशा पृ १५८ श्लो १७ (प्र स)

મદિરા પાનમા મદ બનેલો માણસ નગ્ન થઈ બજારમા પડ્યા રહે છે અને રમતા રમતા પોતાની ગુપ્ત વાતો પણ પ્રકટ કરી નાખે છે ૧૯

व्यसनमेति जनैः परिभूयते, गदमुपैति न सत्कृतिमश्नुते ।
भजति नीचजनं व्रजति क्षयम्, किमिह कष्टमियति न मद्यपः ?॥१७

सुभाषितरत्नसंदोह श्लो ५०२

દારૂડીયો દુ ખ પામે છે, લોકો વડે તિરસ્કૃત થાય છે, રોગ પામે છે, કોઈ શુભ કામ કરતો નથી, હલકા માણસની સોબત કરે છે અને ક્ષયાન્તિને પામે છે અરે એવુ શુ છે કે જેને એ નથી માનતો ? ૧૭

भूतात्तवन्नरीनर्त्ति, रारटीति सशोकवत् ।
दाहज्वरार्त्तवद्भूमौ, सुरापो लोलुठीति च ॥ १८ ॥

योगशा पृ १५८ श्लो १८ (प्र म

મદિરા પીનાર મનુષ્ય જાણે કે ભૂત પ્રેતથી ગ્રહણ કરાયે હોય તેમ અત્યત નાચ્યા કરે છે, શોકાતુરની જેમ અત્યત બમે પાડ્યા કરે છે, અને દાહ જ્વરથી પીડા પામ્યો હોય તેમ ભૂમિ પર લોટે છે ૧૮

જેમ વંધ્યા સ્ત્રીને સંતતિ હોતી નથી, કૃપણુને યશ હોતો નથી અને બીકણુને જીત મળતી નથી, તેમ મદિરાપાન કરનાર માણુસને ઉત્તમ ગતિ મળી શકતી નથી ૨૫

सुरा पीत्वा तु यो मर्त्य., कदाचिदुपसर्पति ।
अपराध चतुर्विंश, कल्पयामि वसुधरे ! ॥ २६ ॥

वराह पु० अ० ११७ श्लोक २७

(ભગવાન વરાહ કહે છે કે)– હે પૃથ્વી ! જે કોઈ પણ મનુષ્ય કદાચિત્ મદિરાનુ પાન કરીને મારી પાસે આવે છે તો હુ તેના (દારૂ પીવાના એક અપરાધને) ચોવીશ અપરાધ માનુ છુ ૨૬

एकतश्चतुरो वेदान्, ब्रह्मचर्यमथैकत ।
एकत सर्वपापानि, मद्यमास तथैकतः ॥ २७ ॥

स्कधपुराण, अ०, ८९, श्लोक, ६३

એક તરફ ચારે વેદો અને એક તરફ એક બ્રહ્મચર્ય (તેમા બ્રહ્મચર્ય વધી જાય છે) તે જ રીતે એક તરફ સર્વ પાપો અને એક તરફ મદ્ય અને માંસ (તેમા મદ્યમાંસનુ પાપ વધી જાય છે) ૨૭

દારૂ નહિ પીવાનુ કારણ –

भवति जन्तुगणो मदिरारसे, तनुतनुर्विविधो रसकायिकः ।
पिबति त मदिरारसलालसः, श्रयति दु खममुत्र ततो जन ॥२८॥

सुभाषितरत्नसदोह श्लो० ५०७

દારૂના મદમાં મત્ત બનેલો માણસ પ્રાણીઓને મારી નાખે છે, અસત્ય અને જુઠું કાવ્ય બોલે છે, અને પારકાની સ્ત્રીઓ અને ધનની પણ ઈચ્છા કરે છે અરે! એવી કઈ (ખરાબ) વસ્તુ છે કે જે એ નથી કરતો? ૨૨

पापाः कादम्बरीपान-विवशीकृतचेतसः ।
जननीं हा प्रियीयन्ति, जननीयन्ति च प्रियाम् ॥ २३ ॥

योगशा पृ १५८ श्लो ९ (प्र म)

અહો! મદિરા પીવાથી જેમનું મન પરાધીન થયું છે એવા પાપી જનો પોતાની માતાને પ્રિયા જેવી માને છે અને પ્રિયાને માતા જેવી માને છે ૨૩

मद्यपस्य शवस्येव, लुठितस्य चतुष्पथे ।
मूत्रयन्ति मुखे श्वानो, व्यात्ते विवरशङ्कया ॥ २४ ॥

योगशा पृ १५८ श्लो ११ प्र स

ચૌટામાં શબની જેમ આળોટતા દારૂડીયાના પહોળા થયેલ મુખમાં, બિલની શંકાએ કરીને, કુતરાઓ મુતરે છે ૨૪

દારૂ પીવાનું પાપ:-

सततिर्नास्ति वध्यायाः, कृपणस्य यशो न हि ।
कातरस्य जयो नैव, मद्यपस्य न सद्गतिः ॥ २५ ॥

हिंगुलप्रकरण मदिरापानप्रक्रम श्लोक

[२ मांस]

માંસાહારનું કડવું ફળ:-

मामान्यशित्वा विनिधानि मर्त्यो, यो निर्दयात्मा नरकं प्रयाति।
निकृन्त्य शस्त्रेण परैर्निकृष्टं , प्रखाद्यते माममसौ स्वकीयं ॥३१॥

सुभाषितरत्नसन्दोह श्लो० ५७३

જે નિર્દય માણસ અનેક પ્રકારના માંસનું ભક્ષણ કરીને (એ પાપથી) નરકમાં જાય છે, તેનું માંસ (ત્યાં નરકમાં) અન્ય ઘાતકી જીવો શસ્ત્રો વડે કાપીને ખાય છે ૩૧

मामाशिनो नास्ति दयाऽसुभाजा, दया विना नास्तिजनस्य पुण्यम् ।
पुण्य विना याति दुरन्तदु:ग्व, समारकातारमलभ्यपारम् ॥३२॥

सुभाषितरत्नसन्दोह श्लो० ५७५

માંસાહારી માણસોને જીવોની દયા નથી હોતી, દયા વગર માણસને પુણ્ય નથી થતું અને પુણ્યના અભાવે પાર ન પામી શકાય એવા અને અતિ દુઃખદાયી એવા સંસારરૂપી અરણ્યમાં જાય (રખડે) છે ૩૨

वर विष भक्षितमुग्रदोष, यदेकवार कुरुतेऽसुनाशम् ।
मास महादुःखमनेकवार, ददाति जग्ध मनमापि पुमा ॥३३॥

सुभाषितरत्नसन्दोह श्लो० ५३८

દારૂના રસમા એ રસના જેવા જ ઘણા ઘણા ઝીણા જીવે ઉત્પન્ન થાય છે (અને તેથી જે) દારૂના રસમા લુબ્ધ થયેલે માણસ તેને પીવે છે તે આ લોક અને પરલોકમા દુખ પામે છે (કારણ કે તેમ કરવાથી અનત જીવોની હિંસા થાય છે) ૨૮

દારૂનો ત્યાગ –

प्रचुरदोषकरीं मदिरामिति, द्वितयजन्मनिबाधविचक्षणाम् ।
निखिलतत्त्वविवेचनमानसा ,परिहरन्ति सदा गुणिनो जना ॥२९

सुभाषितरत्नसंदोह श्लो० ५२

આ પ્રમાણે—ઘણા દોષને કરવાવાળી અને બને જન્મમ દુખ આપવામા કુશળ એવી મદિરાનો, બધા તત્વોનુ વિવેચન કરવાની મનોવૃત્તિવાળા ગુણવાળા પુરૂષો હમેશા ત્યાગ કરે છે ૨૯

દારૂ ત્યાગ કરવાનુ ફળ.–

यस्तु सुप्ते हृषीकेशे, मद्यमामानि वर्जयेत् ।
मासे मासेऽश्वमेधेन, स यजेच्च शत समा ॥ ३० ॥

योगवासिष्ट, पूर्वार्धे, श्लो०, २०९

જે મનુષ્ય વિષ્ણુ શયન કરે ત્યારે (અર્થાત્ ચાતુર્માસમાં મદ્ય માસને વર્જે છે, તે મનુષ્ય સો વર્ષ સુધી મહિને મહિને અશ્વમેધ યજ્ઞ કરે તેટલુ ફળ પામે છે ૩૦

मासाशनाज्जीववधानुमोद–स्ततो भवेत्पापमनंतमुग्रम् ।
ततो व्रजेद्दुर्गतिमुग्रदोषा, मत्वेति मांसं परिवर्जनीयम् ॥३६॥

सुभाषितरत्नसंदोह श्लो० ५७३

માંસ ખાવાથી જીવહિંસાનુ અનુમોદન થાય છે, એનાથી અનંત ભયંકર પાપ બંધાય છે અને એ પાપથી ભયંકર અત્યંત દોષવાળી દુર્ગતિ મળે છે એમ સમજીને માંસનો ત્યાગ કરવો જોઈએ (એટલે કે પરંપરાએ દુર્ગતિનું કારણ હોવાથી માંસનો ત્યાગ કરવો) ૩૬

માંસાહારથી નુકસાન અને તેનો ત્યાગઃ—

करोति मांसं बलमिन्द्रियाणां, ततोऽभिवृद्धिं मदनस्य तस्मात् ।
करोत्ययुक्तिं प्रविचिन्त्य बुद्ध्या, त्यजन्ति मांसं त्रिविधेन सन्तः ३७

सुभाषितरत्नसंदोह श्लो० ५३५

માંસ ઇંદ્રિયોને સબળ કરે છે (એ સબળ ઇંદ્રિયો)થી કામની વૃદ્ધિ થાય છે અને એથી (માણસ) અનુચિત કાર્ય (પણ) કરે છે આ પ્રમાણે બુદ્ધિપૂર્વક વિચાર કરીને સજ્જન પુરૂષો માંસનો મન, વચન, કાયાએ કરી ત્યાગ કરે છે ૩૭

નોંધ —આ (માંસ) વિષયના વધુ શ્લોકો વિસ્તાર પૂર્વક, આજ પુસ્તકના ૩૭ અને તે પછીના પૃષ્ઠોમાં આપવામાં આવેલ છે, એટલે ત્યાંથી જોવા

(માસ ખાવા કરતા) ભયકર દીપ વાળુ ઝેર ખાવુ એ વધારે સારૂ છે કે જેથી માત્ર એક વખત જ પ્રાણ જાય છે (પણ) મનથી પણ જો માસ ભક્ષણ કરવામા આવે (એટલે કે માસ ખાવાનો માત્ર વિચાર જ કરવામા આવે) તો તે માણસોને અનેક વાર (દુર્ગતિમા લઈ જઈને) મહા દુખ આપે છે ૩૩

चिरायुरारोग्यसुरूपकान्ति-प्रीतिप्रतापप्रियवादिताद्या ।
गुणा निनिंद्यस्य सता नरस्य, मामाशिन सन्ति परत्र नेमे ॥३४॥

सुभाषितरत्नसन्दोह श्लो० ५४०

સજ્જન પુરૂષોમા નિંદવા લાયક એવો જે માણસ માસ ખાય છે તેને લાબુ આયુષ્ય, આરોગ્ય, સુદરરૂપ, તેજ, પ્રેમ પ્રતાપ, અને મધુરભાષીપણ વિગેરે ગુણો પરભવમા મળતા નથી ૩૪

માસનો ત્યાગ કરવાનુ કારણ —

अश्नाति यो मासममौ विधत्ते, वधानुमोद त्रसदेहभाजाम् ।
गृह्णाति रफासि ततस्तपस्वी, तेभ्यो दुरन्त भवमेति जन्तु ॥३५॥

सुभाषितरत्नसदोह श्लो० ५२८

જે તપસ્વી માસ ખાય છે તે બેઇદ્રિયાદિક જીવોની હિંસાનુ અનુમોદન કરે છે એ (હિંસા)વી પાપ બાધે છે અને આથી દુર્ગતિમય સસારમા જાય છે (એટલે કે ત્રસ જીવોની હિંસાનું કારણ હોવાથી, માસનો ત્યાગ કરવો જોઇએ) ૩૫

एकत्र मधुनो बिन्दौ, भक्षितेऽसंख्यदेहिनः ।
यो हिनस्ति न कृपा तस्य, तस्मान्मधु न भक्षयेत् ॥४१॥
सुभाषितरत्नसंदोह श्लो ५६३

જે માણસ મધનું એક ટીપું પણ ખાવામાં અસંખ્ય જીવોનો નાશ કરતો હોય તે માણસમાં દયા નથી રહેતી તેથી મધ ખાવું ન જોઈએ ૪૧

मक्षिकामुखनिष्ठ्यूत, जन्तुलक्षक्षयोद्भवम् ।
कथमास्वाद्यते क्षौद्रं, सुधिभिर्नरकावहम् ? ॥ ४२ ॥
उप० प्रा०, स्तम्भ ८, व्या० ११५*

માખીઓના મુખના ઘુંકસમાન, લાખો જીવડાઓના નાશથી થયેલું અને નરક ગતિ આપનારૂં એવું મધ બુદ્ધિશાળી પુરૂષો કેમ ચાખે ? ૪૨

मक्षिकामुखनिष्ठ्यूत, जन्तुघातोद्भवं मधु ।
अहो पवित्रं मन्वाना, देवस्नाने प्रयुञ्जते ॥ ४३ ॥
योगशास्त्र प्रकाश ३ श्लो० ४१.

માખીઓના મુખથી શુંકેલ-નાખેલ અને જીવોના ઘાતથી ઉત્પન્ન થયેલા એવા મધને પવિત્ર માનનારા લોકો તેને દેવના સ્નાનમાં વાપરે છે તે આશ્ચર્ય છે ૪૩

મધ ખાવાનું પાપ—

भक्षयन् माक्षिकं क्षुद्र-जन्तुलक्षक्षयोद्भवम् ।
स्तोकजन्तुनिहन्तृभ्य., शौनिकेभ्योऽतिरिच्यते ॥ ४४ ॥
योगशास्त्र प्रकाश ३ श्लो० ३७

[३ मध]

મધ અભક્ષ્ય હોવાનુ કારણઃ-

अनेकजन्तुसघात-निघातनसमुद्भवम् ।
जुगुप्सनीय लालावत्, क स्वादयति माक्षिकम् ? ॥३८॥

योगशास्त्र प्रकाश ३, श्लो ३६

અનેક જતુઓના સમૂહના વિનાશથી ઉત્પન્ન થયેલુ અને (અપવિત્ર) લાળની માફક ઘૃણાને ઉત્પન્ન કરનારૂ એવુ મધ કોણ ખાય ?

एकैकोऽसख्यजीवाना, घाततो मधुन कण. ।
निष्पद्यते यतस्तेन, मध्वस्यति कथ बुध. ? ॥ ३९ ॥

सुभाषितरत्नसदोह श्लो ५५०

મધનો એક એક કણ અસખ્ય જીવોના ઘાતથી ઉત્પન્ન થાય છે તો પછી ડાહ્યો (સમજદાર) માણસ કઈ રીતે મધ ખાય ? ૩૯

एकैककुसुमक्रोडा-द्रसमापीय मक्षिका ।
यद्वमन्ति मधूच्छिष्ट, तदश्नन्ति न धार्मिका. ॥ ४० ॥

योगशास्त्र प्रकाश ३, श्लो ३८

એક એક પુષ્પના મધ્યથી રસનું પાન કરીને-રસને ચૂસીને માખીઓ જે મધને વમન કરે છે, તે ઉચ્છિષ્ટ (એઠા) મધને ધર્મિષ્ઠ પુરૂષો ખાતા નથી ૪૦

शमो दमो दया धर्मः, मयमः शौचमार्जवम् ।
पुमस्तम्य न विद्यन्ते, यो लेढि मधु लालमः ॥ ४८ ॥

सुभाषितरत्नसन्दोह ५५६

જે (ખાવામા) લોલુપ માણુસ મધ ખાય છે તે માણસમા શમ (શાંતિ) દમ (ઇન્દ્રિયોનુ નિયમન), દયા, ધર્મ, ચારિત્ર, શુદ્ધતા અને સરળતા હોતા નથી (કારણકે મધ ખાવાના ક્રુર પરિણામથી આ બધા શુભ પરિણામોનો નાશ થઈ જાય છે) ૪૮

મધ ખાવાનુ કડવુ ફળઃ—

मधुनोऽपि हि माधुर्य-मबोधैरहहोच्यते ।
आसाद्यन्ते यदास्वादा-च्चिर नरकवेदना ॥ ४९ ॥

योगशा तृ प्र श्लो० ४०

અહો! ખેદની વાત છે કે અજ્ઞાની જનો મધની મધુરતા વર્ણવે છે, કે જેના ભક્ષણથી ચિરકાળ સુધી નરકની વેદનાઓ (દુઃખો) પ્રાપ્ત થાય છે ૪૯

दुःखानि यानि ससारे, विद्यन्तेऽनेकभेदतः ।
सर्वाणि तानि लभ्यन्ते, जीवेन मधुभक्षणात् ॥ ५० ॥

सुभाषितरत्नसन्दोह श्लो० ५५५

(આ) સસારમા અનેક પ્રકારના જે કોઈ દુઃખો છે તે બધાય, જીવને મધ ખાવાથી, આવી પડે છે ૫૦

લાખો ઝીણા જતુઓના ક્ષયથી ઉત્પન્ન થયેલા મધનુ જે મનુષ્ય ભક્ષણ કરે છે, તે થોડાક પ્રાણીઓને હણનારા કસાઈથી પણ વધી જાય છે (વધારે પાપ કરે છે) ૪૪

मद्यस्यत कृपा नास्ति, पुण्य नास्ति कृपा विना ।
विना पुण्य नरो दु खी, पर्यटेद् भवसागरे ॥ ४५ ॥

सुभापितरत्नसदोह श्लो० ५४९

મધ ખાનાર માણસમા દયા હોતી નથી (કારણકે મધ અસખ્ય જીવાના ઘાતથી બને છે), દયા વગર પુણ્ય નથી થતુ અને પુણ્ય વગર માણુસ (આ) સસાર સમુદ્રમા દુ ખી થઇને રખડ્યા કર છે ૪૫

एकत्रापि हते जन्तौ, पाप भवति दारुणम् ।
न सूक्ष्मानेकजतूना, घातिनो मधुपस्य किम् ? ॥ ४६ ॥

सुभापितरत्नसदोह श्लो० ५५१

જો એક પણ જીવને મારવાથી ભયકર પાપ થાય છે (તો પછી) સૂક્ષ્મ એવા અનેક જતુઓનો સહાર કરનાર એવા મધને પીનારનુ શુ (પૂછવુ)? (અર્થાત્ મધ પીનારાના પાપનો તો હીસાબ જ નથી રહેતો) ४६

सप्तग्रामे च यत्पाप–मग्निना भस्मसात् कृते ।
तदेतज्जायते पाप, मधुबिन्दुप्रभक्षणात् ॥ ४७ ॥

मनुस्मृति अ० ७

અગ્નિ વડે સાત ગામ ભસ્મીભૂત કર્યે છતે જેટલુ પાપ લાગે, તેટલુ પાપ મધનુ બિદુમાત્ર ખાવાથી થાય છે ४७

योऽत्ति नाम मधु भेषजेच्छया,
सोऽपि याति लघु दु खमुल्बणम् ।
किं न नाशयति जीवितेच्छया,
भक्षित झटिति जीवित विषम् ? ॥ ५४ ॥

उप० प्रा०, स्तम्भ ८, व्या० ११५ *

જે (માણુસ) ઔષડની ઇચ્છાવી (એટલે કે ઔસડ તરીકે) પણ મધ ખાય છે, તે પણ જલદી આકરૂ દુખ પામે છે (કેમકે) શુ જીવવાની ઇચ્છા નાખીને પણ ખાધેલુ ઝેર જીદગીનો જલદી નાશ નથી કરતુ ? (એટલેકે–જેમ ઝેર ગમે તે દૃષ્ટિથી ખાવા છતા મરણ ઉપજાવે છે તેજ પ્રમાણે ગમે તે બહાનાથી પણ મધ ખાવામા પાપ લાગે જ છે અને તે પાપથી દુખ મળે છે) ૫૪

મધ અને ઝેર.—

वर हलाहल पीत, मद्यः प्राणहर विषम् ।
न पुनर्भक्षित शश्वद्, दु खद मधु देहिनाम् ॥ ५५ ॥

सुभाषितरत्नसदोह श्लो० ५५४

(ખાતાની સાથે) તરત જ પ્રાણને હરણ કરનારૂ હળાહળ ઝેર પીવુ વધુ સારૂ છે પણ હમેશા પ્રાણીઓને દુખ આપનારૂ મધ ખાવુ સારૂ નથી ૫૫

यो ददाति मधु श्राद्धे, मोहितो धर्मलिप्सया ।
स याति नरकं घोरं, खादकैः सह लम्पटैः ॥ ५१ ॥

महाभारत, शान्तिपर्व, अ०, २७, श्लो०, ४

જે પુરુષ ધર્મ પામવાની ઇચ્છાથી, મોહ પામીને, શ્રાદ્ધમાં મધને આપે છે, તે પુરુષ, મધના સ્વાદમાં લંપટ બનેલા તેના ખાનારાઓની સાથે, ઘોર નરકમાં જાય છે ૫૧

यद्यल्पेऽपि हृते द्रव्ये, लभन्ते व्यसनं जना ।
निःशेष मधुकर्यर्थं, मुष्णान्तो न कथं व्यथुः ? ॥ ५२ ॥

सुभाषितरत्नसंदोह श्लो० ५६५

જો (આ સંસારમાં પારકાનું) થોડું પણ દ્રવ્ય હરણ કરવામાં આવે તો તે (ચોરીના દોષ)થી માણસો (ગજદર બાર વિગેરે દ્વારા) દુઃખને પામે છે તો પછી (જે માણસો) મધમાખીની (મધરૂપી) તમામ મીલ્કતને ચોરી લેતા હોય તે લોકો કેમ દુઃખી ન થાય? ૫૨

દવા નિમિત્તે પણ મધ ન ખાવું —

अप्यौषधकृते जग्धं, मधु श्वभ्रनिबन्धनम् ।
भक्षितं प्राणनाशाय, कालकूटकणोऽपि हि ॥ ५३ ॥

योगशास्त्र, प्रकाश ३, श्लो० ३९

ઔષધને માટે પણ ખાધેલું મધ નરકનું કારણ થાય છે, કેમકે કાળકૂટ ઝેરનો કણીયો પણ ખાધો હોય તો તે પ્રાણના નાશને માટે થાય છે ૫૩

[૪ माखण]

માખણ અભક્ષ્ય હોવાનુ કારણ:—

अन्तर्मुहूर्त्तात्परत', सुसूक्ष्मा जन्तुराशयः ।
यत्र मूर्छन्ति तन्नाद्य, नवनीत विवेकिभिः ॥ ५८ ॥

योगशा तृतीय प्रकाश श्लो० ३४

જે (માખણ)મા એક અતર્મુહૂર્ત્ત પછી તરત જ અતિ સૂક્ષ્મ જતુના સમૂહો સમૂર્છિમપણે ઉપજે છે, તે માખણ વિવેકી જનોએ ખાવુ નહીં ૫૮

उर्ध्वमन्तर्मुहूर्तात् स्यु-र्बहवो यत्र जन्तवः ।
विवेकिभिः कथकार, नवनीत तदद्यते ? ॥ ५९ ॥

उपदेशप्रासाद स्तभ ८ व्या० ११५

જેમા એક અતર્મુહૂર્ત પછી જ ઘણા જીવો ઉત્પન્ન થાય છે એવુ માખણ (માગમાગનો ભેદ જાણનારા)— વિવેકી માણસો કેવી રીતે ખાય ? ૫૯

માખણ ખાવાનુ ફળ:—

समुत्पन्ति विविधा शरीरिणो, यत्र सूक्ष्मतनवो निरन्तरम् ।
तद्ददाति नवनीतमङ्गिना, पापतो निरयमत्र सेविनाम् ॥६०॥

उप० प्रा०, स्तम्भ ८, व्या० ११५

મધનો ત્યાગ—

संसारभीरुभिः सद्भिर्जिनाज्ञा परिपालितुम् ।
यावज्जीवं परित्याज्यं, सर्वथा मधु मानवैः ॥ ५६ ॥

सुभाषितरत्नसंदोह श्लो० ५६९

સંસાર (ભ્રમણ્વા) ભીના એવા સજ્જન પુરૂષોએ, શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાનુ પાલન કરવા માટે, જીંદગી પર્યંત મધનો સર્વ પ્રકારે ત્યાગ કરવો જોઇએ ૫૬

विज्ञायेति महादोषं, मधुनो बुधसत्तमाः ।
संसारासारतस्त्रस्ता, विमुञ्चन्ति मधु त्रिधा ॥ ५७ ॥

सुभाषितरत्नसंदोह श्लो० ५७०

સંસારની અસારતાથી ભયભીત થયેલા અને સમજદાર એવા સજ્જન પુરૂષો, આ (ઉપર વર્ણન કરવામા આવ્યુ છે તે) પ્રમાણે મધના મહાદોષને ધ્યાનમા લઇને, મધનો મન, વચન અને કાયાથી (સર્વથા) ત્યાગ કરે છે ૫૭

[४ माखण]

માખણ અભક્ષ્ય હોવાનુ કારણ:—

जन्तर्मुहूर्त्तात्परत', सुसूक्ष्मा जन्तुराशय: ।
यत्र मूर्छन्ति तन्नाद्य, नवनीत विवेकिभि: ॥ ५८ ॥

योगशा तृतीय प्रकाश श्लो० ३४

જે (માખણ)મા એક અતર્મુહૂર્ત પછી તરત જ અતિ સૂક્ષ્મ જંતુના સમૂહો સમૂર્છિમપણે ઉપજે છે, તે માખણ વિવેકી - એ ખાવુ નહીં ૫૮

उर्ध्वमन्तर्मुहूर्तात् स्यु-र्बहवो यत्र जन्तव. ।
निवेकिभि. कथकार, नवनीत तदद्यते ? ॥ ५९ ॥

उपदेशप्रासाद स्तभ ८ व्या० ११५

જેમા એક અતર્મુહૂર્ત પછી જ ઘણા જીવો ઉત્પન્ન થાય છે એવુ માખણ (સારાસારનો ભેદ જાણનાર)— વિવેકી માણસો કેવી રીતે ખાય ? ૫૯

માખણ ખાવાનુ ફળ:—

मसृजन्ति विविधा' शरीरिणो, यत्र सूक्ष्मतनवो निरन्तरम् ।
तद्ददाति नवनीतमङ्गिना, पापतो निरयमत्र सेविनाम् ॥६०॥

उप० प्रा०, स्तम्भ ८, व्या०

જેમા સૂક્ષ્મ શરીરવાળા વિવિધ જાતિના જતુઓ નિરતર ઉત્પન્ન થાય છે, તે માખણ તેને સેવનારા પ્રાણીઓને પાપથી નરક ગતિ આપે છે ૬૦

માખણનો ત્યાગ —

एकस्यापि हि जीवस्य, हिंसने किमघ भवेत् ।
जन्तुजातमय तत्को, नवनीत निषेवत ? ॥ ६१ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ३५

એક જીવને પણ મારવામા કેટલુ (બધુ) પાપ થાય છે ? તો પછી જતુઓના સમુદાયવી ભરપુર એવા માખણનો કોણ(ડાહ્યો માણસ) ઉપયોગ કરે ? (અર્થાત્ એ મહા પાપથી બચવા માટે માખણનો ત્યાગ કરવો જોઈએ) ૬૧

મહાવિકૃતિ ત્યાગનુ ફળ —

मधुमामस्त्रियो नित्य, वर्जयन्तीह मानवा' ।
जन्मप्रभृति मद्य च, दुर्गाण्यतितरन्ति ते ॥ ६२ ॥

शातिपर्व अ ११ श्लो० २२

જે મનુષ્યો જન્મથી જ નિરતર મધ, માસ અને સ્રીનો ત્યાગ કરે છે, તથા મદિરાનો ત્યાગ કરે છે, તે કષ્ટોને તરી જાય છે ૬૨

रात्रि-भोजन (२०)

રાત્રિભોજન નહિ કરવાનુ કારણ —

मानो• करैरसस्पृष्ट-मुच्छिष्ट प्रेतसचरात् ।
सूक्ष्मजीवाकुल चापि, निशि भोज्य न युज्यते ॥ १ ॥

विवेकविलास चतुर्थ उल्लास श्लो० ४

સૂર્યના કિરણોથી સ્પર્શ નહીં કરાયેલુ, ભૂત–પ્રેતના સચારથી ઉચ્છિષ્ટ (એઠુ) થયેલુ અને સૂક્ષ્મ સપાતિમ જીવોથી વ્યાપ્ત એવુ રાત્રિ-ભોજન કરવુ ઉચિત નથી ૧

हृन्नाभिपद्मसङ्कोच–श्चण्डरोचिरपायतः ।
अतो नक्त न भोक्तव्य, सूक्ष्मजीवादनादपि ॥ २ ॥

आयुर्वेद, माध्यन्दिनी शाखा श्लो० १२९

સૂર્યઅસ્ત થવાથી મનુષ્યના હૃદય કમળ અને નાભિ કમળનો સંકોચ થાય છે (તે બન્ને કમળો બીડાઈ જાય છે) તેથી કરીને તથા સૂક્ષ્મ જીવો ભોજન સાથે ખવાઈ જાય તેથી કરીને રાત્રિએ ભોજન કરવુ નહી २

हिंस्यन्ते प्राणिनः सूक्ष्मा, यत्राशुच्यभिभक्ष्यते ।
तद्रात्रिभोजन मतो न कुर्वन्ति दयापराः ॥ ३ ॥

सुभाषितरत्नसदोह श्लो० ७६

જેમા (અસખ્ય) સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે, (અને તે જીવોની હિસાના કારણે) જેમા અપવિત્રતા આવે છે એવા પ્રકારનું રાત્રિભોજન દયાળુ એવા સજ્જનો નથી કરતા ૩

त्वया सर्वमिदं व्याप्तं, ध्येयोऽसि जगतां रवे ! ।
त्वयि चास्तमिते दव !, आपो रुधिर मुच्यते (न्ते) ॥४॥

स्कन्दपुराणान्तर्गतरुद्रप्रणीतकपालमोचनस्तोत्र श्लो० २४

હે સૂર્ય! આ સર્વ જગત્ તારાથી વ્યાપ્ત છે, તું ત્રણ ભુવનના પ્રાણીઓને ધ્યાન કરવા લાયક છે (માટે) હે દેવ! તુ અસ્ત પામે છે ત્યારે જળ પણ રૂધિર સમાન કહેવાય છે (અને તેથી જળ તે પીવા લાયક નથી તો ભોજનનું શું કહેવું ?) ૪

अस्तगते दिवानाथे, आपो रुधिरमुच्यते ।
अन्न मांससमं प्रोक्तं, मार्कण्डेन महर्षिणा ॥ ५ ॥

मार्कण्डपुराण अ० ३४, श्लो० ५३

સૂર્ય અસ્ત થયા પછી પાણી રૂધિર સમાન કહેવાય છે અને અન્ન માંસ સમાન ગણાય છે એમ માર્કંડ નામના મહર્ષિએ કહ્યું છે ૫

दैवैस्तु भुक्तं पूर्वाह्णे, मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्णे च पितृभि, सायाह्ने दैत्यदानवै. ॥ ६ ॥

यजुर्वेदआह्निक, श्लो० २४

દેવોએ પ્રાત:કાળે ભોજન કર્યું છે, ઋષિઓએ મધ્યાન્હ કાળે ભોજન કર્યું છે, બપોર પછી ત્રીજા પ્રહરે પિતૃઓએ ભોજન કરેલુ છે, અને સાંજે દૈત્ય તથા દાનવોએ ભોજન કર્યું છે—(અર્થાત્ તે કાળે જે ભોજન કરે છે તે દૈત્ય-રાક્ષસ સમાન ગણાય છે) ૬

मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल ।
अस्तङ्गते दिवानाथे, भोजनं क्रियते कथम् ? ॥ ७ ॥

मार्क० पु० अ० ३३, श्लो०, ३०

કોઈપણ સ્વજન માત્ર મરી જાય છે ત્યારે સૂતક લાગે છે, તો પછી સૂર્ય (કે જે દિવસનો સ્વામી છે તે) અસ્ત પામે-મરણ પામે ત્યારે શી રીતે ભોજન કરાય ? અર્થાત્ ન જ કરાય (સબંધી જનના શબનો અગ્નિસંસ્કાર વિગેરે થયા પહેલા સૂતક—અસ્પૃશ્યપણુ હોવાથી, ખાવા પીવા વીગેરે કોઈપણ ક્રિયા થઇ શકતી નથી) ૭

सन्ध्यायां यक्षरक्षोभिः, सदा भुक्तं कुलोद्वह ! ।
सर्ववेलामतिक्रम्य, रात्रौ भुक्तमभोजनम् ॥ ८ ॥

यजुर्वेदआन्हिक, श्लो० १९

હે કુલોદ્વહ–રાજા ! સંધ્યા કાળને વિષે યક્ષ અને રાક્ષસોએ સદા ભોજન કર્યું છે પરંતુ સર્વ વેળાને ઓળંગીને રાત્રિએ જે ભોજન કરવુ તે તો અભોજન જ છે

यामरे च रजन्या च, य खादन्नेव तिष्ठति ।
शृङ्गपुच्छपरिभ्रष्ट', स्पष्ट स पशुरव हि ॥ ९ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ६२*

જે માણસ દિવસે અને રાત્રે ખાતો જ રહે છે, તે શિંગડા અને પુછડા વગરનો પ્રગટ રીતે પશુજ છે (કારણ કે પશુ કોઈ પણ ઉચિત અનુચિત કાળનો વિચાર કર્યા વગર ખાધ જ કરે છે) ૯

पयोदपटलस्येन (?), नाश्नन्ति रविमडले ।
अस्तगत तु भुजाना, अहो भानो सुसेवका ॥ १० ॥

आत्मपुराण, अ० ३३, श्लो० ४३

સૂર્યમંડળ જ્યારે વાદળાઓની ઘટાથી આચ્છાદિત થઇ જાય છે ત્યારે, જે લોકો ભોજનનો ત્યાગ કરે છે તે જ લોકો (જ્યારે) રવિમંડળ અસ્ત થઇ જાય તો પણ ભોજન કરે ત્યારે તો એમની સૂર્યદેવની ભલી (!) પૂજાને ધન્યવાદ જ ઘટે છે (અર્થાત્ સૂર્ય વાદળાથી ઢંકાઇ જાય ત્યારે ભોજનનો ત્યાગ કરીને સૂર્ય પૂજાનો ડોળ કરનારા સૂર્યઅસ્ત પામે ત્યારે ભોજન કેમ કરી શકતા હશે ?)

નોટ—આ શ્લોકમા પયલસ્યેન એ તૃતીયાના સ્થાને સપ્તમી જોઇએ વળી સૂર્ય વાદળાથી ઢકાઇ ગયો હોય ત્યારે ભોજન ત્યાગ કરવાનો આચાર આજે ક્યાય નજરે પડતો નથી જો અહિં કહેલ વસ્તુનો અર્થ સૂર્ય-ગ્રહણ જેવો થતો હોય યા કરવામા આવે તો તે બીલકુલ સગત થાય છે કારણકે સૂર્યનું ગ્રહણ થાય ત્યારે ભોજન ત્યાગનું વિધાન અને આચાર અત્રે જોવામા આવે છે ૧૦

રાત્રિ-ભોજનથી નુકશાનઃ—

कण्टको दारुखण्ड च, वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तर्निपतितस्तालु, विध्यति वृश्चिकः ॥ ११ ॥

योगशा प्र ३ श्लो० ५१

રાત્રિએ ભોજન કરવાથી કદાચ ભોજનમા કાટો કે લાકડાનો સૂક્ષ્મ કકડો આવ્યો હોય તો ગળામા વ્યથા કરે છે શાકની અદર વીંછી (કે ભમરો વિગેરે) આવ્યો હોય તો તે તાળવાને વીંધે છે ૧૧

मेधा पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्ति, कुष्ठरोग च कोलिकः ॥ १२ ॥

योगशा प्र ३ श्लो० ५०

(રાત્રે ભોજન કરવાથી ભોજનની અદર) કીડી આવી ગઇ હોય તો બુદ્ધિનો નાશ થાય છે, જૂ આવી હોય તો તે જલોદરનો વ્યાધિ કરે છે, માખી આવી હોય તો તે વમન-ઉલટી કરાવે છે અને કરોળિયો આવ્યો હોય તો તે કુષ્ઠ-કોઢ રોગને કરે છે (તેથી આ બધા દોષોથી બચવા માટે રાત્રિભોજન તજવુ ઘટે) ૧૨

विलग्नस्तु गले वालः, स्वरभंगाय जायते ।
इत्यादयो दृष्टदोषाः, सर्वेषा निशि भोजने ॥ १३ ॥

योगशा प्र ३ श्लो०

રાત્રિભોજન કરવાથી ભોજનમા આવેલો નાગ જો ગળામા લાગ્યો હોય—વળગી ગયો હોય તો દરેકના સ્વરનો ભંગ થાય છે (એટલે કે ગળુ બેસી જાય છે) આ વિગેરે ઘણા દોષો રાત્રિભોજન કરવાથી સર્વને થાય છે એમ પ્રત્યક્ષ જોયુ છે ૧૩

રાત્રિભોજનનુ ફળ—

स्वपरसमय गर्हं, आद्य श्वभ्रस्य गोपुरम् ।
सर्वज्ञैरपि यत्त्यक्त, पापात्म्य रात्रिभोजनम् ॥ १४ ॥

उपदेशप्रासाद भा० अष्टमस्तम्भ व्या० ११७

પોતાના અને બીજાના શાસ્ત્રોમા નિંદાયેલુ, નરકના પ્રથમ દ્વાર સમાન અને જેનો સર્વજ્ઞોએ પણ ત્યાગ કર્યો છે એ રાત્રિભોજન પાપરૂપ છે (અર્થાત્ રાત્રિભોજન કરવાથી નરક ગતિમા જન્મ લેવો પડે છે) ૧૪

उलूककाकमार्जार—गृध्रशम्बरशूकरा ।
अहिवृश्चिकगोधाश्च, जायन्ते रात्रिभोजनात् ॥ १५ ॥

महाभारत, शान्तपर्व, अ ७० श्लो० ७०२

રાત્રિભોજન કરવાથી (પ્રાણી) ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, સાબર, ભુંડ, સર્પ, વીંછી અને ઘો પણે ઉત્પન્ન થાય છે (અર્થાત્ રાત્રિભોજન કરનારા મનુષ્યોને એવી નીચ યોનિમા જન્મ લેવો પડે છે) ૧૫

રાત્રિભોજનનો ત્યાગઃ—

चतुर्विध त्रियामाया–मशन स्यादमस्यकम् ।
यावज्जीव तत्प्रत्याख्यं, धर्मेच्छुभिरुपासकैः ॥ १६ ॥

उपदेशप्रासाद, स्तम ८, व्या० ११६

રાત્રિના સમયે [૧]ચારે પ્રકારનો આહાર અભક્ષ્ય ગણવામા આવ્યો છે, એટલા માટે ધર્મની ઇચ્છાવાળા ઉપાસકો–શ્રાવકો એ એનુ જીવન પર્યંત પચ્ચખાણ કરવુ જોઇએ ૧૬

ततो वैकालिक कार्य, मिताहारमनुत्सुकम् ।
घटिकाद्वयशेषेऽह्नि, कालौचित्याशनेन च ॥१७॥

विवेकविलास, चतुर्थ उल्लास, श्लो० ३

ત્યારપછી (દૈનિક વ્યાપાર સબંધી કામકાજ કર્યા પછી) બે ઘડી દિવસ શેષ રહે ત્યારે ઉત્સુકતા રહિતપણે, કાળને ઉચિત ભોજનવડે, પરિમિત આહારવાળુ વાળુ કરવુ (એટલે કે રાત્રિ પડ્યા પહેલા જ વાળુ કરવુ) ૧૭

૧ ચાર પ્રકારનો આહાર આ પ્રમાણે સમજવો —

૧ અશન એટલે-અનાજ, કઠોળ, શાક, મીઠાઇ, ઘી, દૂધ, દહી વિગેરે ભોજન તરીકે વપરાતા પદાર્થો, ૨ પાન એટલે પાણી વિગેરે, ૩ ખાદિમ એટલે લીલા તથા સૂકા ફળ, મેવો વિગેરે અને ૪ સ્વાદિમ એટલે મુખવાસ તથા દવા તરીકે વપરાતા સોપારી, તજ, લવીંગ, સુંઠ, કાળા મરી અજમો વિગેરે પદાર્થો

त्रयीतेजोमयो भानु-रिति वेदविदो विदुः ।
तत्करैः पूतमखिलं, शुभं कर्म समाचरेत् ॥ १८ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ५५ *

વેદના જાણનારા સૂર્યને (ઋગ્વેદ, યજુર્વેદ અને સામ વેદ) એ પ્રમાણે ત્રણે તેજથી ભરેલ કહે છે, તેથી તેના કિરણોએ કરી પવિત્ર થયેલ એવું સકળ શુભ કાર્ય કરવું (અર્થાત્ સમગ્ર શુભ કાર્ય દિવસે જ કરવું જોઈએ તો પછી ભોજનનું તો શું કહેવું ?) ૧૮

नैवाहुतिर्न च स्नानं, न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ, भोजनं तु विशेषतः ॥ १९ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ५६ *

રાત્રિએ અગ્નિમાં આહુતિ આપવાનું એટલે હોમ કરવાનું કહ્યું નથી, તેમ જ સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન અને દાન આપવાનું કહ્યું નથી તથા ભોજન કરવાનું તો વિશેષે કરીને કહ્યું નથી ૧૯

नोदकमपि पातव्यं, रात्रावत्र युधिष्ठिर ! ।
तपस्विना विशेषेण, गृहिणा च विवेकिनाम् ॥ २० ॥

मार्कन्डपुराण, अ० ३०, श्लो० २२

હે યુધિષ્ઠિર ! વિશેષે કરીને તપસ્વીઓએ તથા વિવેકી ગૃહસ્થીઓએ રાત્રિને સમયે જળ પણ પીવું નહીં જોઈએ (તો પછી ભોજનનું તો પૂછવું જ શું ?) ૨૦

રાત્રિભોજન ત્યાગનું ફળ:—

करोति विरतिं धन्यो यः सदा निशिभोजनात्।
सोऽर्धं पुरुषायुषस्य, स्यादवश्यमुपोषित. ॥ २१ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ६९.

જે ભાગ્યશાળી હમેશા રાત્રિભોજનથી વિરતિ કરે છે (એટલે રાત્રિભોજનનો ત્યાગ કરે છે) તે પોતાના આયુષ્યનો અરધો ભાગ ઉપવાસી થાય છે (અર્થાત્ અરધી જીંદગી જેટલા ઉપવાસનુ તેને મહાન્ ફળ મળે છે) ૨૧

अह्नो मुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन्।
निशाभोजनदोषज्ञो-ऽश्नात्यसौ पुण्यभाजनम् ॥ २२ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ६३

રાત્રિભોજનના દોષનો જાણકાર જે મનુષ્ય દિવસની આદિમા તથા દિવસને છેડે બબ્બે ઘડી ત્યજીને ભોજન કરે છે તે પુણ્યનુ ભાજન થાય છે ૨૨

नक्तं न भोजयेद्यस्तु, चातुर्मास्ये विशेषतः।
सर्वकामानवाप्नोति, इह लोके परत्र च ॥ २३ ॥

योगवासिष्ठ, पूर्वार्ध, श्लो० १०८

જે મનુષ્ય રાત્રે ભોજન કરતો ન હોય અને વિશેષે કરીને ચાતુર્માસમા (રાત્રે) ભોજન કરતો ન હોય, તે આ ભવ તથા પરભવમા સર્વ મનોરથને પ્રાપ્ત કરે છે ૨૩

एकभक्ताशनान्नित्य-मग्निहोत्रफल लभेत् ।
अनस्तभोजनो नित्य, तीर्थयात्राफल भजेत् ॥ २४ ॥

स्कन्द पु०, स्कन्ध ७, अ० ११, श्लो० २३

જે માણસ હમેશા એક વાર ભોજન કરે, તે અગ્નિહોત્રના ફળને પામે છે, અને જે હમેશા સૂર્યાસ્ત પહેલા ભોજન કરે (અર્થાત્ રાત્રિભોજનનો ત્યાગ કરે) છે, તે તીર્થયાત્રાનુ ફળ પામે છે ૨૪

ये रात्रौ सर्वदाऽऽहार, वर्जयन्ति सुमेधस ।
तेषा पक्षोपवासस्य, फल मासेन जायते ॥ २५ ॥

महाभारत, शांतिपर्व, श्लो० १६.

જે સારી બુદ્ધિવાળા માણસો સર્વદા રાત્રિએ આહારનો ત્યાગ કરે છે, તેમને એક મહિના (સુધી રાત્રિભોજનનો ત્યાગ કરવા) થી પદર ઉપવાસનુ ફળ પ્રાપ્ત થાય છે ૨૫.

पंदर कर्मादान (२१)

૫૬૨ કર્માદાનનાં નામ—

अगार-वन-शकट-भाटक-स्फोटजीविका ।
दन्त-लाक्षा-रसकेश-विषवाणिज्यकानि च ॥ १ ॥

यन्त्रपीडा निर्लांछनमसतीपोषणं तथा ।
दवदानं सरःशोष इति पंचदश त्यजेत् ॥ २ ॥

उपदेशप्रासाद, स्तंभ ९, व्या० १२३

૧ અંગારકર્મ (એટલે કોયલા ઉત્પન્ન કરવા, ચૂનો પકાવવો વિગેરે અગ્નિ સંબંધી કામકાજ), ૨ વનકર્મ (એટલે વન વેચાતા રાખવા, વેચવા, કપાવવા વિગેર વન સંબંધી કામ), ૩ શકટકર્મ (એટલે ગાડા, ગાડીયો વિગેરે સંબંધી કામકાજ), ૪ ભાટકકર્મ (એટલે ગાડા, બળદ, ઘોડા વિગેરે રાખીને એ ભાડે આપવા સંબંધી કામકાજ), ૫ સ્ફોટકકર્મ (એટલે કુવા ગળાવવા, જમીન ખોદાવવી વિગેરે ફોડવા સંબંધી કામ), એ પાંચ કર્મથી પોતાની આજીવિકા કરવી, ૬ દંતવાણિજ્ય (એટલે હાથી વિગેરેના દાંતનો વ્યાપાર કરવો), ૭ લાક્ષાવાણિજ્ય (એટલે લાખ વિગેરેનો વ્યાપાર કરવો), ૮ રસવાણિજ્ય (એટલે ઘી તેલ વિગેરે રસવાળી-ચીકણી વસ્તુઓનો વ્યાપાર કરવો)

૯ કેશવાણિજ્ય (એટલે પશુઓના વાળ કે પક્ષિઓના પીંછા વિગેરેનો વ્યાપાર કરવો), ૧૦ વિષવાણિજ્ય (અફીણ સોમલ વિગેરે પ્રકારના ઝેરનો વ્યાપાર કરવો), આ પાચ પ્રકારનો વ્યાપાર કરવો, ૧૧ યત્રપીલણ (એટલે તેલ વિગેરે પીલવા ઘાણી વિગેરે યત્રો ચલાવવા), ૧૨ નિર્લાછન (એટલે બળદ, પાડા વિગેરેની ખસી-યાને ઇંદ્રિય છેદન-કરવી), ૧૩ અસતીપોષણ (એટલે કુલટા સ્ત્રી યા અયોગ્ય વ્યક્તિનુ પોષણ કરવુ) ૧૪ દવદાન (એટલે વન વિગેરેમા દાવાનળ લગાડવો), ૧૫ સરશોષણ (એટલે તળાવ, વાવ, કુવા, ઝરણા વિગેરે સુકવવા), આ પદર-કર્માદાન-કર્મ ઉપાર્જન કરવાના કારણો-નો ત્યાગ કરવો જોઇએ ૧, ૨

अङ्गारकर्मप्रमुखाणि पञ्च, कर्माणि दन्तादिक विक्रयाणि।
विहाय शुद्धव्यवसायकश्च, गृही प्रशस्यो जिनशासनेऽस्मिन् ॥३॥

उपदेशप्रासाद, स्तम्भ ९, व्या० १२३

અગારકર્મ વિગેરે પાચ પ્રકારના કર્મ અને દતવાણિજ્ય વિગેરે પાચ પ્રકારના વાણિજ્યને છોડીને શુદ્ધ વ્યાપાર કરનાર ગૃહસ્થ આ જિનશાસનમા પ્રશસા કરવા યોગ્ય થાય છે. ૩

રસ તથા વિષના વ્યાપારનુ ફળ—

कन्याविक्रयिणश्चैव, रसविक्रयिणस्तथा ।
विषविक्रयिणश्चैव, नरा निरयगामिन ॥ ४ ॥

उपदेशप्रासाद ...

જે માણસો કન્યાવિક્રય કરનારા હોય, જે (ઘી તેલ વિગેરે) એનુ વેચાણ કરનાર હોય અને જે (અફીણ, સોમલ વિગેરે) વિષનો વેપાર કરનારા હોય તે નરકે જાય છે ૪

તલના વ્યાપારનુ ફળ:—

तिलवल्लघुता तेषा, तिलवत्क्षुद्रता पुनः ।
तिलवच्च निपीड्यन्ते, ये तिलव्यवसायिन॰ ॥ ५ ॥

शिवपुराण, ज्ञानसंहिता, अ० ९३, श्लो० ८५

જેઓ તલનો વેપાર કરે છે, તેઓ તલની જેમ લઘુતાને પામે છે, તલની જેમ ક્ષુદ્રતાને પામે છે, અને તલની જેમ પીલાય-પીડાય છે ૫

ઘાણીના ધંધાનુ ફળ:—

तिलयन्त्र तु कुर्वन्ति, तिलसंख्या नराधिप ।
तावद्वर्षसहस्राणि, रौरवे परिपच्यते ॥ ६ ॥

शिवपुराण, ज्ञानसंहिता, अ० १३, श्लो० ८९.

હે રાજા ! જેઓ તિલયંત્ર કરે છે એટલે તલની ઘાણીનો ધંધો કરે છે, તેઓ જેટલા સંખ્યાવાળા તલને પીલે છે તેટલા હજાર વર્ષ સૂધી રૌરવ નામના નરકમા પચાય છે દુઃખ પામે છે ૬

પાપમય વસ્તુના વ્યાપારનું ફળ—

नीलीमदनलाक्षाज्य-प्रभृताग्निविषादयः ।
अनर्थकारिणस्त्याज्या, बहुदोषा मनीषिभिः ॥ ७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ८०३

ગળી, મીણ, લાખ, લોઢું, અગ્નિ (અગ્નિજનક દ્રવ્યો) અને વિષ વિગેરે બહુ દોષવાળા અને મોટા અનર્થને કરનારા હોવાથી તેનો (તેના વ્યાપારનો) બુદ્ધિશાળી પુરુષોએ ત્યાગ કરવો ઘટે ૭

स्थापयेत् फाल्गुनादूर्ध्वं, न तिलानतसीमपि ।
गुडखुप्परकादीनि, जन्तुमन्ति घनागमे ॥ ८ ॥

उपदेशप्रासाद, स्तम्भ ९, व्या० १२४ ❀

ફાગણ માસ પછી તલ કે અળસી રાખવી નહિ, તેમજ ગોળ કે ટોપરા વિગેરે પણ રાખવા નહિ, કારણકે, વર્ષાકાળમાં તેમાં જીવોત્પત્તિ થવાથી ઘણા જીવોની હિંસા થાય છે ૮

रोगमार्गश्रमौ मुक्त्वा, स्वापश्च सकला निशाम् ।
एवमादि परिहरत्, प्रमादाचरण सुधी• ॥ ४ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ७८–७९–८०

કુતૂહલથી ગાયન, નાચ અને નાટકાદિ જોવા, કામશાસ્ત્રમા આસક્તિ રાખવી, જુગાર તથા મદિરા વિગેરેનુ સેવન કરવુ, જળમા ક્રીડા કરવી, હિંચોળા વિગેરેથી વિનોદ કરવો, જનાવરોના યુદ્ધ કરાવવા, શત્રુના પુત્રાદિ સાથે વૈર બાણવુ, ભોજન, સ્ત્રી, દેશ અને રાજાની કથા કરવી, તથા રોગ અને રસ્તાના પરિશ્રમ સિવાય આખી રાત્રિ સૂઈ રહેવુ, એ આદિ પ્રમાદના આચરણનો બુદ્ધિમાન પુરૂષે ત્યાગ કરવો જોઇએ (કારણકે આ બધા અનર્થના કારણ હોઇ અશુભ કર્મબંધ કરાવે છે) ૨, ૩, ૪

जीव कुलेषु स्थानेषु, मज्जनादिविधापनम् ।
रसादीपादिपात्राणि, आलस्यात स्थग्यते न हि ॥ ५ ॥

उल्लोच नैव बध्नाति, स्थाने महानसादिके ।
सर्वमेतत् प्रमादस्याचरणमभिधीयते ॥ ६ ॥

उपदेशप्रासाद भा०, स्तभ ९, व्या० १३४

જીવ જતુઓથી ભરેલી જગ્યાએ ન્હાવા વિગેરેની ક્રિયા કરવી, ઘી, તેલ, દીવો, (કઇ ભરેલા) વાસણ વિગેરે ન ઢાકવા, રસોડા, પાણીયારા વિગેરે સ્થળોએ ચદરવો ન બાધવો, આ બધાને પ્રમાદનુ આચરણ કહેવામા આવે છે (અને તે નિરર્થક જતુઓની હિંસા-અનર્થદડ-નુ કારણ હોઈ, મહ પાપમય છે) ૫, ૬

शारिकाशिखिमार्जार-ताम्रचूडशुकादयः ।
अनर्थकारिणस्त्याज्या, बहुदोषा मनीषिभिः ॥ ७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ८०७

મેના, મોર, બિલાડી, કુકડા અને પોપટ આદિ મહા-અનર્થ કરનારા અને બહુદોષવાળા હોવાથી બુદ્ધિશાળી પુરુષોએ તેઓનો ત્યાગ કરવો જોઇએ

कुतूहलान्नृत्यप्रेक्षा, कामग्रंथस्य शिक्षणम् ।
सुधी' प्रमादाचरण-मेवमादि परित्यजेत् ॥ ८ ॥

उपदेशप्रासाद भा०, स्तंभ ९, व्या० १३५

કૌતુકની દૃષ્ટિથી નાચ જોવાનો, કામશાસ્ત્ર વિગેરે કામ-વિષયના પુસ્તકના શિક્ષણનો અને પ્રમાદયુક્ત આચરણ આદિક (અનર્થના કારણો)નો ડાહ્યા માણસે ત્યાગ કરવો જોઇએ ૮

आर्तं रौद्रमपध्यानं, पापकर्मोपदेशिता ।
हिंसोपकारिदानं च, प्रमादाचरणं तथा ॥ ९ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ७३

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ દુર્ધ્યાન કરવું, પાપમય કાર્યનો ઉપદેશ આપવો, જેનાથી હિંસાને ઉત્તેજન મળે એવા પ્રકારની (ઘંટી, સાંબેલું વિગેરે) વસ્તુઓનું દાન અને પ્રમા — દાદિક આચરણ (... અનર્થદંડના કારણો છે) ૯

संयुक्ताधिकरणत्व-मुपभोगातिरिक्तता ।
मौखर्यमथ कौकुच्य, कन्दर्पोऽनर्थदण्डगा. ॥ १० ॥

उपदेशप्रासाद भा०, स्तम १०, व्या० १३६

દળવા વિગેરેના અધિકરણો-સાધનો જોડેલાજ-તૈયારજ રાખવા, પોતાના ઉપભોગની વસ્તુઓમા (નકામો) વધારે કરવો, અતિવાચાળપણુ રાખવુ અને કુચેષ્ટા કરવી આ અનર્થદંડના કારણ છે (એટલે કે આ બધાથી, નિરર્થક પ્રવૃત્તિને કારણે, પાપનો બધ થાય છે) ૧૦

ચાર વિકથા—

राज्ञा स्त्रीणा च देशाना, भक्ताना विविधा कथा ।
सग्राममरूपनद्वस्तु-स्वाद्याद्या विकथा स्मृता ॥ ११ ॥

उपदेशप्रासाद भा०, स्तम ९, व्या० १३३

રાજાના યુદ્ધ સબધી કથા તે રાજકથા, સ્રીના રૂપ વિગેરે સબધી ચર્ચા તે સ્રીકથા, દેશની સારી ખોટી વસ્તુની ચર્ચા તે દેશકથા અને ભોજનના સ્વાદ વિગેરેની ચર્ચા તે ભક્તકથા એમ જુદા જુદા પ્રકારની ચાર વિકથાઓ કહી છે ૨૨

सामायिक (२३)

સામાયિકનુ સ્વરૂપઃ—

त्यक्तार्तरौद्रध्यानस्य, त्यक्तसावद्यकर्मण ।
मुहूर्त समता या ता, विदुः सामायिकव्रतम् ॥ १ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ८२.

જેણે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ત્યજ્યુ છે, તથા જેણે સાવદ્ય (પાપમય) કર્મ ત્યજ્યુ છે, એવા ગૃહસ્થની જે મુહૂર્ત પર્યંતની સમતા, તેને સામાયિકવ્રત કહ્યુ છે ૧

समता सर्वभूतेषु, सयमः शुभभावना ।
आर्त्तरौद्रपरित्याग–स्तद्धि सामायिक व्रतम् ॥ २ ॥

अष्टाह्निका

સર્વ પ્રાણીઓને વિષે સમભાવ રાખવો, સયમ કરવો, શુભ ભાવના ભાવવી, અને આર્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરવો, તે સામાયિક વ્રત કહેવાય છે ૨

मुहूर्त्तावधिसावद्य–व्यापारपरिवर्जनम् ।
आद्य शिक्षाव्रत सामा–यिक स्यात् समताजुषा ॥ ३ ॥

उपदेशप्रासाद, द्वि० भा०, पृ० ९०, (प्र त)

એક મુહૂર્ત (બે ઘડી) સુધી, સર્વ સાવદ્ય-પાપયુક્ત વ્યાપારનો ત્યાગ કરવો તે, સમતાને સેવનારા પુરૂષોનુ સામાયિક નામનુ શિક્ષાવ્રત છે, ૩

સામાયિકના પ્રકાર —

सामायिकं स्यात्त्रिविधं, सम्यक्त्वं च श्रुतं तथा ।
चारित्रं तृतीयं तच्च, गृहिकमनगारिकम् ॥ ४ ॥

उपदेशप्रासाद भा०, स्तंभ १०, व्या० १४०

સામાયિક ત્રણ પ્રકારનુ છે (૧) સમ્યક્ત્વ સામાયિક, (૨) શ્રુત સામાયિક અને (૩) ચારિત્ર સામાયિક (તેમાય) ચારિત્ર સામાયિક બે પ્રકારનુ સમજવુ પહેલુ ગૃહસ્થનુ સામાયિક અને બીજુ સાધુઓનુ ચારિત્ર ४

સામાયિકનો વિધિઃ—

धर्मोपकरणान्यत्र, पञ्चोक्तानि श्रुतोदधौ ।
तदालम्ब्य विधातव्यं, सामायिकं शुभास्तिकैः ॥ ५ ॥

उपदेशप्रासाद भा०, स्तंभ १०, व्या० १४३

આ આગમરૂપી સમુદ્રને વિષે ધર્મના પાચ ઉપકરણો કહ્યા છે, તેનુ આલબન કરીને શુભ આશયવાળા આસ્તિક જનોએ સામાયિક કરવુ યોગ્ય છે (આ પાચ ઉપકરણો આ પ્રમાણે સમજવા પહેલુ સ્થાપનાચાર્ય, બીજુ મુહપત્તિ, ત્રીજુ નવકારવાળી, ચોથુ ચરવળો અને પાચમુ કટાસણું) ५

सर्वारंभ परित्यज्य, कृत्वा द्रव्यादिशोधनम् ।
आवश्यकं विधातव्यं, व्रतवृद्ध्यर्थमुत्तमैः ॥ ६ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ८०६

દરેક પ્રકારના આરંભ સમારંભનો (એટલે કે, સાવદ્ય યોગનો) ત્યાગ કરીને, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની શુદ્ધિ કરીને, પોતાના વ્રતની વૃદ્ધિ કરવાને માટે, ઉત્તમ પુરુષોએ આવશ્યક (એટલે કે છ આવશ્યકમાંનુ સામાયિક નામનું આવશ્યક) કરવું જોઈએ ૬

સાચુ સામાયિકઃ—

द्वात्रिंशद्दोषनिर्मुक्तं, सामायिकमुपासकैः ।
विधिपूर्वमनुष्ठेयं, तेनैव फलमश्नुते ॥ ७ ॥

उपदेशप्रासाद भा०, स्तंभ १०, व्या० १४७

શ્રાવકોએ, બત્રીશ દોષ રહિત સામાયિક, વિધિ પૂર્વક, કરવુ જોઈએ કારણકે એવું (સામાયિક) કરવાથી જ ફળ પ્રાપ્ત થાય છે ૭

સમતાનો અર્થ –

इतो रागमहाम्भोधि-रितो द्वेषदवानलः ।
यस्तयोर्मध्यगः पथा, तत्साम्यमिति गीयते ॥ ८ ॥

उपदेशप्रासाद भा०, स्तंभ १०, व्या० १३८

नदव सर्वगुणस्थान, पदार्थाना नभ इव ।
दुष्टकर्मविघातेन, सुध्यानतस्तथा भवेत् ॥ १४ ॥

उपदेशप्रासाद भा०, स्तभ १०, व्या० १४१

જેમ બધાય પદાર્થોનુ સ્થાન આકાશ છે તેમ બધાય ગુણોનુ સ્થાન એ (સામાયિક) છે કારણકે (એમા) દુષ્ટ કર્મોનો નાશ થાય છે અને શુભ ધ્યાનની પ્રાપ્તિ થાય છે ૧૪

दान सदा यच्छति मार्गणेभ्य ,
सुवर्णभूमे र्नृपतिश्च कश्चित् ।
ततोऽप्यधिक गदित मुनीन्द्रै ,
सामायिके पुण्यमतो विधेयम् ॥ १५ ॥

उपदेशप्रासाद, द्वि० भा०, पृ० ९१ (प्र० स०)

કોઈ રાજા વિગેરે સ્વામી, હમેશા યાચક જનોને સુવર્ણ પૃથ્વીનુ દાન કરે ત પુણ્યથી પણ મુનીશ્વરોએ સામાયિકનુ પુણ્ય અધિક કહ્યુ છે, તેથી હમેશા સામાયિક કરવુ જોઈએ ૧૫

देशसामायिक श्राद्धो, वितन्वन् घटिकाद्वयम् ।
द्रव्यादीना व्ययाभावा-दहो पुण्य महद्भवेत् ॥ १६ ॥

उपदेशप्रासाद, भा० ?, पृ० १००

બે ઘડી-૪૮ મીનીટ-પ્રમાણ દેશ સામાયિકને કરનાર શ્રાવક અહો ! કાઈ પણ ધનાદિકના ખર્ચ વિના જ મોટુ પુણ્ય ઉપાર્જન કરે છે ૧૬

देशावकाशिक (२४)

દેશાવકાશિકવ્રતનું સ્વરૂપઃ—

> દિગ્વ્રતે પરિમાણં યત્, તસ્ય સંક્ષેપણં પુનઃ ।
> દિને રાત્રૌ ચ દેશાવ-કાશિકવ્રતમુચ્યતે ॥ ૧ ॥
>
> યોગશાસ્ત્ર, તૃ૦ પ્ર૦, શ્લો૦ ૮૪.

દિશાપરિમાણવ્રત ગ્રહણ કરતી વખતે (દશે) દિશાઓમાં જવાઆવવાની ભૂમિનું જે પરિમાણ રાખ્યું હોય, તેનો દિવસે તથા રાત્રે સંક્ષેપ કરવો, તે દેશાવકાશિક વ્રત કહેવાય છે.+

દેશાવકાશિકવ્રતના અતિચાર —

> પ્રેષ્યપ્રયોગાનયનં, પુદ્ગલક્ષેપણં તથા ।
> શબ્દરૂપાનુપાતૌ ચ, વ્રતે દેશા-વકાશિકે ॥ ૨ ॥
>
> ઉપદેશપ્રાસાદ ભા૦, સ્તમ્ભ ૧૦, વ્યા૦ ૧૪૬.

+ દિગ્વ્રત અને દેશાવકાશિકવ્રતમાં ફેર એટલો છે કે દિગ્વ્રતમાં ગ્રહણ કરેલ જવા આવવાની ભૂમિની મર્યાદા, આખી જીંદગી સુધી પાળવાની [illegible] એકવાર હોય છે, જ્યારે દેશાવકાશિકવ્રતમાં દરરોજ, દિવસ અને રાત્રિ માટે પોતાની જરૂરીઆત પ્રમાણે, ઓછી [illegible] વધતી મર્યાદા રાખવાની હોઈ, તે જુદી જુદી પડે છે.

(ઉપર કહ્યુ તે પ્રમાણે દેશાવકાશિક વ્રતમા દિવસ અને રાતની જવા આવવાની હદની મર્યાદા બાધ્યા પછી માણસ પોતાની નિયમિત ભૂમિમા રહેતા છતા) નોકર વિગેરેને (પોતાના કામ માટે પોતાની મર્યાદિત ભૂમિમાથી) બહાર મોકલે, બહારની ભૂમિમાથી (બીજા પાસે) કઈ મગાવે, કઇ પણ કાકરો કે એવી કોઇ ચીજ નાખીને બીજાનુ ધ્યાન પોતા તરફ ખેચે, ખોખારો ખાઇને કે એવો કોઇ શબ્દપ્રયોગ કરીને બીજાને પોતાના તરફ આકર્ષે અથવા તો પોતાનુ રૂપ બતાવીને બીજાને પોતાની પાસે બોલાવે, આ પાચમાથી ગમે તે કરવાથી, દેશાવકાશિકવ્રતમા ભગ થતો હોવાથી, એ પાચે એ વ્રતના અતિચાર કહ્યા છે ૨

पौषध (२५)

પૌષધનુ સ્વરૂપ–

चतुष्पर्व्यां चतुर्थादि, कुव्यापारनिषेधनम् ।
ब्रह्मचर्यं क्रियास्नाना–दित्यागः पौषधव्रतम् ॥ १ ॥

योगशास्त्र, तृ० प्र० श्लो० ८५.

આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા, એ ચાર પર્વમા ઉપવાસ વિગેરે તપ કરવો, સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવુ, અને સ્નાન વિગેરે શરીરની શોભાનો ત્યાગ કરવો, તે પૌષધવ્રત કહેલુ છે ૧

तपश्चतुर्थादि विधाय धन्य–मन्या नराः पर्वसु रचतुर्षु ।
व्यापारभार सकल सपाप, शरीरसत्कारमपि त्यजन्त. ॥ २ ॥
ब्रह्मव्रत तीव्रतर दधानाः, प्रमादहानेन यतेः समानाः ।
गृह्णन्ति यत्पौषधमेकचित्ता एकादशं तद्व्रतमामनन्ति ॥ ३ ॥

नरवर्मचरित्र

પોતાના આત્માને ધન્ય માનનારા પુરૂષો, ચાર પર્વને વિષે ઉપવાસ વિગેરે તપને અંગીકાર કરી, સમગ્ર પાપ સહિત વ્યાપારનો ત્યાગ કરી, શરીરના સત્કારનો–શોભાનો–પણ ત્યાગ કરી, તીવ્ર [illegible] ને–ધારણ કરી [illegible]

કરી તથા ચિત્તને એકાગ્ર રાખી, જે પૌષધ વ્રતને ગ્રહણ કરે છે, તે અગ્યારમું વ્રત કહેવું છે ૨, ૩

चत्वारि सन्ति पर्वाणि, मासे तेषु विधीयते ।
उपवास सदा यस्तत्, पौषधव्रतमीयते ॥ ४ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ८७८

એક મહિનામા ચાર પર્વો (બે આઠમ અને બે ચઉદશ) કહેલા છે એ(પર્વ દિન ા)મા ઉપવાસ કરવો એને પૌષધ વ્રત કહે છે ૪

પૌષધનુ વિધાન —

चतुर्दश्यष्टमीराको-द्दिष्टापर्वसु पौषध ।
विधेयः सौधस्थेनेत्थ, पर्वण्याराधयेद्गृही ॥ ५ ॥

उपदेशप्रासाद, भाग १, पृ ११८ (प्र स)

ચૌદશ, આઠમ, પુનમ અને અમાસની તિથિએ પોતાના ઘરમા રહીને (પણ) પૌષધ કરવો જોઇએ, (અને) આ પ્રમાણે શ્રાવકે પર્વની આરાધના કરવી જોઇએ ૫

गृहिणोऽपि हि धन्यास्ते, पुण्य ये पौषधव्रतम्,
दुष्पाल पालयन्त्येव, यथा स चुलनीपिता ॥ ६ ॥

योगशास्त्र, टी० प्र०, श्लो० ८६

તે ગૃહસ્થો પણ ધન્ય છે કે જેઓ દુ ખે પાળી શકાય એવા પવિત્ર પૌષધવ્રતને ચુલનીપિતાની માફક પાળે છે ૬

सर्वारम्भपरित्यागात्, पाक्षिकादिषु पर्वसु ।
विधेय पौषधोऽजस्र–मिव सूर्ययशा नृप ॥ ७ ॥

उपदेशप्रासाद, भाग २, पृ १२० (प्र स)

(ચૌદશ વિગેરે) પાક્ષિકાદિક તિથિને વિષે સર્વ આરંભનો ત્યાગ કરીને સૂર્યયશા રાજાની જેમ, નિરંતર પૌષધ કરવો જોઈએ ૭

सर्वेष्वपि तपोयोग, प्रशस्त' कालपर्वसु ।
अष्टम्या पञ्चदश्या च, नियत पौषध वसेत् ॥ ८ ॥

उत्तराध्ययनसूत्र, पृ २१३ (वि ध ल)*

સર્વે પર્વતિથિને વિષે તપ કરવો શ્રેષ્ઠ છે તેમા પણ આઠમ અને પુનમ (તથા અમાવાસ્યાએ) અવશ્ય પૌષધ કરવો જોઈએ ૮

પૌષધના પ્રકાર.—

पोषं धर्मस्य धत्ते यत्, तद्भवेत् पौषधव्रतम् ।
तच्चतुर्धा समाख्यात–माहारपौषधादिकम् ॥ ९ ॥

उपदेशप्रासाद, भाग २, पृ ११६ (प्र स)

જે ધર્મની પુષ્ટિને ધારણ કરે છે, તે પૌષધવ્રત કહેવાય છે, તે આહારપૌષધ વિગેરે ચાર પ્રકારનું કહેલુ છે (આહારપૌષધ, શરીરસત્કારપૌષધ, બ્રહ્મચર્યપૌષધ અને અવ્યાપારપૌષધ)

अहोरात्रदिवारात्रि-भेदात् त्रेधा च पौषधः ।
तत्र चत्वारि कार्याणि, विचार्याणि विचक्षणैः ॥ १० ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लो० २८

દિવસરાત્રિનો, દિવસનો અને રાત્રિનો, એની રીતે ત્રણ ભેદે ત્રણ પ્રકારનો પૌષધ છે તે પૌષધમા વિચક્ષણ શ્રાવકોએ ચાર કાર્યોનો વિચાર કરવો ૧૦ (તે આ પ્રમાણે—)

પૌષધમા શુ કરવુ.—

चतुर्थादि तप पाप-व्यापारपरिवर्जनम् ।
ब्रह्मचर्यं परित्याग , शरीरसस्कृतेरपि ॥ ११ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लो० २९

ઉપવાસ વિગેરે કોઇપણ તપ, પાપપૂર્ણ વ્યાપારનો ત્યાગ, બ્રહ્મચર્યનુ પાલન અને શરીરસસ્કારનો એટલે શરીરને વસ્ત્ર આભૂષણાદિકથી શણગારવાનો પણ ત્યાગ ૧૧

पर्याया सन्ति ये चाष्टौ, निर्धार्य सूरिभि कृताः ।
प्रतिक्रमणशब्दस्य, कार्यं तत् पौषधे मुदा ॥ १२ ॥

उपदेशप्रासाद भा०, स्तभ ११, व्या० १५३

જે પ્રતિક્રમણ શબ્દના આચાર્ય મહારાજાઓએ નિશ્ચય કરીને આઠ પર્યાય કરેલા છે, તે પ્રતિક્રમણ, પૌષધ કર્યો હોય ત્યારે, હર્ષ પૂર્વક, કરવુ જોઇએ. ૧૨

प्रतिक्रमणश्रुतस्कध-मिर्यापथिक तथा ।
प्रतिक्रम्य क्रियाः सर्वा, विधेया पौपधादिकाः ॥१३॥

उपदेशप्रासाद भा०, स्तम्भ ११, व्या० १५८

પૌષધાદિક ક્રિયાઓ, પ્રતિક્રમણ શ્રુતસ્કધ, કે જેનું બીજુ નામ ઇર્યાપથિકી એટલે ઇરીયાવહી છે તે, પડિકમીને પછી કરવી ૧૩

પૌષધમા શુ ન કરવુ:—

पौपधग्रहणायुक्तै-र्विधेय धीधनैर्जनै ।
न पर्वसु च वस्त्रादि-धावन शीर्पशोधनम् ॥ १४ ॥

हलादिखेटन यन्त्र-वाहन गृहलिम्पनम् ।
पुष्पपत्रफलादीना, त्रोटन मोटन तथा ॥ १५ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लो० ३०—३१

પર્વદિવસોમા પૌષધ ગ્રહણ કરીને ઉપયોગયુક્ત થયેલા બુદ્ધિમાન મનુષ્યોએ વસ્ત્રાદિ ધોવાનું કાર્ય કે મસ્તક સમાર વાનુ કામ ન કરવુ તેમજ હળ વિગેરેથી ખેડવુ નહિ, યત્ર (ઘાણી વિગેરે) ચલાવવુ નહિ, ઘર લિંપવુ નહિ તથા ફૂલ, પાદડા કે ફળ વિગેરેને તોડવા કે મોડવા નહિ ૧૪, ૧૫

પૌષધ કરવાનુ કારણ:—

विधेय सर्वपापाना, मथनायैव पौपधः ।
सद्यः फलत्यसौ शुद्ध्या, महाशतकश्रेष्ठिवत् ॥ १६ ॥

उपदेशप्रासाद, भा० ३, पृ ९० (प्र स

સર્વ પાપોનુ મથન કરવા માટે પૌષધ કરવા જ જોઇએ તે પૌષધ મન વિગેરેની શુદ્ધિવડે કરવાથી મહાશતક શેઠની જેમ તે તત્કાળ ફળ આપે છે ૧૬

पोष पुष्टिं च धर्मस्य, दधातीत्यर्थसश्रयात ।
कर्तव्य पौपध पर्व-दिनेपु श्राद्धपुङ्गवै ॥ १७ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लो० २७

" જે ધર્મની વૃદ્ધિ અને પુષ્ટિ કરે તે પૌષધ " એ પ્રમાણે પૌષધ શબ્દનો અર્થ થતો હોવાથી (પોતાના ધર્મની વૃદ્ધિ અને પુષ્ટિ કરવાના હેતુથી) ઉત્તમ શ્રાવકોએ, પર્વ દિવસોમા, પૌષધ કરવો જોઇએ ૧૭

પૌષધનુ ફળ —

पौपधेन पुमानेक, पवित्रयति यो दिनम् ।
आयुर्देवेपु बध्नाति, पल्योपममित यथा ॥ १८ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लो० ३२.

જે પુરૂષ પૌષધવડે એક પણ દિવસને પવિત્ર કરે છે, તે દેવલોકનુ પલ્યોપમપ્રમાણ આયુષ્ય બાંધે છે (માત્ર એક દિવસના પૌષધનુ આટલુ મહાન્ ફળ મળે છે તો પછી, દરેક પર્વના દિવસે પૌષધ કરવાના ફળનુ તો કહેવુ જ શુ ?) ૧૮

उपवास (२६)

ઉપવાસનુ સ્વરૂપ:—

त्यक्तभोगोपभोगस्य, सर्वारम्भविमोचिनः ।
चतुर्विधाशनत्याग, उपवासो मतो जिनै• ॥ १ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ८०९

દરેક પ્રકારના ભોગ તથા ઉપભોગ નો ત્યાગ કરનાર અને બધા આરભ સમારભને-દૂર કરનાર માણસનો જે ચારે પ્રકારના (અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ) આહારનો ત્યાગ, તેને જિનેશ્વર ભગવાને ઉપવાસ માન્યો છે (એટલે કે ઉપવાસમા ચારમાથી કોઈપણ પ્રકારનો આહાર ન કરી શકાય) ૧

ઉપવાસમા શુ ન કરવુ :—

असकृज्जलपानात्तु, ताम्बूलस्य च भक्षणात् ।
उपवासः प्रदूष्येत, दिवास्वापाच्च मैथुनात् ॥ २ ॥

विष्णुभक्तिचद्रोदय, श्लो० १७७

વારવાર જળ પીવાથી, તાબૂલનુ ભક્ષણ કરવાથી, દિવસે સુવાથી તથા મૈથુન સેવવાથી ઉપવાસ દૂષિત થાય છે (ઉપવાસમા આ સર્વ ત્યાગ કરવા લાયક છે.) ૨

पुष्पाणि क्षारवस्त्राणि, गन्धमाल्यानुलेपनम् ।
उपवासे न शुध्यन्ति, दन्तधावनमञ्जनम् ॥ ३ ॥

लघुशातातपस्मृति, पा १३०, श्लो० ७५

ઉપવાસને દિવસે પુષ્પ, ખારવસ્ત્ર, ગંધ માળા, અનુલેપન, (તેલ ચંદન વિગેરેનું ચોપડવું) દાતણ અને સ્નાન, આ સર્વ કરવા નહીં ૩

उपवासे तथा श्राद्धे, न खादेद् दन्तधावनम् ।
दन्ताना काष्ठसयोगो हन्ति सप्तकुलान्यपि ॥ ४ ॥

विष्णुपुराण, अध्याय २१, श्लो० ३२

ઉપવાસને દિવસે તથા શ્રાદ્ધને દિવસે દાતણ કરવુ નહીં કેમકે દાતને કાષ્ઠનો સંયોગ થાય તો તે સાત પેઢીને હણે છે ૪

સાચો ઉપવાસ:—

कषायविषयाहार-त्यागो यत्र विधीयते ।
उपवास स विज्ञेयः, शेष लङ्घनक विदु ॥ ५ ॥

જ્યા (ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વિગેરે) કષાયોનો, વિષય-કામવાસના-નો અને આહારનો ત્યાગ કરવામા આવે છે, તે ઉપવાસ જાણવો તે સિવાય બાકીનાને તો કેવળ લાંઘણુ જ સમજવી ५

उपावृत्तस्य पापेभ्यो, यस्तु वासो गुणैः सह ।
उपवास. स विज्ञेयः, सर्वभोगविवर्जित' ॥ ६ ॥

मार्गशीर्षएकादशी, श्लो० १७

પાપથી પાછા હઠેલા પુરૂષનુ ગુણોની સાથે જે વસવુ, તેને સર્વ ભોગથી રહીત એવો, ઉપવાસ જાણવો ૬

[एकादशी अने उपवास]

એકાદશીમાં ઉપવાસઃ—

एकादश्या न भुञ्जीत, पक्षयोरुभयोरपि ।
वनस्थयतिधर्मोऽय, शुक्लामेव सदा गृही ॥ ७ ॥

अग्निपुराण, अ० ५६, श्लो० ८९

બન્ને પક્ષને વિષે અગ્યારશને દિવસે ભોજન ન કરવુ, એ વાનપ્રસ્થ તથા યતિનો ધર્મ છે, અને ગૃહસ્થીએ શુકલ એકાદશીએ ભોજન કરવુ નહીં ૭

रटन्तीह पुराणानि, भूयो भूयो वरानने ! ।
न भोक्तव्य न भोक्तव्य, सम्प्राप्ते हरिवासरे ॥ ८ ॥

कात्यायनस्मृति, श्लो० ४४

હે ઉત્તમ મુખવાળી સ્ત્રી ! પુરાણો વારવાર પોકારીને કહે છે કે વિષ્ણુનો દિવસ-અગ્યારશ-પ્રાપ્ત થાય ત્યારે ભોજન ન કરવુ, ભોજન ન કરવુ ૮

गृहस्थो ब्रह्मचारी च, आहिताग्निस्तथैव च ।
एकादश्यां न भुञ्जीत, पक्षयोरुभयोरपि ॥ ९ ॥

अग्निपुराण, अ० ५१, श्लो० २०

ગૃહસ્થી, બ્રહ્મચારી અને જેણે અગ્નિ ધારણ કર્યો હો એવો યાજ્ઞિક-અગ્નિહોત્રી, આ સર્વેએ બન્ને પક્ષમાં અગ્યારશને દિવસે ભોજન કરવું નહીં ૯

उपवासे त्वशक्तानां-मशीतेरूर्ध्वजीविनाम् ।
एकभुक्तादिकं कार्ये-त्याह बोधायनो मुनिः ॥ १० ॥

स्मृतिचन्द्रोदय, पृ० ५४, श्लो० ८१

જેઓ ઉપવાસ કરવામાં અશક્ત હોય અને જેઓ એંશી વરસથી વધારે ઉમ્મરવાળા હોય, તેમણે (ઉપવાસના બદલે) એક વખત જમવું, એમ બોધાયન મુનિ કહે છે ૧૦

એકાદશીએ ઉપવાસ કેમ કરવો —

यानि कानि च पापानि, ब्रह्महत्यासमानि च ।
अन्नमाश्रित्य तिष्ठन्ति, संप्राप्ते हरिवासरे ॥ ११ ॥

कात्यायनस्मृति, श्लो० ३३०

બ્રહ્મહત્યા જેવા જે કોઇ મોટા પાપો છે તે વિષ્ણુનો દિવસ-અગ્યારશ-પ્રાપ્ત થાય ત્યારે અન્નનો આશ્રય કરીને રહે છે (એટલે અગ્યારશને દિવસે જે ભોજન કરે તેને તે પાપો વળગે છે તેથી તે દિવસે ઉપવાસ કરવો જોઇએ) ૧૧

એકાદશીના ઉપવાસનું ફળ:—

एकादश्युपवासस्य, कला नार्हन्ति षोडशीम् ।
एकत क्रतव• सर्वे, सर्वतीर्थतपांसि च ॥ १२ ॥

पद्मपुराण, ख० ४, अ० ९, श्लो० ३६

એક ઠેકાણે સર્વે યજ્ઞો, સર્વે તીર્થો અને સર્વે તપો રાખીએ, તો પણ તે સર્વે (નું પુણ્ય) એકાદશીના ઉપવાસ (ના પુણ્ય) ના સોળમા અંશને પણ લાયક નથી (એટલે કે એકાદશીના ઉપવાસના પુણ્ય પાસે તે સર્વનું પુણ્ય સોળમે ભાગે નથી) ૧૨

एकादशीं समासाद्य, निराहारा भवन्ति ये ।
तथा विष्णुपुरे शश्वत्, स्थानमेव न संशय' ॥ १३ ॥

पद्मपुराण, ख० ३, अ० १५, श्लो० २३

એકાદશીનો દિવસ પામીને જેઓ નિરાહાર થાય છે— આહારનો ત્યાગ કરે છે, તેઓને વિષ્ણુપુર-વૈકુંઠને વિષે હમેશાને માટે સ્થાન મળે છે તેમાં કાંઈ સંશય નથી ૧૩

એકાદશીએ ઉપવાસ ન કરવાનું પાપ:—

अष्टवर्षाधिको मर्त्यो, ह्यशीतिर्न हि पूर्यते ।
यो भुङ्क्ते मामके राष्ट्रे, विष्णोरहनि पापकृत् ॥ १४ ॥
स मे वध्यश्च, दण्ड्यश्च, निर्वास्यो विषयाद् बहि• ।

बृहन्नारदीयपुराण, अ० १६, श्लो० ८.

બે આઠમ, બે ચૌદશ, અમાસ અને પૂનમ, એ પ્રમાણે એક મહિનામા છ પર્વ જાણવા વિવેકી મનુષ્યોએ એ પર્વનું પાલન કરવુ २

पञ्चपर्वी तथा पक्षे, द्वितीया चैव पञ्चमी ।
अष्टम्येकादशी चैव, पूर्णिमा च तथा मता ॥ ३ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लोक २

વળી બીજ, પાચમ, આઠમ અગીઆરશ અને પૂનમ, એ પ્રમાણે એક પખવાડિયામા પાચ પર્વ માનેલા છે ३

अन्यान्यपि च ख्यातानि, वर्षे पर्वाण्यनेकशः ।
चतुर्मासिक षट् चा-ऽष्टाह्निका' पर्ववार्षिकम् ॥ ४ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लोक ३

વળી વરસમા બીજા પણ અનેક પર્વ પ્રસિદ્ધ છે જેવા કે, ત્રણ ચોમાસી, છ અટ્ઠાઈ, અને વાર્ષિક પર્વ-સવત્સરી ४

चतुर्दश्यष्टमी चैव, अमावास्या च पूर्णिमा ।
पर्वाण्येतानि राजेन्द्र ! रविसक्रान्तिरेव च ॥ ५ ॥

विष्णुपुराण, स्कध. ७, अ० १७, श्लोक ३४

હે રાજેદ્ર ! ચૌદશ, આઠમ અમાવાસ્યા, પૂર્ણિમા તથા સૂર્યની સક્રાતિના દિવસ, આ સર્વ પર્વ તિથિઓ છે ५

કઈ તિથિએ શું ન કરવું:—

दन्तकाष्ठममावास्या, चतुर्दश्या च मैथुनम् ।
हन्ति सप्त कुलान क्रूरा, तैलाभ्यङ्ग तथा व्रती ॥ ६ ॥

वृद्धशातातपस्मृति, श्लो० ५६

કોઈ પણ માણસ જે અમાવાસ્યાને દિવસે દતધાવન કરે, અને ચતુર્દશીની તિથિએ મૈથુનને સેવે, તથા વ્રતી (બ્રહ્મચારી, સન્યાસી તથા ઉપવાસાદિક વ્રતવાળો કોઈ પણ) તેલનુ મર્દન કરે એટલે શરીરે તેલ ચોળીને સ્નાન કરે, તો તે સર્વ પોતાની સાત પેઢીને હણે છે અર્થાત્ તેમને કુગતિમા નાખે છે (તાત્પર્ય એ છે કે આ તિથિએ આ કાર્યનો નિષેધ છે) ૬

तैलस्त्रीमामसंभोगी, पर्वस्वेतेषु वै पुमान् ।
विण्मूत्रभोजन नाम, प्रयाति नरक मृतः ॥ ७ ॥

महाभारत, विराटपर्व, अ० ३०, श्लो० ५३.

આ પર્વતિથિને વિષે જે પુરૂષ તેલ, સ્ત્રી અને માસનો ભોગવનાર થાય છે, તે મરીને વિણ્મૂત્રભોજન નામના નરકમા જાય છે ૭

चतुर्दश्या तथाऽष्टम्या, पञ्चदश्या तथैव च ।
तैलाभ्यङ्ग तथा भोग, योषितश्च विवर्जयेत् ॥ ८ ॥

स्कन्धपुराण, अ० ६९, श्लो० ७२

ચૌદશ, આઠમ અને પુનમ (તથા અમાસ) આ તિથિઃ તેલ ચોળીને સ્નાન તથા સ્ત્રીનો ભોગ વર્જવો જોઇએ ૮

પર્વતિથિએ રોનો ત્યાગ કરવોઃ—

फलपत्रादि शाकं च, त्यक्त्वा पुत्रधनान्वित ।
मधुरस्वरो भवेद्राज-न्नरो वै गुडवर्जनात् ॥ ९ ॥

मार्कंडपुराण, अ० १०, श्लो० १३

પર્વતિથિએ જે પુરૂષ ફળ, પત્ર વિગેરેનો તથા શાકનો ત્યાગ કરે છે, તે પુરૂષ પુત્ર અને ધનવડે યુક્ત થાય છે તથા હે રાજા ! ગોળને તજવાથી પુરૂષ મધુર સ્વરવાળો થાય છે (એટલે પર્વ દિવસે આનો ત્યાગ કરવો) ૯

तैलाभ्यङ्गं नरो यस्तु, न करोति नराधिप ! ।
बहुपुत्रधनैर्युक्तो रोगहीनस्तु जायते ॥ १० ॥

भविष्योत्तरपुराण, अ० ४३, श्लो० १०

હે રાજા (પર્વતિથિમાં) જે પુરૂષ તેલનું મર્દન નથી કરતો તે પુરૂષ ઘણા પુત્રો અને ધનવડે યુક્ત થાય છે, તથા રોગ રહિત થાય છે (એટલા માટે પર્વતિથિના દિવસે આનો ત્યાગ કરવો) ૧૦

दधिदुग्धपरित्यागा-द्गोलोकं लभते नरः ।
यामद्वयं जलत्यागा न्न रोगैः परिभूयते ॥ ११ ॥

मार्कंडपुराण, अ० ६, श्लो० ११

(પર્વતિથિએ) દહીં દૂધનો ત્યાગ કરવાથી મનુષ્ય ગોલોકમા જાય છે, તથા બે પ્રહર સુધી જળનો ત્યાગ કરે તો તે રોગથી પરાભવ પામતો નથી (એટલે પર્વતિથિએ આનો ત્યાગ કરવો) ૧૧

पुष्पादिभोगसत्यागात्, स्वर्गलोके महीयते ।
कट्वम्लतिक्तमधुरकषायक्षारजान् रसान् ॥ १२ ॥
यो वर्जयेत् स वैरूप्य, दौर्भाग्य नाप्नुयात्क्वचित् ।
ताम्बूलवर्जनाद्राजन् ! भोगी लावण्यमाप्नुयात् ॥१३॥

भविष्योत्तरपुराण, अ० ३८, श्लो० ८

પર્વતિથિએ પુરૂષ પુષ્પાદિકના ભોગનો ત્યાગ કરવાથી સ્વર્ગે જાય છે, કડવા, ખાટા, તીખા, મધુર, કષાય-તુરા અને ક્ષારવાળા પદાર્થોથી ઉત્પન્ન થયેલા રસોનો જે પુરૂષ ત્યાગ કરે છે, તે વિરૂપપણાને-કદરૂપપણાને અને દૌર્ભાગ્યને કદાપિ પામતો નથી, તથા હે રાજા ! તાંબૂલને વર્જવાથી ભોગી થાય છે અને લાવણ્યને પામે છે ૧૨, ૧૩

પર્વતિથિનુ ફળઃ—

शुभायुःकर्मबन्धाय, पर्वपालनमङ्गिनाम् ।
तेन सद्ध्यानदानादि-विषये स्थापयेन्मन ॥ १४ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लो० २१.

પર્વના દિવસોનું પાલન (એટલે તે દિવસે જપ, તપ વિગેરે) કરવુ એ પ્રાણીઓના શુભ આયુષ્યકર્મના બંધ માટે છે તેથી

(पर्व दिवसे) मनने शुभ ध्यान, दान विगेरे विषयमां परोववु जोइए १४

लभते संततिं दीर्घा, तापपक्वस्य वर्जनात् ।
भूमौ संस्तरशायी च, विष्णोरनुचरो भवेद् ॥ १५ ॥

भविष्योत्तरपुराण, अ० ४१, श्लो० ३२

(पर्वतिथिने दिवसे) तापथी पाकेला अन्ननो त्याग करवाथी, लांबी संतति-पुत्र पौत्रादिकनी श्रेणि प्राप्त थाय छे, तथा भूमि उपर संस्तर-सादडी उपर शयन करनारो पुरुष विष्णुनो सेवक थाय छे-विष्णुलोकमां जाय छे १५

कई तिथिनु शु फळ —

अष्टमी कर्मघाताय, सिद्धिलाभा चतुर्दशी ।
पञ्चमी केवलज्ञाना, तस्मात्त्रितयमाचरेत् ॥ १६ ॥

मौनएकादशीपर्वकथा, श्लो० ८९ (य म)

आठमनी तिथि (आठ) कर्मनो घात करनारी छे, चौदश सिद्धिनो लाभ करनारी छे अने पांचम केवळज्ञानने आपनारी छे, तेथी ते त्रणे तिथिनु आराधन करवु. १६

द्वितीया पञ्चम्यष्टम्येकादशी चतुर्दशी पञ्च तिथयः ।
एता श्रुततिथयो गौतमगणधरेण भणिताः ॥ १७ ॥

द्वितीया द्विविधे धर्मे पञ्चमी ज्ञाने चाष्टमी कर्मणि ।
एकादश्यङ्गाना चतुर्दशी चतुर्दशपूर्वाणाम् ॥ १८ ॥

सूक्तमुक्तावलि, पृ० १०, श्लो १-२ (हि , ह) *

બીજ, પાચમ, આઠમ, અગ્યારશ અને ચૌદશ આ પાચ તિથિઓને ગૌતમ ગણધરે શ્રુતતિથિઓ કહેલી છે તેમા બીજ બે પ્રકારના (સાધુ શ્રાવક) ધર્મને માટે છે, પાચમ જ્ઞાનને માટે છે, આઠમ આઠ કર્મના ક્ષયને માટે છે, અગ્યારશ અગ્યાર અગને માટે છે, અને ચૌદશ ચૌદ પૂર્વને માટે છે, (એટલે કે એ તિથિઓના આરાધ નથી તે તે વસ્તુનો લાભ થાય છે) ૧૭,૧૮

[चातुर्मास–पर्व]

ચાતુર્માસનુ કર્તવ્ય —

सामायिकावश्यकपौषधानि, देवार्चनस्नानविलेपनानि ।
ब्रह्मक्रियादानदयामुखानि, भव्याश्चतुर्मासकमण्डनानि ॥१९॥

सूक्तमुक्तावलि, पृ० १०, श्लो० ५

હે ભવ્ય પ્રાણીઓ ! સામાયિક, આવશ્યક-પ્રતિક્રમણ, પૌષધ, દેવપૂજા, સ્નાત્ર, વિલેપન, બ્રહ્મચર્ય, દાન અને દયા (અમારી પડહ) એ વિગેરે શુભ કાર્યો કરવા, તે ચતુર્માસના આભૂષણો છે ૧૯

व्याख्यानश्रवण जिनालयगतिर्नित्यं गुरोर्वन्दन,
प्रत्याख्यानविधानमागमगिरा चित्ते चिर स्थापनम् ।
कल्पाकर्णनमात्मशक्तितपसा सवत्सराराधन,
श्राद्धैः श्लाघ्यतपोधनादिति फल लभ्य चतुर्मासके ॥२०॥

सूक्तमुक्तावलि, पृ० १०, श्लो० ६

ચોમાસાના ચાર માસમા હમેશા ગુરૂ પાસે વ્યાખ્યાન સાભળવુ, જિનચૈત્યમા જઈ દર્શન તથા પૂજન વિગેરે કરવુ, ગુરૂને વદના કરવી, પ્રત્યાખ્યાન-પચ્ચખ્ખાણ કરવુ, આગમની વાણીને ચિત્તમા ચિરકાળ સુધી સ્થાપન કરવી, કલ્પસૂત્ર સાભળવુ, પોતાની શકિત પ્રમાણે તપ કરીને સવત્સરી આરાધન કરવુ, આ પ્રમાણે પ્રશસા કરવા લાયક તપરૂપી ધન થકી શ્રાવકોએ ફળ પ્રાપ્ત કરવુ २०

[एकादशी-पर्व]

એકાદશીમહાત્મ્ય.—

कृष्णेनाराधिता मार्गशीर्षस्यैकादशी तिथि ।
तेनाराध्यतया लोके, जने सर्वजनेष्वियम् ॥ २१ ॥

उपदेशकल्पवल्ली, पल्लव १०, श्लो० २०

કૃષ્ણ મહારાજાએ માગશર માસની અગીયારશ આરાધી હતી, તેથી લોકમા સમગ્ર મનુષ્યોમા એ તિથિ આરાધ્યપણે થઇ २१

એકાદશીએ શુ ન કરવુ.—

असत्यभाषण द्यूत, दिवास्वाप च मैथुनम् ।
एकादश्या न कुर्वीत, उपवासपरो नर. ॥ २२ ॥

एकादशीमहात्म्य, श्लो० ५४

એકાદશીને દિવસે ઉપવાસ કરવામા તત્પર થયેલા પુરૂષે અસત્ય વચન બોલવુ નહીં, દ્યૂત રમવુ નહીં, દિવસે શયન કરવુ નહીં અને મૈથુન સેવવુ નહીં २२

आतिथिव्रत (२८)

અતિથિનુ સ્વરૂપઃ—

स्वयमेव गृह साधु–र्योऽत्रात(न्न)ति सयतः ।
अन्वर्थवेदिभि प्रोक्तः, सोऽतिथिर्मुनिपुगवैः ॥ १ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ८१७

જે (ઇદ્રિયોને) સયમ કરનાર સાધુપુરૂષ પોતાની મેળે જ–આમત્રણ વિના જ–ઘરે પધારે તેને, (શાસ્ત્રોના) અર્થને જાણવાવાળા એવા મુનિઓમા શ્રેષ્ઠ પુરૂષોએ અતિથિ કહ્યો છે ૧

अज्ञातकुलनामान–मन्यतः समुपागतम् ।
पूजयेदतिथिं सम्यग् नैकग्रामनिवासिनम् ॥ २ ॥

विष्णुपुराण, अ० ४, पृ० २२, श्लो० ५८

જેનુ કુળ અને નામ જાણવામા ન હોય, જે અન્ય ગામથી આવેલો હોય, અને જે એક ગામમા રહેનારો ન હોય (એટલે કે હમેશા ફરનાર હોય) એવા અતિથિ(સાધુ)ની સમ્યક્ પ્રકારે અન્નાદિકવડે પૂજા કરવી ૨

સાચો અતિથિ—

हिरण्ये वा सुवर्णे वा, धने धान्ये तथैव च ।
अतिथिं च (त) विजानीया–द्यस्य लोभो न विद्यते ॥३॥

धर्मरत्नप्रकरण

જેને ચાંદીને વિષે, સુવર્ણને વિષે, ધનને વિષે તથા ધાન્યને વિષે (જરા પણ) લોભ ન હોય તેને અતિથિ જાણવો ૩

सत्यार्जवदयायुक्तं, पापारम्भविवर्जितम् ।
उग्रतपस्समायुक्तमतिथिं विद्धि तादृशम् ॥ ४ ॥

कूर्मपुराण, अ ४९, श्लो० १४

સત્ય, સરળતા અને દયાવડે યુક્ત, પાપના આરંભથી રહિત અને ઉગ્ર તપસ્યાવડે સહિત, આવો જે હોય તેને તું અતિથિ જાણ ૪

અતિથિ તથા પરોણો.—

तिथिपर्वहर्षशोका–स्त्यक्ता येन महात्मना ।
धीमद्भि सोऽतिथिर्ज्ञेय., पर प्राघूर्णिको मत. ॥५॥

विवेकविलास, तृतीयोल्लास, श्लो० १४

જે મહાત્માએ તિથિ, પર્વ હર્ષ અને શોકનો ત્યાગ કર્યો હોય તેને બુદ્ધિમાન પુરૂષોએ અતિથિ જાણવો, તે સિવાય બીજાને પરોણો જાણવો ૫

तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना ।
अतिथिं तं विजानीया-च्छेषमभ्यागतं विदुः ॥ ६ ॥

योगशास्त्र, प्र. ३, पृ. ५४ (प्र स) *

જે મહાત્માએ તિથિ, પર્વ અને લગ્નાદિક ઉત્સવો, એ સર્વનો ત્યાગ કર્યો હોય, તેને અતિથિ જાણવો બાકીના સર્વ અભ્યાગત કહેવાય છે. ૬

अनाहूतमविज्ञात, दानकालममागतम् ।
जानीयादतिथिं प्राज्ञ एतस्माद्व्यत्यये परम् ॥ ७ ॥

विवेकविलास, तृतीयोल्लास, श्लो० ९

જે નહીં બોલાવેલો, નહીં જાણીતો અને દાન દેવાને અવસરે અકસ્માત્ આવેલો હોય તેને ડાહ્યા પુરૂષે અતિથિ જાણવો તે સિવાય બીજો હોય તેને પરોણો જાણવો ૭

અતિથિ પૂજાઃ—

आर्तस्तृष्णाक्षुधाभ्यां यो विग्रस्तो वा स्वमंदिरम् ।
आगतः सोऽतिथिः पूज्यो विशेषेण मनीषिणा ॥ ८ ॥

विवेकविलास, तृतीयउल्लास, श्लो० ११

ભુખ અને તરસથી પીડાયેલો અથવા ભય પામેલો એવો જે કોઇ માણસ પોતાના ઘરે આવે તે અતિથિની
વિશેષે [illegible] પૂર્વક), સેવા-ભક્તિ કરવી

અતિથિવ્રતનુ સ્વરૂપ'—

सदा चान्नादिसम्प्राप्ते, साधूना दानपूर्वकम् ।
भुज्यते यत्तदतिथि-सविभागाभिध व्रतम् ॥ ९ ॥

उपदेशप्रसाद भा०, स्तभ ११, व्या० १६२

હમેશા, અન્ન વિગેરે સામગ્રી પ્રાપ્ત થતા, સાધુપુરૂષોને દાન આપ્યા પછી જે ભોજન (કરવાનો નિયમ) કરવામા આવે તેને અતિથિસવિભાગ નામનુ વ્રત કહે છે ૯

अतिथिभ्योऽशनावास-वासःपात्रादिवस्तुन. ।
यत्प्रदान तदतिथि-सविभागव्रत भवेत् ॥ १० ॥

उपदेशप्रासाद, स्तम्भ ११, व्या० १६३

અતિથિઓને અન્ન, નિવાસ, વસ્ત્ર અને પાત્ર વિગેરે વસ્તુઓનુ જે દાન કરવુ તે અતિથિસવિભાગ-વ્રત કહેવાય છે १०

चतुर्विधो वराहारो, दीयते सयतात्मनाम् ।
शिक्षाव्रत तदाख्यात, चतुर्थं गृहमेधिनाम् ॥ ११ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ८१६

સયમવાળા (અતિથિઓ) ને ચાર પ્રકારનો (અશન-ભોજન, પાન-પાણી, ખાદિમ-ઔષધ અને સ્વાદિમ-મુખવાસ વિગેરે) ઉત્તમ આહાર આપવો તે વ્રતને, ગૃહસ્થોનુ ચોથુ (અતિથિસવિભાગ નામનુ) શિક્ષાવ્રત કહેલુ છે ११

અતિથિ સાથે કેમ વર્તવુ:—

श्रद्धोत्साहसत्त्वविज्ञानतितिक्षाभक्त्यलुब्धताः ।
एते गुणा हितोद्युक्तै-र्घ्रियन्तेऽतिथिपूजने ॥ १२ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ८१८

શ્રદ્ધા, ઉત્સાહ, સત્વ, વિજ્ઞાન, સહિષ્ણુતા, ભક્તિ અને નિર્લોભપણુ આટલા ગુણો, (પોતાના આત્માના) હિતને માટે તત્પર એવા માણુને, અતિથિની સેવા ચાકરી કરતી વખતે ધારણ કરવા જોઈએ ૧૨

न प्रश्नो जन्मनः कार्यो न गोत्राचारयोरपि ।
नापि श्रुतसमृद्धीना, सर्वधर्ममयोऽतिथि• ॥ १३ ॥

विवेकविलास, तृतीयउल्लास, श्लो० १३

અતિથિને એના જન્મ સબંધી, એના ગોત્ર સબંધી, એના આચાર વિચાર સબંધી, એના જ્ઞાન સબંધી કે એની સપત્તિ સબંધી, (એવા કોઈ પણ પ્રકારના અગત)પ્રશ્નો પૂછવા ન જોઈએ, કારણ કે (ગમે તેવો હોવા છતા) અતિથિ (તરીકે પોતાને ત્યા આવેલા માણસ) ને દરેક પ્રકારે ધર્મમય ગણવામા આવેલ છે ૧૩

प्रतिग्रहोच्चदेशांघ्रि–क्षालनं पूजन नतिः ।
त्रिशुद्धिरन्नशुद्धिश्च, पुण्याय नवधा विधिः ॥ १४ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ८१९

(અતિથિની સેવા કરવામા) પાત્ર આપવુ, ઉંચા આસન ઉપર બેસાડવુ, પગને ધોવા, પૂજા કરવી, નમસ્કાર કરવો, ત્રણ પ્રકારની શુદ્ધિ એટલે મન પવિત્ર રાખવુ, શુદ્ધ

ઉત્તમ ભાવથી (અંતઃકરણની લાગણી પૂર્વક) સાધુઓની વૈયાવચ્ચ કરનાર માણસ શ્રીનંદિષેણઋષિની જેમ શુભ કર્મ બાંધે છે ૨૦

पश्य सङ्गमको नाम, सम्पद वत्सपालकः ।
चमत्कारकरीं प्राप, मुनिदानप्रभावतः ॥ २१ ॥

योगशास्त्र, तृ० प्र०, श्लो० ८८

જુઓ, સંગમક નામનો વાછડાને પાળવાવાળો માણસ પણ મુનિને દાન આપવાના પ્રભાવથી આશ્ચર્ય કારી સંપત્તિને પામ્યો ૨૧

कोविदो वाऽथवा मूर्खो मित्र वा यदि वा रिपु ।
निदानं स्वर्गभोगाना-मशनावसरेऽतिथिः ॥ २२ ॥

विवेकविलास, तृतीयउल्लास, श्लो० १२

જમવાના અવસરે (પોતાના ઘર આગળ આવેલ) અતિથિ ચાહે પંડિત હોય કે મૂર્ખ હોય, ચાહે (પોતાનો) દુશ્મન હોય કે મિત્ર હોય, પણ તે (તેની સેવાભક્તિ) સ્વર્ગલોકના ભોગને આપનાર છે (એટલે કે ગમે તેવા અતિથિની પૂજાથી અવશ્ય પુણ્ય થાય છે) ૨૨

दूरायात पथश्रान्त, वैश्वदेवान्तमागतम् ।
अतिथिं पूजयेद्यस्तु, स याति परमां गतिम् ॥ २३ ॥

जैनपचतत्र, पृ २२९, श्लो० ४ श्

જે દૂરથી આવેલો હોય, માર્ગમાં થાકી ગયો હોય અને વૈશ્વદેવનો હોમ થઈ રહ્યા પછી તરત પોતાને ઘેર આવ્યો હોય, આવા અતિથિની જે અન્નાદિકવડે પૂજા કરે છે, તે પરમ ગતિને-મોક્ષને પામે છે ૨૩

कषाय (२९)

કષાયોના નામ.—

काम' क्रोधस्तथा लोभो रागो द्वेषश्च मत्सरः ।
मदो माया तथा मोहः, कदर्पो दर्प एव च ॥ १ ॥
एते हि रिपवो घोरा धर्मसर्वस्वहारिणः ।
एतैर्बम्भ्रम्यते जीव, समारे बहुदुःखदे ॥ २ ॥

तत्त्वामृत, श्लो० २३, २४.

કામ–ઇચ્છા, ક્રોધ, તથા લોભ, રાગ, દ્વેષ અને અદેખાઈ, મદ–ગર્વ માયા તેમજ મોહ, કામદેવ અને અહકાર આ બધાય ધર્મરૂપી સર્વસ્વનુ હરણ કરનાર એવા ભયકર શત્રુઓ છે અને એ બધાય, જીવને બહુ દુ ખને દેવાવાળા એવા સસારમા ભ્રમણ કરાવે છે ૧, ૨

काम क्रोध भय लोभ, दभ मोह मद तथा ।
निद्रा मत्सरमालस्य, नास्तिक्य च परित्यज ॥ ३ ॥

इतिहाससमुच्चय, अ० १८, श्लो० १९

કામ, ક્રોધ, ભય, લોભ, દભ, મોહ, મદ, નિદ્રા, મત્સર, આલસ્ય અને નાસ્તિકપણુ, આ સર્વનો તુ ત્યાગ કર ૩

रागद्वेषमयो जीव , कामक्रोधवशगत' ।
लोभमोहमदाविष्ट', ससारे समरत्यसौ ॥ ४ ॥

तत्त्वामृत, श्लो० २५

રાગ અને દ્વેષથી યુક્ત થયેલો, કામ અને ક્રોધને આધીન થયેલો, લોભ, મોહ અને મદથી વ્યાપ્ત થયેલો એવો આ જીવ સંસારમાં ભ્રમણ કરે છે ૪

કષાયોના અવાતર પ્રકાર.—

स्यु कषाया क्रोधमानमायालोभा शरीरिणाम् ।
चतुर्विधास्ते प्रत्येक, भेदै सज्वलनादिभि' ॥ ५ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० ६

પ્રાણીઓને ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર કષાયો હોય છે, તે દરેક કષાય સજ્વલન વિગેરે ભેદથી ચાર ચાર પ્રકારના હોય છે (સજ્વલનકષાય, પ્રત્યાખ્યાનકષાય અપ્રત્યાખ્યાનકષાય અને અનતાનુબધી કષાય એ ચાર પ્રકાર દરેક ક્રોધાદિક કષાયના છે) ૫

કષાયોનુ આયુષ્ય —

पक्ष सज्वलन, प्रत्या—ख्यानो मासचतुष्टयम् ।
अप्रत्याख्यानको वर्ष, जन्मानन्तानुबन्धक. ॥ ६ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० ७

સંજ્વલનરૂપ કષાય એક પખવાડીયા સુધી રહે છે, પ્રત્યાખ્યાનરૂપ કષાય ચાર માસ રહે છે, અપ્રત્યાખાનરૂપ કષાય એક વર્ષ રહે છે, અને અનંતાનુબંધી કષાય જન્મ પર્યંત રહે છે ૬

કષાયજન્ય કષ્ટ —

कषायकलुषो जीवो रागरञ्जितमानसः ।
चतुर्गतिभवाम्भोधौ, भिन्ननौरिव सीदति ॥ ७ ॥

तत्त्वामृत, श्लो० ३२.

કષાયરૂપી મેલથી યુક્ત અને જેનું મન રાગથી રંગાયેલુ હોય એવો જીવ (દેવ મનુષ્ય, તિર્યંચ અને નર્ક રૂપ) ચાર ગતિરૂપી સંસારસમુદ્રમા, તૂટી ગયેલ વહાણની માફક, નાશ પામે છે ૭

कामः क्रोधस्तथा मोह–स्त्रयोऽप्येते महाद्विषः ।
एते न निर्जिता यावत्, तावत्सौख्यं कुतो नृणाम् ? ॥८॥

तत्त्वामृत, श्लो० २७

કામ–વાસના, ક્રોધ અને મોહ આ ત્રણેય મહાન્ દુશ્મનો છે (તેથી) જ્યાસુધી એમના ઉપર વિજય કરવામા ન આવે ત્યાસુધી માણસોને સુખ ક્યાથી મળે ? ૮

कषायविषयार्तानां, देहिनां नास्ति निर्वृतिः ।
तेषां च विरमे सौख्यं, जायते परमाद्भुतम् ॥ ९ ॥

तत्त्वामृत, श्लो० २९.

કષાયો અને વિષયોથી પીડા પામતા એવા પ્રાણીઓને (કષાય પણ) શાંતિ નથી મળતી એ કષાય અને વિષયો જ્યારે શાંત થઇ જાય છે ત્યારે (જીવને) અત્યંત અદ્ભુત સુખ થાય છે ૯

स क्रोधमानमायालोभैरतिदुर्जयैः परामृष्टः ।
प्राप्नोति याननर्थान्, कस्तानुद्देष्टुमपि शक्तः ॥ १० ॥

प्रशमरति, श्लो० २४

દુઃખે કરીને જીતી શકાય એવા ક્રોધ, માન, માયા અને લોભવડે કરીને પરાભવ પામેલો એવો તે (જીવ) જે જે અનર્થોને-આફતોને પામે છે એ બધાને કોણ કહી શકે ? ૧૦

कषायवशगो जीवः, कर्म बध्नाति दारुणम् ।
तेनासौ क्लेशमाप्नोति, भवकोटिषु दुस्तरम् ॥ ११ ॥

तत्त्वामृत, श्लो० ३३

કષાયોને આધીન થયેલો જીવ ભયંકર કર્મોને બાંધે છે અને એથી એ કરોડો ભવમાં મુશ્કેલીથી તરી શકાય એવા દુઃખને પ્રાપ્ત કરે છે ૧૧

लोभमूलानि पापानि, रसमूलानि (च) व्याधयः ।
स्नेहमूलानि दुःखानि, त्रीणि त्यक्त्वा सुखी भव ॥१२॥

उपदेशमाला भा०, पृ० ४९

પાપનું મૂળ લોભ છે, વ્યાધિનું મૂળ રસ છે અને દુઃખનું મૂળ સ્નેહ છે (તથી) એ ત્રણેનો ત્યાગ કરીને જ માણસ સુખી થાય છે ૧૨

કષાયજન્ય નુકશાનઃ—

उत्सर्पन्ति ते यावत्, प्रबलीभूय देहिषु ।
स तावन्मलिनीभूतो, जहाति परमात्मताम् ॥ १३ ॥

योगसार, प्र० १, श्लो० ५

જ્યાંસુધી કષાયો બળવાન થઈને, પ્રાણીઓને વિષે, વૃદ્ધિ પામે છે, ત્યાંસુધી મલિન થયેલો તે આત્મા પરમાત્મપણાનો ત્યાગ કરે છે-પરમાત્મપણાને પામી શકતો નથી ૧૩

कामः क्रोधश्च लोभश्च, देहे तिष्ठन्ति तस्करा ।
ज्ञानरत्नमपाहारि, तस्माज्जागृत जागृत ॥ १४ ॥

पार्श्वनाथचरित्र गद्य, पृ० २१ (प्र स)

કામ, ક્રોધ અને લોભ એ વિગેરે ચોરો શરીરમાં જ રહેલા છે તેઓએ જ્ઞાનરૂપી રત્ન હરણ કર્યું છે, તેથી તમે જાગો, જાગો ! ૧૪

कषायान् शत्रुवत् पश्येद् विषयान् विषवत्तथा ।
मोहं च परमं व्याधि-मेवमूचुर्विचक्षणाः ॥ १५ ॥

तत्वामृत, श्लो० ३६

કષાયોને શત્રુસમાન જોવા, વિષયોને ઝેરની માફક સમજવા અને મોહને મહાન્ રોગ સરખો જાણવો એ પ્રમાણે બુદ્ધિશાળી [illegible] છે ૧૫

तावद्गुरुवचः शास्त्रं, तावत्तावच्च भावना ।
कषायविषयैर्यावन्न मनस्तरलीभवेत् ॥ १६ ॥

योगसार, प्र० ४, श्लो० १

જ્યાંસુધી કષાય અને વિષયોવડે મન વ્યાકુળ થયું હોય, ત્યાંસુધી જ ગુરુનું વચન (મનમાં સ્થિર રહે છે), ત્યાં સુધી જ શાસ્ત્ર અને ત્યાં સુધી જ ભાવના (પણ મનમાં સ્થિર) રહે છે ૧૬

को गुणस्तव कदा च कषायैर्निर्ममे भजसि नित्यमिमान् यत् ।
किं न पश्यसि दोषममीषां, तापमत्र नरकं च परत्र ॥ १७ ॥

अध्यात्मकल्पद्रुम, अधि० ७, श्लो० ५

તને કષાયોએ કયો ગુણ કર્યો ? અને તે ગુણ ક્યારે કર્યો કે તું તેઓને હમેશાં સેવે છે આ ભવમાં સંતાપ અને પરભવમાં નરક આપવારૂપ તેઓના દોષો છે તે શું તું દેખતો નથી ? ૧૭

कोपे सति स्यात्कुत एव मुक्तिः,
कामे तथा तत्प्रतिबन्ध एव ।
रागेऽपि च स्यान्न फले विशेष—
स्तस्मान्न चैते हृदयेऽवधार्याः ॥ १८ ॥

द्विजवदनचपेटिका (हेमचंद्र)

જ્યાંસુધી કોપ હોય ત્યાંસુધી મનુષ્યની મુક્તિ ક્યાંથી થાય ? કામ હોય તોપણ તે મોક્ષનો પ્રતિબંધ જ થાય છે,

થા રાગ હોય તો પણ તે ફળમા કાઈપણ ફેરફાર નથી થતો અર્થાત્ મોક્ષ મળે નહીં તેથી કરીને તે ક્રોધાદિક હૃદયમા ધારણ કરવા યોગ્ય નથી ૧૮

કયા કષાયથી કોની હાનિ થાય—

क्रोधात् प्रीतिविनाश, मानाद्विनयोपघातमाप्नोति ।
शाठ्यात्प्रत्ययहानिं, सर्वगुणविनाशन लोभात् ॥ १९ ॥

प्रशमरति, श्लो० २५

માણસ ક્રોધથી પ્રેમનો નાશ પામે છે, માનથી વિનયનો નાશ પામે છે, લુચ્ચાઈથી વિશ્વાસનો નાશ પામે છે અને લોભથી તમામ ગુણના નાશને પ્રાપ્ત કરે છે ૧૯

नास्ति कामसमो व्याधि–र्नास्ति मोहसमो रिपु ।
नास्ति क्रोधसमो वह्नि–र्नास्ति ज्ञानसम सुखम् ॥ २० ॥

तत्वामृत, श्लो० २८.

કામ-વાસનાના જેવો કોઈ રોગ નથી, મોહના જેવો કોઇ દુશ્મન નથી, ક્રોધના જેવો કોઇ અગ્નિ નથી અને જ્ઞાન સમાન કોઇ સુખ નથી ૨૦

नित्य क्रोधात्तपो रक्षेच्छ्रिय रक्षेच्च मत्सरात् ।
विद्या मानापमानाभ्या–मात्मान च प्रमादतः ॥ २१ ॥

शातिपर्व,अ० ३३३, श्लो० ११*

હમેશા ક્રોધથી તપનું રક્ષણ કરવું, ઈર્ષ્યાથી લક્ષ્મીનું રક્ષણ કરવું, માન અને અપમાનથી વિદ્યાનું રક્ષણ કરવું, અને આત્માનું પ્રમાદથી રક્ષણ કરવું (કારણકે તે તે કષાય તે તે વસ્તુનો નાશ કરનારા છે) ૨૧

કષાય-અકષાયનો વિવેક —

यत्कषायजनितं तव सौख्य, यत्कषायपरिहानिभवं च ।
तद्विशेषमथवैतदुदर्कं, संविभाव्य भज धीर विशिष्टम् ॥ २२ ॥

अध्यात्मकल्पद्रुम, अधि० ७, श्लो० ६

કષાય જનિત તને જે સુખ થાય અને કષાયના ક્ષયથી તને જે સુખ થાય તેમાં વધારે સુખ કયું છે (અથવા તો કષાયનું ને તેના ત્યાગનું પરિણામ કેવું આવે છે) તેનો વિચાર કરીને, તે એમાંથી સારું હોય તે હે પંડિત ! તું આદરી લે ૨૨

કષાયોનો નાશ —

कषायास्तन्निहन्तव्यास्तथा तत्सहचारिणः ।
नोकषायाः शिवद्वारार्गलीभूता मुमुक्षुभिः ॥ २३ ॥

योगसार, प्र० ९, श्लो० १०

મોક્ષની ઇચ્છાવાળા પુરુષોએ કષાયોનો વિનાશ કરવો જોઇએ તથા તે કષાયોના સહચારી નોકષાયો મોક્ષના બારણાના આગળીયારૂપ હોવાથી, તેમનો પણ નાશ કરવો જોઇએ ૨૩

કષાયોનો ત્યાગઃ—

किं कषायकलुषं कुरुषे स्वं, केषु चिन्नु मनोऽरिधियाऽऽत्मन् ।
तेऽपि ते हि जनकादिकरूपैरिष्टतां दधुरनन्तभवेषु ॥ २४ ॥

अध्यात्मकल्पद्रुम, श्लो० ३१

હે આત્મન્! કેટલાક પ્રાણીઓ ઉપર શત્રુબુદ્ધિ રાખીને તું તારા મનને શા સારૂ કષાયથી મલીન કરે છે? (કારણકે) તેઓજ માતપિતા વિગેરે રૂપોમાં, (પહેલાના) અનંતા ભવોમાં, તારી પ્રીતિ પામ્યા છે (તેથી તેમના ઉપર કષાય ન કરવો) ૨૪

કષાયોના જયનો ઉપાય —

हन्तव्यः क्षमया क्रोधो मानो मार्दवयोगतः ।
माया चार्जवभावेन, लोभः संतोषपोषतः ॥ २५ ॥

योगसार, प्र० १, श्लो० ११

ક્ષમાવડે ક્રોધને હણવો, માર્દવવડે માનને હણવો, સરળતા વડે માયાને હણવી, અને સંતોષના પોષણથી લોભને હણવો જોઈએ ૨૫

क्षमया मृदुभावेन, ऋजुत्वेनाप्यनीहया ।
क्रोधं मानं तथा मायां, लोभं रुन्ध्याद् यथाक्रमम् ॥२६॥

योगशास्त्र, प्र० ४, श्लो० ८२

ક્ષમાવડે ક્રોધને રૂંધવો, માર્દવ-નમ્રતાવડે માનને રૂંધવો, સરળતાવડે માયાને રૂંધવી, અને નિસ્પૃહતા-સંતોષ-વડે લોભને રૂંધવો. ૨૬

विषयोरगदष्टस्य, कषायविषमोहिन ।
सयमो हि महामन्त्रस्त्राता सर्वत्र देहिन' ॥ २७ ॥

तत्त्वामृत, श्लो० ३१

વિષયરૂપી સાપથી કરડાયેલ અને કષાયરૂપી ઝેરથી મૂર્ચ્છા પામેલા એવા પ્રાણીનુ સયમરૂપી મહામત્ર જ સર્વત્ર રક્ષણ કરી શકે છે ૨૭

क्षान्त्या क्रोधो मृदुत्वेन, मानो मायाऽऽर्जवेन च ।
लोभश्चानीहया जेया , कषाया इति सग्रह ॥ २८ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० २३

ક્ષમાવડે ક્રોધને જીતવો, નમ્રતાવડે માનને જીતવો, સરળતાવડે માયાને જીતવી, અને નિ સ્પૃહતાવડે લોભને જીતવો, આ પ્રમાણે સર્વ કષાયોને જીતવા, એ (શાસ્ત્રોનુ) તાત્પર્ય છે ૨૮

કષાયોના જયનુ ફળ —

कषायविजये सौख्यमिन्द्रियाणा च निग्रहे ।
जायते परमोत्कृष्ट मात्मनो भवभेदि यत् ॥ २९ ॥

तत्त्वामृत, श्लो० ३५

કષાયોના વિજય કરવામા અને ઇદ્રિયોનુ દમન કરવામા આત્માને, બહુજ ઉત્તમ પ્રકારનુ સુખ મળે છે કે જે ભવનો નાશ કરનારૂ થાય છે ૨૯

क्रोध (३०)

ક્રોધજન્ય નુકસાનઃ—

हरत्येकदिनेनैव, तेज पाण्मासिक ज्वर. ।
क्रोध पुनः क्षणेनापि, पूर्वकोट्यार्जित तप ॥ १ ॥

માત્ર એક દિવસનો જ તાવ, છ માસના તેજને હરે છે—નાશ કરે છે, પરંતુ ક્રોધ તો એક ક્ષણમાં જ કોટિપૂર્વવડે ઉપાર્જન કરેલા તપનો નાશ કરે છે ૧

क्रोधः परितापकरः, सर्वस्योद्वेगकारक क्रोध' ।
वैरानुपगजनकः क्रोध' क्रोधः सुगतिहन्ता ॥ २ ॥

प्रशमरति, श्लो० ७६.

ક્રોધ સતાપને કરવાવાળો છે, ક્રોધ બધાને ઉદ્વેગ કરવાવાળો છે, ક્રોધ વૈરયુક્ત સબધને ઉત્પન્ન કરનાર છે અને ક્રોધ સદ્ગતિનો નાશ કરનાર છે ૨

क्रोधेन वर्धते कर्म, दारुण भववर्धनम् ।
शिक्षा च क्षीयते सद्यस्तपश्च समुपार्जितम् ॥ ३ ॥

तत्वामृत, श्लो० २९०

ક્રોધથી સંસારની વૃદ્ધિ કરનારૂ એવું ભયંકર કર્મ વૃદ્ધિ પામે છે, ક્રોધથી (ગુરુ વિગેરેએ આપેલી) શીખામણ નાશ પામે છે અને લાંબા સમયથી એકત્રિત કરેલ તપશ્ચર્યા તત્કાળ નષ્ટ થાય છે ૩

क्षमी यत्कुरुते कार्यं, न तत्क्रोधवशंवदः ।
कार्यस्य साधनी प्रज्ञा, सा च क्रोधेन नश्यति ॥ ४ ॥

सूक्तमुक्तावलि, पृ० २११, श्लो० १३ (ही ह)

ક્ષમાવાન પુરુષ જે કાર્ય કરે છે, તે કાર્ય ક્રોધને વશ થયેલો મનુષ્ય કરી શકતો નથી કેમકે કાર્યને સાધનારી જે બુદ્ધિ છે તે ક્રોધવડે નાશ પામે છે ૪

दोषं न तं नृपतयो रिपवोऽपि रुष्टा ,
कुर्वन्ति केसरिकरीन्द्रमहोरगा वा ।
धर्मं निहत्य भवकाननदाववह्निं
यं दोषमत्र विदधाति नरस्य रोषः ॥ ५ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० २४

સંસારરૂપી વનને બાળવામાં અગ્નિસમાન એવા ધર્મનો નાશ કરીને, ક્રોધ માણસનું જે નુકસાન કરે છે તે નુકસાન રાજાઓ, કોપાયમાન થયેલા શત્રુઓ, સિંહ, મોટા હાથીઓ કે મોટા નાગો નથી કરતા (આ બધાયના નુકસાન કરતાં પણ ક્રોધે કરેલું નુકસાન ચઢી જાય છે) ૫

सचितस्यापि महतो वत्स ! क्लेशेन मानवैः ।
यशस्तपसश्चैव, क्रोधो नाशकरः परः ॥ ६ ॥

હે પુત્ર ! મનુષ્યોએ મહા કલેશથી ઉપાર્જન કરેલા મોટા યશ અને તપનો ક્રોધ અત્યંત નાશ કરે છે ૬

मैत्रीयशोव्रततपोनियमानुकंपा–
सौभाग्यभाग्यपठनेंद्रियनिर्जयाद्याः ।
नश्यंति कोपपुरुषैरिहता समस्ता–
स्तीव्राग्नितप्तरसवत् क्षणतो नरस्य ॥ ७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० २८

તીવ્ર અગ્નિમાં ઉના થયેલા (પારાના) રસની જેમ, કોપ રૂપી શત્રુથી હણાએલા એવા મિત્રતા, યશ, વ્રત, તપ, નિયમ, સદ્ભાગ્ય, ભાગ્ય, અભ્યાસ અને ઇંદ્રિવિજય વિગેરે તમામ નાશ પામે છે ૭

मासोपवासनिरतोऽस्तु तनोतु सत्यं,
ध्यानं करोतु विदधातु बहिर्निवासम् ।
ब्रह्मव्रतं धरतु भैक्ष्यरतोऽस्तु नित्यं,
रोषं करोति यदि सर्वमनर्थकं तत् ॥ ८ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० २९

મનુષ્ય ભલે માસ માસના ઉપવાસ કરવામાં તત્પર રહે, સત્ય વચન બોલે, શુભ ધ્યાન કરે, બહાર વનમાં નિવાસ

કરે, બ્રહ્મચર્યને ધારણ કરે, અને નિત્ય ભિક્ષા માગીને ખાય, છતા જો તે મનુષ્ય ક્રોધને કરતો હોય તો તે સર્વ નિરર્થક છે ૮

न तथाऽसिस्तथा तीक्ष्णं, सर्पो वा दुरधिष्ठित ।
यथा क्रोधो हि जन्तूना, शरीरस्थो विनाशकः ॥ ९॥

आपस्त० स्मृ०, अ० १०, श्लो० ४

જેવી રીતે શરીરમા રહેલો ક્રોધ પ્રાણીઓનો વિનાશ કરે છે, તેવી રીતે, અત્યત ધારવાળી તલવાર કે દુષ્ટ સર્પ પણ વિનાશ કરતા નથી ૯

कोपोऽस्ति यस्य मनुजस्य निमित्तमुक्तो
नो तस्य कोऽपि कुरुते गुणिनोऽपि भक्तिम् ।
आशीविष भजति को ननु दन्दशूकं,
नानोग्ररोगशमिना मणिनापि युक्त ? ॥ १० ॥

सुभाषितरत्नसंदोह, श्लो० २२

જે મનુષ્યને કારણ વિનાનો કોપ ઉત્પન્ન થતો હોય, તે પુરૂષ કદાચ ગુણવાન્ હોય તો પણ તેની કોઈ પણ ભક્તિ કરતુ નથી (કેમકે) અત્યત ઉગ્ર વિષને ધારણ કરનાર સર્પ, જો તે વિવિધ પ્રકારના ઉગ્ર રોગના નાશ કરનારા મણિવડે યુક્ત હોય, તો પણ તેને કોણ સેવે ? ૧૦

जीवोपतापकः क्रोधः, क्रोधो वैरस्य कारणम् ।
दुर्गतेर्वर्तनी क्रोधः, क्रोधः शमसुखार्गला ॥ ११ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० ९

ક્રોધ જીવને ઉપતાપ કરનાર છે, ક્રોધ વૈરનું કારણ છે, ક્રોધ દુર્ગતિનો માર્ગ છે, અને ક્રોધ શમતાના સુખને માટે આડખીલી રૂપ છે ૧૧

अवश्य नाशिनो बाह्य-स्याङ्गस्यास्य कृते ततः ।
कोपः कार्यो नान्तरङ्ग-गुणधर्मधनापहः ॥ १२ ॥

उ०सू०टी०(भावविजय), अ० २, पृ० ६० *

તેથી કરીને અવશ્ય નાશ પામનારા આ બાહ્ય શરીરને માટે થઈને કોપ કરવો યોગ્ય નથી કેમકે તે કોપ આભ્યંતર એવા નિશ્ચળ ધર્મરૂપી ધનનો નાશ કરનાર છે ૧૨

ક્રોધજન્ય નુકસાન અને ત્યાગ.—

आत्मानं परितापयत्यनुकलं जन्मान्तरेष्वप्यलं,
दत्ते वैरपरम्परां परिजनस्योद्वेगमापादयेत् ।
धत्ते सद्गतिमार्गरोधनविधौ गन्धद्विपत्वं ततः,
क्रोधस्येत्थमरे रिपोः क्षणमपि स्थातुं कथं दीयते ? ॥१३॥

संवेगद्रुमकन्दली, श्लो० ५

ક્રોધ નિરંતર આત્માને પરિતાપ ઉપજાવે છે, ભવાંતરોને વિષે પણ અત્યંત વૈરની પરંપરા આપે છે, પોતાના પરિવારને

यो मित्र मधुनो विकारकरणे सत्रासमसंपादने,
सर्पस्य प्रतिबिम्बमङ्गदहने सप्तार्चिष सोदर. ।
चैतन्यस्य निषूदने विषतरो मत्रब्रह्मचारी चिरं,
स क्रोध कुशलाभिलाषकुशलै प्रोन्मूलमुन्मूल्यताम् ॥१९॥

सिंदुरप्रकरण, श्लो० ४५

જે ક્રોધ મનનો વિકાર કરવામા મદિરાના મિત્ર સમાન છે, જે ત્રાસ પમાડવામા સર્પના પ્રતિબિંબ સમાન છે, જે અંગને બાળવામા અગ્નિના ભાઈ સમાન છે, તથા જે ચૈતન્યનો નાશ કરવામા વિષવૃક્ષનો ગુરૂભાઈ (સદૃશ) છે, તે ક્રોધને કલ્યાણને ઇચ્છનામા કુશળ પુરૂષોએ ચિર કાળ સુધી જડમૂળથી ઉખેડી નાખવો યોગ્ય છે ૧૯

कोपेन य परमभीप्सति हन्तुमज्ञो,
नाश स एव लभते शरभो घनन्तम् ।
मेघ लिलंघिषुरिवान्यजनो न किंचि-
च्छक्नोति कर्तुमिति कोपरता न भाव्यम् ॥ २० ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ३७

ગર્જના કરતા મેઘને ઓળંગી જવાની ઇચ્છા રાખતુ અષ્ટાપદ નામનુ જાનવર જેમ (મેઘનો નાશ કરવા જતા) પોતે નાશ પામે છે, તેવીજ રીતે ક્રોધ કરીને જે અજ્ઞાની માણસ બીજાને હણવાની ઇચ્છા રાખે છે તે બીજાને નુકસાન ન કરતા પોતાનો જ નાશ કરે છે આમ સમજીને માણસે ક્રોધી ન થવુ ૨૦

ક્રોધ અને દુશ્મન—

क्रोधो नाम मनुष्यस्य, शरीराज्जायते रिपुः ।
येन त्यजन्ति मित्राणि, धर्माच्च परिहीयते ॥ २१ ॥

सूक्तमुक्तावलि, प्र० २११, श्लो० ९ (ही ह) *

ક્રોધ નામનો દુશ્મન મનુષ્યના શરીરમાંથી ઉત્પન્ન થાય છે, જેનાથી મિત્રો તેનો ત્યાગ કરે છે, અને તે ધર્મથી ભ્રષ્ટ થાય છે ૨૧

वैरं विवर्धयति सख्यमपाकरोति,
रूपं विरूपयति निद्यमतिं तनोति ।
दौर्भाग्यमानयति शातयते च कीर्तिं,
रोषोऽत्र रोषसदृशो न हि शत्रुरस्ति ॥ २२ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ४२.

ક્રોધ વેરને વધારે છે, મિત્રતાને નાશ કરે છે, રૂપને કદરૂપુ કરે છે, નિંદવા લાયક બુદ્ધિને કરે છે, કમનસીબને લાવે છે, અને કીર્તિને ઓછી કરે છે (તેથી) ક્રોધ સમાન બીજો કોઇ દુશ્મન જ નથી ૨૨

ક્રોધ અને અગ્નિ—

दुःखार्जितं खलगतं वलभीकृतं च,
धान्यं यथा दहति वह्निकणः प्रविष्टः ।

नानाविधव्रतदयानियमोपवासै-
रोषोऽर्जितं भवभृतां पुरुपुण्यराशिम् ॥ २३ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० २६

મહા દુઃખથી મેળવેલા, ખળામાં લાવેલા અને ઢગલા કરેલા ધાન્યમાં જો અગ્નિનો કણ પડે તો તે સર્વ ધાન્યને બાળી નાખે છે, તેમ વિવિધ પ્રકારના વ્રત, દયા, નિયમ અને ઉપવાસાદિક મહા કષ્ટવડે ઉપાર્જન કરેલા પ્રાણીઓના મોટા પુણ્યસમૂહને ક્રોધ બાળી નાખે છે ૨૩

देहं दहति कोपाग्निस्तत्क्षणं समुदीरितः ।
वर्धमानः शमं सर्वं, चिरकालसमर्जितम् ॥ २४ ॥

तत्त्वामृत, श्लो० २८९

પ્રદીપ્ત થયેલો ક્રોધરૂપી અગ્નિ (પહેલા તો) તેજ સમયે શરીરને બાળે છે અને પછી જો વધતો ગયો હોય તો લાંબા સમયથી એકત્રિત કરેલ શાંતિને બાળી નાખે છે ૨૪

उत्पद्यमानः प्रथमं, दहत्येव स्वमाश्रयम् ।
क्रोधः कृशानुवत्पश्चादन्यं दहति वा न वा ॥ २४ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० १०.

ક્રોધ, અગ્નિની જેમ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે, પ્રથમ તો પોતાના આશ્રયસ્થાનને-શરીરને-બાળે છે જ, અને પછી બીજાને બાળે કે ન પણ બાળે (બીજાને અવશ્ય બાળે તેવો નિયમ નથી) ૨૫

क्रोधो हि शत्रुः प्रथमो नराणां,
देहस्थितो देहविनाशकश्च ।
यथा स्थितः काष्ठगतो हि वह्निः,
स एव वह्निर्दहते शरीरम् ॥ २६ ॥

माघकविकृतनीतिशास्त्र, श्लो० ८७

મનુષ્યોનો પહેલો શત્રુ ક્રોધ જ છે, કેમકે તે શરીરમાં જ રહેલો છે અને શરીરનો જ નાશ કરે છે જેમ કાષ્ઠમાં રહેલો અગ્નિ કાષ્ઠને બાળે છે, તેમ તે જ ક્રોધરૂપી અગ્નિ શરીરને બાળે છે ૨૬

ક્રોધ અને મદિરાઃ—

रागं दृशोर्वपुषि कम्पमनेकरूपं,
चित्ते विवेकरहितानि च चिंतितानि ।
पुंसाममार्गगमनं समदुःखजातं,
कोपः करोति सहसा मदिरामदश्च ॥ २७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० २७

મદિરા પીવાથી ઉત્પન્ન થયેલ મદ આંખોમાં લાલી કરે છે, શરીરમાં ધ્રુજારી પેદા કરે છે, ચિત્તમાં અનેકરૂપ (વિહ્વળતા)-ને કરે છે, વિવેકશૂન્ય વિચારો પેદા કરે છે અને પુરૂષોને ઉંધા માર્ગે ગમન કરાવે છે ક્રોધ પણ આ બધાય દુઃખના સમૂહને ઉત્પન્ન કરે છે (એટલે કે ક્રોધ અને મદિરા સરખા જ દોષી છે) ૨૭

ગર્જના કરતા એવા જ્ઞાનરૂપી હાથીઓએ કરીને અતિ ઉન્નત અને હર્ષયુક્ત ધ્યાનરૂપી અશ્વોવડે કરીને સુક્ત એવી, મુનિરાજની શમ-શાન્તિ-રૂપી સામ્રાજ્યની સંપત્તિ વિજયવંત વર્તે છે (એટલે કે શાંતિ રાખનાર મુનિ જ્ઞાન અને ધ્યાન એ બન્ને ઉપર આધિપત્ય મેળવી શકે છે) ૧૨

शमसूक्तसुधासिक्त, येषा नक्त दिन मन ।
कदापि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः ॥ १३ ॥

ज्ञानसार, शमाष्टक, श्लो० ७

જેઓનું મન દિવસ અને રાત શાંતિભર્યાં સુવચનોરૂપી અમૃતથી સિંચાયેલું છે તેઓ, કોઈપણ દિવસ, રાગ (વસ્તુ-ધન-મેળવવાની આસક્તિ) રૂપી સર્પના ઝેરની ઊર્મિથી દાઝતા નથી-ક્લેશ પામતા નથી ૧૩

ब्रह्मचारी गृहस्थो वा, वानप्रस्थो यतिस्तथा ।
सर्वे तेऽत्र शमेनैव, प्राप्नुवन्ति परां गतिम् ॥ १४ ॥

इतिहाससमुच्चय, अ० १२, श्लो० ३४

બ્રહ્મચારી હોય કે ગૃહસ્થ હોય, વાનપ્રસ્થ હોય કે યતિ હોય, તે સર્વ એક શમવડે કરીને જ ઉત્તમ ગતિ (મોક્ષ)ને પામે છે ૧૪

अनिच्छन् कर्मवैषम्य, ब्रह्मांशेन समं जगत् ।
आत्माभेदेन य पश्ये-दसौ शिवगामी शमी ॥ १५ ॥

ज्ञानसार, शमाष्टक, श्लो० २

જે શમ ગુણવાળો મનુષ્ય કર્મથી થતી વિષમતાને ન ઇચ્છતો છતો, એટલે કે કર્મથી થતા સુખ દુઃખ, ઉત્તમતા-નીચતા વિગેરે તરફ ઉપેક્ષા ગણતો છતો, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનના અંશ વડે સમગ્ર જગતને પોતાના આત્માથી અભેદપણે દેખે, તે મોક્ષગામી થાય છે ૧૫

ध्यानवृष्टेर्दयानद्याः, शमपूरे प्रसर्पति ।
विकारतीरवृक्षाणां, मूलादुन्मूलनं भवेत् ॥ १६ ॥

ज्ञानसार, शमाष्टक, श्लो० ४

ધ્યાનરૂપી વરસાદથી, દયારૂપી નદીનો શાંતિરૂપી પાણીનો પ્રવાહ જ્યારે ફેલાવા લાગે છે ત્યારે વિકારરૂપી કાંઠાના વૃક્ષોનું મૂળથી જ ઉન્મૂલન થઈ જાય છે ૧૬

ક્ષમા (૩૨)

ક્ષમાનું આચરણ —

क्षन्तव्यो मन्दबुद्धीना-मपराधो मनीषिणा ।
न हि सर्वत्र पाण्डित्य, सुलभ पुरुषे क्वचित् ॥ १ ॥

બુદ્ધિમાન પુરુષે અલ્પ બુદ્ધિવાળાનો અપરાધ માફ કરવો જોઈએ કેમકે સર્વ પુરુષોને વિષે કાંઈ પંડિતાઈ સુલભ હોતી નથી ૧

ક્ષમાનું મહત્વ —

क्षान्तिरेव महादान, क्षान्तिरेव महातप ।
क्षान्तिरेव महाज्ञान, क्षान्तिरेव महादम॰ ॥ २ ॥

महाभारत, उत्तरार्धे, अ० ११, श्लो० १९

ક્ષમા જ મોટું દાન છે, ક્ષમા જ મોટો તપ છે, ક્ષમા જ મોટું જ્ઞાન છે, અને ક્ષમા જ મોટો દમ-ઇંદ્રિયદમન-છે ૨

नरस्याभूषण रूप, रूपस्याभरण गुण ।
गुणस्याभूषण ज्ञान, ज्ञानस्याभूषण क्षमा ॥ ३ ॥

मणिरत्नमाला (क्षेमेंद्र), श्लो० ५५

પુરુષનું આભૂષણ સારું રૂપ છે, રૂપનું આભૂષણ ગુણ છે, ગુણનું આભૂષણ જ્ઞાન છે, અને જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે ૩

ક્ષમારૂપી સ્ત્રીઃ—

औचित्याशुकशालिनीं हृदय हे शीलाङ्गरागोज्ज्वला,
श्रद्धाध्यानविवेकमण्डनवतीं कारुण्यहाराङ्किताम् ।
सद्बोधाञ्जनरञ्जिनीं परिलसच्चारित्रपत्राङ्कुरा,
निर्वाण यदि वाञ्छसीह परमक्षान्तिप्रिया तद्भज ॥४॥
वैराग्यशतक (परमानद), श्लो० ६२.

હે હૃદય! જો તુ મોક્ષની ઈચ્છા રાખતુ હોય તો, ઉચિતપણારૂપ વસ્ત્રવડે શોભતી, શીલરૂપી અ ગરાગ વડે ઉજ્જ્વળ (દેદીપ્યમાન), શ્રદ્ધા, ધ્યાન અને વિવેકરૂપી અલકારવાળી, દયારૂપી હારવડે યુક્ત, સાગ બોધરૂપી અ જનવડે અજાયેલી અને સારા આચરણરૂપ પીળવડે દેદીપ્યમાન એવી શ્રેષ્ઠ ક્ષમારૂપી પ્રિયાને ભજ-અગીકાર કર! ૪

मनस्याह्लादिनी सेव्या, सर्वकाल सुखप्रदा ।
उपनेया त्वया भद्र, क्षमा नाम कुलागना ॥ ५ ॥
तत्वामृत, श्लो० २६८.

હે ભલા પુરુષ! તારે, મનને આનદ આપનારી, હમેશાં સુખને આપવાવાળી એવી, ક્ષમાનામની કુળવાન સ્ત્રીની સાથે લગ્ન કરવુ અને એની ઉપાસના કરવી! ૫

ક્ષમાવાનનું લક્ષણ —

अद्विष्ट सर्वभूताना, मैत्र करुण एव च ।
निर्ममो निरहङ्कारः, समदु खसुखः क्षमी ॥ ६ ॥
यतिधर्मसग्रह, पृ० ३०.

સર્વ પ્રાણીઓ ઉપર દ્વેષ રહિત, મિત્રાઇવાળો, કરૂણાવાળો, મમતા રહિત, અહંકાર રહિત અને સુખ દુઃખમાં સમભાવવાળો જે પુરુષ હોય તે ક્ષમાવાન કહેવાય છે ૬

ક્ષમાવાન સાચો ધર્મી —

धर्मस्य दया मूलं न चाक्षमावान् दयां समाधत्ते ।
तस्माद्यः क्षान्तिपरः, स साधयत्युत्तमं धर्मम् ॥ ७ ॥

प्रशमरति, श्लो० १६८

ધર્મનું મૂલ-કારણ દયા જ છે, અને ક્ષમા રહિત મનુષ્ય દયા કરી શકતો નથી તેથી જે ક્ષમાવાળો હોય તે જ ઉત્તમ ધર્મને સાધી શકે છે ૭

ક્ષમાવાન સાથેનું વર્તન—

कुर्यान्न कर्कशं कर्म, क्षमाशालिनि सज्जने ।
प्रादुर्भवति सप्तार्चिर्मथिताच्चन्दनादपि ॥ ८ ॥

विवेकविलास, अष्टमोल्लास, श्लो० ३९६

ક્ષમાવાન એવા સજ્જન પુરુષ તરફ (કોઈ દિવસ) કઠોર વર્તાવ નહીં કરવો, કારણકે (ઠંડુ એવું) ચંદન પણ જો ઘસવામાં આવે તો એમાંથી આગ પ્રગટે છે ૮

ક્ષમાવાનની ઉદાર ભાવના:—

ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तो
वयमपि तदभावाद्गालिदानेऽसमर्थाः ।

जगति निदितमेतद्दीयते विद्यमान,
नहि शशकविषाण कोऽपि कस्मै ददाति ॥ ९ ॥

જેઓ ક્ષમાના ગુણવાળા હોય છે તેઓ પોતાને ગાળો દેનારને આ પ્રમાણે કહે છે—તમે ગાળોવાળા છો, તેથી ભલે ગાળો આપો, આપો ! અમે તો ગાળોવાળા નથી–અમારી પાસે ગાળો નથી, તેથી અમે બીજાને ગાળો દેવામા અસમર્થ છીએ કેમકે જગતમા આ વાત પ્રસિદ્ધ જ છે કે જે વસ્તુ પોતાની પાસે વિદ્યમાન હોય તેજ બીજાને આપી શકાય છે કેમકે કોઇ પણ સસલાનુ શીંગડુ કોઇને આપી શકતા નથી (કેમકે સસલા પાસે શીંગડુ છે જ નહીં) ૯

दोषेषु सत्सु यदि कोऽपि ददाति शाप,
सत्य ब्रवीत्ययमिति प्रविचिन्त्य सह्यम् ।
दोषेष्वसत्सु यदि कोऽपि ददाति शाप,
मिथ्या ब्रवीत्ययमिति प्रविचिन्त्य सह्यम् ॥ १० ॥

सुभाषितरत्नसदोह, श्लो० ३१.

આપણો દોષ હોય અને કોઇ આપણને ગાળો દે–આક્રોશ કરે તો આ સત્ય કહે છે એમ ધારીને તેનુ વચન સહન કરવુ જોઇએ અને જો દોષ નહીં છતા કોઇ ગાળો આપે તો આ ખોટુ બોલે છે એમ વિચારીને તેનુ વચન સહન કરવુ યોગ્ય છે ૧૦

अपकारिषु मा पाप, चिंतय त्व कदाचन ।
स्वयमेव पतिष्यन्ति, कूलजाता इव द्रुमा ॥ ११ ॥

जैनपचतत्र, श्लो० १६४*.

હે ચિત્ત ! અપકાર કરનાર ઉપર તુ કદાપિ પાપનુ-તેનુ અહિત કરવાનુ-ચિંતવન ન કર ! કેમકે જે પાપી હશે તે, નદીના કાંઠા ઉપર ઉગેલા વૃક્ષોની જેમ, પોતાની મેળે જ પડી જશે ૧૧

ક્ષમાનુ ફળ —

क्षमया क्षीयते कर्म, दु खद पूर्वसंचितम् ।
चित्त च जायते शुद्ध, विद्वेषभयवर्जितम् ॥ १२ ॥

तत्त्वामृत, श्लो० २६१

ક્ષમાથી પહેલાનુ ભેગુ કરેલુ અને દુ ખને દેવાવાળુ એવુ કર્મ નાશ પામે છે, અને ચિત્ત પણ દ્વેષ અને ભય રહિત એવુ શુદ્ધ થાય છે ૧૨

क्षमा धनु करे यस्य, दुर्जन किं करिष्यति ? ।
अतृणे पतितो वह्नि , स्वयमेवोपशाम्यति ॥ १३ ॥

वृद्धचाणाक्यनीति, अ० ३, श्लो० ६३.

જેના હાથમા ક્ષમારૂપી ધનુષ હોય તેને દુર્જન માણસ શુ કરી શકે ? (કાઇ પણ કરી શકે નહીં) કેમકે ઘાસ રહિત સ્થાનમા પડેલો અગ્નિ પોતાની મેળે જ શાંત થઈ જાય છે ૧૩

मान (३३)

માનની નિર્થકતાઃ—

स्वचित्तकल्पितो गर्व, कस्य नाम न जायते ? ।
उत्पाट्य टिट्टिभः पादौ, शेते भङ्गभयाद्दिव ॥ १ ॥

પોતાના મનથી કલ્પના કરેલો ગર્વ કોને થતો નથી? સર્વને થાય છે જેમકે ટીટોડી નામનુ પક્ષી, જાણે કે પોતાના પગના ભારથી પૃથ્વી ભાગી જશે એવો ભય પામ્યુ હોય તેમ, પોતાના બન્ને પગ ઉંચા રાખીને સુવે છે ૧

स्थाणुर्वा पुरुषो वाऽयं, दृष्ट्वेति तर्कयति यम् ।
स मानी दूरतस्त्याज्यो, नम्रादिगुणवर्जनात् ॥ २ ॥

हिंगुलप्रकरण, मानप्रक्रम, श्लो० २

જેને જોઇને આ ઠુઠુ છે કે પુરુષ છે, એવી રીતે લોકો તર્ક કરે છે એવા, નમ્રતાદિ ગુણોથી રહિત થએલા, માની મનુષ્યોનો દૂરથી જ ત્યાગ કરવો ૨

हीनयोनिषु बम्भ्रम्य, चिरकालमनेकधा ।
उच्चगोत्रं सकृत्प्राप्त, कस्ततो मानमुद्वहेत् ? ॥ ३ ॥

तत्त्वामृत, श्लो० २९९.

હલકી યોનીએ ... ...ી અનેક વખત

સ્પર્દ્ધા કરીને એકાદ વખત ઉંચા ગોત્રને મેળવીને કોણ માણસ માનને ધારણ કરે ? ૩

अरण्यज तरो पुष्प, समुद्राम्भश्च शीतलम् ।
लावण्य दम्भिना तद्वन्मानिमान निरर्थकम् ॥ ४ ॥

हिंगुलप्रकरण, मानप्रक्रम, श्लो० ४

જેમ વનમા ઉત્પન્ન થએલુ પુષ્પ, તથા સમુદ્રમા રહેલુ શીતલપાણી નિરર્થક છે તથા જેમ કપટી મનુષ્યનુ લાવણ્ય નિરર્થક છે તેમ માનીનુ માન નિરર્થક છે ૪

य. स्तब्धो गुरुणा मास्मन्यस्य नमन कृत ? ।
न छायायै न लाभाय, मानी कथेरवन्नृणाम् ॥ ५ ॥

हिंगुलप्रकरण, मानप्रक्रम, श्लो० १

જે માની માણસ ગુરૂની સમીપે પણ અક્કડ રહે છે તે બીજાને નમસ્કાર કરે એ વાત જ શી કરવી ? અને એટલા જ માટે એવો માની માણસ કથેરના વૃક્ષની પેઠ માણસોને છાયાદાયક કે લાભદાયક થઈ શકતો નથી ૫

मा तात ! साहस कार्षीर्विभवैर्गर्वमागतः ।
स्वगात्राण्यपि भाराय, भवन्ति हि विपर्यये ॥ ६ ॥

હે ભાઇ ! વૈભવથી ગર્વ પામેલો તુ સાહસ-વિચાર વિનાનુ કાર્ય–ન કર ! કેમકે ભાગ્ય વિપરીત થશે-એટલે કે વૈભવનો નાશ થશે–ત્યારે તારા પોતાના શરીરના અવયવો પણ તને ભારભૂત થશે ૬

માનથી નુકસાનઃ—

विनयश्रुतशीलानां, त्रिवर्गस्य च घातकः ।
विवेकलोचनं लुम्पन् मानोऽन्धङ्करणो नृणाम् ॥ ७ ॥

योगशास्त्र, प्र० ८, श्लो० १२

માન (ગર્વ) વિનય, શ્રુત અને શીલનો નાશ કરે છે, ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગનો ઘાત કરે છે, વિવેકરૂપી નેત્રનો લોપ કરે છે, અને મનુષ્યોને અંધ બનાવે છે ૭

हीनाधिकेषु विदधात्यविवेकभावं,
धर्मं विनाशयति संचिनुते च पापम् ।
दौर्भाग्यमानयति कार्यमपाकरोति,
किं किं न दोषमथवा कुरुतेऽभिमानः ? ॥ ८ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ४५

અભિમાન–(અભિમાની માણસ)–ઉચ્ચ અને નીચનો ભેદ નથી જોઈ શકતો, ધર્મનો નાશ કરે છે પાપને ભેગું કરે છે, દુર્ભાગ્યને લાવે છે, કરવા યોગ્ય કામને દૂર કરે છે, બલ્કે એવો કયો દોષ છે કે જે અભિમાન ન કરતો હોય ? ૮

उत्सर्पयन् दोषशाखा, गुणमूलान्यधो नयन् ।
उन्मूलनीयो मानद्रु–स्तन्मार्दवसरित्प्लवैः ॥ ९ ॥

योगशास्त्र, प्र० ८, श्लो० १४

દોષરૂપી શાખાઓને વિસ્તારતા અને ગુણરૂપી મૂળોને નીચે લઈ જતા એવા માનરૂપી વૃક્ષને નમ્રતારૂપી નદીના પૂરે ઉખેડી નાખવો.

अहङ्कारो हि लोकाना, नाशाय न तु वृद्धये ।
यथा विनाशकाले स्यात्, प्रदीपस्य शिखोज्वला ॥१०॥

तत्वामृत, श्लो० २९८

જેવી રીતે દીવાની જ્યોત નાશ થવાના વખતે વધુ તેજ દાર થાય છે તેજ પ્રમાણે અહંકાર પણ માણસનો નાશ કરે છે, નહિ કે વૃદ્ધિ ૧૦

गता दत्त मानरत्या लघुत्व, मानोन्मत्ते रावणे दुर्मतित्वम् ।
दुर्योत्कृष्टे कोणिके दुर्गतित्व, दुष्टान्मानात्सद्गतिः केन लब्धा ? ।।११।

हिंगुलप्रकरण, मानप्रक्रम, श्लो० ५

માનવતીને દૈવે લઘુતા આપી, તથા અહંકારથી ઉન્મત્ત થએલા રાવણને દુર્મતિપણુ આપ્યુ, કોણીકરાજાને દુર્ગતિ પણ આપ્યુ એવી રીતે દુષ્ટ એવા માનથી કોણે સુગતિ મેળવી છે ? ૧૧

नीति निरस्यति विनीतमपाकरोति,
कीर्ति शशाकधवलां मलिनीकरोति ।
मान्यान्न मानयति मानवशेन हीन',
प्राणीति मानमपहाति महानुभाव ॥ १२ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ४४

અભિમાનના કારણે હલકો થયેલો પ્રાણી નીતિનો નાશ કરે છે, વિનયને વેગળો કરે છે; ચંદ્રના જેવી ઉજ્વળ કીર્તિને કલંકિત કરે છે, અને માન આપવા લાયક માણસોને માન

નથી આપતો આ પ્રમાણે સમજીને સારો માણસ માનને દૂર કરે છે ૧૨

श्रुतशीलविनयसदूपणस्य धर्मार्थकामनिघ्नस्य ।
मानस्य कोऽनकाश, मुहूर्तमपि पण्डितो दद्यात् ? ॥ १३ ॥

प्रशमरति, श्लो० २७

શાસ્ત્ર, શીલ, અને વિનયને દુષણરૂપ, ધર્મ અર્થ અને કામને વિઘ્નરૂપ એવા માનને કોણ પંડિત પુરૂષ એક મુહૂર્ત માત્ર પણ અવકાશ આપે ? ૧૩

शिक्षा लभते नो मानी, विद्यामीयाच्च कर्हिचित् ।
निनयादिक्रियाशून्य., स्तभवत् स्तब्धता गत ॥ १४ ॥

हिंगुलप्रकरण, मानप्रक्रम, श्लो० ३

વિનયાદિકની ક્રિયાથી શૂન્ય થએલો, તથા સ્તભની પેઠે સ્તબ્ધપણાને પ્રાપ્ત થએલો એવો અહંકારી માણસ શિખામણને પ્રાપ્ત કરતો નથી તથા કોઈપણ સમયે વિદ્યાને મેળવતો નથી ૧૪

માનનો ત્યાગઃ—

मा कुरु धनजनयौवनगर्वं,
हरति निमेषात् कालः सर्वम् ।
मायामयमिदमखिल हित्वा,
ब्रह्मपद प्रविशाशु विदित्वा ॥ १५ ॥

मोहमुद्गर (शकराचार्य), श्लो० ५

ધન, કુટુંબી જન અને યુવાવસ્થાનો તુ ગર્વ ન કર કેમકે એક ક્ષણ વારમા કાળ સર્વને હરણ કરે છે માટે હે જીવ ! આ સર્વ માયામયને છોડીને તથા બ્રહ્મનુ તત્ત્વ જાણીને તુ શીઘ્રપણે મોક્ષમા પ્રવેશ કર ! ૧૫

માનથી નુકસાન અને ત્યાગ —

यस्मादाविर्भवति विततिर्दुस्तरापन्नदीना,
यस्मिन् शिष्टाभिरुचितगुणग्रामनामापि नास्ति ।
यश्च व्याप्त वहति वधधीधूम्यया क्रोधदाव,
त मानाद्रि परिहर दुरारोहमौचित्यवृत्तेः ॥ १६ ॥

सिन्दूरप्रकरण, श्लो० ४९

જે માનરૂપ પર્વતમાથી ન ઓળગી શકાય એવી આપત્તિરૂપી નદીના સમૂહ પ્રગટ થાય છે, જેમા ઉત્તમ પુરૂષોને પ્રિય એવા ગુણરૂપી ગામનુ નામ પણ નથી, વળી જે હિંસાબુદ્ધિરૂપી ધૂમાડાવડે વ્યાપ્ત એવા ક્રોધરૂપી દાવાનળને ધારણ કરે છે, તથા જેનાપર ચડવુ અતિ કઠણ છે, તે માનરૂપી પર્વતને, ઉચિત આચરણ કરવાથી, તજી દે ૧૬

स्तब्धो विनाशमुपयाति नतोऽस्ति वृद्धिं,
मर्त्यो नदीतटगतो धरणीरुहो वा ।
गर्वस्य दोषमिति चेतसि सनिधाय,
नाहंकरोति गुणदोषविचारदक्ष ॥ १७ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ५१

નદીના કીનારા ઉપર સીધુ ઉભુ રહેલુ ઝાડ નાશ પામે

છે અને નમી ગયેલુ ઝાડ વધે છે, એની માફક ગર્વથી ટટાર ફરનાર માણુસ નાશ પામે છે અને નમ્રતાથી નમનાર માણુસ આગળ વધે છે આ પ્રમાણે અભિમાનનો દોષ મનમા સમજીને ગુણ અને દોષના વિવેકવાળો મનુષ્ય અહકાર કરતો નથી ૧૭

ममाहमिति चैष यावदभिमानदाहज्वरः,
कृतान्तमुखमेव तावदिति न प्रशान्त्युन्नय ।
यश सुखपिपासितैरयमसावनर्थोत्तरः,
परैरपसदः कुतोऽपि कथमप्यपाकृप्यते ॥ १८ ॥

सूत्रकृतागसूत्र (आ० स०) पृ० १३*

જ્યા સુધી " મારૂ " અને " હુ " એ ભાવનાવાળો અભિમાનરૂપી દાહજ્વર માણુસને લાગેલો હોય છે ત્યાસુધી તેને શાતિ થતી જ નથી કારણકે એ યમરાજના મુખ સમાનજ હોય છે એટલા માટે અનર્થથી વેગળા થયેલા અને યશના સુખનુ પાન કરવાની ઇચ્છાવાળા એવા લોકો આ નાલાયક (માન) ને ગમે તેમ કરીને તોડી પાડે છે ૧૮

मानी विनीतिमपहत्यविनीतिरगी,
सर्वे निहन्ति गुणमस्तगुणानुरागः ।
सर्वापदा जगति धाम विरागतः स्या-
दित्याकलय्य सुधियो न धरन्ति मानम् ॥ १९ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ४७

અભિમાની માણુસ વિનયનો નાશ કરે છે, ઉદ્ધતાઈમા આનદ માણે છે, તેની ગુણો પ્રત્યેની પ્રીતિ નાશ પામે છે અને

તેથી તે તમામ ગુણોનો નાશ કરે છે વળી દુનીયામા (ગુણો ઉપરના) વિરાગના કારણે દરેક પ્રકારની આફતને પામે છે આ પ્રમાણે સમજીને ડાહ્યા પુરૂષો માનને ધારણ કરતા નથી ૧૯

भ्राम्यत्यूर्ध्वमुख क्षमो नमयितु पूज्येऽपि नो कन्धरा
मन्त क्षिप्तकुशीलतानशततनु प्राणी यदध्यासितः ।
त मान विपदा निधानमयशोगेर्निदान सदा,
मुक्त्वा मार्दवमादरेण महता चेत. समभ्यस्यताम् ॥ २० ॥

सचेगद्रुमकन्दली, पृ० २, श्लो० ७

હે ચિત્ત ! જે માનના અધ્યાસથી માણસનુ શરીર અત કરણમા રહેલી (ખોરવેલી) કુશીલતા (રૂપ લોઢાની કોશ) થી જકડાઈ જાય છે, અને તેથી તે માણસ પોતાનુ મુખ ઉચુ રાખી ચાલે છે અને પૂજ્ય પુરુષની પાસે પણ પોતાની ગર દન નમાવવાને સમર્થ થતો નથી તેવા, વિપત્તિઓના ભ ડારરૂપ અને અપકીર્તિના કારણરૂપ માનને છોડી દઇ, મોટા આદરવડે તારે માર્દવ-નમ્રતા મેળવવા માટે અભ્યાસ કરવો જોઇએ ૨૦

गर्वेण मातृपितृबाधवमित्रवर्गा ,
सर्वे भवति विमुखा विहितेन पुस. ।
अन्योऽपि तस्य तनुते न जनोऽनुराग,
मत्वेति मानमपहस्तयत सुबुद्धि ॥ २१ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ४९

ગર્વ કરવાથી માણસના માતા, પિતા, ભાઈ, મિત્ર વિગેરે બધા વિમુખ થાય છે અને આ સિવાયનો બીજો માણસ પણ

તેના ઉપર પ્રેમ કરતો નથી આ પ્રમાણે સમજીને સારી બુદ્ધિવાળો માણસ માનને દૂર કરે છે ૨૧

आयासकोपभयदु खमुपैति मर्त्यो
मानेन सर्वजननिन्दितवेषरूपः ।
विद्यादयादमयमादिगुणाँश्च हति,
ज्ञात्वेति गर्ववशमेति न शुद्धबुद्धिः ॥ २२ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ५०

માન (ગર્વ) વડે કરીને સર્વ લોકમા નિંદિત વેષ અને રૂપવાળો મનુષ્ય પ્રયાસથી, કોપથી અને ભયથી ઉત્પન્ન થયેલા દુ ખને પામે છે, તથા વિદ્યા, દયા, દમન, યમ વિગેરે ગુણોને હણે છે આ પ્રમાણે જાણીને શુદ્ધબુદ્ધિવાળો મનુષ્ય ગર્વને વશ થતો નથી ૨૨

અધુરૂ પાત્રઃ—

विषभारसहस्रेण, गर्व न याति वासुकिः ।
वृश्चिको बिन्दुमात्रेण, ऊर्ध्व वहति कण्टकम् ॥ २३ ॥

हितोपदेश, पृ० ८, श्लो० १५

વાસુકિ નામનો નાગ હજાર ભાર વિષને ધારણ કરે છે તો પણ તેને ગર્વ હોતો નથી અને વીંછી તો એક બિંદુ માત્ર જ વિષને ધારણ કરે છે તેમા તો તે પોતાના કટકને—પુછડાને—ઉંચુ રાખીને ચાલે છે ૨૩

दिव्य चूतरस पीत्वा, गर्व न याति कोकिलः ।
पीत्वा कर्दमपानीय, भेको रटरटायते ॥ २४ ॥

भामिनीविलास, उच्छ्वास ३, श्लो० २१.

સ્વાદિષ્ટ આમ્રરસનું પાન કરીને પણ કોયલ ગર્વ કરતી નથી, અને દેડકો કાદવનું પાણી પીને પણ મોટા શબ્દથી ડ ઉં કરે છે-ગર્વિષ્ઠ થાય છે २४

सम्पूर्णकुम्भो न करोति शब्दमर्धो घटो घोषमुपैति नूनम् ।
विद्वान् कुलीनो न करोति गर्वं, गुणैर्विहीना बहु जल्पयन्ति॥२५॥

हितोपदेश, पृ० १३, श्लो० १९

ભરેલો ઘડો શબ્દ કરતો નથી અને અડધો ભરેલો ઘડો અવશ્ય શબ્દ કરે છે તેમ વિદ્વાન્ અને કુલીન માણસ ગર્વ કરતો નથી, અને ગુણરહિત પુરુષો બહુ બોલ્યા કરે છે-ગર્વની વાતો કરે છે એટલે પોતાની બડાઈ મારે છે २५

આઠ મદ —

जातिलाभकुलैश्वर्यबलरूपतपःश्रुतैः ।
कुर्वन् मद पुनस्तानि, हीनानि लभते जनः ॥ २६ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० १३

જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ અને શ્રુત (શાસ્ત્રનો અભ્યાસ) આ આઠ પ્રકારના મદમાથી પ્રાણી જેનો જેનો મદ કરે, તે તે બીજા જન્મમા હીન પ્રાપ્ત થાય છે २६

कुलजातितपोरूप-बललाभश्रुतश्रियाम् ।
मदात्प्राप्नोति तान्येव, प्राणी हीनानि मूढधी ॥ २७ ॥

विवेकविलास, नवम उल्लास, श्लो० ७

મૂઢ પ્રાણી, કુળ, જાતિ, તપ, રૂપ, બળ, લાભ, શ્રુતજ્ઞાન

[प्रशस्त—मान]

યા માનને એક આદેય ગુણ તરીકે વર્ણવીને ાસ્ત બતાવવામા આવેલ છે ત્યા માનનો અર્થ ાન, અહકાર કે એવો ન કરતા એનો અર્થ સત્વા- કે સાત્વિકવૃત્તિ એવો કઇક કરવો જોઇએ

ાહુત્તાઃ—

ाश्रीयते लक्ष्म्या, तावदस्य स्थिर यश. ।
वस्तावदेवासौ, यावन्मानान्न हीयते ॥ ३३ ॥

किरातार्जुनीय, सर्ग ११, श्लो० ६१.

ા સુધી પુરૂષ માનથી ભ્રષ્ટ થતો નથી, ત્યા સુધી લક્ષ્મી આશ્રય કરે છે, ત્યા સુધી તેનો યશ સ્થિર રહે છે, ત્યા સુધી જ તે પુરૂષરૂપે છે ૩૩

अधमा धनमिच्छन्ति, धन मान च मध्यमाः ।
उत्तमा मानमिच्छन्ति, मानो हि महता धनम् ॥ ३४ ॥

वृद्धचाणक्यनीति, અ० ८, श्लो० १.

અધમ મનુષ્યો એકલા ધનને જ ઇચ્છે છે, મધ્યમ જનો ધન ને માન બન્નેને ઇચ્છે છે, પણ ઉત્તમ પુરૂષો તો માત્ર એકલા ાનને જ ઇચ્છે છે કેમકે માન જ મહાપુરૂષોનુ ધન છે ૩૪

ાનભગ કરતા મૃત્યુ ઉત્તમ —

वर प्राणपरित्यागो न मानपरिखण्डनम् ।
मृत्युश्च [illegible] दुःख, मानभङ्गाद् दिने दिने ॥ ३५ ॥

चाणाक्यनीति, अ० १६, श्लो० १६

જાતિ વિગેરેના મદથી ઉન્મત્ત થયેલો આ માણસ દુનીયામા પિશાચની માફક દુ ખી થાય છે અને પરભવમા હલકી જાતિ વિગેરેને અવશ્ય મેળવે છે ૩૦

जिह्वासहस्रकलितोऽपि समासहस्रै—
येस्या न दु खमुपवर्णयितु समर्थः ।
सर्वज्ञदेवमपहाय परो मनुष्य—
स्ता श्वभ्रभूमिमुपयाति नरोऽभिमानी ॥ ३१ ॥

सुभाषितरत्नसदोह श्लो० ५३

શ્રીસર્વજ્ઞદેવને છોડીને બીજો કોઇપણ માણસ હજાર જીભવડે અને હજાર વર્ષમા પણ જેના દુ ખનુ વર્ણન કરવાને સમર્થ બનો નથી એવા અતિદુ ખદાયક નરકમા, અભિમાન કરનારો પ્રાણી જાય છે ૩૧

અપમાન પણ સહવુ —

सम्यग्विचार्येति विहाय मान,
रक्षन् दुरापाणि तपासि यत्नात् ।
मुदा मनीषी सहतेऽभिभूतीः,
शूर क्षमायामपि नीचजाता' ॥ ३२ ॥

अध्यात्मकल्पद्रुम, अ० ७, श्लो० ८

આ પ્રમાણે સારી રીતે વિચાર કરી, માનનો ત્યાગ કરીને અને દુ ખે મળી શકે તેવા તપોનુ યત્નથી રક્ષણ કરીને, ક્ષમા કરવામા શૂરવીર એવો પંડિત સાધુ, નીચ પુરૂષોએ કરેલા અપમાનો પણ ખુશીથી સહન કરે છે ૩૨

[प्रशस्त–मान]

નોટ —જ્યા જ્યા માનને એક આદેય ગુણ તરીકે વર્ણવીને એને પ્રશસ્ત બતાવવામા આવેલ છે ત્યા માનનો અર્થ અભિમાન, અહકાર કે એવો ન કરતા એનો અર્થ સત્વાભિમાન કે સાત્વિકવૃત્તિ એવો કઇક કરવો જોઇએ

માનની મહત્તાઃ—

तावदाश्रीयते लक्ष्म्या, तावदस्य स्थिर यशः ।
पुरुषस्तावदेवासौ, यावन्मानान्न हीयते ॥ ३३ ॥

किरातार्जुनीय, सर्ग ११, श्लो० ६१.

જ્યા સુધી પુરૂષ માનથી ભ્રષ્ટ થતો નથી, ત્યા સુધી લક્ષ્મી તેનો આશ્રય કરે છે, ત્યા સુધી તેનો યશ સ્થિર રહે છે, અને ત્યા સુધી જ તે પુરૂષરૂપે છે ૩૩

अधमा धनमिच्छन्ति, धन मान च मध्यमाः ।
उत्तमा मानमिच्छन्ति, मानो हि महता धनम् ॥ ३४ ॥

वृद्धचाणक्यनीति, अ० ८, श्लो० १.

અધમ મનુષ્યો એકલા ધનને જ ઈચ્છે છે, મધ્યમ જનો ધન અને માન બન્નેને ઇચ્છે છે, પણ ઉત્તમ પુરૂષો તો માત્ર એકલા માનને જ ઈચ્છે છે કેમકે માન જ મહાપુરૂષોનુ ધન છે ૩૪

માનભગ કરતા મૃત્યુ ઉત્તમ —

वर प्राणपरित्यागो न मानपरिखण्डनम् ।
मृत्योश्च क्षणिक दुःख, मानभङ्गाद् दिने दिने ॥ ३५ ॥

चाणाक्यनीति, अ० १६, श्लो० १६.

પ્રાણનો ત્યાગ થાય તે સારૂ છે પરન્તુ માનની હાનિ થાય તે સારૂ નથી કેમકે મૃત્યુથી તો એક ક્ષણ વાર જ દુઃખ થાય છે, પરન્તુ માનનો ભંગ થવાથી તો દિવસે દિવસે એટલે હમેશા જીંદગી સુધી દુઃખ થાય છે ૩૫

अरण्य सारङ्गैर्गिरिकुहरगर्भाश्च हरिभि—
दिशो दिङ्मातङ्गैः सलिलमुषित पङ्कजवनैः ।
प्रियाचक्षुर्मध्य–स्तन–वदनसौन्दर्यविजितै,
सता माने म्लाने मरणमथवा दूरगमनम् ॥३६॥

बिह्लणकविकाव्य, श्लो० १३७

પ્રિયાના ચક્ષુની સુન્દરતાથી જીતાયેલા હરણો અરણ્યમા નિવાસ કરે છે, પ્રિયાના મધ્ય–ઉદરવડે જીતાયેલા સિંહો પર્વતની ગુફાના મધ્યભાગમા રહે છે, પ્રિયાના સ્તનવડે જીતાયેલા દિશાના હાથીઓ દિશાઓના અન્તે રહે છે, અને પ્રિયાના મુખની સુન્દરતાથી જીતાયેલા કમળના વનો પાણીમા વસે છે તે જ પ્રમાણે સત્પુરૂષોના માનની હાનિ થાય ત્યારે તેમનુ મરણ અથવા દૂર દેશમા ગમન એ જ શ્રેયસ્કર છે ૩૬

માનીઓની ભાવના—

ज्वलित न हिरण्यरेतस, चयमास्कन्दति भस्मना जन ।
अभिभूतिभयादसूनत, सुखमुज्झन्ति न धाम मानिन ॥३७॥

किरातार्जुनीय, सर्ग २, श्लो० २०

પરાભવના–બળવાના ભયને લીધે બળતા અગ્નિમા કોઈ માણસ પગ મૂકતો નથી, પણ રાખના ઢગલામા સુખેથી પગ મૂકે છે, તે જ પ્રમાણે માનવન્ત પુરૂષો પરાભવના ભયને લીધે પોતાના પ્રાણનો સુખે ત્યાગ કરે છે, પણ પોતાના તેજનો ત્યાગ કરતા નથી ૩૭

विनय (३४)

વિનયની મહત્તાઃ—

मूलं धर्मद्रुमस्य द्युपतिनरपतिश्रीलतामूलकन्दः,
सौन्दर्याह्वानविद्या निखिलगुणनिधिर्वश्यताचूर्णयोगः ।
सिद्धाज्ञामन्त्रयन्त्राधिगममणिमहारोहणाद्रिः समस्ता-
नर्थप्रत्यर्थितन्त्रं त्रिजगति विनयः किं न किं साधु धत्ते ? ॥१॥

धर्मकल्पद्रुम, पृ० ५८, श्लो० ७८

વિનય એ ધર્મરૂપી વૃક્ષનુ મૂળ છે, દેવેંદ્ર અને નરેંદ્રની લક્ષ્મીરૂપી લતાનો મૂળકંદ છે, સૌંદર્યને બોલવવાની વિદ્યા છે, સમગ્ર ગુણોનો ભંડાર છે, સર્વને વશ કરવા માટે ચૂર્ણનો યોગ છે, સિદ્ધાજ્ઞા (પોતાની આજ્ઞા સર્વને માન્ય થાય તે) મંત્ર અને યંત્રની પ્રાપ્તિરૂપી મણિઓનો મોટો રોહણાચળ પર્વત છે, તથા સમગ્ર અનર્થરૂપી શત્રુઓનો નાશ કરવાનુ તંત્ર છે ભલા વિનય ત્રણ જગતમાં શું શું સારૂ નથી કરતો ? ૧

વિનયઃ સાચુ આભૂષણઃ—

नभोभूषा पूषा कमलवनभूषा मधुकरो,
वचोभूषा सत्यं वरविभवभूषा वितरणम् ।

मनोभूषा मैत्री मधुसमयभूषा मनसिजः,
सदोभूषा सूक्तिः सकलगुणभूषा च विनयः ॥ २ ॥

वचनामृतशास्त्रनीति, श्लो० ५८.

આકાશનુ ભૂષણ સૂર્ય છે, કમળના વનનુ ભૂષણ ભમરો છે, વચનનુ ભૂષણ સત્ય છે, ઉત્તમ વૈભવનુ-ધનનુ-ભૂષણ દાન છે, મનનુ ભૂષણ મૈત્રી એટલે સર્વ પ્રાણીઓ ઉપર મૈત્રીભાવ રાખવો તે છે, વસત ઋતુનુ ભૂષણ કામદેવ છે, સભાનુ ભૂષણ સારી નીતિયુક્ત વાણી છે, અને સમગ્ર ગુણોનુ ભૂષણ વિનય છે ૨

न तथा सुमहार्घैरपि, वस्त्राभरणैरलङ्कृतो भाति ।
श्रुतशीलमूलनिकषो विनीतविनयो यथा भाति ॥ ३ ॥

શ્રુત અને શીળની મુખ્ય કસોટીરૂપ વિનયવડે નમ્ર થયેલો પુરૂષ જેવો શોભે છે, તેવો મહા મૂલ્યવાળા વસ્ત્ર અને આભરણોથી વિભૂષિત થયેલો પુરૂષ શોભતો નથી ૩

વિનયનો ઉપાય —

विनयायत्ताश्च गुणा सर्वे, विनयश्च मार्दवायत्तः ।
यस्मिन्मार्दवमखिलं, स सर्वगुणभाक्त्वमाप्नोति ॥ ४ ॥

प्रशमरति, श्लो० १६९

સર્વ ગુણો વિનયને આધીન છે, અને વિનય મૃદુતાને આધીન છે, અને જેમા સપૂર્ણ મૃદુતા વસી છે તે સર્વગુણસપન્ન છે (એટલે કે વિનય મેળવવાનો ઉપાય મૃદુતા-નમ્રતા-છે) ૪

विनय वगर नुकसान:—

विनयव्यपेतमनसो [illegible]
त्रुटिमात्रविषयसंगाद [illegible]

[illegible]

ગુરુઓ, વિદ્વાનો [illegible] સ્વભાવવાળા એવા વિન [illegible] વિષયના સંસર્ગથી, [illegible] વૃદ્ધાવસ્થા પ્રત્યે) [illegible] માને છે કે હું ઘરડો [illegible] પણ નથી અને આ [illegible] પાની કરતો નથી) ૫.

વિનયનું ફળ:—

य पृष्ट्वा कुरुते कार्य, [illegible]
न तस्य जायते विघ्नः [illegible] ॥ ६ ॥

[illegible]

જે મનુષ્ય પોતાના [illegible] નને પૂછીને દરેક કાર્ય [illegible] આવતુ નથી ૬

आत्मानं भावये [illegible]
मा पुनर्म्रियमाण [illegible]
[illegible]

હમેશા જ્ઞાન અને વિનયવડે કરીને આત્માનુ ચિંતન કરતા રહેવુ જોઇએ (કારણકે એમ કરનાથી) મરતી વખતે પ્રાણીને પસ્તાવો કરવો પડતો નથી ૭

यथा नमन्ति पाथोभि', पाथोदाः फलदाः फलैः ।
नमन्ति विनयेनैव, तद्वदुत्तमपूरुषा ॥ ८ ॥

જેમ વાદળાઓ જળવડે કરીને નમ્ર થાય છે, અને વૃક્ષો ફળોવડે નમી જાય છે, તેમ ઉત્તમ પુરૂષો વિનયવડે નમ્ર થાય છે ૮

भवन्ति नम्रास्तरव फलागमै-
र्नवाम्बुभिर्भूरिविलम्बिनो घना' ।
अनुद्धता सत्पुरुषा समृद्धिभि ,
स्वभाव एवैष परोपकारिणाम् ॥ ९ ॥

જેમ જેમ ફળ આવતા જાય છે તેમ તેમ ઝાડવાઓ નીચા નમતા જાય છે, અને નવા પાણી(ના ભાર)થી વાદળાઓ પણ ખૂબ નમી જાય છે, એ જ પ્રમાણે સજ્જન પુરૂષો પણ પોતાને ગમે તેટલી સંપત્તિ મળે છતા ફુલાઇ જતા નથી કારણકે જે પરોપકારી પુરૂષો હોય છે તેમનો આવો સ્વભાવ જ હોય છે ૯

विनयफल शुश्रूषा, गुरुशुश्रूषाफल श्रुतज्ञानम् ।
ज्ञानस्य फल विरति-र्विरतिफल चाश्रवनिरोध ॥ १० ॥
सवरफल तपोबलमथ तपसो निर्जराफल दृष्टम् ।
तस्मात् क्रियानिवृत्ति , क्रियानिवृत्तेरयोगित्वम् ॥ ११ ॥

योगनिरोधाद्भवसततिक्षयः सन्ततिक्षयान्मोक्षः ।
तस्मात् कल्याणाना, मर्वेषा भाजन विनयः ॥ १२ ॥

प्रशमरति, श्लो० ७२, ७३, ७४

વિનય કરવાથી ગુરૂજનોની સેવાનુ ફળ મળે છે, ગુરૂજનોની સેવા કરવાથી શાસ્ત્રનુ જ્ઞાન મળે છે, શાસ્ત્રજ્ઞાનથી વિરતિ –સસારની વાસનાઓથી વેગળા થવાની ભાવના–થાય છે, વિરતિથી (પાપને આવવાના દ્વાર સમાન) આશ્રવોનુ રોકાણ થાય છે એટલે કે સવર થાય છે, સવરનુ ફળ તપસ્યા છે, તપસ્યા કરવાથી નિર્જરા થાય છે, નિર્જરાથી (પ્રવૃત્તિમાર્ગની) ક્રિયાઓ દૂર થાય છે ક્રિયાઓ દૂર થવાથી અયોગિપણાની પ્રાપ્તિ થાય છે, (મન, વચન, કાયાના) યોગના નિરોધથી સસારની જન્મમરણની પરપરાનો નાશ થાય છે અને એ જન્મમરણની પરપરાના નાશથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, એટલા માટે તમામ કલ્યાણકારક પ્રવૃત્તિનુ મુખ્ય સ્થાન વિનય છે ૧૦, ૧૧, ૧૨

ज्ञानभावनया जीवो लभते हितमात्मनः ।
विनयाचारसपन्नो विषयेषु पराङ्मुखः ॥ १३ ॥

तत्वामृत, श्लो० ४

વિનયયુક્ત આચારથી સહિત એવો ઇંદ્રિયોના વિષયોથી વેગળો થયેલો પ્રાણી જ્ઞાનયુક્ત ભાવના વડે પોતાના હિતને પામે છે ૧૩

माया (३५)

માયાની નિંદા —

> असूनृतस्य जननी, परशु शीलशाखिन'।
> जन्मभूमिरविद्याना, माया दुर्गतिकारणम् ॥ १ ॥
>
> योगशास्त्र, प्र० ४, श्लो० १५.

માયા એ અસત્યની માતાસમાન-ઉત્પત્તિસ્થાન-છે, શીલ રૂપ વૃક્ષનો નાશ કરવામા કુહાડા સમાન છે, અજ્ઞાનની જન્મ ભૂમિ છે, અને દુર્ગતિનુ કારણ છે ૧

> दौर्भाग्यजननी माया, माया दुर्गतिवर्तनी।
> नृणा स्त्रीत्वप्रदा माया, ज्ञानिभिस्त्यज्यते तत॰ ॥ २॥
>
> विवेकविलास, उ० ९, श्लो० ८

માયા દૌર્ભાગ્યને ઉત્પન્ન કરનારી છે, માયા દુર્ગતિનો માર્ગ છે, તથા માયા પુરૂષને સ્ત્રીપણુ આપનારી છે, તેથી જ્ઞાની પુરૂષો માયાનો ત્યાગ કરે છે ૨

> या प्रत्यय बुधजनेषु निराकरोति,
> पुण्य हिनस्ति परिवर्द्धयते च पापम्।
> सत्य निरस्यति तनोति विनिश्चभाव,
> ता सेवते निकृतिमत्र जनो न भव्य' ॥ ३ ॥
>
> सुभाषितरत्नसंदोह, श्लो० ६१

જે માયા સમજદાર માણુસોમાં વિશ્વાસનો નાશ કરે છે, પુણ્યનો નાશ કરે છે, પાપની વૃદ્ધિ કરે છે, સત્યનો નાશ કરે છે, નિંદવાયોગ્ય ભાવને ઉત્પન્ન કરે છે એવી માયાને ભલો માણુસ સેવતો નથી ૩

માયાની પ્રબળતા:—

सुत्यज रसलाम्पट्य, सुत्यज देहभूपणम् ।
सुत्यजाः कामभोगाद्या दुस्त्यज दम्भसेवनम् ॥ ४ ॥

રસને વિષે લંપટપણું સુખે કરીને તજી શકાય છે, શરીરના ભૂષણો સુખે કરીને તજી શકાય છે, કામ ભોગાદિક સુખે કરીને તજી શકાય છે, પરંતુ દંભનું સેવન દુઃખે કરીને તજી શકાય છે દંભ–કપટ–નો ત્યાગ કરવો દુષ્કર છે ૪

માયાથી નુકસાનઃ—

मायाशील' पुरुपो यद्यपि न करोति किंचिदपराधम् ।
सर्प इवाविश्वास्यो भवति तथाऽप्यात्मदोपहतः ॥ ५ ॥

प्रशमरति, श्लो० २८

કપટી માણુસ જોકે (કેટલીક વખત) કોઈ પણ પ્રકારનો ગુન્હો નથી કરતો છતા પણ પોતાના જ દોષવડે હણાયેલા એવા તેનો, સાપની માફક, કોઈ પણ વિશ્વાસ કરતું નથી ૫

अधीत्यनणनतपःशमाद्यान्,
चित्रान् विदधत्समायान् ।

न लप्स्यसे तत्फलमात्मदेह-
क्लेशाधिक ताश्च भवांतरेषु ॥ ६ ॥

अध्यात्मकल्पद्रुम, अ० ७, श्लो० ११

શાસ્ત્રાભ્યાસ, ધર્માનુષ્ઠાન, તપસ્યા શમ, વિગેરે વિગેરે અનેક ધર્મો અથવા ધર્મ કાર્યો માયા સાથે આચરે છે તેથી તું, તારા શરીરને ક્લેશ થવા ઉપરાંત, ભવાંતરને વિષે બીજુ કાંઈ પણ ફળ મેળવવાનો નથી અને તે ધર્મ વિગેરે પણ તને ભવાંતરમાં મળવાના નથી ૬

कौटिल्यपटव. पापा मायया बकवृत्तय ।
भुवन वञ्चयमाना वञ्चयन्ते स्वमेव हि ॥ ७ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० १६

માયાવડે બગલાની જેવા આચરણવાળા અને કુટિલતામાં હુશિયાર એવા પાપી મનુષ્યો જગતને ઠગતા છતા ખરી રીતે પોતાના આત્માને જ ઠગે છે ७

शीलव्रतो यमतप शमसयुतोऽपि,
नाप्नोति निकृतिशल्यधरो मनुष्य. ।
आत्यतिकीं श्रियमबाधसुखस्वरूपा,
शल्यान्वितो विविधधान्यधनेश्वरो वा ॥ ८ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ५८

જેવી રીતે ચિંતાવાળો માણસ અનેક પ્રકારના ધન અને ધાન્યનો માલિક હોય છતા તેનું સુખ નથી માણી શકતો તે જ

પ્રમાણે કપટ કરવાની ચિંતાવાળો માણસ બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનાર હોય કે યમ, તપ અને શમથી મહિન હોય તો પણ, અવિનાશી નિરાબાધ મોક્ષના સુખનો સ્વાદ લઇ શકતો નથી ૮

दम्भेन व्रतमास्थाय, यो वाञ्छति परं पदम् ।
लोहनावं समारुह्य, सोऽब्धेः पारं यियासति ॥ ९ ॥

જે પુરૂષ દંભ–માયાથી વ્રત ગ્રહણ કરીને મોક્ષપદ મેળવવાને ઇચ્છે છે, તે પુરૂષ લોઢાના વહાણમા આરૂઢ થઇ સમુદ્રનો પાર પામવાને ઇચ્છે છે એમ જાણવુ ૯

किं व्रतेन तपोभिर्वा, दम्भश्चेन्न निराकृतः ।
किमादर्शेन किं दीपैर्यद्यान्ध्यं न दृशोर्गतम् ॥ १० ॥

જેમ નેત્રની અધતા દૂર થઇ ન હોય તો અરિસાવડે કે દીવાવડે શું ફળ છે? કાઇજ નથી, તેમ જો દંભ–કપટને દૂર કર્યો ન હોય તો વ્રતવડે કે તપવડે શુ ફળ છે? ૧૦

क्लेशार्जितं सुखकरं रमणीयमर्घ्यं,
धान्यं कृपीवलजनस्य शिखीव सर्वम् ।
भस्मीकरोति बहुधाऽपि जनस्य सत्यं,
मायाशिखी प्रचुरदोषकरं क्षणेन ॥ ११ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ५९.

જેવી રીતે અગ્નિ, દુ ખપૂર્વક ભેગા કરેલા, સુખને આપવાવાળા મનોહર અને મૂલ્યવાન એવા ખેડુતલોકના અનાજને બાળીને રાખ કર [illegible] તે જ પ્રમાણે ઘણા દોષને

વાળો એવો માયારૂપી અગ્નિ પણ ઘણે ભાગે માણસના સત્યને બાળીને રાખ કરી નાખે છે ૧૧

કપટીનું લક્ષણ—

मुखं पद्मदलाकारं, वाचश्चन्दनशीतलाः ।
हृदयं कर्तरीभूतमेतद्धूर्तस्य लक्षणम् ॥ १२ ॥

प्रबन्धचिंतामणि, पृ० १५३, श्लो० १

ધૂર્તનું એ લક્ષણ છે કે એનું મોઢું કમળના પત્ર જેવું સુન્દર, વાણી ચન્દનના જેવી શીતળ હોય છે પણ હૃદય કાતરના જેવું ક્રૂર હોય ૧૨

કપટી અને મચ્છરઃ—

प्राक् पादयोः पतति खादति पृष्ठमांसं,
कर्णे कलं किमपि रौति शनैर्विचित्रम् ।
छिद्रं निरूप्य सहसा प्रविशत्यशङ्कः,
सर्वं खलस्य चरितं मशकः करोति ॥ १३ ॥

हितोपदेश

મચ્છરની માફક જ લુચ્ચો માણસ પણ-પહેલાં પગમાં પડે છે અને પછી પીઠનું માંસ ખાય છે (પોતાની પછવાડે નિંદા કરે છે), કાનમાં ધીમે ધીમે કંઈક વિચિત્ર પ્રકારનો મીઠો અવાજ કરે છે અને જો અવસર મળે કે તરતજ કોઈપણ પ્રકારની શંકા રાખ્યા વગર પેસી જાય છે ૧૩

માયાનુ કડવુ ફળઃ—

या छेदभेददमनाकनदाहदोह–
वातातपान्नजलरोधवधादिदोषा ।
मायावशेन मनुजो जननिंदनीया,
तिर्यग्गति व्रजति तामतिदुःखपूर्णाम् ॥ १४ ॥
सुभाषितरत्नसंदोह, श्लो० ५४.

જે તિર્યચગતિ છેદન, ભેદન, ઇંદ્રિય છેદન, ગરમી, દોહન, પવન, તડકો, અન્ન અને પાણીનો નિરોધ અને વધ વિગેરે દોષોવડે યુક્ત છે, એવી લોકોને નિંદવાલાયક અને અત્યંત દુખથી ભરેલી એવી ગતિને, માણસ કપટ કરવાથી પામે છે ૧૪

या मातृभ्रातृपितृबाधवमित्रपुत्र–
वस्त्राशनाभरणमंडनसौख्यहीनाः ।
दीनानना मलिननिंदितवेषरूपा
नारीषु तासु भवमेति नरो निकृत्या ॥ १५ ॥
सुभाषितरत्नसंदोह श्लो० ५७.

જે સ્ત્રીઓ માતાના સુખથી રહિત હોય, ભાઇના સુખથી રહિત હોય, પિતાના સુખ વગરની હોય, કુટુંબીના સુખ વગરની હોય, સખીના સુખ વગરની હોય, પુત્રના સુખથી હીન હોય, સુંદર કપડા વગરની હોય, પુરતુ ખાવાનુ ન મળતુ હોય, ઘરેણા વગરની હોય કે શણગારના કોઇપણ સામાન વગરની હોય એવી દીન મુખવાળી, ગંદા વેષવાળી અને નિંદાયેલા રૂપવાળી હોય, એવી સ્ત્રીઓમા કપટ કરવાથી માણસ જન્મ પામે છે ૧૫

ऋजुता (३६)

ઋજુતા માયાના નાશનો ઉપાય —

तदार्जवमहौषध्या, जगदानन्दहेतुना ।
जयेज्जगद्द्रोहकर्त्री, माया विषधरीमिव ॥ १ ॥

योगशास्त्र, च० प्र०, श्लो० १७

તેથી જગતનો દ્રોહ કરનારી સર્પણી સમાન માયાને જગતના જીવોને આનંદના હેતુરૂપ એવી સરલતા રૂપી મહા ઔષધીવડે જીતવી ૧

ઋજુતાનું સેવન.—

विश्वस्तानपि वञ्चयत्यनुदिनं मित्रे गुरौ बन्धुषु,
प्रायेणच्छलमीक्षते क्षणमपि द्रोहं विना दुःस्थितः ।
जागर्ति स्वपिति प्रतारणधिया या सेवयन्निस्त्रपो,
मायाया प्रतिकूलमार्जवमरे तस्याः समासेव्यताम् ॥२॥

संवेगद्रुमकन्दली, पृ० ३, श्लो० ८

હે ચિત્ત ! જે માયાને સેવનારો પુરૂષ નિર્લજ થઈને પ્રતિદિવસ વિશ્વાસુ માણસોને પણ છેતરે છે, પ્રાયે કરી પોતાના મિત્ર, ગુરૂ, બન્ધુઓમાં પણ છળની દૃષ્ટિથી જુવે છે, ક્ષણવાર

પણ દ્રોહ વિના રહી શકતો નથી, અને હમેશા બીજાને છેતરવાની બુદ્ધિ રાખી જાગે છે અને સુવે છે, અર્થાત્ જાગતા અને સુતા પણ બીજાઓને છેતરવાનો જ વિચાર કર્યા કરે છે, તેવી માયાને પ્રતિકૂલ એવી સરલતા રાખવી જોઇએ, તેથી તુ તેનું સેવન કર ! ૨

ઋજુતા મોક્ષનુ મૂળઃ—

नानार्जवो विशुध्यति, न धर्ममाराधयत्यशुद्धात्मा ।
धर्मादृते न मोक्षो मोक्षात्परं सुखं नान्यत् ॥ ३ ॥

प्रशमरति, श्लो० १७०

ઋજુતા–સરળતા–વગરનો માણસ શુદ્ધ થઇ શકતો નથી, અશુદ્ધ આત્માવાળો માણસ ધર્મનુ આરાધન કરતો નથી; ધર્મ વગર મોક્ષ મળતુ નથી અને મોક્ષને છોડીને બીજુ કોઈ સુખ નથી (એટલે આ બધાનુ મૂળ ઋજુતા–સરળતા છે) ૩

लोभ (३७)

લોભની નિંદા —

सर्वेषामपि पापानां, निमित्तं लोभ एव हि ।
चातुर्गतिकसंसारे, भूयोभ्रमनिबन्धनम् ॥ १ ॥

धर्मपरीक्षा, पृ० ४६ (आ स)*

લોભ જ સર્વ પાપનું કારણ છે, તથા ચાર ગતિરૂપ સંસારમાં વારંવાર ભ્રમણ કરાવવાનું કારણ પણ લોભ જ છે

स्थले चरेच्च बोहित्थ, शिलायामुद्भवेत्कजम् ।
लभेत्क मृगतृष्णातस्तदा हि लोभतः सुखम् ॥ २ ॥

हिंगुलप्रकरण, लोभप्रक्रम, श्लो० १

જો સ્થલપર વહાણ ચાલે, પત્થરપર કમળ ઉગે, તથા ઝાંઝવાના પાણીમાંથી જો પાણી મળે, તોજ લોભથી સુખ મળે ૨

संसारसरणिर्लोभो लोभः शिवपथाचलः ।
सर्वदुःखरत्नर्लोभो लोभो व्यसनमन्दिरम् ॥ ३ ॥
शोकादीनां महाकन्दो लोभः क्रोधानलानिलः ।
मायावल्लीसुधाकुल्या, मानमत्तेभवारुणी ॥ ४ ॥

योगसार, प्र० ५, श्लो० १६, १७

---

१ આ શબ્દ સંસ્કૃત ભાષાનો નથી પણ દેશ્ય ભાષાનો છે

લોભ જ સંસારનો માર્ગ છે, લોભ જ મોક્ષમાર્ગને અટકાવનાર પર્વત સમાન છે, લોભ જ સર્વ દુઃખની ખાણ છે, લોભ જ સર્વ વ્યસનોનું મંદિર છે, લોભ જ શોકાદિકના મોટા મૂળ સમાન છે, લોભ જ ક્રોધરૂપી અગ્નિને દીપાવનાર વાયુ સમાન છે, લોભ જ માયારૂપી વેલડીને પલ્લવિત કરવામાં અમૃતની નીક સમાન છે, અને લોભ જ માનરૂપી મદોન્મત્ત હાથીને વધારે ગાંડો બનાવનાર મદિરા સમાન છે ૩, ૪

लोभात् क्रोध प्रभवति, लोभात् काम प्रजायते ।
लोभात् मोहश्च नाशश्च, लोभः पापस्य कारणम् ॥ ५ ॥

हितोपदेश, मित्रलाभ, श्लो० २७

લોભથી ક્રોધ ઉત્પન્ન થાય છે, લોભથી કામ ઉત્પન્ન થાય છે, લોભથી મોહ ઉત્પન્ન થાય છે અને લોભથી નાશ (મૃત્યુ) પ્રાપ્ત થાય છે, તેથી લોભ સર્વ પાપનું કારણ છે ૫

लोभ' प्रतिष्ठा पापस्य, प्रसृतिर्लोभ एव च ।
द्वेषक्रोधादिजनको लोभ' पापस्य कारणम् ॥ ६ ॥

પાપની પ્રતિષ્ઠા લોભ છે એટલે કે લોભ પાપનું સ્થાન છે, લોભ જ પાપને ઉત્પન્ન કરનાર છે, દ્વેષ અને ક્રોધ વિગેરેનો પિતા (ઉત્પન્ન કરનાર) પણ લોભ જ છે, અને લોભ સર્વ પાપનું કારણ છે ૬

आकर' सर्वदोषाणा, गुणग्रसनराक्षस' ।
कन्दो व्यसनवल्लीना, लोभ सर्वार्थबाधक ॥ ७ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० १८

લોભ સર્વ દોષોની ખાણ સમાન છે, ગુણોને ગળી જવામા રાક્ષસ સમાન છે, કષ્ટરૂપી વેલડીના મૂળસમાન છે, અને સર્વ પ્રકારના અર્થને બાધા કરનારો છે ૭

कलहकलभविन्ध्य: क्रोधगृध्रश्मशान,
व्यसनभुजगरन्ध्र द्वेषदस्युप्रदोषः ।
सुकृतवनदवाग्निर्मार्दवाम्भोदवायु—
र्नयनलिनतुषारोऽत्यर्थमर्थानुराग: ॥ ८ ॥

सिन्दूरप्रकरण, श्लो० ४२

ધનને વિષે જે અત્યંત અનુરાગ (પ્રીતિ) છે, તે કલેશ રૂપી હાથીને ઉત્પન્ન થવાનો વિંધ્ય પર્વત છે, ક્રોધરૂપી ગીધ પક્ષીને ક્રીડા કરવા માટે શ્મશાન સમાન છે, દુ:ખરૂપી સર્પને રહેવાના નાફડા સમાન છે, દ્વેષરૂપી ચોરને ફરવાની રાત્રિ સમાન છે, પુણ્યરૂપી વનને બાળી નાખવામા દાવાનળ સમાન છે, માર્દવરૂપી વાદળાને વીખેરવામા વાયુ સમાન છે, અને નીતિ રૂપી કમળને બાળી નાખવામા હિમ સમાન છે ૮

લોભની પ્રબળતા—

अहो लोभस्य साम्राज्य-मेकच्छत्र महीतले ।
तरवोऽपि निधिं प्राप्य, पादैः प्रच्छादयन्ति यत् ॥९॥

योगशास्त्र, प्र० ४, श्लो० २१नी टीका, श्लो० ७

અહો ! આ પૃથ્વીપર લોભનુ એક છત્રવાળુ સામ્રાજ્ય કેવુ છે ? કે જેથી વૃક્ષો પણ ધનના ભડાર પામીને પોતાના મૂળીયાવડે તેને ઢાકી દે છે-છુપાવે છે ૯

प्राप्योपशान्तमोहत्व, क्रोधादिनिजये सति ।
लोभाशमात्रदोषेण, पतन्ति यतयोऽपि हि ॥ १० ॥

योगशास्त्र, प्र० ४, श्लो० २१नी टीका, श्लो० ७

ઉપશાત મોહ નામના અગ્યારમા ગુણ સ્થાનકને પામીને ત્યા ક્રોધાદિકનો (ક્રોધ, માન, માયાનો) વિજય (ઉપશમ) કર્યા પછી તથા લોભના પણ કેટલાક અશો ઉપશમાવ્યા પછી પણ, માત્ર લોભના અમુક અશના દોષવડે, મુનિઓ પણ નીચે પડે છે (પડતા પડતા ઠેક મિથ્યાત્વ ગુણસ્થાને આવી જાય છે) ૧૦

नानाकर्मनिपाकपाकनमता हा नारकाणा भवे,
मानाऽमानविचारमुक्तमनमा काम तिरश्चा पुन ।
मर्त्याना शुभधर्मकर्मधरता देवार्चन कुर्वता,
लेखाना खलु दुर्जयो हि मतत लोभो जगद्व्यापक ॥११॥

हिंगुलप्रकरण, लोभप्रक्रम, श्लो० ५.

હા[1] નાના પ્રકારના કર્મોના વિપાકરૂપી પાકમા વમતા એવા નારકીઓના ભવમા, તથા માન અને અમાનના વિચારથી રહિત છે મન જેમના એવા તિર્યંચોના ભવમા, તથા શુભ ધર્મ કાર્યોને ધારણ કરતા એવા મનુષ્યોના ભવમા અને દેવ-પૂજા કરતા એવા દેવોના ભવમા પણ, જગતને વ્યાપી રહેલો એવો લોભ ખરેખર, હમેશા દુ ખે કરીને જીતાય તેવો છે ૧૧

1 લેખ શબ્દનો અર્થ દેવતા થાય છે

લોભ અને સાપ —

सर्पोऽनिष्टोऽथवा लोभो द्वयोर्लोभस्त्वनिष्टकः ।
दशेच्च मर्दितः सर्पो लोभो दशति सर्वदा ॥ १२ ॥

हिंगुलप्रकरण, लोभप्रक्रम, श्लो० २

સર્પ દુઃખદાઈ કે લોભ દુઃખદાઈ ? (એમ જો સવાલ પૂછવામાં આવે તો) બંનેમાંથી લોભ દુઃખદાઈ છે કેમકે સર્પને જો દાબવામાં આવે તો જ તે કરડે છે, પણ લોભ તો હંમેશા કરડ્યા કરે છે. ૧૨

લોભ અને અગ્નિ —

शीतो रविर्भवति शीतरुचिः प्रतापी,
स्तब्धं नभो जलनिधिः सरिदम्बुतृप्तः ।
स्थायी मरुच्च दहनोऽदहनोऽपि जातु,
लोभानलस्तु न कदाचिददाहकः स्यात् ॥ १३ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० ६३.

કદાચ સૂર્ય ઠંડો થઈ જાય, ચંદ્રમા ગરમ થઈ જાય, આકાશ સ્તબ્ધ થઈ જાય, સમુદ્ર સરિતાઓના પાણીથી સંતુષ્ટ થઈ જાય, પવન સ્થીર બની જાય અને અગ્નિ શાંત બની જાય, છતાં પણ લોભરૂપી અગ્નિ કદીપણ પોતાની (હૃદયને) બાળવાની ક્રિયાને છોડતો નથી. ૧૩

लब्धेन्धनज्वलनवत् क्षणतोऽपि वृद्धिं,
लाभेन लोभदहनः समुपैति जन्तोः ।

निद्याऽऽगमव्रततप.शमसयमादीन्,
भस्मीकरोति यमिना म पुन' प्रवृद्धः ॥ १४ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ६४.

જેમ લાકડા નાખવાથી અગ્નિ ક્ષણભરમા વૃદ્ધિ પામે છે, તેવીજ રીતે પ્રાણીનો લોભરૂપી અગ્નિ લાભરૂપી ઇધણથી વૃદ્ધિ પામે છે વળી જો એ વધારે જોરદાર બને તો સયમશીલ મનુષ્યોના જ્ઞાન, શાસ્ત્ર, વ્રત, તપ, શમ અને સયમને બાળીને ભસ્મ કરી નાખે છે ૧૪

લોભની અમર્યાદા.—

न महस्राद्भवेत्तुष्टिर्न लक्षान्न च कोटिभिः ।
न गज्यान्न च देवत्वान्नेन्द्रत्वादपि देहिनाम् ॥ १५ ॥

उत्तराध्यनसूत्र, पृ० २१० (नि ध ल) ॐ

મનુષ્યને હજારથી તૃપ્તિ થતી નથી, લાખથી સતોષ થતો નથી, કરોડથી પણ સતોષ થતો નથી, રાજ્ય મળવાથી સતોષ થતો નથી, દેવપણ્ પ્રાપ્ત થવાથી સતોષ થતો નથી, તથા ઇંદ્રપણ પ્રાપ્ત થયા છતા પણ સતોષ થતો નથી ૧૫

आकाक्षितानि जन्तूना, सपद्यन्ते यथा यथा ।
तथा तथा विशेषाप्तौ, मनो भवति दु'खितम् ॥ १६ ॥

श्राद्धविधि, पृ० १००

પ્રાણીઓને જેમ જેમ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે, તેમ તેમ વધારે વધારે પ્રાપ્ત કરવાની ભાવનામા તેનુ મન દુ ખી થાય છે ૧૬

धनहीनः शतमेकं, सहस्रं शतवानपि ।
सहस्राधिपतिर्लक्षं, कोटिं लक्षेश्वरोऽपि च ॥ १७ ॥
कोटीश्वरो नरेन्द्रत्वं, नरेन्द्रश्चक्रवर्तिताम् ।
चक्रवर्ती च देवत्वं, देवोऽपीन्द्रत्वमिच्छति ॥ १८ ॥
इन्द्रत्वेऽपि हि सम्प्राप्ते, यदिच्छा न निवर्तते ।
मूले लघीयास्तल्लोभः, शराव इव वर्धते ॥ १९ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० १९, २०, २१.

धन रहित पुरुष सोनी इच्छा करे छे, सो रूपीयावाळो हजारनी इच्छा करे छे, हजार रूपीयानो स्वामी लाखने इच्छे छे अने लाख रूपीयानो स्वामी करोड रूपीयानी इच्छा राखे छे कोटी धननो स्वामी राजा थवाने ईच्छे छे, राजा थयो होय तो ते चक्रवर्ती थवा इच्छे छे, चक्रवर्ती थाय तो ते देवपणाने-देव थवाने-इच्छे छे, अने देव थयो होय तो ते इंद्रपणाने ईच्छे छे-इंद्र थवानी इच्छा करे छे इंद्रपणु प्राप्त थया छता पण इच्छानी निवृत्ति थती नथी-सतोष थतो नथी, तेथी करीने एम जणाय छे के—शरावळा-रामपात्र-नी जेवो लोभ मूळमा नानो होय छता अनुक्रमे (जेम जेम एनु पोषण थतु जाय तेम तेम) वृद्धि पामतो जाय छे १७, १८, १९

इच्छति शती सहस्रं, सहस्री लक्षमीहते ।
लक्षाधिपस्ततो राज्यं, राज्याच्च स्वर्गमीहते ॥ २० ॥

जैनपचतत्र, पृ० २८१, श्लो० ६२.

सो रूपीयावाळो हजारने इच्छे छे, हजारवाळो लाखने

ઇચ્છે છે, લાખનો સ્વામી રાજ્યને ઇચ્છે છે, અને રાજ્ય મળ્યા પછી સ્વર્ગને ઈચ્છે છે ૨૦

यथा लाभस्तथा लोभो लाभाल्लोभः प्रवर्धते ।
माषद्वयाश्रित कार्यं, कोट्याऽपि न हि निष्ठितम् ॥२१॥

त्रिषष्टी०, पर्व १, स० ३, श्लो० ६

જેમ જેમ લાભ મળે તેમ તેમ લોભ થાય છે, લાભથી લોભ વૃદ્ધિ પામે છે જેમકે કપિલ મુનિનુ બે માષના આશ્રયવાળુ કાર્ય કોટિ સુવર્ણથી પણ સમાપ્ત થયુ નહીં ૨૧

લોભીની દુર્દશાઃ—

वर्धस्व जीव जय नद विभो चिर त्व-
मित्यादिचाटुवचनानि विभाषमाणः ।
दीनाननो मलिननिन्दितरूपधारी,
लोभाकुलो वितनुते सधनस्य सेवाम् ॥ २२ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ६६.

"હે માલિક ! તમે આગળ વધો, જીવતા રહો, જયવતા થાઓ, લાબા વખત સુધી આનદ પામો" વિગેરે ખુશામત ભર્યા વચનો બોલતો, દીનમુખવાળો, મેલા અને નિદાને યોગ્ય રૂપવાળો એવો લોભથી આકુળ થયેલો માણસ ધનવાનની સેવા કરે છે ૨૨

लोभाविष्टो नरो वित्त, वीक्षते न स चापदम् ।
दुग्ध पश्यति मार्जारो यथा न लगुडाहतिम् ॥ २३ ॥

લોભથી વ્યાપ્ત બનેલો પુરુષ ધનને જ જુએ છે, પરંતુ તેથી આપત્તિ આવી પડશે તને જોતો નથી જેમકે બિલાડો દૂધને જુએ છે, પણ પોતાના પર લાકડીનો માર પડશે તે જોતો નથી ૨૩

न शान्ताऽन्तस्तृष्णा धनलवणवारिव्यतिकरैः,
क्षतच्छाय कायश्चिरविरसरुक्षाशनतया ।
अनिद्रामन्दाग्निर्नृपसलिलचौरानलभया-
त्कदर्याणा कष्ट स्फुटमधमकष्टादपि परम् ॥ २४ ॥

क्षेमेन्द्रकवि

કૃપણ માણસની અંતઃકરણની તૃષ્ણા ધન, ભોજન અને જળના સમૂહવડે શાન્ત થતી નથી, તેના શરીરની કાંતિ, ઘણા કાળ સુધી નીરસ અને લુખા આહારથી ક્ષીણ થાય છે, તથા રાજા, પાણી, ચોર અને અગ્નિના ભયથી તેની નિદ્રા જતી રહે છે અને તેથી તેની પાચનશક્તિ મંદ થઈ જાય છે અહો! કૃપણ માણસનું કષ્ટ અધમ માણસના કષ્ટથી પણ ઘણું મોટું છે ૨૪

લોભીનુ અકાર્ય —

लोभादेव नरा मूढा धनविद्याऽन्विता अपि ।
अकृत्येषु नियोज्यन्त, भ्राम्यन्ते दुर्गमेष्वपि ॥ २५ ॥

जैनपचतन्त्र, पृ० २८१, श्लो० ६१

ધન અને વિદ્યા સહિત છતા પણ મૂઢ માણસો લોભથી જ અકાર્યમા જોડાય છે-પ્રવર્તે છે અને દુર્ગમ એવા દેશોમા ભમ્યા કરે છે ૨૫

मातर पितर पुत्र, भ्रातर वा सुहृत्तमम् ।
लोभाविष्टो नरो हन्ति, स्वामिन वा महोदरम् ॥२६॥

લોભથી વ્યાકુળ થયેલો પુરૂષ માતાને, પિતાને, પુત્રને, બધુને, ઉત્તમ મિત્રને, સ્વામીને અને સહોદર ભાઇને પણ હણે છે ૨૬

आत्मान धर्मकृत्य च, पुत्रदाराश्च पीडयन् ।
लोभाढ्य. पितरौ भ्रातॄन्, म कृपण इति स्मृतः ॥२७॥

લોભી મનુષ્ય પોતાના આત્માને, ધર્મકૃત્યને, પુત્રને, સ્રીને, માતાપિતાને અને ભાઇઓને પીડા કરે છે તેથી તે કૃપણ કહેવાય છે ૨૭

जीवान्निहति विविध वितथ ब्रवीति,
स्तेय तनोति भजते वनिता परस्य ।
गृह्णाति दु.खजनन धनमुग्रदोप,
लोभग्रहस्य वशवर्तितया मनुष्यः ॥ २८ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० ७५

લોભરૂપી ગ્રહને આધીન થવાના કારણે માણસ જીવોનો સહાર કરે છે, અનેક પ્રકારના અસત્યો બોલે છે, ચોરી કરે છે, પારકાની સ્રીઓની સેવા કરે છે અને દુ ખને ઉત્પન્ન કરનાર એવા અત્યંત દોષવાળા ધનને પણ ગ્રહણ કરે છે (મતલબ કે લોભી માણસ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાચે પાપોને આદરે છે) ૨૮

આચો લોભી કોણ—

दातार कृपण मन्ये, मृत्वाऽप्यर्थं न मुञ्चति ।
अदाता हि धनत्यागी, धनं हित्वा हि गच्छति ॥२९॥

હું દાતાર પુરૂષને જ કૃપણ માનું છું કેમકે તે મરે તો પણ ધનને મૂકતો નથી, અર્થાત્ પરભવમા પણ પુણ્યના પ્રભાવથી ધનને સાથે જ લઈ જાય છે, અને અદાતાર પુરૂષ ધનનો ત્યાગ કરે છે, કેમકે તે ધનનો ત્યાગ કરીને પરલોકમા ખાલી હાથે જ જાય છે ૨૯

લોભ કયા કરવો —

सुखाय धत्से यदि लोभमात्मनो
ज्ञानादिरत्नत्रितये विधेहि तत् ।
दु खाय चेदत्र परत्र वा कृतिन्,
परिग्रहे तद्बहिरान्तरेऽपि च ॥ ३० ॥

अध्यात्मकल्पद्रुम, अ० ७, श्लो० १७

હે પંડિત ! જો તું તારા પોતાના સુખમાટે લોભ રાખતો હોય તો, જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રણ રત્નો મેળવવા માટે લોભ રાખ, અને જો આભવ અને પરભવમા દુ ખ ભોગવવા માટે લોભ રાખતો હોય તો અંદરના અને બહારના પરિગ્રહ માટે લોભ રાખ. ૩૦

લોભથી નુકસાનઃ—

सर्वविनाशाश्रयिणः, सर्वव्यसनैकराजमार्गस्य ।
लोभस्य को मुखगतः, क्षणमपि दुःखान्तरमुपेयात् ॥ ३१ ॥
प्रशमरति, श्लो० २९

સર્વ વિનાશના આશ્રય-સ્થાનરૂપ અને સર્વ દુખના મુખ્ય માર્ગરૂપ લોભને વશ થએલો કયો માણસ એક ક્ષણ પણ સુખને પામી શકે ? ૩૧

त्रिलोक्यामपि ये दोपास्ते सर्वे लोभसभवाः ।
गुणास्तथैव ये केऽपि, ते सर्वे लोभवर्जनात् ॥ ३२ ॥
योगसार, प्र० ५, श्लो० १८

ત્રણ જગતમા જેટલા દોષો છે તે સર્વે લોભથી જ ઉત્પન્ન થનારા છે, તે જ પ્રમાણે ત્રણ જગતમા જે કોઇ ગુણો છે તે સર્વે લોભનો ત્યાગ કરવાથી જ ઉત્પન્ન થનારા છે ૩૨

लोभात्क्रोधः प्रभवति, लोभाद् द्रोहः प्रवर्धते ।
लोभान्मोहश्च माया च, मानो मत्सर एव च ॥ ३३ ॥
इतिहाससमुच्चय, अ० ११, श्लो० ३

લોભથી ક્રોધ ઉત્પન્ન થાય છે, લોભથી દ્રોહ વધે છે, અને લોભથી મોહ, માયા, માન અને મત્સર (ઈર્ષ્યા) એ સર્વ ઉત્પન્ન થાય છે ૩૩

चक्रेशकेशवहलायुधभूतितोऽपि,
संतोपमुक्तमनुजस्य न तृप्तिरस्ति ।

तृप्तिं विना न सुखमित्यवगम्य सम्यग्
लोभग्रहस्य वशिनो न भवन्ति धीराः ॥ ३४ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० ७९

સંતોષ વગરના માણસને ચક્રવર્તી, વાસુદેવ કે બલદેવની સંપત્તિથી પણ તૃપ્તિ થતી નથી અને તૃપ્તિ વગર સુખ થતું નથી એમ સમજીને ધીર પુરુષો લોભરૂપી ગ્રહને આધીન થતા નથી ૩૪

यद्दुर्गामटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरं,
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसञ्चरं,
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फूर्जितम् ॥३५॥

सिंदूरप्रकरण, श्लो० ५७.

જેની બુદ્ધિ ધન મેળવવાના લોભથી અંધ થઈ હોય તેઓ જે દુર્ગમ અટવીમાં ભટકે છે, જે વિકટ દેશાન્તરોમાં જાય છે, જે ગહન સમુદ્રમાં પ્રવેશ કરે છે, જે ઘણા ક્લેશવાળી ખેતીને કરે છે, જે કૃપણ સ્વામીની સેવા કરે છે, તથા હાથીઓના સમૂહના સંઘટ્ટનથી અતિ દુષ્પ્રવેશ્ય એવા રણસંગ્રામમાં જે પેસે છે, તે સર્વ લોભનો જ વિલાસ છે ૩૫

लोभेन बुद्धिश्चलति, लोभो जनयते तृषाम् ।
तृषार्त्तो दुःखमाप्नोति, परत्रेह च मानवः ॥ ३६ ॥

हितोपदेश, मित्रलाभ, श्लो० १४०.

લોભથી બુદ્ધિ ચલાયમાન થાય છે, લોભ તૃષ્ણાને ઉત્પન્ન કરે છે, તૃષ્ણાથી પીડા પામતો જન આ લોક અને પરલોકમા દુખ પામે છે ૩૬

सगात् सजायते गृद्धिर्गृद्धो वाछति संचयम् ।
सचयात् वर्धते लोभो लोभात्ससृतिनर्धनम् ॥ ३७ ॥

तत्वामृत, श्लो० २३४

પરિગ્રહ-કરવાથી લોલુપતા ઉત્પન્ન થાય છે, લોલુપ થયેલો માણસ ધનના સચયની ઇચ્છા કરે છે, ધનના સચયથી લોભ વધે છે, અને લોભથી સસારની વૃદ્ધિ થાય છે ૩૭

લોભનુ કડવુ ફળઃ—

दु.खानि यानि नरकेष्वतिदुःसहानि,
तिर्यक्षु यानि मनुजेष्वमरेषु यानि ।
सर्वाणि तानि मनुजस्य भवन्ति लोभा-
दित्याकलय्य विनिहति तमत्र धन्यः ॥ ३८ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ८०.

નરકગતિમા, તિર્યંચગતિમા, મનુષ્યગતિમા કે દેવગતિમા, જે કઈ અત્યત અસહ્ય દુખો છે તે બધાય દુખો માણસને, લોભથી થાય છે એમ સમજીને જે માણસ તેનો નાશ કરે છે તે ભાગ્યશાળી છે ૩૮

यदधोऽध क्षितौ वित्त, निचखान मितपचः ।
तदधोनिलय गन्तु, चक्रे पन्थानमग्रत ॥ ३९ ॥

हितोपदेश

પરિમિત રાખવાવાળો એટલે કે લોભીયો માણસ પોતાનું ધન જેમ જેમ ઉંડી જમીનમા દાટતો જાય છે તેમ તેમ નીચેના લોકમા—નરકલોકમા—જવાને માટે, પોતાના વાસ્તે, પહેલાથી જ રસ્તો કરે છે ૩૯

લોભનો ત્યાગ—

तृष्णावल्लिरिय नवैव विधिनाऽप्येतेन निष्पादिता,
छेत्तु प्रक्रमिता किमप्यतितरा या केवल वर्धते ।
तल्लोभस्य विजृम्भित स सकलक्लेशप्रसूतिस्ततो
मुक्तिर्मुक्तिवधूसमागमविधौ दूती समाराध्यताम् ॥४०॥

सवेगद्रुमकन्दली, पृ० ३, श्लो० ९

આ વિધિએ ઉત્પન્ન કરેલી તૃષ્ણારૂપી વેલ, એક નવીન પ્રકારની જ છે કે જે વેલનો ઉચ્છેદ કરવા જતા ઉલટી તે વધારે ને વધારે વધતી જાય છે આમ જે થાય છે તે લોભનું જ કારણ છે અને વળી એ લોભ જ સર્વ જાતના કલેશોને ઉત્પન્ન કરનારો છે તેથી તેવા લોભથી જ મુક્તિ મેળવવી તે, મોક્ષરૂપી વધૂનો સમાગમ કરવામા દૂતીનુ કામ કરે છે તેથી તુ તેનુ (લોભના ત્યાગનુ) આરાધન કર। ૪૦

आशा (३८)

આશાની નિંદાઃ—

आशैव राक्षसी पुंसामाशैव विषमञ्जरी ।
आशैव जीर्णमदिरा, धिगाशा सर्वदोषभूः ॥ १ ॥

योगशास्त्र, प्र० २, श्लो० ११५ नी टीका, श्लो० १९

પુરૂષોને આશા જ રાક્ષસી છે, આશા જ વિષની મંજરી છે, અને આશા જ જીર્ણ મદિરા છે માટે સર્વ દોષની પૃથ્વી સમાન આશાને ધિક્કાર છે ૧

આશાની નિરર્થકતાઃ—

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभात,
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः ।
एवं विचिन्तयति कोशगते द्विरेफे,
हा हन्त हन्त नलिनीं गज उज्जहार ॥ २ ॥

स्टकमेलककाव्य (भारवी), म० २, श्लो० २८

કોઇ ભ્રમર કમળમાં રહી મકરંદ પીતો હતો તેટલામાં સૂર્ય અસ્ત થવાથી કમળ બીડાઈ ગયું, અને તે ભ્રમર અંદર રહી ગયો, તે વખતે તે વિચાર કરે છે કે-હમણાંજ રાત્રિ જતી રહેશે, સુપ્રભાત થશે, સૂર્યદેવનો ઉદય થશે અને

લક્ષ્મી હસી ઉઠશે-કમળ વિકસ્વર થશે, આ પ્રમાણે કમળના કોશમા રહેલો ભ્રમર વિચાર કરે છે, તેટલામા કોઈ હાથીએ આવી તે કમળના છોડવાને જ મૂળથી ઉખેડી નાખ્યો (તેથી ભ્રમરનુ ઉંબટ મરણ થયુ, અને તેની આશા મનમા જ રહી)

આશાનો બધ—

जङ्ग गलित पलित मुण्ड, दशनविहीन जात तुण्डम् ।
वृद्धो याति गृहीत्वा दण्ड, तदपि न मुञ्चत्याशापिण्डम् ॥३॥
चर्पटमञ्जरी (शङ्कराचार्य), श्लो० ४

અગના અવયવો સિથિલ થયા, મસ્તકપર પળીયા આવ્યા, મુખ દાત રહિત થયુ, આવી રીતનો વૃદ્ધ પુરુષ હાથમા લાકડી લઈને ચાલે છે, તો પણ તે આશારૂપી પિંડને-પોટલાને-મૂકતો નથી ૩

जीर्यन्ति जीर्यत' केशा दन्ता जीर्यन्ति जीर्यत ।
धनाशा जीविताशा च, जीर्यतोऽपि न जीर्यति ॥ ४॥
हितोपदश.

માણસ જેમ જેમ વૃદ્ધ થતો જાય તેમ તેમ તેના વાળ ઘસાતા થાય છે અને દાત પણ ઘસાતા જાય છે પરન્તુ ધન મેળવવાની આશા અને જીવવાની આશા એવી છે કે જે માણસ જીર્ણ થાય છતા તે જીર્ણ થતી નથી ૪

दिनयामिन्यौ साय प्रात, शिशिरवसन्तौ पुनरायात ।
' काल' क्रीडति गच्छत्यायु , तदपि न मुञ्चत्याशावायु ॥५॥
मोहमुद्गल (शकराचार्य), श्लो० १३

।धानि निगाहते च,
ना न च नरो लभते स तृप्तिम् ॥११॥

सुभाषितरत्नसंदोह, श्लो० ६५.

।શાથી મનુષ્ય પૃથ્વીના તળને ખોદે છે, ને તૃષ્ણાવન્ત થઈને તપાવે છે, રાજાઓની દેશાન્તરમા જુદે જુદે ઠેકાણે ફરે છે, પરન્તુ નુષ્ય કઈ પણ ત્રાતિ મેળવતો નથી ૧૧

ચ:—

न्या' पुण्यभाजस्ते, तैस्तीर्णः क्लेशसागर' ।
न्समोहजननी, येराशाशीविषी जिता ॥ १२ ॥

योगशास्त्र, प्र० २, श्लो० २०

ઓએ જગતને મોહ ઉત્પન્ન કરનારી આશારૂપી નાગણને । છે, તે જ પુરૂષો ધન્ય છે, તે જ પુણ્યશાળી છે, અને । જ કલેશરૂપી સમુદ્રને તરી ગયા છે એમ જાણવુ ૧૨

निःकाशनीया विदुषा, स्पृहा चित्तगृहाद्बहिः ।
अनात्मरतिचाडालीसगमगीकरोति या ॥ १३ ॥

ज्ञानसार, नि स्पृहाष्टक, श्लो० ४

વિદ્વાન્ પુરુષે પોતાના ચિત્તરૂપી ઘરમાથી આશાને હાકી જોઇએ કે જે આશા, આત્મા સિવાયના બીજા પૌદ્ગલિક થેની પ્રીતિરૂપી ચડાળ સ્ત્રીનો સગ કરે છે ૧૩

स्पृहावन्तो विलोक्यन्ते, लघवस्तृणतूलवत् ।
महाश्चर्यं तथाप्येते, मज्जन्ति भवनारिधौ ॥ ८ ॥

ज्ञानसार, नि स्पृहाष्टक, श्लो० ५

આશાવાળા માણુસો ઘાસના જેવા કે રૂના જેવા હલકા (કોઈ પણ જાતની મહત્તા વગરના) દેખાય છે અને આમ છતાંય તેઓ સંસારરૂપી સમુદ્રમાં ડુબી જાય છે તે ખરેખર, આશ્ચર્યની વાત છે ૮

आशाया ये दासास्ते दासा सर्वलोकस्य ।
आशा दासी येषा, तषा दासायते लोकः ॥ ९ ॥

જે માણસો આશાના ગુલામ છે તે સમસ્ત દુનીયાના ગુલામ છે અને જે લોકોએ આશાને પોતાની દાસી બનાવી છે તે લોકોને માટે આખી દુનીયા સેવક સમાન છે ૯

आशा हि लोकान् बध्नाति, कर्मणा बहुचिंतया ।
आयु क्षय न जानासि, तस्माज्जागृत जागृत ॥ १० ॥

योगवासिष्ठ, मुमुक्षु प्र०, श्लो० ३५

ખરેખર આશા માણસોને, બહુ ચિંતા કરવાના કારણે, કર્મથી બાંધે છે (અને બીજી તરફ) આયુષ્યનો ક્ષય થતો જાય છે તેની તને ખબર નથી એટલા માટે હે લોકો, જાગો જાગો ! ૧૦

वित्ताशया खनति भूमितल सतृष्णो
धातून् गिरेर्धमति धावति भूमिपाग्रे ।

देशान्तराणि विविधानि निगाहते च,
पुण्य विना न च नरो लभते म तृप्तिम् ॥११॥

सुभाषितरत्नसन्दोह, श्लो० ६५.

લક્ષ્મીની આશાથી મનુષ્ય પૃથ્વીના તળને ખોદે છે, પર્વતની ધાતુઓને તૃષ્ણાન્ત થઇને તપાવે છે, ગન્તઓની આગળ દોડે છે, દેશાન્તરમા જુદે જુદે ઠેકાણે ફરે છે, પરન્તુ પુણ્ય વિના મનુષ્ય કઈ પણ શાન્તિ મેળવતો નથી ૧૧

આશાનો જય·—

ते धन्याः पुण्यभाजस्ते, तैस्तीर्णः क्लेशसागरः ।
जगत्समोहजननी, यैराशाशीविषी जिता ॥ १२ ॥

योगशास्त्र, प्र० २, श्लो० २०

જેઓએ જગતને મોહ ઉત્પન્ન કરનારી આશારૂપી નાગણને જીતી છે, તે જ પુરૂષો ધન્ય છે, તે જ પુણ્યશાળી છે, અને તેઓ જ કલેશરૂપી સમુદ્રને તરી ગયા છે એમ જાણવુ ૧૨

निःकाशनीया विदुषा, स्पृहा चित्तगृहाद्बहिः ।
अनात्मरतिचाण्डालीसगमगीकरोति या ॥ १३ ॥

ज्ञानसार, नि स्पृहाष्टक, श्लो० ४.

વિદ્વાન્ પુરુષે પોતાના ચિત્તરૂપી ઘરમાથી આશાને કાઢી કાઢવી જોઇએ કે જે આશા, આત્મા સિવાયના બીજા પૌદ્ગલિક પદાર્થો સાથેની પ્રીતિરૂપી ચડાળ સ્ત્રીનો સગ કરે છે ૧૩

छिन्दन्ति ज्ञानदात्रेण, स्पृहाविषलता बुधा ।
मुखशोष च मूर्च्छा च, दैन्य यच्छति यत्फलम् ॥१४॥

ज्ञानसार, नि स्पृहाष्टक, श्लो० ३

જે આશારૂપી વિષની વેલડી મુખશોષ કરે છે, મમત્વબુદ્ધિને અને દીનતાને આપે છે તેને, પડિત પુરૂષો, જ્ઞાનરૂપી દાતરડાથી ઉખેડી નાખે છે ૧૪

આશાના જયનુ ફળઃ—

भूशय्या भैक्ष्यमशन, जीर्णं वासो वन गृहम् ।
तथाऽपि नि स्पृहस्याहो चक्रिणोऽप्यधिक सुखम् ॥१५॥

ज्ञानसार, नि स्पृहाष्टक, श्लो० ७

(સાધુ પુરૂષને) જમીનને જ પથારી માનવાની છે, ભિક્ષા માગીને પેટ ભરવાનુ છે, ફાટેલા તૂટેલા વસ્ત્રો પહેરવાના છે, અને અરણ્યને જ ઘર માનવાનુ છે છતા એ કોઇ પણ જાતની આશાથી વેગળો હોવાના કારણે, એનુ સુખ, ચક્રવર્તિના સુખથી પણ વિશેષ છે ૧૫

तेनाधीत श्रुत तेन, तेन सर्वमनुष्ठितम् ।
येनाशा पृष्ठत कृत्वा, नैराश्यमवलम्बितम् ॥ १६ ॥

हितोपदेश

તે જ માણસે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે, તે જ માણસે શાસ્ત્રનુ શ્રવણ કર્યું છે અને તે જ માણસે બધા ધર્મનુ આચરણ કર્યું છે કે જેણે આશાને અળગી કરીને આશારહિતપણાનો આશ્રય લીધો છે ૧૬

तृष्णा (३९)

તૃષ્ણાનાં સ્થાનઃ—

घनेषु जीवितव्येषु, स्त्रीषु चाहारकर्मसु ।
अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च ॥१॥

सूक्तमुक्तावलि, पृ० १५५, श्लो० १२ (हि द)*

ધન, જીવિત, સ્ત્રી અને આહાર આ ચારને વિષે સર્વ પ્રાણીઓ સંતુષ્ટ થયા વગર જ ગયા છે, જશે અને જાય છે આ ચારને વિષે સર્વને તૃષ્ણા હોય જ છે ૧

તૃષ્ણાની નિરર્થકતા:—

उत्खातं निधिशङ्कया क्षितितलं ध्माता गिरेर्धातवो
निस्तीर्णः सरितां पतिर्नृपतयो यत्नेन संतोषिताः ।
मन्त्राराधनतत्परेण मनसा नीताः श्मशाने निशाः,
प्राप्तः काणवराटकोऽपि न मया तृष्णेऽधुना मुञ्च माम् ॥२॥

वैराग्यशतक (भर्तृहरि), श्लो० ३

મે ખજાનો મળવાની શંકા—આશા—થી પૃથ્વીતળ ખોદ્યુ, પર્વતની ધાતુઓ શોધી, સમુદ્ર ઓળંગ્યો, રાજાઓને પ્રયત્નથી—તેમની સેવા કરી—સંતુષ્ટ કર્યા, તથા મંત્રનુ આરાધન કરવામા

તત્પર થયેલા મન વડે સ્મશાનમા રાત્રિઓ નિર્ગમન કરી, તો પણ મને એક કાણી કોડી પણ પ્રાપ્ત થઇ નહીં તો હે તૃષ્ણા ! હવે તો તુ મને મૂકી દે ૨

को वा वित्त समादाय, परलोक गत पुमान् ।
येन तृष्णाग्निसतप्त', कर्म बध्नाति दारुणम् ॥ ३ ॥

तत्वामृत, श्लो० २८०

ભલા કયો એવો માણસ છે કે જે ધનને સાથે લઈને પરલોકમા ગયો ? કે જેથી તૃષ્ણારૂપી અગ્નિથી સતપ્ત થયેલો એવો તે ભયકર એવા કર્મને બાધે છે ૩

स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते ।
इत्यात्मैश्वर्यसपन्नो नि स्पृहो जायते मुनि ॥ ४ ॥

ज्ञानसार, नि स्पृहाष्टक, श्लो० १-

પોતાના સ્વભાવ (આત્મસ્વરૂપ) ને પ્રાપ્ત કરવા ઉપરાત કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાની બાકી રહેતી નથી, એટલા માટે પોતાની આત્મલક્ષ્મીથી યુક્ત થયેલો મુનિ તૃષ્ણા રહીત થાય છે (એટલે કે આત્મલાભ થયા પછી આશા નકામી છે) ૪

તૃષ્ણાનુ અમરપણુ —

यौवन जरया ग्रस्त, शरीर व्याधिपीडितम् ।
मृत्युराकाङ्क्षति प्राणास्तृष्णैका निरुपद्रवा ॥ ५ ॥

श्राद्धप्रतिक्रमणवृत्ति, पृ० ७५ (दे ला)*

યૌવન વયને વૃદ્ધાવસ્થાએ રૂંધ્યુ છે, શરીર વ્યાધિથી પીડા પામે છે, અને મૃત્યુ પ્રાણોને ઇચ્છે છે (આ બધા વચ્ચે) એક તૃષ્ણા જ માત્ર ઉપદ્રવ રહિત-જેવી હતી તેવીને તેવી જ છે ૫

यौवन जरया ग्रस्त-मारोग्य व्याधिभिर्हतम् ।
जीवित मृत्युरभ्नेति, तृष्णैका निरूपद्रवा ॥ ६ ॥

યુવાવસ્થા વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત છે એટલે કે યુવાવસ્થાને નાશ કરનાર વૃદ્ધાવસ્થા છે, નીરોગીપણુ વ્યાધિથી હણાય છે, મૃત્યુ જીવિત પ્રત્યે આવે છે એટલે મૃત્યુ જીવિતનો નાશ કરે છે માત્ર એક તૃષ્ણાજ ઉપદ્રવ રહિત છે અર્થાત્ તૃષ્ણાનો નાશ કરનાર કોઇ પણ નથી ૬

गत तत् तारुण्य तरणीहृदयानन्दजनक,
विशीर्णा दन्तालिनिजगतिरहो ! यष्टिशरणा ।
जडीभूता दृष्टि श्रवणरहित श्रोत्रयुगल,
मनो मे निर्लज्ज तदपि विषयेभ्य' स्पृहयति ॥ ७ ॥

સ્ત્રીઓના હૃદયને આનદ આપનાર મારૂ તે યૌવન જતુ રહ્યુ છે, મારા દાતની શ્રેણિ પડી ગઈ છે, અહો ! મારી ગતિ પણ યષ્ટિનુ શરણુ કરે છે-ચાલતા હાથમા લાકડી ગ્રહણવી પડે છે, મારી દૃષ્ટિ જડ-અધ જેવી થઇ છે, તથા બે કાનવડે કાંઇ સભળાતુ નથી તો પણ મારૂ નિર્લજ્જ મન તો વિષયોની જ સ્પૃહા કરે છે ૭

वलिभिर्मुखमाक्रान्त, पलितैरङ्कित शिरः ।
गात्राणि शिथिलायन्ते, तृष्णैका तरुणायते ॥ ८ ॥
वैराग्यशतक (भर्तृहरि), श्लो० ८.

વળિયા-કરચલી-એ મુખ વ્યાસ થયું છે, પળિયાવડે મસ્તક વ્યાસ થયું છે, અને બધા અવયવો શિથિલ થયા છે, માત્ર એક તૃષ્ણા જ જુવાન બની છે-તૃષ્ણા જ વૃદ્ધિ પામે છે ૮

जीर्यन्ति जीर्यतः केशा दन्ता जीर्यन्ति जीर्यतः ।
जीर्यतश्चक्षुषी श्रोत्रे, तृष्णैका तु न जीर्यति ॥ ९ ॥

જૈનપંચતંત્ર, પૃ૦ ૨૮૧, શ્લો૦ ૬૩

વૃદ્ધ મનુષ્યના કેશો જીર્ણ થાય છે, વૃદ્ધ મનુષ્યના દાંત જીર્ણ થાય છે, વૃદ્ધ મનુષ્યના નેત્રો અને કાન પણ જીર્ણ થાય છે, પરન્તુ એક તૃષ્ણા જ જીર્ણ થતી નથી ૯

તૃષ્ણાની મર્યાદા —

अतितृष्णा न कर्तव्या, तृष्णा नैव परित्यजेत् ।
अतितृष्णाभिभूतस्य, शिखा भवति मस्तके ॥ १० ॥

જૈનપંચતંત્ર, પૃ૦ ૧૩૮, શ્લો૦ ૫૧

અતિ તૃષ્ણા કરવી નહીં, તેમજ સર્વથા તૃષ્ણાનો ત્યાગ પણ કરવો નહીં કેમકે અતિ તૃષ્ણાથી પરાભવ પામેલા મનુષ્યના મસ્તકપર શિખા થાય છે ૧૦

તૃષ્ણાવાળા લેખકની સ્થિતિ —

चक्षुःक्षयं प्रचुररोगशरीरबाधा-
श्चेतोऽभिघातगतिभङ्गममन्यमानः ।

सकृत्य पत्रनिचय च मर्षी निमर्द्य,
तृष्णातुगे लिखति लेखकतामुपेतः ॥ ११ ॥

सुभाषितरत्नसन्दोह, श्लो० ६७

તૃષ્ણાથી આતુર થયેલો માણસ જો લેખકપણાને પામેલો હોય તો તે કાગળોનો સમૂહ ભેગો કરીને અને શ્યાહીને ઘુટીને (લખવાના કામમા મગ્ન બનીને) આખોના નાશને, અનેક પ્રકારના રોગો અને શરીરની બીજી હરકતોને, ચિત્તની અસ્થિરતાને અને ગતિના નાશ એટલે કે આખો દિવસ હાલ્યા ચાલ્યા વગર બેસી રહેવુ પડે તેને–પણ ગણકારતો નથી ૧૧

તૃષ્ણાથી નુકસાન —

भुक्त्वाऽप्यनतशो भोगान्, दवलोके यथेप्सितान् ।
यो हि तृप्तिं न सप्राप्त:, स किं प्राप्स्यति साम्प्रतम् ? ॥१२॥

तत्त्वामृत, श्लो० ७६

જે પ્રાણી દેવલોકમા પોતાને મનગમતા અનત ભોગોને ભોગવીને પણ સતુષ્ટ ન થયો તેને અત્યારે તૃપ્તિ કેવી રીતે થશે ? ૧૨

हृदय दह्यतेऽत्यर्थं, तृष्णाऽग्निपरितापितम् ।
न शक्य शमन कर्तुं, विना सतोषवारिणा ॥ १३ ॥

तत्त्वामृत, श्लो० २४७

તૃષ્ણારૂપી અગ્નિથી વ્યાપ્ત થયેલુ એવુ હૃદય ઘણુ જ

બળ્યા કરે છે સતોષરૂપી પાણી વગર, એ બળતરાને શાત કરવાનુ શકય નથી ૧૩

तृष्णाऽन्धा नैव पश्यन्ति, हित वा यदि वाऽहितम् ।
सतोषाजनमासाद्य, पश्यन्ति सुधियो जनाः ॥ १४ ॥

तत्त्वामृत, श्लो० २४१

તૃષ્ણાથી આધળા થયેલા માણસો પોતાના ભલા કે બુરાને જોઈ શકતા નથી એટલા માટે બુદ્ધિશાળી માણસો સતોષરૂપી અજનને આજીને (પોતાનુ ભલુ બુરૂ) જુએ છે ૧૪

तृष्णाऽनलप्रदीप्ताना, सुसौख्य नु कुतो नृणाम् ? ।
दु खमेव सदा तेषा, ये रता धनसचये ॥ १५ ॥

तत्त्वामृत, श्लो० २४३

તૃષ્ણારૂપી અગ્નિથી બળતા એવા માણસોને સાચુ સુખ ક્યાંથી મળે ? કારણકે જે લોકો ધનને ભેગુ કરવામા જ મગ્ન થયેલા હોય છે તેમને હમેશા દુ ખ જ મળે છે ૧૫

संतोष (४०)

संतोषनी महत्ता:—

संतोषः परमं सौख्यं, संतोषः परमामृतम् ।
संतोषः परमं पथ्यं, संतोषः परमं हितम् ॥ १ ॥
हिंगुलप्रकरण, श्लो० १४

संतोष ज महान् सुख छे, संतोष ज उत्कृष्ट अमृत छे, संतोष ज परम गुणकारक छे अने संतोष ज परम हितकारक छे १

यच्च कामसुखं लोके, यच्च दिव्यं महत्सुखम् ।
तृष्णाक्षयसुखस्यैते, नार्हतः षोडशीं कलाम् ॥ २ ॥
शांतिपर्व, अ० १७३, श्लो० ४७

लोकने विषे जे कामसुख छे अने स्वर्गमां जे मोटुं देव संबंधी सुख छे, ते सुख संतोषना सुखना सोळमा अंशने पण लायक नथी २

मासे मासे हि ये बालाः, कुशाग्रेणैव भुञ्जते ।
संतुष्टोपासकानां ते, कलां नार्हन्ति षोडशीम् ॥ ३ ॥
भविष्योत्तरपुराण, अ० ६२, श्लो० ८४

जे अज्ञानी मनुष्यो महिने महिने (मास मासना उप-वास करीने पारणाने दिवसे) मात्र डाभना अग्रभागपर रहेला अन्नने ज जमे छे, ते मनुष्यो संतोषी श्रावकना सुखना सोळमा अंशने पण लायक नथी ३

જ્ઞાનરૂપી અમૃતનુ પાન કરી, ક્રિયારૂપી સુરલતાના ફળ-અમૃતફળ-નુ ભોજન કરીને અને સમભાવરૂપી પાનનો સ્વાદ લઇને મુનિ ઉત્કૃષ્ટ સતોષને પામે છે ૮

સતોષનુ ફળ —

सतोषमारमद्रत्न, ममादाय विचक्षणा ।
भवन्ति सुखिनो नित्य, मोक्षसन्मार्गवर्तिन ॥ ९ ॥

तत्वामृत, श्लो० २४२.

વિચક્ષણ પુરૂષો સતોષરૂપી ઉત્તમ રત્નને મેળવીને, મોક્ષરૂપી સાચા માર્ગમા ચાલતા થકા, હમેશા સુખી થાય છે ૯

द्रव्याशा दूरतस्त्यक्त्वा, सतोष कुरु सन्मते ! ।
मा पुनर्दीर्घसमारे, पर्यटिष्यसि निश्चितम् ॥ १० ॥

तत्वामृत, श्लो० २४५

હે સદ્બુદ્ધિવાળા માનવી ! ધનની આશાને વેગળી કરીને તુ સતોષને ધારણ કર ! કે જેથી તારે આ લાબા સસારમા ફરીથી ભટકવુ ન જ પડે ! ૧૦

जात कल्पतरु पुर सुरगवी तया प्रविष्टा गृह,
चिन्तारत्नमुपस्थित करतले प्राप्तो निधि• सन्निधिम् ।
विश्व वश्यमवश्यमेव सुलभा स्वर्गापवर्गश्रियो
ये सन्तोषमशेषदोषदहनध्वमाम्बुद बिभ्रते ॥ ११ ॥

सिन्दूरप्रकरण, श्लो० ६०

જે પુરુષો સમગ્ર દોષરૂપી અગ્નિને બુઝવવામા મેઘ સમાન સતોષને ધારણ કરે છે, તેમની પાસે કલ્પવૃક્ષ ઉત્પન્ન થાય છે, કામધેનુ તેમના ઘરમા પ્રવેશ કરે છે, તેમની હથેળીમા ચિંતામણિ પ્રાપ્ત થાય છે, તેમની પાસે નિધાન પ્રાપ્ત થાય છે, આખુ જગત્ તેમને વશ થાય છે, તથા તેમને અવશ્ય સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી સુલભ થાય છે ૧૧

ईश्वरो नाम सतोषी यो न प्रार्थयतेऽपरम् ।
प्रार्थना महतामत्र, पर द्रारिद्र्यकारणम् ॥ १२ ॥

तत्वामृत, श्लो० २४६

સતોષી માણસ જ સાચો ધનવાન છે કે જે બીજાની પાસે ભીખ માગતો નથી કારણ કે મોટા લોકોને મન ભીખ માગવી એ જ મોટામા મોટુ દરિદ્રતાનુ કારણ છે ૧૨

यैः सतोषोदक पीत, निर्ममत्वेन वासितम् ।
त्यक्त तैर्मानस दुःख, दुर्जनेनेव सौहृदम् ॥ १३ ॥

तत्वामृत, श्लो० २४८

જે લોકોએ નિર્મમત્વભાવથી સુગધિત થયેલુ એવુ સતોષરૂપી પાણી પીધુ છે તેઓએ, દુર્જન માણસ જેમ મિત્રતાનો ત્યાગ કરે છે તેમ, માનસિક દુ ખને તજી દીધુ સમજવુ ૧૩

निःशेषलोकवनदाहविधौ समर्थ,
लोभानल निखिलतापकर ज्वलतम् ।

ज्ञानाम्बुवाहजनितेन विवेकिजीवाः,
संतोषदिव्यसलिलेन शमं नयन्ति ॥ १४ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ७७

સમગ્ર સમાધિરૂપી વનને બાળવામાં સમર્થ, અત્યંત તાપ કરનાર અને જાજ્વલ્યમાન એવા લોભરૂપી અગ્નિને, વિવેકવાળા જીવો, જ્ઞાનરૂપી વાદળાંઓથી ઉત્પન્ન થયેલ એવા સંતોષરૂપી અલૌકિક પાણીવડે, શાંત કરે છે ૧૪

यैः संतोषामृतं पीतं, तृष्णातृट्पनाशनम् ।
तैः मुनिर्वाणसौख्यस्य, कारणं समुपार्जितम् ॥ १५ ॥

तत्वामृत, श्लो० २४९

જે લોકોએ તૃષ્ણારૂપી તરસનો નાશ કરનાર એવા સંતોષરૂપી અમૃતનું પાન કર્યું છે તે લોકોએ મોક્ષના સુખના કારણને મેળવી લીધું છે ૧૫

इन्द्रोऽपि न सुखी तादृग्यादृग्भिक्षुस्तु निःस्पृहः ।
कोऽन्यः स्यादिह संसारे, त्रिलोकीविभवे सती ॥१६॥

भागवत, स्कंध ८, अ० ११, श्लो० ३३

નિઃસ્પૃહ (ઇચ્છારહિત-સંતોષી) ભિક્ષુક જેવો સુખી છે તેવો ઇંદ્ર પણ સુખી નથી કારણ કે ત્રણ લોકનો વૈભવ નિઃસ્પૃહી-સંતોષી-ને પ્રાપ્ત થાય છે, તેથી બીજો કોણ આ સંસારમાં તેનાથી વધારે સુખી હોય ? કોઈ જ ન હોય ૧૬

रागद्वेष (४१)

રાગદ્વેષનુ મૂળ:—

ममकाराहङ्कारा-वेषा मूल पदद्वय भवति ।
रागद्वेषावित्यपि, तस्यैवान्यस्तु पर्याय' ॥ १ ॥

प्रशमरति, श्लो० ३१

મમત્વ અને અહકાર એ બે જ પદ રાગ અને દ્વેષનુ મૂળ છે બાકી બીજા તો એ બે શબ્દના પર્યાય જ છે ૧

રાગદ્વેષનુ પરિણામ —

येषु यावच्च रागोऽभूत्, तेषु तावच्च सद्गुणाः ।
द्वेषोत्पन्नेषु तेष्वेव, दोष पश्येद्धि केवलम् ॥ २ ॥

हिंगुलप्रकरण, द्वेषप्रक्रम श्लो० ३.

જે માણસો પ્રત્યે, જ્યા સુધી, રાગબુદ્ધિ હોય ત્યા સુધી તેઓમા સદ્‌ગુણો દેખાય છે અને તેઓ પ્રત્યે જ જ્યારે દ્વેષ બુદ્ધિ થાય ત્યારે (માણસ) કેવળ દૂષણને જ જૂએ છે ૨.

રાગદ્વેષથી નુકસાન'—

आत्मायत्तमपि स्वान्त, कुर्वतामत्र योगिनाम् ।
रागादिभि समाक्रम्य, परायत्त निर्धायते ॥ ३ ॥

योगशास्त्र, च० प्र०, श्लो० ४६

મનને આત્માને-પોતાને-આધીન કરતા એવા યોગીઓના મનને પણ, રાગ-દ્વેષાદિ આન્તરિક શત્રુઓ દબાવી દઈને પરાધીન કરી દે છે (એટલે કે એ કષાયો મનને રાગી દ્વેષી બનાવી દઈ આત્માને આધીન રહેવા દેતા નથી) ૩

तिष्ठेद्वायुर्द्रवेदग्निर्ज्वलेज्जलमपि क्वचित् ।
तथापि ग्रस्तो रागाद्यैर्नाप्तो भवितुमर्हति ॥ ४ ॥

त्रिषष्ठी०, पर्व १०, स० ५, श्लो० ३७

કદાચ વાયુ સ્થિર થઈ જાય, અગ્નિ દ્રવિત થાય-પાણી જેવો થાય અને જળ પણ અગ્નિની જેમ જાજ્વલ્યમાન થાય, તો પણ જે રાગાદિકવડે વ્યાપ્ત હોય તે આપ્ત-મહાપુરુષ-થવાને લાયક નથી હોતો ૪

रक्ष्यमाणमपि स्वान्तं, समादाय मनाग् मिषम् ।
पिशाचा इव रागाद्या-श्छलयन्ति मुहुर्मुहुः ॥ ५ ॥

योगशास्त्र, ४० प्र०, श्लो० ४७

યમ-નિયમાદિવડે રક્ષણ કરાતા પણ મનને, કાંઈક પ્રમાદ રૂપ બ્હાનુ મળતા જ, રાગ-દ્વેષાદિ શત્રુઓ, પિશાચની માફક વારંવાર છળી જાય છે ૫

रागादितिमिरध्वस्त-ज्ञानेन मनसा जनः ।
अन्धेनान्ध इवाकृष्टः, पात्यते नरकावटे ॥ ६ ॥

योगशास्त्र, ४० प्र०, श्लो० ४८

જેમ આંધળાવડે ખેંચાયેલો-દોરાયેલો-આંધળો કૂવામાં પડે છે, તેમ રાગાદિ અંધકારવડે જેનો જ્ઞાનરૂપી પ્રકાશ નાશ પામ્યો છે એવું મન, આત્માને નરકરૂપી ખાડામાં પાડે છે ૬

રાગદ્વેષનો જય—

अस्ततन्द्रैरतः पुम्भि-र्निर्वाणपदकाङ्क्षिभिः ।
विधातव्यः समत्वेन, रागद्वेषद्विषज्जयः ॥ ७ ॥

योगशास्त्र, च० प्र०, श्लो० ४९.

મોક્ષપદની ઇચ્છા રાખનારા મનુષ્યોએ, પ્રમાદનો ત્યાગ કરીને, સમતારૂપ શસ્ત્રવડે, રાગ-દ્વેષ રૂપી શત્રુનો જય કરવો ।૭

[राग]

રાગના પર્યાય.—

इच्छा मूर्च्छा कामः, स्नेहो गार्ध्यं ममत्वमभिनन्दः ।
अभिलाष इत्यनेकानि रागपर्यायवचनानि ॥ ८ ॥

प्रशमरति, श्लो० १८

ઇચ્છા, મૂર્ચ્છા, કામ, સ્નેહ, ગાર્ધ્ય, મમત્વ, અભિનન્દ, અભિલાષ વિગેરે અનેક રાગના પર્યાયવાચી નામો છે ૮

રાગનું પ્રાબલ્ય:—

मुच्यते शृङ्खलाबद्धो नाडीबद्धोऽपि मुच्यते ।
न मुच्यते कथमपि, प्रेम्णा बद्धो निरर्गलं ॥ ९ ॥

हिंगुलप्रकरण, रागप्रक्रम, श्लो० १

સાકળથી બધાએલો પ્રાણી મૂકાય છે, તેમ જ દોરડાથી બધાએલો પ્રાણી પણ છુટો થઇ શકે છે, પણ પ્રેમથી બધાએલો પ્રાણી (દેખીતી રીતે) કોઇપણ પ્રતિબધ વગરનો પણ કોઇપણ રીતે મુક્ત થઇ શક્તો નથી ૯

मनस्तत्र वचस्तत्र, जीवस्तत्रैव सवसेत् ।
नेत्रारलोकन रागस्तत्र यत्रोपतिष्ठते ॥ १० ॥

हिंगुलप्रकरण, रागप्रक्रम, श्लो० ३.

જ્યા રાગ હોય છે ત્યા જ મન વળગ્યુ રહે છે, વચન બોલવાનુ મન થાય છે, જીવ ચોટ્યો રહે છે, અને આખો પણ ત્યાને ત્યા જ જોઈ રહે છે ૧૦

દૃષ્ટિરાગનુ પ્રાબલ્ય —

दृष्टिरागो महामोहो दृष्टिरागो महाभव ।
दृष्टिरागो महामारो दृष्टिरागो महाज्वर' ॥ ११ ॥

योगसार, प्र० ७, श्लो० ७.

દૃષ્ટિરાગ (એટલે ગુણ દોષ જોયા વિના કોઇના પર એકાત પ્રીતિ રાખવી તે) મહા મોહ છે, દૃષ્ટિરાગ એ મહા ભવ છે— મોટા સસારમા ભ્રમણ કરાવનાર છે, દૃષ્ટિરાગ એ મોટી મરકી છે અને દૃષ્ટિરાગ એ મોટો કાળજ્વર છે-૧૧

कामरागस्नेहरागावीपत्करनिवारणौ ।
दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेद सतामपि ॥ १२ ॥

वीतरागस्तोत्र (हेमचंद्र), प्र० ६, श्लो० १०.

કામરાગ અને સ્નેહરાગ આ બે રાગનું નિવારણ કરવું તે તો સહેલું છે, પરંતુ એક દૃષ્ટિરાગ એટલે કે અમુક વ્યક્તિ પ્રત્યેનો આધરો સ્નેહ જ અતિ પાપી છે, અને સત્પુરુષો પણ તેનું નિવારણ મુશ્કેલીથી કરી શકે છે ૧૨

રાગનું પરિણામ —

भर्तुर्विरहतो नार्यः, प्रविशन्त्यनलान्तरे ।
स्वेच्छया च सहर्षेण, तत्र प्रेमप्रपञ्चकः ॥ १३ ॥

हिंगुलप्रकरण, रागप्रक्रम, श्लो० ७

(પોતાના) ભર્તારના વિરહથી સ્ત્રીઓ પોતાની ઇચ્છાથી હર્ષસહિત જે અગ્નિમાં પ્રવેશ કરે છે તેમાં પણ પ્રેમનો જ પ્રપંચ છે (પ્રેમ-રાગ-ને આધીન વ્યક્તિ મરણને પણ ગણતી નથી) ૧૩

वनेऽपि दोषाः प्रभवन्ति रागिणां,
गृहेऽपि पञ्चेन्द्रियनिग्रहः तपः ।
अकुत्सिते कर्मणि यः प्रवर्तते,
निवृत्तरागस्य गृहं तपोवनम् ॥ १४ ॥

हितोपदेश, सधि, श्लो० ८४

વનમાં રહેતો હોય અને જો તે રાગી હોય તો તેને દોષો ઉત્પન્ન થાય છે, અને ઘરમાં રહ્યા છતાં પણ જો પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરે તો તે તપ જ છે. જે મનુષ્ય દોષ રહિત

कर्मने विषे प्रवर्ते छे अने जेनो राग नाश पाम्यो छे एवा मनुष्यने, घर पण तपोवन ज छे १४

રાગથી નુકસાન—

अय पोतो नीरे तरति तपन शीनकिरण,
धात्येव नित्य स्मि कुमुदबधु• खरकरम् ।
धरत्युर्वी गुर्वी कथमपि च भारण नमति,
तथा तीव्र रागे कनकरथवच्छ भवति भो ॥ १५ ॥

हिंगुलप्रकरण, रागप्रक्रम, श्लो० ५

હે ભાઇ! અગર લોખડનુ વહાણુ પાણીમા તરે, સૂર્ય-નારાયણ ઠડા કિરણોને ધારણ કરે, એ જ પ્રમાણે ચદ્રમા હમેશા ઉના કિરણોને ધારણ કરે અને વિશાળ એવી પૃથ્વી પોતાના ઉપરના ભાગના ભારથી નમી જાય, તો જ તીવ્ર રાગ કરવા છતા, કનકરથ રાજાની માફક, સુખ મળી શકે! ૧૫

રાગથી નુકસાન અને ત્યાગ —

रागान्धो हि जन सर्वो न पश्यति हिताहितम् ।
राग तस्मान्न कुर्वीत, यदीच्छेदात्मनो हितम् ॥ १६ ॥

यतिधर्मसमुच्चय, अ० १६, श्लो० ९.

રાગના કારણે આધળો થયેલો દરેક પુરૂષ પોતાના હિત કે અહિતને જોઇ શકતો–જાણી શકતો–નથી, તેથી જો પોતાના હિતની ઇચ્છા હોય તો રાગ કરવો જ નહીં ૧૬

[द्वेष]

દ્વેષના પર્યાયઃ—

ईर्ष्या रोषो दोषो द्वेषः, परिवादमत्सरासूयाः ।
वैरप्रचण्डनाद्या नैके द्वेषस्य पर्यायाः ॥ १७ ॥

प्रशमरति, श्लो० १९

ઇર્ષ્યા, રોષ, દોષ, દ્વેષ, પરિવાદ, મત્સર, અસૂયા, વૈર, પ્રચણ્ડન વિગેરે અનેક દ્વેષના પર્યાયવાચી નામો છે ૧૭

દ્વેષી પ્રત્યેનો ભાવઃ—

बद्धवैराणि भूतानि, द्वेष कुर्वन्ति चेत्ततः ।
सुशोच्यान्यतिमोहेन, व्याप्तानीति मनीषिणाम् ॥ १८ ॥

જેમણે પ્રથમ વૈર બાંધ્યા હોય એવા પ્રાણીઓ જો પોતાના ઉપર દ્વેષ કરે તો 'આ પ્રાણીઓ અતિ મોહવડે વ્યાપ્ત છે,' એમ ધારી ડાહ્યા પુરૂષોએ તે પ્રાણીઓ માટે દીલગીરી બતાવવી-દયા ચિંતવવી ૧૮

દ્વેષથી નુકસાનઃ—

यस्माच्च बद्धयते कर्म, तपस्यतो न मुच्यते ।
तत्प्राणिनामितिज्ञात्वा, त्याज्यो द्वेषो बुधैः स च ॥ १९ ॥

हिंगुलप्रकरण, द्वेषप्रक्रम, श्लोक १

જે ે કર્મ બધાય છે, (તે કર્મના

તપસ્યા તપતા છતા પણ પ્રાણીનો મોક્ષ થતો નથી, એમ જાણીને તે દ્વેષને પંડિતોએ તજવો ૧૯

स्वकीय परकीय च, द्वेषाज्जन सदा जना ।
विद्धयेरन् वाक्यशल्यैर्बब्बुलकण्टका यथा ॥ २० ॥

हिंगुलप्रकरण, द्वेषप्रक्रम, श्लो० २

માણસો દ્વેષથી બાવળના કાંટાની પેઠે હમેશા પોતાના અને પારકા માણસને વચનોરૂપી શલ્યોથી વીંધે છે ૨૦

श्रीद्वीपायनतापसेन महती प्रज्वालिता द्वारिका,
द्वेषादेव च वर्धमाननगर श्रीशूलपाणिरभूत् ।
मारी येन विमोचिता च सहसा लोकाश्च दुःखीकृता-
स्तस्मात्सोऽत्र विमुच्यतामिति जिनैर्व्याख्यायि सघेऽनघे २१

हिंगुलप्रकरण, द्वेषप्रक्रम, श्लो ५

દ્વેષથી, દ્વીપાયન નામના તાપસે મહાન્ દ્વારીકા નામની નગરીને બાળી નાખી તથા વર્ધમાન નામના નગરમા શૂલપાણી નામનો યક્ષ થયો કે જેણે દ્વેષથી એકદમ ત્યા મરકી ચલાવીને લોકોને દુઃખી કર્યા માટે તે દ્વેષને તજવો એમ જિનેશ્વર પ્રભુઓએ, નિષ્પાપી એવા સંઘની સમક્ષ, કહેલુ છે ૨૧

परद्रोह (४२)

પરદ્રોહનુ સ્વરૂપ—

ताडन छेदन क्लेशकरण निचनन्धनम् ।
परेषा कुरुते यत्तु, परद्रोहः स उच्यते ॥ १ ॥

मानसो०, अ० २, श्लो० ३८

જે બીજાને તાડન કરવુ, છેદન કરવુ, કલેશ ઉત્પન્ન કરવો, અને ધનનુ બંધન કરવુ—આવતુ ધન અટકાવવુ, એ સર્વ પરદ્રોહ કહેવાય છે ૧

पैशून्य परवाद च, गालिदान च तर्जनम् ।
मर्मोद्घाट विधत्ते यत्, परद्रोह स उच्यते ॥ २ ॥

मानसो०, अ० २, श्लो० ३९

બીજાની ચાડી ખાવી, પરના દોષ બોલવા, તેને ગાળ દેવી, તેનો તિરસ્કાર કરવો, અને તેની ગુપ્ત વાત પ્રગટ કરવી, આ સર્વ પરદ્રોહ કહેવાય છે ૨

गृहद्वारसुक्षेत्र, वस्त्रधान्य धनादिकम् ।
हरते यत्तु मूढात्मा, परद्रोह स उच्यते ॥ ३ ॥

मानसो०, अ० २, श्लो०

ઘર, દાર, વસુ, ક્ષેત્ર, વસ્ત્ર, ધાન્ય અને ધન વિગેરે પારકી વસ્તુને જે મૂઢ પુરૂષ હરણ કરે છે, તે પરદ્રોહ કહેવાય છે ૩

પરદ્રોહથી નુકશાન અને ત્યાગઃ—

तस्मात् परकृतो द्रोहो पश्चात्तीव सुदु:सह ।
तस्मान्नरकद घोर, परद्रोह विवर्जयेत् ॥ ४ ॥

मानसो०, अ० ७, श्लो० ४१

તેથી બીજાના ઉપર જે દ્રોહ કર્યો હોય તે તેને અત્યત અસહ્ય થાય છે તે માટે નરકને આપનાર અને મહા ભયકર એવા પરના દ્રોહનો ત્યાગ કરવો જોઇએ ૪

समता (४३)

સમતાની વિશેષતાઃ—

वेदा यज्ञाश्च शास्त्राणि, तपस्तीर्थानि संयम ।
समतायास्तुला नैव, यान्ति सर्वेऽपि मेलिता. ॥ १ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ७२

વેદ, યજ્ઞ, શાસ્ત્ર, તપસ્યા, સંયમ આ બધાયને એકઠા કરવામાં આવે તો પણ તે સમતાની તુલના કરી શકે નહિ (મતલબ કે આ બધાય કરતા સમતા ચઢી જાય) ૧

जानन्ति कामान्निखिला. ससंज्ञा
अर्थं नरा केऽपि च केऽपि धर्मम् ।
जैन च केचिद् गुरुदेवशुद्ध,
केचित् शिव केऽपि च केऽपि साम्यम् ॥ २ ॥

अध्यात्मकल्पद्रुम, श्लो० २५.

સર્વ સંજ્ઞાવાળા પ્રાણીઓ 'કામ' ને જાણે છે, તેમાંથી કેટલાક અર્થ (ધન પ્રાપ્તી)ને જાણે છે અને તેમાં પણ કેટલાક જ ધર્મને જાણે છે તેમાંથી કેટલાક જ જૈન ધર્મને જાણે છે, અને તેમાંથી બહુ થોડા શુદ્ધ દેવગુરૂયુક્ત જૈન ધર્મને જાણે છે તેમાં પણ બહુ થોડા પ્રાણી મોક્ષને ઓળખે અને તેથી ... થોડા પ્રાણીઓ સમતાને ઓળખે

स्वयभूरमणस्पर्द्धिवद्धिष्णुसमतारसः ।
मुनिर्येनोपमीयेत, कोऽपि नासौ चराचरे ॥ ३ ॥

ज्ञानसार, शमाष्टक, श्लो० ६

સ્વયભૂરમણનામના (સર્વથી છેલ્લા અને મોટામા મોટા) સમુદ્રની સાથે હોડ કરી શકે એવા અને હમેશા વૃદ્ધિપામવાના સ્વભાવવાળી એવી સમતા-સમભાવ-સહિત એવા મુનિની (સમગ્ર) ચરાચર જગતમા કોઈ પણ સાથે બરોબરી થઈ શકે એમ નથી (એટલે કે એનો સમભાવનો આનદ અનુપમેય છે) ૩

સમતાની ભાવના —

शत्रौ मित्रे तृणे स्त्रैणे, स्वर्णेऽश्मनि मणौ मृदि ।
इहामुत्र सुखे दुःखे, भव मोक्षे समाशय ॥ ४ ॥

त्रिषष्टी०, पर्व १०, सर्ग ३, श्लो० ४३

શત્રુ અને મિત્રને વિષે, તૃણ અને સ્ત્રીને વિષે, સુવર્ણ અને પથ્થરને વિષે, મણિ અને માટીને વિષે, આ ભવ અને પરભવને વિષે, સુખ અને દુખને વિષે, તથા સસાર અને મોક્ષને વિષે પણ, સાધુપુરુષનુ અતકરણ એક સરખુ જ હોય છે ૪

या रागदोषादिरुजो जनाना,
शाम्यन्तु वाकायमनोद्रुहस्ता ।
सर्वेऽप्युदासीनरस रमन्तु,
सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥ ५ ॥

अध्यात्मकल्पद्रुम भाषातर, पृ० २९

મનુષ્યોના વાણી, કાય અને મનને દ્રોહ કરનારા, જે રાગદ્વેષાદિક રોગો છે, તે શાંત થાઓ! સર્વે પ્રાણીઓ ઉદાસીનપણાને-મધ્યસ્થપણાને પામો, અને સર્વત્ર સર્વ પ્રાણીઓ સુખી થાઓ! ૫

સમતાનુ આચરણઃ—

स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नरा' ।
न राग नापि च द्वेष, मध्यस्थस्तेषु गच्छति ॥ ६ ॥

ज्ञानसार, माध्यस्थाष्टक, श्लो० ४

સર્વ પ્રાણીઓ પોતપોતાના કર્મથી કરાયેલ આવેશવાળા હોય છે અને પોતાના કર્મને ભોગવે છે, મધ્યસ્થ પુરુષ તેમની પ્રત્યે રાગ કે દ્વેષ ધારણ નથી કરતો ૬

ધાર્મિક સમતાઃ—

स्वागम रागमात्रेण, द्वेषमात्रात्परागमम् ।
न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ॥७॥

ज्ञानसार, माध्यस्थाष्टक, श्लो० ७

અમે કેવળ રાગથી પોતાના આગમનો સ્વીકાર અને દ્વેષથી બીજાના આગમનો ત્યાગ કરતા નથી, પરંતુ મધ્યસ્થ દૃષ્ટિથી (તત્ત્વાતત્ત્વની પરીક્ષા કરી) સ્વીકાર અને ત્યાગ કરીયે છીએ ૭

पक्षपातो न मे वीरे, न द्वेष· कपिलादिषु ।
युक्तिमद्वचन यस्य, तस्य कार्यः परिग्रहः ॥ ८ ॥

ष्टक (हरिभद्रसूरि)

મને મહાવીર પ્રભુ પ્રત્યે પક્ષપાત નથી અને ન તો કપિલ ઉપર દ્વેષ પણ છે પણ જેનું યુક્તિવાળુ વચન હોય તેનો જ સ્વીકાર કરવો જોઈએ ૮.

સમતાનો ઉપયોગ —

> समत्वमवलम्ब्याथ, ध्यानं योगी समाश्रयेत् ।
> विना समत्वमारब्धं, ध्याने स्वात्मा विडम्ब्यते ॥ ९ ॥
> योगशास्त्र, च० प्र०, श्लो० ११२

યોગીએ સમભાવનું અવલંબન કરીને, ધ્યાનનો આશ્રય કરવો-ધ્યાન ધરવું કારણ કે, સમતાપ વગર ધ્યાનનો આરંભ કરવામા આવે તો (સમતા વગર ધ્યાનમાં પ્રવેશ ન થઈ શકવાથી) પોતાનો આત્મા વિડંબના પામે છે-દુ:ખી થાય છે ૯

> न साम्येन विना ध्यानं, न ध्यानेन विना च तत् ।
> निष्कम्पं जायते तस्माद् द्वयमन्योन्यकारणम् ॥ १० ॥
> योगशास्त्र, च० प्र०, श्लो० ११४

સમભાવ વગર ધ્યાન હોતું નથી, અને ધ્યાન વિનાનો સમભાવ સ્થિર થતો નથી તેથી તે બન્ને પરસ્પર હેતુરૂપ છે (એટલે કે ધ્યાનથી સમભાવ આવે છે અને સમતાથી ધ્યાનની પ્રાપ્તિ થાય છે) ૧૦

સમતાનો ઉપાય —

> भावनाभिरविश्रान्तमिति भावितमानसः ।
> निर्ममः सर्वभावेषु, समत्वमवलम्बते ॥ ११ ॥
> योगशास्त्र, च० प्र०, श्लो० ११०.

ભાવનાઓવડે હમેશા વાસિત અતઃકરણવાળો મનુષ્ય, સર્વ પદાર્થોમા મમતા રહિત થયો છતો, સમભાવને પ્રાપ્ત થાય છે ૧૧

दुःखी दुःखाधिकान्पश्येत्सुखी पश्येत्सुखाधिकम् ।
आत्मानं हर्षशोकाभ्यां, शत्रुभ्यामिव नार्पयेत् ॥ १२ ॥
व्यासदेव

દુખી માણસે અધિક દુખી માણસ તરફ દૃષ્ટિ કરવી અને સુખી માણસે અધિક સુખી માણસ તરફ જોવુ એટલે કે માણસે દુખના વખતે વધારે દુખીનો દાખલો લેવો અને સુખને વખતે વધારે સુખીનો દાખલો લેવો આ રીતે કરીને શત્રુ જેવા હર્ષ અને શોકમા પોતાના આત્માને નાખવો નહીં દુખી અવસ્થામા શોક ન કરવો અને સુખી અવસ્થામા હર્ષ–ગર્વ ન કરવો ૧૨

સમતાનુ ફળ—

प्रणिहन्ति क्षणार्धेन, साम्यमालम्ब्य कर्म तत् ।
यन्न हन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥ १३ ॥
योगशास्त्र, च० प्र०, श्लो० ५१

મનુષ્ય જે કર્મને કરોડો જન્મમા તીવ્ર તપવડે પણ હણી ન શકે, તે કર્મને, માત્ર એક સમતાનુ જ અવલબન કરવાથી, અર્ધ ક્ષણવડે જ હણે છે–ક્ષય કરે છે ૧૩

संसारमृगतृष्णासु, मनो धावसि किं वृथा ।
सुधामयमिदं ब्रह्मसरः किं नावगाहसे ? ॥ १४ ॥
प्रबंधचिंतामणि, पृ० १३८, श्लो०

હે મન ! મમતારૂપી મૃગતૃષ્ણામાં દૃષ્ટિ શા માટે દોડે છે ? આ (સમતારૂપી) અમૃતથી ભરેલ પ્રવાહરૂપી સરોવરમાં સ્નાન શા માટે નથી કરતું ? ૧૪

निपयेभ्यो निरक्तानां, साम्यवामितचेतसाम् ।
उपशाम्येत् कपायाग्निर्बोधिदीपः समुन्मिषेत् ॥ १५ ॥

योगशास्त्र, च० प्र०, श्लो० १११

વિષયોથી વિરક્ત થયેલા અને સમભાવથી વાસિત ચિત્તવાળા મનુષ્યોનો કષાયરૂપી અગ્નિ શાંત થાય છે અને સમ્યક્ત્વરૂપી દીવો પ્રદીપ્ત થાય છે ૧૫

विद्यया तपसा तीर्थ-यात्रया वा न निर्वृतिः ।
विना श्रीसाम्यधर्मेण, निष्कल्पैरपरैः किमु ? ॥ १६ ॥

धर्मकल्पद्रुम, पृ० ५५, श्लो० ७५ (प्र. म)

વિદ્યાવડે, તપવડે કે તીર્થયાત્રાવડે મોક્ષ મળતો નથી. બીજા ઘણા તર્ક વિતર્ક કરવાથી પણ શું ફળ મળે છે ? એક સમતારૂપી ધર્મ વિના બીજા કોઈવડે મોક્ષ મળતો નથી ૧૬

अमन्दानन्दजनने, साम्यवारिणि मज्जताम् ।
जायते सहसा पुंसां, रागद्वेषमलक्षयः ॥ १७ ॥

योगशास्त्र, च० प्र०, श्लो० ५०

મોટા આનંદને ઉત્પન્ન કરનારા સમતારૂપ જળને વિષે સ્નાન કરતા પુરુષોનો રાગદ્વેષરૂપી મળ તત્કાળ ક્ષય પામે છે ૧૭

रे रे चित्त कथ भ्रातः, प्रधावसि पिशाचवत् ।
अभिन्न पश्य चात्मान, रागत्यागात्सुखी भव ॥ १८ ॥

प्रबंधचिंतामणि, पृ० १३८, श्लो० ७

હે ભાઇ મન ! તુ પિશાચની માફક ના માટે ભટકયા કરે છે આત્માને અભિન્ન જો અને રાગનો ત્યાગ કરી સુખી થા ૧૮

न स्नानैर्माघमासस्य, न गयापिण्डपातनैः ।
न तीर्थभ्रमणैः शुद्धिर्नीरागस्य गृहेऽपि या ॥ १९ ॥

द्विजवदनचपेटिका (हेमचद्र)

ઘેર રહ્યા છતા પણ રાગ રહિત પુરૂષને જે શુદ્ધિ થાય છે, તે શુદ્ધિ, માઘ માસનુ સ્નાન કરવાથી, ગયામા પિંડ મૂકવાથી એટલે કે ગયામા શ્રાદ્ધ કરવાથી, તેમ જ તીર્થોમા ભ્રમણ કરવાથી પણ થતી નથી ૧૯

मोह–ममता (४४)

મોહનુ પ્રાબલ્ય—

अहो मोहस्य माहात्म्य, विद्वांसो येऽपि मानरा ।
मुह्यन्ति तेऽपि ससारे, कामार्थरतितत्परा ॥ १ ॥

तत्त्वामृत, श्लो० २२

મોહનુ મહાત્મ્ય ખરેખર કેવુ આશ્ચર્યકારક છે? કે વિદ્વાનો પણ કામ, અર્થ, અને રતિમા આસક્ત થઇને આ સસારમા મોહ પામે છે (મોહમા પડે છે) ૧

नूतेऽहङ्कृतिनिग्रह मृदुतया पश्चात्करिष्याम्यह,
प्रोद्यन्मारविकारकन्दकदन पञ्चेन्द्रियाणा जयात् ।
व्यामोहप्रसरावरोधनविधि सद्ध्यानतो लीलया,
नो जानाति हरिष्यतीह हत क' कालोऽन्तराले किल॥२॥

वैराग्यशतक (पद्मानद), श्लो० ३६

મોહમા પડેલો મનુષ્ય બોલે છે કે–હુ પછીથી કોમળતાએ કરીને અહકારનો નિગ્રહ (નાશ) કરીશ, વિકસ્વર કામદેવના વિકારરૂપી અકુરાનો પાચ ઇદ્રિયોના જયવડે વિનાશ કરીશ, અને સદ્ધ્યાનની લીલાવડે મોહના પ્રસરને રૂધીશ (અર્થાત હાલ તો સુખ ભોગવી લઉ, પછી ઉપર પ્રમાણે કરીશ, એમ

આવે છે) પરંતુ અધમ મૃત્યુ વચમાંથી જ હરી જશે એમ તે જાણતો નથી ૨

મોહની અગમ્યતાઃ—

जानामि क्षणभङ्गुर जगदिद जानामि तुच्छ सुख,
जानामीन्द्रियवर्गमेनमखिल स्वार्थैकनिष्ठ सदा ।
जानामि स्फुरिताचिरद्युतिचल विस्फूर्जित सपदा,
नो जानामि तथापि क' पुनरसौ मोहस्य हेतुर्मम?॥३॥

सूक्तमुक्तावलि, पृ० २०३, श्लो० १७ (हि ६)

આ જગત ક્ષણભંગુર છે એમ હું જાણું છું, આ સાંસારિક સુખ તુચ્છ છે એમ હું જાણું છું, આ સર્વ ઇંદ્રિયોનો વર્ગ સર્વદા એક સ્વાર્થમાત્ર તત્પર છે એમ હું જાણું છું, તથા સંપદાનો વિલાસ ચમકતી વીજળીની જેવો ચંચળ છે એમ પણ હું જાણું છું તો પણ આ મારા મોહનો હેતુ કોણ છે–છતાં મને મોહ થાય છે તેનું શું કારણ છે–તે હું જાણતો નથી ૩

મોહનું કારણઃ—

निर्मल स्फटिकस्येव, सहज रूपमात्मन. ।
अध्यस्तोपाधिसबन्धो, जडस्तत्र विमुह्यति ॥ ४ ॥

ज्ञानसार, मोहाष्टक श्लो० ६.

આ આત્માનું સહજ સ્વરૂપ સ્ફટિક જેવું નિર્મળ છે છતાં જડ મનુષ્ય આત્માના સહજ સ્વરૂપને છોડી શરીર, સ્વજન

વિશેષ પોતાથી ભિન્ન હોવા છતાં તે પરભાવને પોતાના તરીકે માની, તેમાં મોહ પામે છે ૪

> नादत्ते कस्यचित् पापं, न चैव सुकृतं विभुः ।
> अज्ञानेनावृतं ज्ञानं, तेन मुह्यन्ति जन्तवः ॥ ५ ॥

ભગવદ્ગીતા, અ૦ ૫, શ્લો૦ ૧૫

પરમેશ્વર કોઈને પાપ આપતા નથી, તેમજ પુણ્ય પણ આપતા નથી પરંતુ પ્રાણીઓનું જ્ઞાન અજ્ઞાનવડે ઢંકાઇ ગયેલું છે, તેથી તેઓ મોહ પામે છે (અને તે મોહના વશથી પોતેજ પુણ્ય કે પાપ કરે છે) ૫

મોહની નિરર્થકતા —

> सर्वेऽपि जीवाः स्वजना जाताः परजनाश्च न ।
> विदधीत प्रतिबन्धं, तेषु को हि मनागपि ? ॥ ६ ॥

त्रिषष्टि०, प० १०, स० १, श्लो० २५०.

સર્વે જીવો પરસ્પર સ્વજન પણ થયા છે અને પરજન પણ થયા છે, તેથી તેમને વિષે કયો ડાહ્યો પુરૂષ જરા પણ મમતા કરે ? ૬

> त्रातुं न शक्या भवदुःखतो ये, त्वया न ये त्वामपि पातुमीशाः ।
> ममत्वमेतेषु दधन्मुधात्मन् , पदे पदे किं शुचमेषि मूढ ! ॥७॥

अध्यात्मकल्पद्रुम, श्लो० ३३

જે સ્નેહીઓને ભવ દુઃખથી બચાવવાને તું શક્તિમાન

નથી અને જેઓ તને બચાવવાને શક્તિવાળા નથી, તેઓ ઉપર ખોટું મમત્વ રાખીને હે મૂઢ આત્મન્ ! તુ પગલે પગલે શા સારૂ શોક પામે છે ? ૭

શાસ્ત્રોનો મોહઃ—

यदेव किञ्चिद्विषमप्रकल्पित,
पुरातनैरुक्तमिति प्रशस्यते ।
विनिश्चिताऽप्यद्यमनुष्यवाक्कृति-
र्न पाठ्यते यत् स्मृतिमोह एव सः ॥ ८ ॥

द्वात्रिंशिका (सिद्धसेन), श्लो० ८

જેમા ગ્હેલી કલ્પના માન અવળી હોય એવુ પણ વચન, પુરાતન પુરૂષોએ કહેલુ છે તેવી, જે, પ્રશસ્ય-વખાણવા લાયક ગણવામા આવે છે અને હાલના મનુષ્યોના વચનની કૃતિ નિશ્ચિત અર્થવાળી હોય તો પણ તે ભણવા લાયક-માનવા લાયક અર્થાત્ ગ્રહણ કરવા લાયક નથી એમ જે કહેવુ તે કેવળ પોતાના શાસ્ત્ર પરનો મોહ જ છે ૮

મોહથી નુકસાનઃ—

दारा परभवकारा बन्धुजनो बन्धन विष विषयाः ।
कोऽय जनस्य मोहो ये रिपवस्तेषु सुहृदाशा ? ॥ ९ ॥

सूक्तमुक्तावलि, पृ० २०२, श्लो० ९ (हि ह)

... વમા કેદખાનાના સમાન છે, બધુજન
સમાન ... વિષયો વિષ સમાન છે, તો પણ ક્ષે...

કયો-કેવો-મોહ છે કે જે શત્રુઓ છે તેમને વિષે જ મિત્રની આશા રાખે છે ૯

वलादसौ मोहरिपुर्जनाना,
ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं च जगद्विनष्टं,
तत्त्वाववोधादपयाति मोहः ॥ १० ॥

हृदयप्रदीप, श्लो० २५.

આ મોહરૂપી શત્રુ, બળાત્કારે મનુષ્યોના જ્ઞાનને અને વિવેકને દૂર કરે છે મોહથી પરાભવ પામેલુ આ જગત નાશ પામેલુ જ છે તે મોહ તત્ત્વજ્ઞાનથી જ નાશ પામે છે ૧૦

भार्येयं मधुराकृतिर्मम मम प्रीत्यन्वितोऽयं सुतः,
स्वर्णस्यैष महानिधिर्मम ममासौ वन्धुरो बान्धवः ।
रम्यं हर्म्यमिदं ममेत्थमनया व्यामोहितो मायया,
मृत्युं पश्यति नैव दैवहतकः क्रुद्धं पुरश्चारिणम् ॥ ११ ॥

वैराग्यशतक (पद्मानंद), श्लो० ३०

મનોહર આકૃતિવાળી આ ભાર્યા મારી છે, પ્રીતિયુક્ત આ પુત્ર મારો છે, આ સુવર્ણનો મહાનિધિ મારો છે, આ મનોહર-પ્રીતિવાળો-બાંધવ મારો છે, તથા આ સુંદર મહેલ મારો છે, આ પ્રમાણે, આવા પ્રકારની માયાથી મોહ પામેલો નિર્ભાગી પુરૂષ, ક્રોધ પામેલા અને આગળ જ ચાલનારા મૃત્યુને જોતો જ નથી ૧૧

निकल्पचषकैरात्मा, पीतमोहासवो ह्ययम् ।
भवोच्चतालमुत्ताल-प्रपञ्चमधितिष्ठति ॥ १२ ॥

ज्ञानसार, मोहाष्टक, श्लो० ५

(આ પદાર્થ સુદર છે, આ સારો નથી વિગેરે) અનેક સકલ્પ-વિકલ્પોરૂપી મદિરાના પાત્રોવડે જેણે મોહરૂપી મદિરા પીધી છે, એવો આ જીવ, સસારરૂપી (દારૂડીયાઓના) અખાડામા હર્ષ-શોકાદિવડે ઉન્મત્ત થઇ બકવુ, છાતી કૂટવી વિગેરેરૂપ હાથતાળી આપી (જન્મ-જરાદિરૂપ) પ્રપચને પામે છે ૧૨

ममत्वाज्जायते लोभो लोभाद्रागश्च जायते ।
रागाच्च जायते द्वेषो द्वेषाद्दुःखपरपरा ॥ १३ ॥

तत्त्वामृत, श्लो० २३५

મમતાથી લોભ ઉત્પન્ન થાય છે, લોભથી રાગ ઉત્પન્ન થાય છે, રાગથી દ્વેષ ઉત્પન્ન થાય છે, અને દ્વેષથી દુખની પરપરા ઉત્પન્ન થાય છે (એટલે કે આ બધાયનુ મૂળ મમતા છે) ૧૩

पुत्रो मे भ्राता मे, स्वजनो मे गृहकलत्रवर्गो मे ।
इतिकृत-"मे" "मे"-शब्द, पशुमिव मृत्युर्जन हरति ॥१४॥

सूक्तमुक्तावलि, पृ० २०२, श्लो० १० (हि ह)

આ મારો પુત્ર છે, આ મારો ભાઇ છે, આ મારો સ્વજન છે, આ મારૂ ઘર છે, આ મારો સ્ત્રીવર્ગ છે, આ પ્રમાણે મારૂ મારૂ એવા શબ્દને કહેનારા, પશુ જેવા મનુષ્યને મૃત્યુ તત્કાલ હરી જાય છે ૧૪

अनादिकालं जीवेन, प्राप्तं दुःखं पुनः पुनः ।
मिथ्यामोहपरीतेन, कषायवशवर्तिना ॥ १५ ॥
तत्त्वामृत, श्लो० ४१

અનાદિકાળથી આ જીવે, મિથ્યામોહથી કષાયોને આધીન થઇ, વારંવાર દુઃખ પ્રાપ્ત કર્યું છે ૧૫

शीलरत्नं हृतं यस्य, मोहध्वान्तमुपेयुषः ।
नानादुःखशताकीर्णं, नरके पतनं ध्रुवम् ॥ १६ ॥
तत्त्वामृत, श्लो० १६

મોહરૂપ અંધકારમાં ફસાયેલા જે પુરૂષનું શીળરૂપી રત્ન હરાઇ ગયું છે તેનું, અનેક જાતના હજારો દુઃખથી યુક્ત નરકમાં, અવશ્ય પતન થાય છે ૧૬

મોહની ભાવના —

यदयं स्वामी यदिदं सद्म,
सर्वं चैतन्मिथ्या छद्म ।
यदयं कान्तो यदियं कान्ता,
सोऽयं मोहो हन्त दुरन्तः ॥ १७ ॥
सूक्तमुक्तावलि, मोहत्याग, श्लो० ६

આ (મારો) માલીક-શેઠ-છે અને આ (મારૂં) ઘર છે, એ પ્રમાણે જે ભાવના થાય છે, તે કેવળ ખોટું બહાનું માત્ર જ છે તેવી જ રીતે આ (મારો) પતિ છે અને આ (મારી) પત્ની છે એ પણ, દુઃખે કરીને નાશ કરી શકાય એવો, મોહ જ છે (એટલે કે આવી લાગણીઓ મોહનું જ પરિણામ છે) ૧૭

મોહ. દુઃખનુ કારણઃ—

मार्जारभक्षिते दु ख, यादृश गृहकुक्कुटे ।
न तादृग्ममताशून्ये, कलविङ्केऽथ मूषिके ॥ १८ ॥

मार्कंडपुराण, अ० ३५, श्लो० ४

ઘરના કુકડાને બિલાડી ભક્ષણ કરે તે વખતે જેવુ દુ ખ થાય છે, તેવુ દુ ખ મમતારહિત ચકલી કે ઉંદરનુ, બીલાડીના ભક્ષણ કરવાથી લાગતુ નથી (અર્થાત્ મમતા રાખવામા દુ ખ છે અને મમતા ન હોય ત્યા દુ ખ નથી) ૧૮

भूषणोद्यानवाप्यादौ, मूर्छितास्त्रिदशा अपि ।
च्युत्वा तत्रैव जायन्ते, पृथ्वीकायादियोनिषु ॥ १९ ॥

દેવતાઓ પણ ભૂષણ, ઉદ્યાન અને વાવ વિગેરેને વિષે મૂર્છાવાળા-મમતાવાળા-હોય છે, તેથી તેઓ દેવભવથી ચવીને (ચવે છે ત્યારે) ત્યા જ પૃથ્વીકાય વિગેરે એકેદ્રિય ની યોનિને વિષે ઉત્પન્ન થાય છે ૧૯

शास्त्रज्ञोऽपि धृतव्रतोऽपि गृहिणीपुत्रादिबन्धोज्झितो
ऽप्यङ्गी यद्यतते प्रमादवशगो न प्रेत्यसौख्यश्रिये ।
तन्मोहद्विपतस्त्रिलोकजयिन' काचित् परा दुष्टता,
बद्धायुष्कतया स वा नरपशुर्नून गमी दुर्गतौ ॥ २० ॥

अध्यात्मकल्पद्रुम

મનુષ્ય, શાસ્ત્રને જાણતા છતા, વ્રતને ધારણ કર્યા છતા અને સ્ત્રીપુત્રાદિકના બધનનો ત્યાગ કર્યા છતા પણ પ્રમાદને વશ

થયેલો હોવાથી, પરલોકના સુખની લક્ષ્મીને માટે જે યત્ન કરતો નથી, તે ત્રણ લોકને પોતાને વશ કરનાર મોહરૂપી શત્રુની કાંઈક મોટી દુષ્ટતા છે, અને તથી કરીને (એવા) આયુષ્યનો બંધ કરવાના કારણે, તે મનુષ્યરૂપી પશુ, અવશ્ય દુર્ગતિમાં જ જવાનો છે ૨૦

મોહનુ કડવુ ફળ.—

> पुनस्त्रपरिग्रहममत्वदोषैर्नरो व्रजति नाशम् ।
> कृमिक इव कोशकार., परिग्रहाद् खमाप्नोति ॥ २१ ॥

आचारागसूत्रटीका, पृ० १०१, श्लो० २

પુત્ર, સ્ત્રી અને પરિગ્રહ ઉપરની મમતાના દોષવડે મનુષ્ય નાશને પામે છે, અને કોશકાર કૃમિની જેમ-કરોળીયાની જેમ-પરિગ્રહથી દુ ખ પામે છે ૨૧

મોહ-નિર્મોહ-વિવેક.—

> अह ममेति मन्त्रोऽय, मोहस्य जगदान्ध्यकृत् ।
> अयमेव हि नञ्पूर्व , प्रतिमन्त्रोऽपि मोहजित् ॥ २२ ॥

ज्ञानसार, मोहाष्टक, श्लो० १.

"હુ છુ" અને "આ મારો છે" આ પ્રમાણે મોહનો મંત્ર આખા જગતને અંધ કરનાર છે, અને તે જ મંત્ર નકાર પૂર્વક હોય એટલે કે "હુ નથી" કે "આ મારો નથી" આવો હોય તો તે પ્રતિમંત્ર-મંત્રને પણ જીતનારો—મોહને જીતે છે ૨૨

त्यक्तव्यो ममकारस्त्यक्तु यदि शक्यते नासौ ।
कर्तव्यो ममकार', किन्तु स सर्वत्र कर्तव्य' ॥ २३ ॥

अप्पयदीक्षित

આ મારૂ છે એવા પ્રકારનો મમકાર ત્યાગ કરવા યોગ્ય છે છતા જો કદાચ તે મમકાર ત્યાગ કરી ન શકાય તો ભલે મમકાર કરવો, પરન્તુ તે મમકાર સર્વત્ર-સર્વ જીવ, અજીવ વિગેરેને વિષે કરવો ૨૩

મોહનો ત્યાગ:—

कर्मणा मोहनीयेन, मोहित सकल जगत् ।
धन्या मोह समुत्मार्य, तपस्यन्ति महाधियः ॥ २४ ॥

तत्त्वामृत० श्लो० २१

આખુય જગત મોહનીય કર્મમા મુગ્ધ-બધાયું-છે પરન્તુ તે જ મહા બુદ્ધિશાળીઓને ધન્ય છે કે જેઓ મોહને ઉખેડી નાખી તપને આદરે છે ૨૪

મોહના ત્યાગનો ઉપાય—

शुद्धात्मद्रव्यमेवाऽह, शुद्धज्ञान गुणो मम ।
नान्योऽह न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥ २५ ॥

ज्ञानसार, मोहाष्टक, श्लो० २

હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છુ, શુદ્ધ જ્ઞાન એ મારો ગુણ છે, હું આ[illegible] નથી અને મારાથી અન્ય

દેહાદિ ભાગ નથી, એ પ્રમાણે જો જ્ઞાન થાય, તો એ જ્ઞાન મોહને ભેદવા માટે પ્રખર શસ્ત્ર છે ૨૫

મોહત્યાગનુ ફળ —

यो न मुह्यति लग्नेषु, भावेष्वौदयिकादिषु ।
आकाशमिव पङ्केन, नाऽसौ पापेन लिप्यते ॥ २६ ॥

ज्ञानसार, मोहाष्टक, श्लो० ३

જે મનુષ્ય, ઔદયિક, ઔપશમિક વિગેરે ભાવો ઉદયમા આવતા તેમા મોહ પામતો નથી, તે પંકવડે જેમ આકાશ લેપાતુ નથી તેમ પાપથી લેપાતો નથી ૨૬

निर्ममत्वे सदा सौख्य, संसारस्थितिछेदनम् ।
जायते परमोत्कृष्टमात्मनि संस्थिते सति ॥ २७ ॥

तत्त्वामृत, श्लो० २३७

નિરંતર આત્માને વિષે નિર્મમતા રહેલી હોય તો સંસારની સ્થિતિનો નાશ કરનાર અત્યંત ઉત્કૃષ્ટ-મોટુ-સુખ પ્રાપ્ત થાય છે ૨૭

छित्वा स्नेहमयान् पाशान्, भित्त्वा मोहमहार्गलम् ।
सच्चारित्रसमायुक्ता', शूरा मोक्षपथे स्थिता ॥ २८ ॥

तत्त्वामृत, २०

શૂરવીર પુરુષો સ્નેહયુક્ત પાશ-જાળ-ને છેદીને અને મોહરૂપી મોટા આગળાને ભેદીને, શુદ્ધ ચારિત્રથી યુક્ત થઈ

મોક્ષમાર્ગમા સ્થિર રહે છે (એટલે કે તેઓ મોહથી બધાતા નથી) ૨૮

पश्यन्नेव परद्रव्य-नाटक प्रतिपाटकम् ।
भवचक्रपुरस्थोऽपि, नाऽमूढ परिखिद्यते ॥ २९ ॥

ज्ञानसार, मोहाष्टक, श्लो० ४.

(મોહરાજાના આ) સસારરૂપી શહેરમા રહેવા છતા પણ તત્વનો જાણકાર-અમૂઢ મનુષ્ય, બીજા જીવ-પુદ્ગલાદિ પરદ્રવ્યોનું નવા નવા સ્વરૂપે પરિણમવારૂપ નૃત્ય દેખતો છતો, કલેશ પામતો નથી ૨૯

वैराग्य (४५)

વૈરાગ્યના પર્યાય —

माध्यस्थ्य वैराग्य विरागता शान्तिरुपशमः प्रशमः ।
दोषक्षय कषायविजयश्च वैराग्यपर्याया ॥ १ ॥

प्रशमरति, श्लो० १७

માધ્યસ્થ્ય, વૈરાગ્ય, વિરાગતા, શાન્તિ, ઉપશમ, પ્રશમ, દોષક્ષય, કષાયવિજય વિગેરે વૈરાગ્યના પર્યાયવાચી નામો છે ૧

વૈરાગ્યની વિશેષતા—

निर्ममत्व पर तत्त्व, निर्ममत्व पर सुखम् ।
निर्ममत्व पर बीज, मोक्षस्य कथित बुधै ॥ २ ॥

तत्त्वामृत, श्लो० २३६.

નિર્મમતા (મમતા રહિતપણું) જ ઉત્તમ તત્ત્વ છે, નિર્મમતા જ ઉત્તમ સુખ છે, અને નિર્મમતા જ મોક્ષનુ ઉત્તમ બીજ છે, એમ પંડિતોએ કહ્યુ છે ૨

भोगे रोगभय कुले च्युतिभय वित्ते नृपालाद्भय,
माने दैन्यभय बले रिपुभय रूपे जराया भयम् ।

शास्त्रे वादिभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं,
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥३॥

वैराग्यशतक (भर्तृहरि), श्लो० ३१

ભોગ ભોગવવામાં રોગનો ભય હોય છે, સારા કુળને વિષે ભ્રષ્ટ થવાનો ભય હોય છે, ધનને વિષે રાજાનો ભય હોય છે, માનને વિષે દીનપણાનો ભય છે, બળને વિષે શત્રુનો ભય છે, રૂપને વિષે જરાનો–વૃદ્ધાવસ્થાનો–ભય છે, શાસ્ત્રના જ્ઞાનને વિષે વાદીનો ભય છે, ગુણને વિષે ખળ પુરુષનો ભય છે, અને શરીરને વિષે યમરાજનો–મૃત્યુનો–ભય છે પૃથ્વી પર સર્વ વસ્તુ ભયવાળી જ છે માત્ર એક વૈરાગ્ય જ ભય રહિત છે ૩

यदिह भवति सौख्यं वीतकामस्पृहाणां,
न तदमरविभूनां नापि चक्रेश्वराणाम् ।
इति मनसि नितान्तं प्रीतिमाधाय धर्मे,
भजत जहित चैतान्कामशत्रून्दुरन्तान् ॥ ४ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १०

આ જગતમાં કામભોગની ઈચ્છા રહિત પુરૂષોને જે સુખ છે, તે સુખ દેવેંદ્રોને પણ હોતું નથી, અને ચક્રવર્તીને પણ હોતું નથી આ પ્રમાણે મનને વિષે અત્યંત પ્રીતિ ધારણ કરીને (પ્રીતિ પૂર્વક) ધર્મની સેવા કરો, અને દુષ્ટ પરિણામવાળા આ કામભોગરૂપી શત્રુઓનો ત્યાગ કરો । ૪

यो नाप्तस्तव भूरिजन्ममरणैस्तत्कि न तेऽद्यापि हि,
निर्वेदो हृदि निधने यदनिश पापक्रियाया रतिः ॥९॥

वैराग्यशतक (पद्मानंद), श्लो० ४५

હે જીવ ! આ સસારરૂપી વનમા ઘણી વિચિત્ર ગતિઓ છે તેમા આ રીતે સર્વથા ભ્રમણ કરવાવડે જગતમા તેવો કોઈ પણ પ્રદેશ નથી કે જે પ્રદેશ, ઘણા જન્મ અને મરણોવડે, તે પ્રાપ્ત કર્યો ન હોય અર્થાત્ જગતના સર્વ પ્રદેશોમા તે ઘણા જન્મ મરણો કર્યા છે છતા હજુ સુધી તારા હૃદયમા નિર્વેદ (વૈરાગ્ય) આવતો નથી, અને નિરંતર પાપની ક્રિયામાજ તને પ્રીતિ થાય છે એ ખેદની વાત છે ૯

त्यजत युवतिसौख्य क्षान्तिसौख्य श्रयध्व,
विरमत भवमार्गान्मुक्तिमार्गे रमध्वम् ।
जहित विषयसङ्ग ज्ञानसङ्ग कुरुध्व,
अमितगतिनिवास येन नित्य लभध्वम् ॥ १० ॥

सुभाषितरत्नसदोह, श्लो० १९

હે ભવ્ય જીવો ! સ્ત્રીઓના સુખનો ત્યાગ કરો, ક્ષમાર્થ યના સુખનો આશ્રય કરો, સસારના માર્ગથી વિરામ પામો મોક્ષના માર્ગમા આનંદ પામો, વિષયોના સગનો ત્યાગ કરો અને જ્ઞાનનો સગ કરો, કે જેથી અમિત (કોઈની ઉપમા ન આપી શકાય તેવી) ગતિ(મુક્તિ)ને વિષે નિરંતર નિવાસને તમે પામી શકો (અહીં અમિતગતિ શબ્દવડે કરીને કર્તાએ પોતાનુ નામ પણ જણાવ્યુ છે) ૧૦

श्रियोऽपायाघ्रातास्तृणजलचर जीवितमिदं,
मनश्चित्रं स्त्रीणां भुजगकुटिलं कामजसुखम् ।
क्षणध्वंसी कायः प्रकृतितरले यौवनधने,
इति ज्ञात्वा सन्तः स्थिरतरधियः श्रेयसि रताः ॥ ११ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ३३०.

આ લક્ષ્મી કષ્ટથી વ્યાપ્ત છે, આ જીવિત તૃણના અગ્ર ભાગપર રહેલા જળબિંદુ જેવું ચપળ છે, સ્ત્રીઓનું મન વિચિત્ર પ્રકારનું છે, કામનું સુખ સર્પ જેવું કુટિલ છે, આ શરીર ક્ષણમાં નાશ પામનારૂં છે, તથા યૌવન અને ધન સ્વભાવથી જ ચપળ છે આ પ્રમાણે જાણીને જ, સ્થિર બુદ્ધિવાળા સત્પુરૂષો આત્મકલ્યાણમાં આસક્ત થાય છે ૧૧

आयुः कल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्री-
रर्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूराः ।
कण्ठाश्लेषोपगूढं तदपि च न चिरं यत्प्रियाभिः प्रणीतं,
ब्रह्मण्यासक्तचित्ता भवत भवभयाम्भोधिपारं तरीतुम् ॥१२॥

वैराग्यशतक (भर्तृहरि), श्लो० ३६.

પ્રાણીઓનું આયુષ્ય તરંગ જેવું ચપળ છે, યૌવનની લક્ષ્મી-શોભા કેટલાક દિવસ જ રહેનારી છે, ધન સંકલ્પ જેવું છે-ક્ષણમાં નાશ પામે તેવું છે, કામભોગના સમૂહો વર્ષાઋતુની વીજળીના ચમકારા જેવા ક્ષણિક છે, તથા પ્રિયાએ કંઠને વળગીને કરેલું જે આલિંગન તે પણ ઘણો કાળ રહેવાનું નથી તેથી સંસારના ભયરૂપી સમુદ્રના પારને પામવા માટે તમે બ્રહ્મઆત્માને વિષેજ આસક્ત ચિત્તવાળા થાઓ ૧૨

माता नास्ति पिता नास्ति, नास्ति भ्राता सहोदरः ।
अर्थो नास्ति गृहं नास्ति, तस्माज्जागृत जागृत ॥ १३ ॥

योगवासिष्ठ, मुमुक्षु प्र०, श्लो० ३३

આ સંસારમાં કોઈ માતા નથી, પિતા નથી, માડીજાયો ભાઈ નથી, પૈસો નથી અને ઘર પણ નથી તેથી હે મનુષ્યો ! તમે જાગો, જાગો ! ૧૩

जन्मदुःखं जरादुःखं, मृत्युदुःखं पुनः पुनः ।
संसारसागरे दुःखं, तस्माज्जागृत जागृत ॥ १४ ॥

योगवासिष्ठ, मुमुक्षु प्र०, श्लो० ३४-

જન્મ પામવો એ દુઃખમય છે, ઘરડા થવું એ પણ દુઃખભર્યું છે, મરી જવું એ પણ દુઃખમય છે એટલે સંસારરૂપી સમુદ્રમાં બધે દુઃખ જ ભર્યું છે તેથી હે મનુષ્યો ! તમે જાગો જાગો ! ૧૪

વૈરાગ્યમય ભાવના —

किं नास्ति मरणं तस्मिन्, शरणं वाऽस्ति किञ्चन ।
किं नानित्याश्च संयोगा निश्चिन्तैः स्थीयते कथम् ? ॥ १५ ॥

શું મરણ આવવાનું નથી ? અથવા શું તે આવે ત્યારે કાંઈ પણ શરણરૂપ છે ? અને શું સર્વ સંયોગો અનિત્ય નથી ? અનિત્ય જ છે તો શા માટે નિશ્ચિંત થઈને મનુષ્યો રહ્યા છે ? ૧૫-

अनित्यं यौवनं रूपमायुष्यं द्रव्यसंचयः ।
इति चिन्तयमानेन, त्रैलोक्यं लोष्ठवत्स्मृतम् ॥ १६ ॥

इतिहाससमुच्चय, अ० ३२, श्लो० २४-

યૌવન, રૂપ, આયુષ્ય અને ધનનો સમૂહ, એ સર્વ અનિત્ય છે એમ વિચાર કરતા પુરૂષે આ ત્રણ લોકને માટીના ઢેફા જેવા માનેલો છે–અસાર માનેલો છે ૧૬

मातपितृमहस्राणि, पुत्रदारशतानि च ।
प्रतिजन्मनि वर्तन्ते, कस्य माता पिताऽपि वा ? ॥१७॥

इतिहाससमुच्चय, अ० १८, श्लो० ६४.

પ્રાણીઓને દરેક જન્મમા થઈને હજારો માતા પિતા થયા છે અને સેકડો સ્ત્રીઓ અને પુત્રો થયા છે તો કોની માતા અને કોના પિતા ? આ સર્વ ખોટો મોહ છે ૧૭

अष्टकुलाचलसप्तसमुद्रा ब्रह्मपुरन्दरदिनकररुद्रा ।
न त्वं, नाहं, नाय लोकः, तदपि किमर्थं क्रियते शोकः ? ॥१८॥

मोहमुद्गर (शकराचार्य), श्लो० १५

આઠ કુલપર્વતો, સાત સમુદ્ર, બ્રહ્મા, ઈંદ્ર, સૂર્ય, મહાદેવ, આ સર્વ પદાર્થો નથી, તુ નથી, હુ નથી, અને આ સમક્ષ દેખાતો લોક પણ નથી તો પણ શા માટે શોક કરે છે ? અર્થાત્ આ સર્વ પદાર્થો નાશવત અથવા માયાના આભાસરૂપ હોવાથી વાસ્તવિક નથી તેથી કોનો શોક કરવો ? કોઇનો શોક કરવો યોગ્ય નથી ૧૮

का तव कान्ता कस्ते पुत्रः,
समारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं वा कुत आयात-
स्तत्त्व चिन्तय तदिदं भ्रात ? ॥ १९ ॥

मोहमुद्गर (शकराचार्य), श्लो० ४

હે ભાઈ! તારી સ્ત્રી કોણ? તારો પુત્ર કોણ? આ સસાર અત્યત વિચિત્ર છે, તુ કોનો છે (કોનો પુત્ર છે), અને ક્યાથી આવ્યો છે? આ તત્ત્વનો તુ વિચાર કર। ૧૯

सौख्य मित्रकलत्रपुत्रविभवभ्रंशाग्निभिर्भङ्गुर,
कासश्वासभगन्दरादिभिरिद व्याप्त वपुर्व्याधिभिः।
आतस्तूर्णमुपैति सन्निधिमसौ काल करालानन,
कष्ट कि करवाण्यह तदपि यच्चित्तस्य पापे रति ॥२०॥

वैराग्यशतक (पद्मानंद), श्लो० ४४

હે ભાઈ! આ સસારનુ સુખ, મિત્ર, સ્ત્રી, પુત્ર અને વૈભવના નાશથી-વિયોગથી ક્ષણભગુર છે, આ શરીર ઉધરસ, શ્વાસ અને ભગદર વિગેરે વ્યાધિઓવડે વ્યાપ્ત છે, તથા આ ભયકર મુખવાળો કાળ (મૃત્યુ) જલ્દી સમીપે આવતો જાય છે તો પણ મહા કષ્ટની વાત છે કે હુ શુ કરૂ તેની મને ગમ પડતી નથી, કારણ કે હજુ પાપ કાર્ય કરવામા જ ચિત્તને પ્રીતિ ઉપજે છે ૨૦

श्रियो दोलालोला विषयजरसा प्रान्तविरसा
विपद्गेह देह महदपि धन भूरिनिधनम्।
बृहच्छोको लोक सततमबला दु खबहुला-
स्तथाऽप्यस्मिन् घोरे पथि बत रता हन्त कुधिय ॥२१॥

આ જગતમા લક્ષ્મી હીંચકા જેવી ચપળ છે, વિષયથી ઉત્પન્ન થયેલા રસો પરિણામે વિરસ થાય છે, આ શરીર વિપત્તિનુ ઘર છે, ઘણુ ધન પણ અત્યત વિનાશવાળુ છે, લોકો ઘણા

શોકથી વ્યાપ્ત છે, સ્ત્રીઓ નિરંતર ઘણા દુખવાળી છે તો પણ આવા ઘોર-ભયંકર સંસારમાર્ગમાં કુબુદ્ધિવાળા લોકો અત્યંત આસક્ત થઈને રહ્યા છે, તે ખેદની વાત છે ૨૧.

मुक्त्वा दुर्मतिमेदिनीं गुरुगिरा संशील्य शीलाचलं,
बद्ध्वा क्रोधपयोनिधिं कुटिलतालङ्कां क्षपित्वा क्षणात् ।
नीत्वा मोहदशाननं निधनतामाराध्य वीरव्रतं,
श्रीमद्राम इव द्युमुक्तिवनितायुक्तो भविष्याम्यहम् ॥२२॥

वैराग्यशतक (पद्मानंद), श्लो० ५५

જેમ રામચંદ્ર ગુરૂ(પિતા)ના વચનથી પૃથ્વીનો (રાજ્યનો) ત્યાગ કરી, પર્વતમાં જઈ, સમુદ્ર બાંધી, લંકાને ભાંગી, રાવણને મારી તથા વીરવ્રતને આરાધી, સ્ત્રીયુક્ત થયા હતા, તેમ હું પણ શ્રી ગુરૂમહારાજની વાણીવડે કુબુદ્ધિરૂપી પૃથ્વીનો ત્યાગ કરી, શીળરૂપી પર્વતનું સેવન કરી, ક્રોધરૂપી સમુદ્રને બાંધી, વક્રતારૂપી લંકાનો ક્ષણ વારમાં ક્ષય કરી, મોહરૂપી રાવણને મરણ પમાડી તથા વીરવ્રતનું આરાધન કરી સ્વર્ગ તથા મુક્તિ રૂપી સ્ત્રીવડે યુક્ત થઈશ ૨૨

इमे मम धनाङ्गजस्वजनवल्लभादेहजा-
सुहृज्जनकमातुलप्रभृतयो भृशं वल्लभा ।
मुधेति हतचेतनो भवचने चिरं खिद्यते,
यतो भवति कस्य को जगति वालुकामुष्टिवत् ? ॥२३॥

सुभाषितरत्नसंदोह, श्लो० २५८

ધન, પુત્ર, સ્વજન, પ્રિયા, પુત્રી, મિત્ર, પિતા અને મામા વિગેરે આ સર્વે મને અત્યંત વહાલા છે આ પ્રમાણે

મૂઢ બુદ્ધિવાળો મનુષ્ય ચિરકાળ સુધી સંસારરૂપી વનને વિષે ખેદ પામે છે પરંતુ આ જગતમાં રેતીની મુઠીના કણીયાની જેમ કોણ કોનો પ્રિય છે? અર્થાત્ કોઇ કોઇનો નથી રેતીના કણીયા જેમ બધા જુદા જુદા છે, તે, કોઈ પણ પ્રકારે, અ પ કાળ માટે એકત્ર થયા છે, પણ પરિણામે જુદા થવાનાજ ૨૩

વૈરાગ્ય શા માટે --

यत्र जातास्तत्र रता ये पीतास्ते च मर्दिता ।
अहो ! लोकस्य मूढस्य, वैराग्यं किं न जायते ? ॥२४॥

पार्श्वनाथचरित्र (गद्य), पृ० ३१ (प्र स)*

આ જીવો જે ઠેકાણે જન્મ્યા, તે જ ગુપ્ત સ્થાનમાં આસક્ત થાય છે, અને જે(સ્તન)નું પાન કર્યું તેનું જ મર્દન કરવા લાગ્યા અહો! આશ્ચર્ય છે કે મૂઢ લોકોને વૈરાગ્ય કેમ નહીં થતો હોય? ૨૪

श्रुतमतिबलवीर्यप्रेमरूपायुरङ्ग-
स्वजनतनयकान्ताभ्रातृपित्रादि सर्वम् ।
तितउगतजलं वा न स्थिरं वीक्षतेऽङ्गी,
तदपि बत विमूढो नात्मकृत्यं करोति ॥ २५ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १८

શ્રુત (શાસ્ત્રાભ્યાસ), બુદ્ધિ, બળ (શરીરનું પરાક્રમ), વીર્ય (આત્માનું પરાક્રમ), પ્રીતિ, રૂપ, આયુષ્ય, શરીર, સગાસંબંધી, પુત્ર, સ્ત્રી, ભાઇ અને પિતા વિગેરે સર્વ પદાર્થોને આ મનુષ્ય, ચાળણીમાં રહેલા જળની જેમ, અસ્થિર

(ચપળ) જુએ છે, તો પણ ખેદની વાત છે કે તે મૂઢ મનુષ્ય આત્માનુ કાઇ પણ હિત કરતો નથી ૨૫

कल्लोलचपला लक्ष्मीः, सगमा' स्वप्नसन्निभा ।
वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्य च यौवनम् ॥ २६ ॥

योगशास्त्र, च० प्र०, श्लो० ५९

લક્ષ્મી પાણીના તરગો જેવી ચપળ–અસ્થીર–છે, સ્વજનાદિકના મેળાપો સ્વપ્નના જેવા–ખોટા–છે અને યુવાવસ્થા, પવનના સપાટાથી ઉડાડેલ રૂની માફક, (અસ્થિરથાયી) છે ૨૬

किमत्र विरसे सुख दयितकामिनी सेवने,
किमन्यजनप्रीतये द्रविणसचये नश्वरे ।
किमस्ति भुवि भङ्गुरे तनयदर्शने वा भवे,
यतोऽत्र गतचेतसा तनुमता रतिर्बध्यते? ॥ २७ ॥

सुभाषितरत्नसदोह, श्लो० २४६

આ સસારમા પુરૂષ અને સ્ત્રીના નીરસ મૈથુન સેવનમા શુ સુખ છે? અન્ય જનોને પ્રીતિ ઉપજાવે એવા અને નાશવત દ્રવ્ય ઉપાર્જન કરવામા શુ સુખ છે? અથવા દુનીયામા પુત્રના દર્શનમા પણ શુ સુખ છે? કે જેથી આ ત્રણે બાબતમા ચેતના રહિત પ્રાણી પ્રીતિને બાધે છે–પ્રીતિમાન થાય છે? ૨૭

ससारे यानि सौख्यानि, तानि सर्वाणि यत्पुनः ।
न किंचिदिन दृश्यन्ते, तदौदासीन्यमाश्रयेत् ॥ २८ ॥

विवेकविलास, उल्लास ११, श्लो० ७१

આ સંસારમાં, જે આપણી સ્થૂલ નજરે દેખાતા સુખો છે તે નહિ જવા જ છે એટલા જ માટે ઉદાસીનતા-(સમતા-વૈરાગ્ય) ધારણ કરવી જોઈએ ૨૮

इट स्वजनदेहजातनयमातृभार्यामयं,
विचित्रमिदं केनचिद्रचितमिन्द्रजाल ननु ।
क कस्य कथमत्र को भवति तत्त्वतो देहिनः,
स्वकर्मवशवर्तिनस्त्रिभुवने निजो वा पर ? ॥२९॥

सुभाषितरत्नसंदोह, श्लो० ७४९.

સ્વજન, પુત્રી, પુત્ર, માતા અને ભાર્યામય સર્વ વિચિત્ર પ્રકારના પદાર્થો કોઈએ ઇન્દ્રજાળરૂપે બનાવ્યા છે તત્ત્વથી વિચાર કરીએ તો આ દુનિયામાં પોતાના કર્મને વશ થયેલા પ્રાણીને કયે ઠેકાણે, કોનો, કેવી રીતે અને કોણ સ્વજન કે પરજન છે ? કોઈ જ નથી ! ૨૯

भोगा न भुक्ता वयमेव भुक्ता-
स्तपो न तप्तं वयमेव तप्ताः ।
कालो न यातो वयमेव याता-
स्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥ ३० ॥

वैराग्यशतक (भर्तृहरि), श्लो० ७

ભોગો તો ભોગવાયા નહિ પણ અમે જ ભોગરૂપ બની ગયા, તપનું આચરણ તો ન થયું પણ અમે જ તપાઈ ગયા-હેરાન થઈ ગયા, (અમે સમજતા હતા કે સમય ચાલ્યો જાય છે પણ) સમય તો એના એ જ રહ્યો અને અમે જ

ચાલતા થયા અને અમારી તૃષ્ણા જીર્ણ ન થઈ પણ અમે જ જીર્ણ થઈ ગયા–ઘસાઈ ગયા ૩૦

विवेकविकलः शिशु प्रथमतोऽधिकं मोदते,
ततो मदनपीडितो युवतिसंगमं वाञ्छति ।
पुनर्जरसमाश्रितो भवति सर्वनष्टक्रियो
विचित्रमतिजीवितं परिणतेर्न लज्जायते ॥ ३१ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० २६०

પ્રથમ તો બાલ્યાવસ્થા વિવેકરહિત હોય છે તેવી બાળક અત્યંત ક્રીડાદિકમાં હર્ષ પામે છે ત્યારપછી યુવાન થાય ત્યારે કામથી પીડા પામીને સ્ત્રીના સંગમને ઇચ્છે છે ત્યારપછી વૃદ્ધાવસ્થાને પામે ત્યારે તેની સર્વ ક્રિયાઓ નષ્ટ થાય છે તો પણ મનના પરિણામ થકી જીવિત પ્રત્યે તે લજ્જા પામતો નથી (મનમાં વધારે જીવવા ઇચ્છે છે), તે વિચિત્ર છે–આશ્ચર્ય છે ૩૧

अन्तकः पर्यवस्थाता, जन्मिनः सन्ततापदः ।
इति त्याज्ये भवे भव्यो मुक्तावुत्तिष्ठते जनः ॥ ३२ ॥

किरातार्जुनीय, स० १६, श्लो० १३

નિરંતર આપત્તિને પામનારા પ્રાણીની પાસે અંતક–મૃત્યુ પણ રહેલો છે તેથી આ સંસાર તજવા યોગ્ય છે, એમ જાણીને ભવ્ય જન મુક્તિ મેળવવા માટે ઉભો થાય છે–તૈયાર થાય છે ૩૨

विनश्वरमिदं वपुर्युवतिमानसं चञ्चलं,
भुजङ्गकुटिलो विधिः पवनगत्वरं जीवितम् ।
अपायबहुलं धनं बत परिप्लुतं यौवनं,
तथाऽपि न जना भवन्त्यमनसस्ततेर्बिभ्यति ॥३३॥

सुभाषितरत्नसंदोह, श्लो० २६१.

આ શરીર વિનશ્વર (ક્ષણમાં નાશ પામે તેવું) છે, સ્ત્રીનું મન ચપળ છે, વિધાતા સર્પ જેવો કુટિલ છે (ક્ષણમાં સંપત્તિ અને ક્ષણમાં વિપત્તિ કરે તેવો છે), જીવિત વાયુની જેવું શીઘ્ર જવાવાળું છે, ધન મેળવવામાં, વાપરવામાં અને રક્ષણ કરવામાં ઘણું કષ્ટ છે, અને યુવાવસ્થા પણ ચપળ છે— ઠેકડો મારીને ચાલી જાય તેવી છે તો પણ માણસો સંસારના દુઃખની પરંપરાથી ભય પામતા નથી એ આશ્ચર્ય છે ૩૩

न किं तरललोचना समदकामिनी वल्लभा,
विभूतिरपि भूभुजो धवलचामरच्छत्रभृत् ।
मरुच्चलितदीपवज्जगदिदं विलोक्यास्थिरं,
परंतु सकलजना कृतधियो वनान्ते गताः ॥३४॥

सुभाषितरत्नसंदोह, श्लो० २६६

શું ચપળ નેત્રવાળી અને મદવાળી સ્ત્રી વહાલી લાગતી નથી ? વહાલી લાગે જ છે તથા શ્વેત ચામર અને છત્રને ધારણ કરનારી રાજાની સમૃદ્ધિ પણ શું વહાલી લાગતી નથી ? વહાલી લાગે જ છે પરંતુ આ સમગ્ર જગત વાયુથી ચપળ થયેલા દીવાની જેમ અસ્થિર છે એમ જોઈને-જાણીને પંડિત પુરૂષો વનમાં ગયા છે-વનવાસ કરી યોગી થયા છે ૩૪

श्रीर्विद्युच्चपला वपुर्विधुनितं नानाविधव्याधिभिः,
सौख्यं दुःखकटाक्षितं तनुमतां सत्सङ्गतिर्दुर्लभा ।
मृत्युनाध्यासितमायुरत्र बहुभिः किं भाषितैस्तत्त्वतः,
संसारेऽस्ति न किञ्चिदङ्गिसुखकृत् तस्माज्जना जागृत ॥३५॥

सुभाषितरत्नसंदोह, श्लो० ३२०

લક્ષ્મી વીજળીના જેવી ચપળ છે, શરીર વિવિધ પ્રકારના રોગોથી વ્યાપ્ત છે, સુખ દુઃખે કટાક્ષ કરેલું છે એટલે દુઃખ મિશ્રિત છે, પ્રાણીઓને સત્પુરૂષનો સંગ દુર્લભ છે, અને આયુષ્ય મૃત્યુએ અધ્યાસ કરેલું છે–દબાવેલું છે. આ બાબત વધારે કહેવાથી શું ? તત્ત્વથી કહીએ તો આ સંસારમાં કાંઈ પણ પ્રાણીને સુખકારક નથી તેથી હે લોકો ! આત્માનું હિત કરવા જાગૃત થાઓ–તૈયાર થાઓ ! ૩૫

વૈરાગ્ય વગર નકામું :—

कष्टोपार्जितमत्र वित्तमखिलं द्यूते मया योजितं,
विद्या कष्टतरं गुरोरधिगता व्यापारिता क्षुस्तुतौ ।
पारम्पर्यसमागतश्च विनयो वामेक्षणायाः कृतः,
सत्पात्रे किमहं करोमि विवशः कालेऽद्य नेदीयसि ? ॥३६॥

वैराग्यशतक (पद्मानन्द), श्लो० ३१

મહા કષ્ટથી ઉપાર્જન કરેલું સર્વ ધન મેં દ્યૂતને વિષે જોડ્યું–ઉડાવી દીધું, પરંપરાથી ચાલતી આવેલી વિદ્યા અત્યંત કષ્ટ પૂર્વક ગુરૂ પાસેથી પ્રાપ્ત કરી તે પણ કુત્સિત માણસોની (રાજાદિકની) સ્તુતિ કરવામાં વાપરી, જેટલો વિનય હતો

તેટલે સ્ત્રીને વિષે કર્યો તો હવે આજ મૃત્યુ નજીક આવ્યુ છે તથી પરાધીન થયેલો હુ સત્પાત્રને વિષે શુ કરૂ ? વિત્ત, વિદ્યા અને વિનય કાઇ પણ મારી પાસે નહિ હોવાથી સત્પાત્રને આપી શકુ એવુ કાઈ પણ મારી પાસે નથી ૩૬

येनेह क्षणभङ्गुरेण वपुषा छिन्नेन सर्वात्मना,
मद्व्यापारनियोजितेन परमं निर्वाणमप्याप्यते ।
भ्रान्तिस्तेन हहा मरे प्रियतमावक्त्रेन्दुरागोद्भवा,
क्रीता स्वल्पसुखाय मूढमनसा कोट्या मया काकिणी ॥३७॥

वैराग्यशतक (पद्मानंद), श्लो० ४१

હે મિત્ર ! ક્ષણમા નાશ પામનાર અને સર્વ પ્રકારે મલિન એવા શરીરને, જો મારા વ્યાપારમા જોડયુ હોય, તો તેનાથી મોક્ષપદ પણ મેળવાય છે, તે શરીરવડે મે પ્રિયાના મુખરૂપ ચદ્રની લાલીથી ઉત્પન્ન થયેલી પ્રીતિ જ મેળવી, તેથી ખેદની વાત છે કે-મૂઢ મનવાળા મે થોડા સુખને માટે એક કરોડ દ્રવ્ય વડે કાકિણી, કોડી ખરીદ કરી છે-ખરીદ કર્યા જેવુ કર્યુ છે ૩૭

अहन्यहनि भूतानि, गच्छन्ति यममन्दिरम् ।
शेषा जीवितुमिच्छन्ति, किमाश्चर्यमतः परम् ? ॥ ३८ ॥

महाभारत, शान्तिपर्व, अ० ११, श्लो० २१

દિવસે દિવસે (હમેશા) પ્રાણીઓ યમરાજના મદિરમા જાય છે (આ વાત સર્વ જન પ્રસિદ્ધ છે) છતા બાકી રહેલા પ્રાણીઓ જીવવાને ઇચ્છે છે તો આથી બીજુ શુ આશ્ચર્ય ? મોટુ આ જ આશ્ચર્ય છે (અન્યથા જો જીવવાને ન ઇચ્છતા હોય તો આત્મહિત કરવામા જ તત્પર થવુ જોઇએ) ૩૮

क्षान्तं न क्षमया गृहोचितसुखं त्यक्तं न सन्तोषतः,
सोढा दुःसहशीतवाततपनाः क्लेशा न तप्तं तपः ।
ध्यातं वित्तमहर्निशं नियमितप्राणैर्न शम्भोः पदं,
तत् तत् कर्म कृतं यदेव मुनिभिस्तैस्तैः फलैर्वंचिताः ॥३९॥

वैराग्यशतक (भर्तृहरि), श्लो० ६

અમે રોગાદિકના પરવશપણાથી સર્વ સહન કર્યું, પરંતુ ક્ષમા ગુણે કરીને સહન કર્યું નહીં ઘરને ઉચિત એવા વિષયાદિક સુખનો ત્યાગ કર્યો, પરંતુ સંતોષથી ત્યાગ ન કર્યો સહન ન થઇ શકે તેવા શીત, વાયુ અને તપના કલેશોને દારિદ્રપણાને લીધે સહન કર્યા, પણ પંચાગ્નિ વિગેરે તપ કર્યો નહીં નિરંતર ધનનું ધ્યાન કર્યું, પણ પ્રાણોને તથા ઇંદ્રિયોને નિયમમાં રાખીને મહાદેવના ચરણનું ધ્યાન ન કર્યું આ પ્રમાણે મુનિઓ જે જે કર્મ કરે તે તે અમે કર્યું પરંતુ વિપરીત બુદ્ધિથી કર્યું તેથી તે તે ફળવડે અમે વંચિત રહ્યા છીએ તેમનું ફળ કાંઇ પણ મળ્યું નહીં ૩૯

વૈરાગ્ય વગરના મૂર્ખ —

आत्मा यद्विनियोजितो न विनये नोग्रं तपः प्रापितो,
न क्षान्त्या समलंकृतः प्रतिकलं सत्येन न प्रीणितः ।
तस्मै निन्दसि नैव कर्महतकं प्राप्ते कृतान्तक्षणे,
दैवायैव ददासि जीव ! नितरां शापं विमूढोऽसि रे ॥ ४० ॥

वैराग्यशतक (पद्मानन्द), श्लो० ३२

હે જીવ ! તે તારા આત્માને વિનયમાં જોડ્યો નથી, ઉગ્ર તપને પમાડ્યો નથી, ક્ષમાવડે શણગાર્યો નથી, દરેક વખત

સત્ય વચન બોલનારવડે પ્રસન્ન કર્યો નથી, છતા મૃત્યુનો સમય પ્રાપ્ત થયો ત્યારે તુ તારા અધમ કર્મની નિંદા કરતો નથી, અને ઉલટો દૈવને જ અત્યત ગાળો આપે છે ! તો ખરેખર તુ મૂઢ-મૂર્ખ-છે ! ૪૦

दुष्प्राप मकराकरे करतलाद्रत्न निमग्न यथा,
समारेऽत्र तथा नरत्नमथ तत्प्राप्त मया निर्मलम् ।
भ्रात' पश्य विमूढता मम हहा नीत यदेतन्मुधा,
कामक्रोधकुबोधमत्सरकुधीमायामहामोहत ॥ ४१ ॥

वैराग्यशतक (पद्मानद), श्लो० ४०-

જેમ હાથમાથી સમુદ્રમા પડી ગયેલુ રત્ન ફરીથી પ્રાપ્ત થવુ મુશ્કેલ છે, તેમ આ સસારમા મનુષ્યપણુ ફરીથી પ્રાપ્ત થવુ મુશ્કેલ છે અને તે નિર્મળ મનુષ્યપણુ મને પ્રાપ્ત થયુ, તો પણ હે ભાઈ ! મારી મૂઢતાને તુ જો ખેદની વાત છે કે તે મનુષ્યપણુ મે કામ, ક્રોધ, કુબોધ-વિપરીત જ્ઞાન, ઇર્ષ્યા, કુબુદ્ધિ-વિપરીત બુદ્ધિ, માયા-કપટ અને મહામોહથી નીષ્ફળ ગુમાવ્યુ ૪૧

ઉત્કૃષ્ટ વૈરાગ્ય —

महानिशायां प्रकृते, कायोत्सर्गे पुराद्वहि. ।
स्तम्भवत् स्कन्धकषण, वृषा कुर्यु' कदा मयि ? ॥४२॥

योगशास्त्र, प्र० ३, श्लो० १४४

મધ્યરાત્રિએ નગરની બહાર, હુ કાયોત્સર્ગ કરીને ઉભો હોઉં તે વખતે, મને થાભલો જાણી, બળદો મારા શરીરે પોતાના

સ્કંધનું (શરીરનું) ઘસવું ક્યારે કરશે ? આવો મારો દિવસ ક્યારે આવશે ? ૪૨

વૈરાગ્યનો ઉપાયઃ—

दृढतामुपैति वैराग्यभावना येन येन भावेन ।
तस्मिन् तस्मिन् कार्यः, कायमनोवाग्भिरभ्यासः ॥ ४३ ॥

प्रशमरति, श्लो० १६

જે જે ભાવોવડે વૈરાગ્યની ભાવના દૃઢ થાય તે જ ભાવોમા શરીર, મન અને વાણીવડે અભ્યાસ કરવો જોઈએ ૪૩

વૈરાગ્યનુ ફળઃ—

विभिन्ना अपि पन्थानः, समुद्र सरितामिव ।
मध्यस्थाना परं ब्रह्म, प्राप्नुवन्त्येकमक्षयम् ॥ ४४ ॥

ज्ञानसार, माध्यस्थाष्टक, श्लो० ६

જેમ ભિન્ન ભિન્ન માર્ગે વહેતી નદીઓ એકજ સમુદ્રને આવી મળે છે તેમ મધ્યસ્થોના ભિન્ન માર્ગ હોવા છતા અન્તે એક જ અક્ષય પરબ્રહ્મને જ પ્રાપ્ત કરે છે ૪૪

समारामासमीरूणा, त्यक्तान्तर्बाह्यसङ्गिनाम् ।
विषयेभ्यो निवृत्ताना, श्लाघ्य तेषा हि जीवितम् ॥ ४५ ॥

तत्त्वामृत, श्लो० २२१

[illegible] નિ[illegible] અપ પામતા [illegible] આવ્યા [illegible] અને [illegible] વિરોધી [illegible] ૪૫

वैराग्य[illegible]-
[illegible]हरिणाक्षि [illegible] ।
[illegible] गु[illegible] [illegible]-
[illegible] जनेन्द्र [illegible] ॥ ४६ ॥

कर्पूरप्रकर, श्लो० ३६

[illegible] છે [illegible] અજ્ઞાન [illegible] અવસ્થા છે [illegible] કરીને સુખ [illegible] ૪૬

न चेन्द्रस्य सुखं किञ्चिन्न सुखं चक्रवर्तिनः ।
सुखमस्ति विरक्तस्य, मुनेरेकान्तजीविनः ॥ ४७ ॥

ન તો ઇન્દ્રને કોઈ પણ પ્રકારનું સુખ છે કે ન તો ચક્રવર્તીને કોઈ પણ પ્રકારનું સુખ છે; ખરું સુખ તો એકાંત [illegible] ગાળતા એવા વૈરાગ્ય પામેલા સાધુને જ છે ૪૭

इंद्रियभोग (४६)

ઇન્દ્રિયભોગની વસ્તુઓ:—

सुगन्धो वनिता वस्त्रं, गीतं ताम्बूलभोजनम् ।
मन्दिरं वाहनं चैव, अष्टौ भोगाः प्रकीर्तिताः ॥ १ ॥

સુગંધ, સ્રી, વસ્ત્ર, ગીત, તાબૂલ, ભોજન, ઘર અને વાહન આ આઠ પ્રકારના ભોગ કહેલા છે ૧

ઇંદ્રિયભોગનું પ્રાબલ્ય:—

दासत्वमेति वितनोति विहीनसेवाम्,
धर्मं धुनोति विदधाति विनिंद्यकर्म ।
रेफश्चिनोति कुरुतेऽति विरूपवेषं,
किं वा हृषीकवशतस्तनुते न मर्त्यः ॥२॥

सुभाषितरत्नसंदोह, श्लो० ९६.

ઇંદ્રિયોને આધીન થયેલો માણુસ ગુલામીને પામે છે, હલકા માણુસની પણુ સેવા કરે છે, ધર્મને દૂર કરે છે, નીચ કર્મને કરે છે, પાપને ભેગું કરે છે અને કદરૂપા વેશને પણુ ધરે છે ભલા એવું શું છે કે જે એ નથી કરતો ? ૨

भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्तिनगरीं,
तदानीं मा कार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।

[illegible] महामोह[illegible]-
[illegible] ॥ ३ ॥

सिन्दूरप्रकरण, श्लो० १८

[illegible]

इन्द्रियभोगनी [illegible] —

[illegible] जितेन्द्रियैः ।
[illegible] ॥ ४ ॥

ज्ञानार्णव, इन्द्रियजयप्रकरण, श्लो० [illegible]

[illegible] इन्द्रियोरूपी [illegible] [illegible], प्राणीओने [illegible] ४

इन्द्रियाणां [illegible] मोह[illegible] ।
[illegible] ॥ ५ ॥

तत्त्वामृत, श्लो० ८१

[illegible] इन्द्रियोनी [illegible] पोतानो [illegible] ५

ससारसागरनिरूपणदत्तचित्ता ,
सतो वदति मधुरा विपयोपसेनाम् ।
आदौ विपाकसमये कटुका नितातं,
किंपाकपाकफलभुक्तिमिनागभाजाम् ॥ ६ ॥

सुभाषितरत्नसदोह, श्लो० ९०.

જે સજ્જન પુરૂષો સસારસાગરનુ નિરૂપણ કરવામા દત્તચિત્ત હોય છે તેઓ વિષયોના ભોગને, પ્રાણીઓના માટે કિંપાક વૃક્ષના ફળના ભક્ષણની માફક, પ્રારભમા મધુર પરન્તુ એના વિપાકના સમયે છેવટે કડવો માને છે ૬

पतंगभृंगमीनेभसारगा यान्ति दुर्दशाम् ।
एकैकेंद्रियदोपाच्चेदुष्टैस्तै किं न पचभि. ? ॥ ७ ॥

ज्ञानसार, इन्द्रियजयाष्टक, श्लो० ७

પતગીયુ, ભમરો, માછલી, હાથી અને હરણ માત્ર એક એક ઇંદ્રિયના (ભોગના) દોષથી દુર્દશાને પ્રાપ્ત થાય છે તો પછી પાચેથી તો શુ ન થાય ? ૭

सारगान् भ्रमरान् इभाश्च शलभान् मीनाश्च मृत्युगतान्,
कर्णघ्राणशरीरनेत्ररसनाकामै प्रकामोत्सुकः ।
दृष्ट्वा शिष्टपथप्रवृत्तिविपिनश्रेणीसमुत्पाटने,
साटोपद्विपमिन्द्रियव्रजमिम धीमान् निधत्ते वशम् ॥ ८ ॥

कस्तूरीप्रकरण, श्लो० १२६.

[illegible] ([illegible]) [illegible] છે, [illegible] [illegible] પ્રાપ્ત થતી નથી [illegible] [illegible] જે [illegible] [illegible] [illegible] [illegible] ૯

[illegible] नास्ति [illegible] ।
[illegible] ॥ ९ ॥

[illegible], श्लो० [illegible]

[illegible] [illegible] તેમને તૃપ્તિ થતી નથી. ૯

ઇન્દ્રિયભોગ ઝેર —

वरं हालाहलं भुक्तं, विषं तद्भुवनाशनम् ।
न तु भोगविषं भुक्तमनन्तभवदुःखदम् ॥ १० ॥

[illegible], श्लो० ७४

એ [illegible] જન્મનો નાશ કરવાવાળું એવું હળાહળ ઝેર ખાવું સારૂં છે, પરન્તુ અનન્ત જન્મ દુઃખ આપવાવાળું એવું ભોગરૂપી ઝેર ખાવું સારૂં નથી. ૧૦

ઇંદ્રિયભોગઃ સુખાભાસ —

इन्द्रियप्रभव सौख्य, सुखाभास न तत्सुखम् ।
तच्च कर्मविनिन्धाय, दुःखदानैकपण्डितम् ॥ ११ ॥

तत्त्वामृत श्लो० ७८

ઇંદ્રિયોથી જે સુખ ઉત્પન્ન થાય છે તે, માત્ર સુખનો આભાસ જ છે, પણ તે ખરું સુખ નથી તે (ઇંદ્રિયજન્ય સુખ) કર્મનો બંધ કરનારૂ છે, અને એકાંત દુઃખ આપવામા જ કુશળ છે ૧૧

ઇંદ્રિયભોગઃ શત્રુઃ—

अक्षाण्येव स्वकीयानि, शत्रवो दुःखहेतवः ।
विषयेषु प्रवृत्तानि, कषायवशवर्तिनः ॥ १२ ॥

तत्त्वामृत, श्लो० ८०.

વિષયોમા પ્રવર્તેલી પોતાની ઇંદ્રિયો જ, કષાયને વશ થયેલા પ્રાણીને, દુઃખના હેતુરૂપ-દુઃખ આપનાર-શત્રુ સમાન છે ૧૨

ઇંદ્રિયભોગની નિરર્થકતાઃ—

कृमितुल्यै किमस्माभिर्भोक्तव्य वस्तु सुन्दरम् ।
येनात्र गृहपङ्केषु सीदामः किमनर्थकम् ? ॥ १३ ॥

तत्त्वामृत, श्लो० १३८.

ઘરરૂપી કાદવમા, કીડા સમાન આપણે, કઇ સારી વસ્તુનો ઉપભોગ કરવાનો છે કે જેથી આપણે નકામા હેરાન થઇએ છીએ. ૧૩.

ઇંદ્રિયજય (૨૭)

ઇંદ્રિયજયની વિશેષતા.—

विवेकद्विपहर्यक्षैः समाधिधनतस्करैः ।
इन्द्रियैर्न जितो योऽसौ, धीराणां धुरि गण्यते ॥ १ ॥

ज्ञानसार इन्द्रियजयाष्टक, श्लो० ८

વિવેકરૂપી હાથીને (હણવા) સિંહ સમાન તેમ જ સમાધિરૂપી ધનને ચોરનાર ચોર સમાન ઇંદ્રિયોથી જે જિતાયો નથી, તે માણસ ધીર પુરુષોમાં અગ્રણી ગણાય છે.

विद्वांसो बहवः [illegible]चमत्कारिणः,
शूरा अपि सहस्रशः समरव्यापारपरायणाः ।
दातारोऽपि पदे पदे धनपतेः कल्पद्रुकल्पाः क्षितौ,
ते केऽपीन्द्रियतस्करैरपहृता येषां न पुण्यं धनम् ॥ २ ॥

कर्पूरप्रकर, श्लो० ११०

આ શ્લોકમાં પણ એમ બતાવ્યું છે કે ઘણા વિદ્વાનો છે કે જેઓ વિદ્વત્તાપૂર્ણ વાતો કરીને લોકોને ચમત્કાર પમાડે, એવા હજારો શૂરવીરો છે કે જેઓ યુદ્ધના કામમાં આગળ પડતા હોય અને કલ્પવૃક્ષના જેવા, ખૂબ ધન આપનારા એવા દાતારો પણ ડગલે ને પગલે મળે છે પણ એવા માણસો અત્યારે ક્યાં છે કે જેનું પુણ્યરૂપી ધન ઇંદ્રિયરૂપી ચોરોએ ન ચોર્યું હોય ? ૨

जीयन्ता दुर्जया देहे, रिपवश्चक्षुरादयः ।
जितेपु तेपु लोकोऽय, ननु कृत्स्नस्त्वया जितः ॥ ३ ॥

व्यासदेव

શરીરને વિષે રહેલા અને દુ ખે કરીને જીતી શકાય તેવા ચક્ષુ વિગેરે ઇદ્રિયોરૂપી શત્રુઓને જીતવા યોગ્ય છે કારણ કે તે જીતાયેથી, આ સમગ્ર લોક તે જીત્યો છે એમ જાણવુ ૩

ઇંદ્રિયજયનો આદેશઃ—

आत्मान विपयैः पाशैर्भववासपराङ्मुखम् ।
इन्द्रियाणि निबध्नन्ति, मोहराजस्य किङ्कराः ॥ ४ ॥

ज्ञानसार, इन्द्रियजयाष्टक, श्लो० ४

સ સારવાસથી પરાઙ્મુખ થયેલા આત્માને, મોહરાજાના ઇંદ્રિયોરૂપી નોકરો, વિષયરૂપી પાશવડે બાધી દે છે (માટે હે આત્મા ! તુ ઇન્દ્રિયો પર કાબુ મેળવવા પ્રયત્નશીલ થા) ૪

इन्द्रियाणा विचरता, विपयेष्वपहारिपु ।
सयमे यत्नमातिष्ठेद्विद्वान् यन्तेव वाजिनाम् ॥ ५ ॥

मनुस्मृति, अ० २, श्लो० ८८

જેમ સારથિ ઘોડાઓને તાબે રાખે છે, તેમ મનને હરણ કરનારા વિષયોમા ફર્યા કરતી ઇદ્રિયોને કબજે રાખવા માટે વિદ્વાન પુરૂષે યત્ન કરવો જોઇએ ૫

[illegible] ।
[illegible] ॥ ६ ॥

[illegible], [illegible], श्लो० [illegible]

[illegible] ઇંદ્રિયોનો [illegible] એમ [illegible] [illegible] [illegible]

ઇંદ્રિયજય [illegible] —

[illegible] ।
[illegible] ॥ ७ ॥

[illegible], [illegible], श्लो० [illegible]

[illegible] અને [illegible] ઇંદ્રિયો [illegible] [illegible]

ઇંદ્રિયજય, [illegible]:—

इन्द्रियाण्येव तत्सर्वं, यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतविसृष्टानि, स्वर्गाय नरकाय च ॥ ८ ॥

[illegible], ४० ५६ ([illegible])

જે સ્વર્ગ અને નરક એ બન્ને વસ્તુઓ છે તે સર્વ ઇંદ્રિયો જ છે કેમકે ઇંદ્રિયોનો નિગ્રહ કર્યો હોય તો તે સ્વર્ગને માટે થાય છે, અને ઇંદ્રિયોને છૂટી મૂકી દીધી હોય તો તે નરકને માટે થાય છે ૮

ઇંદ્રિયજય સાચુ બળઃ—

आदित्यचंद्रहरिशंकरवासवाद्याः,
शक्ता न जेतुमतिदुःखकराणि यानि ।
तानींद्रियाणि बलवति सुदुर्जयानि,
ये निर्जयंति भुवने बलिनस्त एव ॥ ९ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० ९३

જે અત્યંત દુઃખને કરવાવાળી ઇંદ્રિયોને, સૂર્ય, ચંદ્ર, વિષ્ણુ, મહાદેવ કે કૃષ્ણ પણ ન જીતી શક્યા, તે બળવાન અને દુઃખે કરીને જીતી શકાય એવી ઇંદ્રિયોને જે લોકો જીતે છે તે જ સાચા બળવાન છે ૯

ઇંદ્રિયજયનો ઉપાયઃ—

अक्षाश्वान्निश्चलान् धत्स्व, विषयोत्पथगामिनः ।
वैराग्यप्रग्रहाकृष्टान् , सन्मार्गे विनियोजय ॥ १० ॥

तत्त्वामृत, श्लो० ७९

હે જીવ ! વિષયોરૂપી ઉન્માર્ગે જનારા ઇંદ્રિયોરૂપી અશ્વોને વૈરાગ્યરૂપી લગામવડે ખેંચીને સ્થિર કર, અને સન્માર્ગે પ્રવર્તાવ ૧૦

तदिन्द्रियजयं कुर्यान्मनःशुद्ध्या महामतिः ।
या विना यमनियमैः, कायक्लेशो वृथा नृणाम् ॥ ११ ॥

योगशास्त्र, प्र० ४, श्लो० ३४.

સદા બુદ્ધિમાન મનુષ્યે, મનની શુદ્ધિવડે, ઇંદ્રિયોનો જય કરવો યોગ્ય છે, કે જે મનની શુદ્ધિ વિના, મનુષ્યોને, યમ નિયમ પાળવાવડે જે કાયક્લેશ કર્યો તે વૃથા છે ૧૧

इन्द्रियाणि प्रवर्तन्ते, विषयेषु निरन्तरम् ।
सज्ज्ञानभावनासक्ता वारयन्ति हिते रताः ॥ १२ ॥

सत्यामृत, श्लो० ८२

ઇંદ્રિયો પોતે જ નિરંતર વિષયોમાં પ્રવર્તે છે, પરંતુ સત્ય જ્ઞાનની ભાવનામાં આસક્ત થયેલા તથા આત્માના હિતમાં તત્પર થયેલા પુરુષો, તે ઇંદ્રિયોને વિષયોથી નિવારે છે ૧૨

ઇંદ્રિયજયનું ફળ —

इन्द्रियप्रसरं रुद्ध्वा, स्वात्मानं वशमानय ।
येन निर्वाणसौख्यस्य, भाजनत्वं प्रपत्स्यसे ॥ १३ ॥

सत्यामृत, श्लो० १३५

ઇંદ્રિયોના ફેલાવાને રોકીને, તું તારા આત્માને તારે આધીન કરી લે, કે જેથી તું મોક્ષસુખની યોગ્યતાને મેળવી શકે ૧૩

कलह (४८)

કલહની નિંદા:—

> अग्निः सूते यथा धूम, धूम॰ सूतेऽसितद्युतिम् ।
> अन्यायोऽप्ययश॰ सूते, तद्वत्क्लेशश्च किल्बिशम् ॥ १ ॥

हिंगुलप्रकरण, कलहप्रक्रम, श्लो॰ १.

જેવી રીતે અગ્નિ ધૂમાડાને ઉત્પન્ન કરે છે, ધૂમાડા કાળાશને ઉત્પન્ન કરે છે અને અન્યાય અપકીર્તિને પેદા કરે છે, તેવી રીતે કલેશ પાપને ઉત્પન્ન કરે છે ૧

કલહ અને અગ્નિ.—

> स्तोकोऽप्यग्निर्दहत्येव, काष्ठादिप्रभृत धनम् ।
> क्लेशलेशोऽत्र तद्वच, वृद्धितस्तनुदाहकः ॥ २ ॥

हिंगुलप्रकरण, कलहप्रक्रम, श्लो॰ २.

જો થોડા પણ અગ્નિ પડી ગયો હોય તો તે લાકડાં વિ તમામના સમૂહને બાળી નાખે છે, તે જ પ્રમાણે ક્લેશ વધી જાય તો [illegible] બાળી નાખે છે ([illegible] અગ્નિ બન્ને

કલહથી નુકસાન—

कलंकेन यथा चंद्रः, क्षारेण लवणाम्बुधिः ।
कलहेन तथा भाति, ज्ञानवानपि मानवः ॥ ३ ॥

हिंगुलप्रकरण, कलहप्रक्रम, श्लो० ३

જેવી રીતે ચંદ્રમા કલંકથી દેખાય છે અથવા તો સમુદ્ર ખારાપણાથી જેવો લાગે છે તેવોજ, જ્ઞાનવાન્-વિદ્વાન્-માણસ પણ, કલહ કરવાથી લાગે છે ૩

आत्मानं तापयेन्नित्यं, तापयेच्च परानपि ।
उभयोर्दुःसकृत्क्लेशो यथोष्णरेणुका क्षितौ ॥ ४ ॥

हिंगुलप्रकरण, कलहप्रक्रम, श्लो० ४

જેવી રીતે જમીન ઉપર તપી ગયેલી રેતી પોતાની જાતને ગરમ કરે છે અને પારકાને પણ દઝાડે છે તેવી જ રીતે ક્લેશ પણ હમેશા પોતાને અને પારકાને બાળીને બન્નેને દુખી કરનાર છે ૪

नश्यन्ति ज्ञातयः प्रायः, कलहादितरेतरम् ।
मिलिता एव वर्धन्ते कमलिन्य इवाम्भसि ॥ ५ ॥

विवेकविलास, अष्टम उल्लास, श्लो० ४०८

કલહ કરવાથી નાતોનો પરસ્પરમાં નાશ થાય છે અને જો એ હળીમળીને રહે તો કમળો જેમ પાણીમાં વધે છે તેમ, વૃદ્ધિ પામે છે ૫.

अभ्याख्यान (४९)

અભ્યાખ્યાનની નિંદાઃ—

देवेषु किल्बिषो देवो ग्रहेषु च शनैश्चरः ।
अभ्याख्यान तथा कर्म, सर्वकर्मसु गर्हितम् ॥ १ ॥

हिंगुलप्रकरण, अभ्याख्यानप्रक्रम, श्लो० ४

જેમ દેવતાઓમા કિલ્બિષ નામના દેવતા હલકા ગણાય છે, ગ્રહોમા શનિશ્ચર હલકો ગણાય છે, તે જ પ્રમાણે બધાય કર્મોમા પારકા ઉપર ખોટુ આળ ચઢાવવાનુ કર્મ હલકુ છે ૧

અભ્યાખ્યાનનો દોષ—

काचकामलदोषेण, पश्येन्नेत्रे विपर्ययम् ।
अभ्याख्यान वदेज्जीव्हा, तत्र रोग क उच्यते ? ॥ २ ॥

हिंगुलप्रकरण, अभ्याख्यानप्रक्रम, श्लो० १

આખોમા કઈ ઉલટુ દેખાય તો એમા કમળાના રોગનો દોષ છે, પણ જો જીભ પારકા ઉપર ખોટુ કલક ઉચ્ચારે તો ત્યા કોનો દોષ કાઢવો ? ૨

અભ્યાખ્યાનનો ત્યાગઃ—

यथाऽभक्ष्य न भक्ष्येत, द्वादशव्रतधारिभिः ।
अभ्याख्यान न चोच्येत, तथा कस्यापि पंडितैः ॥ ३ ॥

हिंगुलप्रकरण, अभ्याख्यानप्रक्रम, श्लो० २

જેવી રીતે બારવ્રતધારી માણસોએ અભક્ષ્યનુ ભક્ષણ ન કરવુ જોઇએ, તે જ પ્રમાણે સમજદાર માણસોએ કોઇપણ માણસ ઉપર ખોટુ કલક લગાડવુ નહિ ૩

पैशून्य (५०)

પૈશૂન્યથી નુકસાન —

> अन्यस्य तापनाद्यर्थं, पैशुन्य क्रियते जनै. ।
> स्वात्मा हि तप्यत तेन, यदुप्त स्यात्फल च तत् ॥ १ ॥

हिंगुलप्रकरण, पैशून्यप्रक्रम, श्लो० ३

બીજાને ખેદ આપવા માટે માણસો ચાડી ખાય છે પણ તેથી (તે) પોતાનો જ આત્મા ખેદ પામે છે, કેમકે જેવુ વાવ્યુ હોય તેવુ ફલ મળે છે ૧

> धर्मं धुनोति विधुनोति धियां समृद्धिं,
> श्लाघा सिनोति च दुनोति दयानिलासम् ।
> चिंता चिनोति च तनोति तनूप्रताप,
> क्रोध धिनोति च नृणा पिशुनत्वमेतत् ॥ २ ॥

कस्तूरीप्रकरण, श्लो० ७९

ચાડીયાપણુ, માણસોના ધર્મને દૂર કરે છે, બુદ્ધિની સમૃદ્ધિને નાશ કરે છે, કીર્તિને ઢાંકી દે છે, દયાની લાગણીને ક્ષતિ પહોચાડે છે, ચિંતાને ભેગી કરે છે, શરીરને તાપ આપે છે અને ક્રોધને વધારે છે ૨

दानं च विफलं नित्यं, शौर्यं तस्य निरर्थकम् ।
पैशून्यं केवलं चित्ते, वसेद्यस्याऽयशो भुवि ॥ ३ ॥

हिंगुलप्रकरण, पैशून्यप्रक्रम, श्लो० ४.

જેના મનમા કેવળ ચાડી જ રહેલી છે, તેનુ દાન હમેશા નિષ્ફલ જાય છે, તથા તેનુ પરાક્રમ પણ નિષ્ફલ જાય છે, અને તેનો અપયશ પૃથ્વીમા વિસ્તાર પામે છે ૩

પૈશૂન્યનો ત્યાગ —

चेत्पापापचयं चिकीर्षसि रिपोर्मूर्ध्नि क्रमौ धित्ससि,
क्लेशध्वंसमभीप्ससि प्रवसनं सर्वागसां दित्ससे ।
दुःकीर्तिं प्रजिहीर्षसि प्रतिपदं प्रेत्यश्रियं लिप्ससे,
सर्वत्र प्रनिधेहि तत् प्रियसखे पैशून्यशून्यं मनः ॥ ४ ॥

कस्तूरीप्रकरण, श्लो० ७६

જો તું પાપનો નાશ કરવાને ચાહતો હોય, શત્રુના મસ્તક ઉપર પગ મૂકવા ચાહતો હોય, ક્લેશના નાશને ચાહતો હોય, દરેક પ્રકારના દોષને દેશવટો દેવાને ચાહતો હોય, અગર અકીર્તિનો ત્યાગ કરવાને ચાહતો હોય અને ડગલે ને પગલે પરલોકની લક્ષ્મીને મેળવવા ચાહતો હોય તો, હે વ્હાલા મિત્ર! તુ બધેય ઠેકાણે તારા મનને ચાડી ખાવાની ભાવના વગરનુ બનાવ! ૪

પૈશૂન્યના ત્યાગનુ ફળ.—

सौभाग्यादिव सुंदरी सुविनयाद् विद्येव वीर्थीश्रिया-
मुद्योगादिव साहसादिव महामन्त्रादिसिद्धिः पुनः ।

पीयूषादिव नीरुजत्वमचिरात् पूजा च पुण्यादिव,
स्फूर्जत्कीर्तिभरो नर पिशुनतात्यागादुपागच्छति ॥५॥

कर्पूरप्रकरण, श्लो० ८०

જેવી રીતે સારૂ ભાગ્ય હોય તો સારી સ્ત્રી મળે છે, સાર
વિનયથી વિદ્યા મળે છે, ઉદ્યમ કરવાથી પૈસાનો માર્ગ મળે
છે, સાહસથી મોટા મંત્રોની સિદ્ધિ મળે છે, અમૃતથી તત્કાળ
આરોગ્ય મળે છે, અને પુણ્યથી પૂજા મળે છે તેવી રીતે
ચાડીયાપણાનો ત્યાગ કરવાથી સ્ફુરાયમાન એવી કીર્તિનો સમૂ
માણસને મળે છે ૫

दानशीलतपोभाव- स्त्वैधते धृपो मुनि ।
यस्य मनोवच कार्य, पैशून्य नाभिसश्रयेत् ॥ ६ ॥

हिंगुलप्रकरण, पैशून्यप्रक्रम, श्लो० ७

જે માણસના મન વચન અને કાયા ચાડીનો આશ્રય કરી
રહેલ નથી તે શ્રેષ્ઠ માણસોના ધર્મ, દાન, શીલ, તપ, અ
ભાવ વૃદ્ધિ પામે છે ૬

रति–अरति (५१)

रति-અરતિથી નુકસાન:—

आदौ रागस्ततो द्वेषस्तस्मात् क्लेशपरंपरा ।
तद्वदादौ रतिश्चारतिस्ततः कर्मबंधनम् ॥ १ ॥

हिंगुलप्रकरण, रतिअरतिप्रक्रम, श्लो० २

રાગ અને પછી દ્વેષ, અને તેથી ક્લેશની પરંપરા થાય છે તેમ પહેલા રતિ અને પછી અરતિ અને તેથી કર્મબંધન થાય છે ૧

રતિની ભાવના:—

वरं छाया वरं वायुर्वरं पुत्रो वरं धनम् ।
वरं बंधुर्वरं जायेत्यादिरत्युद्भवं वचः ॥ २ ॥

हिंगुलप्रकरण रति-अरतिप्रक्रम, श्लोक ३

છાયા, વાયુ, પુત્ર, ધન, બંધુ તથા સ્ત્રી ઉત્તમ છે ઇત્યાદિક વચન રતિથી ઉત્પન્ન થયેલું જાણવું ૨

અરતિની ભાવના:—

उष्णा छाया धनं स्तोकं, वायुर्लूतादिसंयुतः ।
कुपुत्रः कुलटा रामेत्याद्यरत्युद्भवं वचः ॥ ३ ॥

हिंगुलप्रकरण, रतिअरतिप्रक्रम, श्लो० ४

છાયા ઉષ્ણ છે, ધન થોડું છે, વાયુ લૂઆદિક વાળો છે, પુત્ર દુરાચારિ છે સ્ત્રી કુલટા છે ઇત્યાદિક વચન, અરતિથી જાણવું ૩.

परपरिवाद (५२)

નિંદાની નીચતા —

वरं नैव कृता जीह्वा, यदि मूकस्य तद्वरम् ।
परापवादात् च, जजल्पते न तद्वरम् ॥ १ ॥

हिंगुलप्रकरण, परापवादप्रक्रम, श्लो

મૂંગા માણસની જીભ કંઈપણ બોલવાને સમર્થ ન
તે વધારે સારું છે, પણ પારકાની નિંદા બોલવી એ સારું ન

रसनासि दशना यत्रा-ऽधरोष्ठौ शरीरद्वयम् ।
मूर्खमनना परापवादं गृह्य समुद्गिरेत् ॥ २ ॥

हिंगुलप्रकरण, परापवादप्रक्रम, श्लो

જ્યાં દાંતરૂપી ભાગી છે અને હોઠરૂપી બે ડીબડીઓ છે,
મૂર્ખ માણસની જીભ પારકાની નિંદારૂપ વિષ્ટાને ઉપાડ્યા કરે

एकश्च जातिचण्डाल, कर्मचण्डालो निंदक ।
आसादयति हृन्ये मत्पर, परापवादमात्मनेव् ॥ ३

हिंगुलप्रकरण, परापवादप्रक्रम, श्लो

આ દુનિયામાં કેટલાક તો જાતિચંડાળો છે પણ પ
નિંદા કરનારા તો કર્મચંડાળો છે, એમ સારી રીતે (
જાણીને પારકાની નિંદાનો ત્યાગ કરવો ૩

નિંદાથી નુકસાન —

वक्त्र परापवादेन, स्वस्य यत्ममल कृतम् ।
तच्च केनाप्युपायेन, कर्तुं नार्हति निर्मलम् ॥ ४ ॥

हिंगुलप्रकरण, परापवादप्रक्रम, श्लो० २.

પારકાની નિંદા કરવાથી પોતાના મુખ ઉપર જે મલીનતા લાગે છે, તે મલીનતા કોઇપણ ઉપાયથી દૂર થઈ શકતી નથી ૪

परपरिभवपरिवादात्मोत्कर्षाच्च बध्यते कर्म ।
नीचैर्गोत्र प्रतिभवमनेकभवकोटिदुर्मोचम् ॥ ५ ॥

प्रशमरति, श्लो० १००.

પારકાનુ અપમાન કરવાથી, પારકાની નિંદા કરવાથી અને પોતાના વખાણ કરવાથી દરેક ભવમા નીચ ગોત્ર કર્મનો બંધ થાય છે કે જે કરોડ ભવમા પણ મુશ્કેલીથી છોડી શકાય છે ૫

પોતાની અને પારકાની નિંદાઃ—

सदा मूकत्वमासेव्य, वाच्यमानेऽन्यमर्मणि ।
श्रुत्वा तथा स्वमर्माणि, बाधिर्यं कार्यमुत्तमै. ॥ ६ ॥

विवेकविलास, अष्टमोल्लास, श्लो० ३२२.

ઉત્તમ પુરૂષે બીજાની નિંદા થતી હોય તેવે સમયે હમેશા મુગા રહેવુ અને પોતાની નિંદા થતી સાભળવામા આવે ત્યારે બહેરા બની જવુ ૬

स्वस्तुतिं परनिंदां वा, कर्ता लोकः पदे पदे ।
परस्तुतिं स्वनिंदां वा, कर्ता कोऽपि न दृश्यते ॥ ७ ॥

પોતાના વખાણ કરનાર અને પારકાની નિંદા કરનાર માણસ પગલે પગલે મળે છે, પણ પારકાના વખાણ અને પોતાની નિંદા કરનાર કોઈ જ નથી દેખાતો. ૮

નિંદાનો ત્યાગ કરવા માટે —

> गर्वमदस्थानानां मूलोन्मूलनाभिना सदा यतिना ।
> आत्मगुणोत्कर्षं परपरिवादश्च संत्याज्यः ॥ ९ ॥

प्रशमरति, श्लो० ९९.

બધાય પ્રકારના મદનો મૂળથી નાશ કરનારી ભાવનાવાળા સાધુ પુરુષે હંમેશાં માત્ર આત્મપ્રશંસા અને પારકી નિંદાનો ત્યાગ કરવો જોઈએ. ૯

નિંદાનો ત્યાગ અને ફળ —

> यदीच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ।
> परापवादसस्येभ्यो गां चरन्तीं निवारय ॥ १० ॥

उपदेशप्रासाद भाषान्तर, स्तंभ ९, व्या० १३३.

જો એક જ કાર્ય કરીને તું જગતને વશ કરવા ચાહતો હોય તો પારકાની નિંદારૂપ ધાન્યને ચરતી એવી (તારી જીભ રૂપી) ગાયને રોકી રાખ. ૧૦

मायामृषावाद (५३)

માયામૃષાવાદનુ પરિણામઃ—

मनस्यन्यद् वचस्यन्यद्, मायामृषा च सोच्यते ।
कदाऽपि सुखदा न स्याद्विश्वे यथा पणाङ्गना ॥ १ ॥

हिंगुलप्रकरण, मायामृषावादप्रक्रम, श्लो० १

મનમા કઇ અને વચનમા કઈ તે માયામૃષાવાદ કહેવાય છે અને તેથી વેશ્યાઓની માફક, તે કદાપિ પણ સુખ કરનાર નથી થતુ ૧

માયામૃષાવાદની કટુતાઃ—

फल यथेन्द्रवारुण्याः, कटु मायामृषावचः ।
अतरगधिया श्रेयस्कर नस्याद्यतोऽत्र च ॥ २ ॥

हिंगुलप्रकरण, मायामृषावादप्रक्रम, श्लो० २

જેમ ઇંદ્રવારૂણી નામની લતાનુ ફળ કડવુ છે, તેવુ માયામૃષાવાદભર્યું વચન કડવુ હોય છે માટે અતરગ બુદ્ધિથી આ દુનીયામા તે કલ્યાણકારી હોતુ નથી ૨

માયામૃષાવાદનો ત્યાગઃ—

खड्गधारा मधुलिप्ता, विद्धि मायामृषा ततः ।
वर्जनीया प्रयत्नेन, विदुषा शिववाछता ॥ ३ ॥

हिंगुलप्रकरण, मायामृषावादप्रक्रम, श्लो० ३

માયામૃષાવાદ એ મધથી ચોપડેલી ખડ્ગધારા સરખુ જાણવુ જોઇએ અને તેથી કલ્યાણને ચાહનારા એવા વિદ્વાન પુરૂષોએ પ્રયત્ન પૂર્વક તેનો ત્યાગ કરવો જોઇએ ૩

मिथ्यात्व (५९)

મિથ્યાત્વનું સ્વરૂપ —

अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद्विपर्ययात् ॥ १ ॥

योगशास्त्र, पृ ५८, श्लो० ३ (प्र स)

અદેવને વિષે જે દેવબુદ્ધિ કરવી, અગુરૂને વિષે જે ગુરૂબુદ્ધિ કરવી, અને અધર્મને વિષે જે ધર્મબુદ્ધિ કરવી, તે સમકિતના લક્ષણથી વિપરીત હોવાથી મિથ્યાત્વ કહેવાય છે ૧

दुरन्तमिथ्यात्वतमोदिवाकरा विलोकिताशेषपदार्थविस्तरा ।
उशन्ति मिथ्यात्वतमो जिनेश्वरा यथार्थतत्त्वाप्रतिपत्तिलक्षणम् ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १२८

દુઃખે કરીને નાશ કરી શકાય એવા મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન અને તમામ પદાર્થોના સમૂહનું જેમણે દર્શન કર્યું છે એવા જિનેશ્વર ભગવાનોએ, યથાર્થ તત્ત્વો પ્રત્યેની જે અશ્રદ્ધા તેને મિથ્યાત્વરૂપી અંધકાર કહેલ છે ૨

મિથ્યાત્વની નિંદા —

जन्मन्येकत्र दुःखाय, रोगो ध्वान्तं रिपुर्विषम् ।
अपि जन्मसहस्रेषु, मिथ्यात्वमचिकित्सितम् ॥ २ ॥

योगशास्त्र, पृ ५८, (प्र स)

રોગ, અંધકાર, શત્રુ અને વિષ (ઝેર) એ સર્વે, પ્રાણીને એક જ જન્મનું દુ:ખ આપી શકે છે પરંતુ જેનો ઉપાય જ નથી એવું મિથ્યાત્વ તો હજારો જન્મને વિષે દુ:ખ આપનાર થાય છે ૩

वरं विषं भुक्तमसुक्षयक्षमं, वरं वने श्वापदवन्निषेवितम् ।
वरं कृतं वह्निशिखाप्रवेशनं, नरस्य मिथ्यात्वयुतं न जीवितम् ॥४

सुभाषितरत्नसन्दोह, श्लो० १४०

પ્રાણોનો નાશ કરવામાં સમર્થ એવું ઝેર ખાવું સારું છે, હિંસક પશુઓની માફક જંગલમાં જઈને રહેવું સારું છે, અને અગ્નિની જ્વાળાઓમાં પ્રવેશ કરવો એ પણ સારો છે પરંતુ મિથ્યાત્વથી યુક્ત એવું જીવન સારું નથી ૪

मिथ्यात्वं परमो रोगो मिथ्यात्वं परमं तमः ।
मिथ्यात्वं परमः शत्रुर्मिथ्यात्वं परमं विषम् ॥ ५ ॥

योगशास्त्र, पृ ५८ (प्र स)

મિથ્યાત્વ જ મોટામાં મોટો રોગ છે, મિથ્યાત્વ જ મોટો અંધકાર છે, મિથ્યાત્વ જ મોટો શત્રુ છે, અને મિથ્યાત્વ જ મોટું હળાહળ ઝેર છે ૫

મિથ્યાત્વની ભાવના:—

नास्ति नित्यो न कर्ता च, न भोक्तात्मा न निर्वृतः ।
तदुपायश्च नेत्याहुर्मिथ्यात्वस्य पदानि षट् ॥ ६ ॥

अध्यात्मसार, प्रबंध ४, श्लो० ६०.

આત્મા નામની કાંઇ વસ્તુ નથી, આત્મા નિત્ય નથી, આત્મા કર્તા નથી, આત્મા ભોક્તા નથી, આત્મા બંધ વિ રેથી વેગળો થયેલા નથી અને એ આત્માનો (મોક્ષનો) ઉપાય નથી એ પ્રમાણેના છ પદો (૬ વાક્યો) મિથ્યાત્વના સમજવા (એટલે કે મિથ્યાત્વીને આવી ભાવના થાય છે). ૬

મિથ્યાત્વની પ્રબળતા —

दद्यातु दानं बहुधा चतुर्विधं,
करोतु पूजामतिभक्तितोऽर्हताम् ।
दधातु शीलं तनुतामभोजनं,
तथाऽपि मिथ्यात्ववशो न सिध्यति ॥ ७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १४३

મિથ્યાત્વને આધીન થયેલો જીવ, ભલે અનેક પ્રકારે ચા પ્રકારનું દાન આપતો હોય, અરિહંત ભગવાનની ખૂબ પૂ કરતો હોય, બ્રહ્મચર્યને ધારણ કરતો હોય, કે ઉપવાસ કરત હોય, તો પણ તેની સિદ્ધિ થઇ શકતી નથી ૭

करोति दोषं न तमत्र केसरी, न दन्दशूको न करी न भूमिप
अतीव रुष्टो न च शत्रुरुद्धतो यमुग्रमिथ्यात्वरिपुः शरीरिणाम् ।

सुभाषितरत्नसंदोह, श्लो० १४१

મિથ્યાત્વરૂપી પ્રચંડ શત્રુ, પ્રાણીઓનું જેવા પ્રકારનું નુકસાન કરે છે તેવા પ્રકારનું નુકસાન કેસરીસિંહ, ફણીધ નાગ, હાથી, રાજા કે અત્યંત કોપાયમાન થયેલો અને ઉદ્ધ એવો શત્રુ પણ નથી કરતો. ૮

મિથ્યાત્વથી નુકસાન.—

दयादमध्यानतपोव्रतादयो
गुणाः समस्ता न भवंति सर्वथा ।
दुरंतमिथ्यात्वरजोहतात्मनो
रजोयुतालाबु गतं यथा पयः ॥ ९ ॥
सुभाषितरत्नसंदोह, श्लो० १३७

જેવી રીતે માટી ચોપડેલ તુંબડામાં રહેલું પાણી બહાર થઈ શકાતું નથી, તેવી રીતે મુશ્કેલીથી નાશ કરી શકાય એવા મિથ્યાત્વથી હણાયેલ આત્માવાળા પ્રાણીને દયા, ઇંદ્રિયોનું દમન, ધ્યાન, તપ, વ્રત વિગેરે ગુણો નથી થઈ શકતા ૯

अपैति तत्त्वं सदसत्त्वलक्षणं,
विना विशेषं विपरीतलोचनः ।
यदृच्छया मत्तवदस्तचेतनो
जनो जिनानां वचनात् पराङ्मुखः ॥ १० ॥
सुभाषितरत्नसंदोह, श्लो० १३८

શ્રી જિનેશ્વર ભગવાનના વચનોથી દૂર થયેલો એટલે કે મિથ્યાદૃષ્ટિ પ્રાણી, પોતાની સ્વેચ્છાચારી વૃત્તિથી, દારૂ પીને મત્ત થયેલ માણસની માફક, ચેતનાશૂન્ય થઈને અને ઉલટી દૃષ્ટિવાળો થયો છતો, સત્ અને અસત્ લક્ષણવાળા તત્ત્વોમાં કોઈ પણ પ્રકારની વિશેષતાને નથી સમજી શકતો ૧૦

पयो युतं शर्करया कटूयते, यथैव पित्तज्वरभाविते जने ।
तथैव तत्त्वं विपरीतमङ्गिनः, प्रतीपमिथ्यात्वदृशो विभासते ।११।

જેમ પિત્તજ્વરે કરીને ગ્રસિત એવા મનુષ્યને સાકરયુ
દૂધ કડવું લાગે છે, તેમ વિપરીત-મિથ્યાત્વ-દૃષ્ટિવાળા પ્રાણી
સત્ય તત્ત્વ વિપરીતપણે જાણે છે ૧૧

विचित्रवर्णाञ्चितचित्रमुत्तमं,
यथा गताक्षो न जनो विलोकते ।
प्रदर्श्यमानं न तथा प्रपद्यते,
कुदृष्टिजीवो जिननाथशासनम् ॥ १२ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १४५

જેવી રીતે આંખ વગરનો માણસ, વિચિત્ર પ્રકારના રંગ
રચાયેલું એવું ઉત્તમ પ્રકારનું ચિત્ર જોઈ શકતો નથી તે
રીતે મિથ્યાદૃષ્ટિ જીવ, જિનેશ્વર ભગવાનના શાસનને, બતાવ
છતાં પણ સ્વીકારતો નથી ૧૨

कथं न रमते चित्तं, धर्मेऽनेकसुखप्रदे ? ।
जीवानां दुःखभीरूणां, प्रायो मिथ्यादृशो यतः ॥ १३

तत्त्वामृत, श्लो० ५६

દુઃખથી ડરતા એવા જીવોનું ચિત્ત, અનેક સુખને આપ
નારા એવા ધર્મને વિષે કેમ નથી રમતું ? કારણ કે લગભ
એવા પ્રાણીઓ મિથ્યાદૃષ્ટિ હોય છે (મિથ્યાદૃષ્ટિ જીવને ધ
પ્રત્યે રૂચી નથી થતી.) ૧૩

ददाति दुःखं बहुधाऽतिदुःसहं,
तनोति पापोपचयोन्मुखां मतिम् ।

यथार्थबुद्धिं विधुनोति पावनीं,
करोति मिथ्यात्वविषं न किं नृणाम् ? ॥ १४ ॥
सुभाषितरत्नसंदोह, श्लो० १५०

મિથ્યાત્વરૂપી ઝેર અનેક પ્રકારના અસહ્ય દુખોને આપે છે, બુદ્ધિને પાપ ભેગુ કરવાવાળી બનાવે છે, પવિત્ર એવી સાચી બુદ્ધિને દૂર કરે છે ભલા એવુ શુ છે કે જે મિથ્યાત્વરૂપી ઝેર, માણુસોને, ન કરતુ હોય ? ૧૪

दधातु धर्मं दशधा तु पावनं, करोतु भिक्षाशनमस्तदूषणम् ।
तनोतु योगं धृतचित्तविस्तरं, तथापि मिथ्यात्वयुतो न मुच्यते १५
सुभाषितरत्नसंदोह, श्लो० १४२

(ક્ષમાદિક) દશ પ્રકારના પવિત્ર સાધુ ધર્મને–ચારિત્રને ભલે ધારણુ કરો, બેતાળીશ દોષ-રહિત ભિક્ષાનુ ભોજન કરો તથા ચિત્તના વિસ્તારને ધારણુ કરનાર યોગને ભલે વિસ્તારો, તો પણુ જો તે પુરૂષ મિથ્યાત્વ સહિત હોય તો તે કદાપિ મોક્ષને પામતો નથી ૧૫

यथान्धकारान्धपटावृतो जनो
विचित्रचित्रं न विलोकितुं क्षमः ।
यथोक्ततत्त्वं जिननाथभाषितं,
निसर्गमिथ्यात्वतिरस्कृतस्तथा ॥ १६ ॥
सुभाषितरत्नसंदोह, श्लो० १३६

જેમ અધકારના જેવા કાળાપાટા બાધેલ માણુસ વિચિત્ર પ્રકારનું ચિત્ર જોવાને સમર્થ થતો નથી, તેમ સ્વાભાવિક

મિથ્યાત્વવડે તિરસ્કાર કરાયેલા પુરૂષ, જિનેદ્રે કહેલા યથાર્થ વસ્તને જોઇ-જાણી શકતો નથી ૧૬

મિથ્યાત્વનુ કડવુ ફળ —

त्रिलोककालत्रयसंभवासुख,
सुदुःसह यत् त्रिविधं त्रिलोक्यते ।
चराचराणां भवगर्तवर्तिनां,
तदत्र मिथ्यात्ववशेन जायते　　॥ १७ ॥

सुभाषितरत्नसंदोह, श्लो० १३९

સમારરૂપી ખાર્ડમા વર્તનારા ચર અને અચર-ત્રસ અને સ્થાવર-પ્રાણીઓને આ ત્રણ જગત અને ત્રણકાળમા ઉત્પન્ન થતુ ત્રણ પ્રકારનુ એટલે શરીર, મન અને વચન સબધી-જે કાઇ અતિ સહ દુખ જોવામા આવે છે, તે સર્વ મિથ્યાત્વના વશથી ઉત્પન્ન થાય છે ૧૭

दुर्वचनं पराधीनं, शरीरे कष्टकारकम् ।
शल्यं शल्यते तस्मात्, मिथ्यात्वशल्यमात्मनि ॥१८॥

हिंगुलप्रकरण, मिथ्यात्वशल्यप्रक्रम, श्लो० २

કષ્ટ આપનાર એવુ કડવુ વચન અને પરાધીનપણુ શરીરમા જેટલુ શલ્ય કરે છે તેના કરતા મિથ્યાત્વ આત્મામા વધુ શલ્ય સમાન છે ૧૮

शत्रुभिर्निहितं शस्त्रं, शरीरे जगति नृणाम् ।
यथा व्यथां करोत्येव, तथा मिथ्यात्वमात्मनः ॥ १९ ॥

हिंगुलप्रकरण, मिथ्यात्वशल्यप्रक्रम, श्लो० १

શત્રુઓએ શરીરપર ફેંકેલુ શસ્ત્ર જેમ આ જગતમા માણસોને દુ ખ આપે છે, તેમ મિથ્યાત્વશલ્ય આત્માને દુ ખ આપે છે ૧૯

મિથ્યાત્વનો ત્યાગ:—

मिथ्यात्व परम बीजं, ससारस्य दुरात्मनः ।
तस्मात्तदेव मोक्तव्य, मोक्षसौख्य जिघृक्षुणा ॥ २० ॥

तत्वामृत, श्लो० ५३

ખરાબ છે સ્વરૂપ જેનુ એવા સસારનુ, મિથ્યાત્વ એ મોટુ બીજ છે એટલા માટે મોક્ષ સુખ મેળવવાની ઇચ્છાવાળા માણસે એ (મિથ્યાત્વ) નો જ ત્યાગ કરવો જોઇએ ૨૦

मिथ्यात्वशल्यमुन्मूल्य, स्वात्मान निर्मलीकुरु ।
यथाऽजस्र सुसिंदूररजसा भुवि दर्पणः ॥ २१ ॥

हिंगुलप्रकरण, मिथ्यात्वशल्यप्रक्रम, श्लो० ४

જેવી રીતે હમેશ સિંદુરની રજથી દુનીયામા દર્પણ નિર્મલ થાય છે તેમ હે-ભવ્ય પ્રાણી ! તુ મિથ્યાત્વશલ્યને મૂળમાથી ઉખેડીને તારા પોતાના આત્માને નિર્મલ કર ! ૨૧

મિથ્યાત્વના ત્યાગનો ઉપાય:—

स्वाध्यायेन गुरोर्भक्त्या, दीक्षया तपसा तथा ।
येन केनोद्यमेनैव, मिथ्यात्वशल्यमुद्धरेत ॥ २२ ॥

हिंगुलप्रकरण, मिथ्यात्वशल्यप्रक्रम, श्लो० ३

સ્વાધ્યાય કરીને, ગુરૂ મહારાજની ભક્તિ કરીને, દીક્ષાવડે

તેમ જ તપનડે, એમ ગમે તે પ્રકારના ઉદ્યમથી મિથ્યાત્વરૂ
શલ્યને ઉખેડી નાખવુ જોઇએ ૨૨

મિથ્યાત્વના ત્યાગનુ ફળ'—

मिथ्यात्वत्यागत शुद्ध, मम्यक्त्व जायतेऽङ्गिनाम् ।
अतस्तत्परिहागय, यतितव्य महात्मना ॥ २३ ॥

अध्यात्मसार, प्रबध ८, श्लो० ५९

પ્રાણીઓને, મિથ્યાત્વનો ત્યાગ કરવાથી, શુદ્ધ સમકિત ઉત્પન્ન થાય છે એટલા માટે મહાત્મા પુરૂષે એનો ત્યાગ કરવા માટે પ્રયત્ન કરવો ૨૩

समाप्तोऽय

श्री सुभापित-पद्य
-रत्नाकरस्य

प्रथमो भाग.

शुद्धिपत्रक

पृष्ठ	पंक्ति	अशुद्धि	शुद्धि
५	२१	५३	५२५
२२	११	७१	७१ *
३२	५	विमसिता	विशसिता
८३	९	द्रष्टात	दृष्टात
४३	२१	द्रष्टान	दृष्टात
४४	१०	विग्रभो	विभ्रमो
४८	४	पशुन्	पशून्
४९	१७	स्रष्टा	सृष्टा
५०	१२	रायसूय-	राजसूय-
५९	२०	स्थल	स्थूल
६१	२१	द्रष्टान	दृष्टात
६७	८	ते	ते
८८	११	षष्टिर्वय-	षष्टिवर्ष-
८८	१३	शतातप	शातातप
८९	१६	गीति	गीर्ति
९१	३	करोती	करोति
९२	१९	-समुग्राम	-म सुग्राम
१०४	१६	परपारी	परिपाटी
१११		तथाद्दि	तथा हि

पृष्ठ	पंक्ति	अशुद्धि	शुद्धि
११४	९	यद्युष्प्रयुक्त	यद्दुष्प्रयुक्त
११५	२	પરિણામ	પરિમાણ
११६	८	प्राऽज्ञ–	प्राज्ञ–
११६	२१	વિગેરનો	વિગેરેનો પણ
११७	१९	परिमहाधिक	परिमहाधिक
११७	२१	महत्वादि	महत्त्वादि
१ ७	२१	मजत्येव	मज्जत्येव
१२१	९	चत्र	यत्र
१२३	२१	આનતો	આનતા
१२४	५	५१ प्र० स० पा०	५२ (प्र स०)
१२४	१०	द्वाविंशाति	द्वात्रिंशति
१२४	१५	ते	ते विगेरे
१२५	[illegible]	भक्षणादु ख–	भक्षणाद्दु ख–
१२५	९	गृह्णन	गृह्णन
१ ७	३	चव	चैव
१२८	३	કંદમૂળના અથા ણાનું	કંદમૂળ તથા બોળ અથાણાનું
१३०	६	પિતૃલોક	પિતૃલોકો
१३०	१८	રીંગણાના	રીંગણાનુ
१३१	११	શુદ્ર	શૂદ્ર
१३१	१४	मग्नप्ना–	ब्रह्मघ्नां–
१३१	१८	બ્રહ્મહત્યારા	બ્રહ્મહત્યારા
१३१	२०	नहु	न हु
१३१	२१	विद्रु	वि द्रु
१३१	२२	स्ताम्य	स्तम्भ
१३२	१४	ગોર અયુક્ત	ગોરસ યુક્ત

पृष्ठ	पंक्ति	अशुद्धि	शुद्धि
१३२	३	चत्स्र–	चतस्र–
१३२	११	म्रथण	म्रथण
१३३	११	–चतुर्विध	–चतुर्विध
१३४	३	मद्य	मद्ये
१३५	१०	स्ताम्य	स्तम्भ
१३७	६	–मगी–	–मङ्गि–
१३७	७	–निद्रिता	–निन्दिता
१३७	१८	गुह्णा	गुह्णा
१३८	७	पञ्चा	पञ्चो
१३८	१६	–नरीनर्त्ति	–नरीनर्त्ति
१३९	९	धाम्यति	ताम्यति
१४१	१४	स्कध–	स्कन्द–
१४२	९	–तत्त–	–तत्त्व–
१४२	१७	अश्वमेधेन	अश्वमेधेन
१४२	१८	योगवासिष्ट	योगवासिष्ठ
१४२	२१	अश्वमेध	अश्वमेध
१४३	१९	पुमा	पुमाम्
१४५	३	मास	मास
१४६	१३	જોનો	જોના
१४७	८	मक्षिका–	मश्चिका–
१४७	९	सुधि–	सुधी–
१५०	९	मुण्यान्तो	मुण्यन्तो
१५०	९	व्यधु	व्यधु
१५०	१७	अप्योषध–	अप्यौषध–
१५०	१९	प्रकाशक	प्रकाश
१५०	२१	ड्रामट्ट	ડાળટ્ટ

पृष्ठ	पंक्ति	अशुद्धि	शुद्धि
१५२	३	-मीहमि	-मीहमि
१५२	४	यावज्जीय	यावज्जीव
१५०	१०	उध्व-	ऊर्ध्व-
१५०	११	वथकार	कथकार
१५५	१३	બનૈ	બન્ને
१५७	१४	वीगेरे	विगेरेनी
१५८	७	ખાધ	ખાધા
१६०	७	स्त्रभ्रस्य	श्वभ्रस्य
१६०	१८	यागवासिष्ठ	योगवासिष्ठ
१६०	१८	१०८	२०८
१७०	१५	उवाच	उवाच
१७४	१२	આમિત્ર	આભાયિ
१७८	२	तदेव	तदेव
१८२	१२	पवण्या-	पवाण्या-
१८६	६	श्राद्ध	श्राद्ध
१९१	१९	भूङ्क्ष	भुङ्क्ते
१९६	६	मधुर-	मधुर-
१९८	१३	तस्मान्नि-	तस्मात्नि-
१९९	२०	श्लाघ्य	श्लाघ्य
२००	१९	महाम्य-	महात्म्य-
२०१	३	-र्यान्नात(न्व)ति	-र्याऽन्नातति हु
२०२	३	तथव	तथैव
२०३	१७	विलास	विलास
२०५	३	-सव-	-सत्त्व-
२०५	६	सत्व,	सत्व
२०९	६	बम्भ्रम्यते	बम्भ्रम्यते

पृष्ठ	पंक्ति	अशुद्धि	शुद्धि
२१३	१७	सत्पामत	तत्त्वामृत
२१३	५	श्लो० २१	अ० १ श्लो० २१
२२१	१०	इन्निग्जल	इन्दिनिज्ज
२२३	१२	–महशो	–पग्गो
२०७	१५	नि.त्रा लाप-	हिम-
२२५	८	–गम्यक्त्व–	–गम्यात्व–
२२३	१८	रगध्यान–	रुद्रध्यान–
२३८	३	दर्पयुक्त	ઉત્પાના એવા
२३८	६	એ મન	મન
२४६	७	(परमानद)	(पद्मानन्द)
२५०	१०	मानाद्रि	नानाद्रि
२५०	१८	धरणीन्द्रो	धरणीन्द्रा
२५२	१८	पुस	पुस
२५५	२२	निशय	नि सशय
२५८	६	मारङ्गे–	मारङ्ग–
२५९	९	ભોવવવાની	ભોગવવાની
२६५	२०	–त्रुष्टा–	–त्रुष्टा–
२६५	२१	विदध गमा–	विदधन समा–
२६८	५	–यन्द्रन–	–धन्दन–
२७४	२२	धनना	धनने
२७७	१३	उत्तराध्यन–	उत्तराध्ययन–
२८४	११	–दुमचर,	–दुस्मर
२८६	९	निजृम्भित	विजृम्भित
२८६	१६	લોભથીનમુક્તિમેળવનીતે	લોભનો ત્યાગ કરવો તે
२९२	१९	हितापदेश	हितोपदेश
२९५	६	निरुपद्रवा	निरुपद्रवा

पृष्ठ	पंक्ति	अशुद्धि	शुद्धि
३०४	१६	सती	सति
३०७	१३	–मभिनन्द।	–मभिनन्द।
१०	८	भो	भो
३११	१७	मुचते	मुच्यते
३१२	३	द्वेषने	द्वेषने
३१२	५	विद्धयरन् वाक्यशल्यैर्न–	विद्धपेरन् वाक्यशल्यैश्च व–
३१८	१०	समतापु	समता
३२८		शक्त	शक्य
३३४		माध्यस्थ्य	माध्यस्थ्य
३३४	३	वैराग्य	वैराग्य
३ ४	४	दोषक्षय	दोषक्षय
३६	१५	भवनीय	भावनीय
३३७	२०	भ्रात्य–	भ्रात्या–
३४१	४	जेवा	जेवो
३४७	१७	मुक्ताष्ट–	मुक्तावु–
३५१	४	शभो ।	शभा
३५	१२	यह्म	ग्रह्म
३५७	४	नितात	नितान्त,
३६५	४	किल्बिशम्–	किल्बिषम्
३६५	१०	काष्ठादि	काष्ठादि
३६६	११	–जीह्वा	–जिह्वा,
३६६	११	रोग	रोग
३६६	१५	સા કાનો રોષ કાઢવો ?	ત્યા કઇઝનતનો રોગમ્હી શકાય ?
३७३	६	मलीनता	मलिनता
३७३	७	मलीनता	मलिनता
३७४	७	–दर्सर्प	–दर्प

पृष्ठ	पंक्ति	अशुद्धि	शुद्धि
३७८	१४	–ससेभ्य–	–सस्येभ्य–
३९४	२	પરિણામ	२१२५
३९४	६	–लाग्रु गत	–लाघुगत
३९८	१२	तत्व	तत्त्व
३९८	१२	–सत्व–	–सत्त्व–
३९८	२०	रुची	रुचि
३९८	१२	यथाऽजस्र	यथाऽजस्र
	ઘણે સ્થળે	त्रिपष्ठी	त्रिपष्टि
	” ”	पशून्य	पैशुन्य
	” ”	तत्वामृत	तत्त्वामृत
	” ”	चाणाक्यनीति	चाणक्यनीति